વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-


વર્ષ : ૪૨મું
મે - ૨૦૧૭
અંક : ૪૬૮

મંગલ મંદિર ● મે-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૭૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



સ્ટેચ્યુ ઓફ લીબર્ટી
અમેરિકા

: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org




નવનીતના ડિજિટલ ભાગરૂપે | દૃશ્ય-શ્રાવ્ય વાર્તાકથન રૂપે | આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત અસેસમેન્ટ સોફ્ટવેર | સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ સાથે સરખામણી | અનલિમિટેડ પ્રેક્ટિસ પરીક્ષા | વૈવિધ્યપૂર્ણ અહેવાલો અને વિશ્લેષણ

Windows Android

TOPScorer આપની નજીકના અગ્રણી બુકસ્ટોરમાં પણ ઉપલબ્ધ છે: **પેનડ્રાઈવ અને SD કાર્ડ** સ્વરૂપે

Toll Free Number:
**1800 266 6676**

ગોખણપટ્ટી બંધ કરો અને
**TOPScorer.com**
**Fun. Learn. Score. More.**
પર આનંદદાયી શિક્ષણ મેળવો.

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com


Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY


# ઉપદેશો અને શિખામણા આપતા બોધસાહિત્યથી કંટાળી ગયા છો ?

*તો તમને હળવાફૂલ કરી મૂકે એવું આ હાસ્યસાહિત્ય વસાવો અને વાંચો, વહેંચો*












| | | | | | |
|---|---|---|---|---|---|
| જ્યોતીન્દ્રતરંગ | જ્યોતીન્દ્ર દવે | 225 | છાસ ભી કભી દહીંથી | વિજય શાસ્ત્રી | 65 |
| પાનગોષ્ઠિ | ધૂમકેતુ | 42 | બત્રીસ કોઠે હાસ્ય (ઇનામી) | ઉર્વીશ કોઠારી | 150 |
| તમે યાદ આવ્યાં | વિનોદ ભટ્ટ | 250 | હાસ્ય મધુરમ્ | મુકુંદરાય પંડ્યા | 60 |
| એ દિવસો | વિનોદ ભટ્ટ | 125 | પુષ્પો અને પતંગિયાં | ડૉ. રતન રુસ્તમજી માર્શલ | 70 |
| કોના બાપની હોળી ! | નિરંજન ત્રિવેદી | 200 | હળવી કલમનાં ફૂલ | ચંદ્રકાન્ત શેઠ | 60 |
| ભદ્રંભદ્ર અમર છે | રતિલાલ બોરીસાગર | 130 | આનંદગુલાલ | શશિન ઓઝા | 70 |
| ઘર એટલે | ઇલા આરબ મહેતા | 75 | વાછંટ વિનોદની | મહેશ ધોળકિયા | 100 |
| પ્રિયદર્શીનો હાસ્યવિહાર | મધુસૂદન પારેખ | 150 | હાસ્યકલરવ | પ્રદ્યુમ્ન આચાર્ય | 100 |
| દે દામોદર, દાળમાં ! | કિશોર વ્યાસ | 80 | સાંબેલાના સૂર | કૃષ્ણ પંડિત | 80 |
| લાફ્પાંચમ | નલિની ગણાત્રા | 150 | બારે માસ બારમો ચંદ્રમા | રાજેન્દ્ર જે. જોશી | 75 |
| છક્કહાસ્ય | નલિની ગણાત્રા | 120 | હાસ્યનું મેઘધનુષ | ચિત્રસેન શાહ | 120 |
| Punch ત્યાં પરમેશ્વર | કલ્પના દેસાઈ | 125 | હાસ્યમંદિર રમણભાઈ નીલકંઠ (વિદ્યાગૌરી નીલકંઠ સાથે) | | 125 |
| હાસ્ય-વસંત | પલ્લવી મિસ્ત્રી | 100 | હાસ્ય-કણિકા | સંપા. મહેન્દ્ર મેઘાણી | 40 |
| સૂડી વચ્ચે સોપારી | અલ્પા નીરવ શાહ | 100 | વાચક ક્યાંય નથી ગ્રંથાલયમાં (ઇનામી) | કિશોર અંધારિયા | 125 |
| બહુરંગી | સંપા. સ્વાતિ મેઢ | 160 | ક્લીન બોલ્ડ (ઇનામી) | પ્રકાશ લાલા | 60 |
| અઢારેય અંગ વાંકાં | રમણલાલ છગનલાલ પટેલ | 70 | હાસ્યઉત્સવ | સંપા. રોહિત શાહ | 150 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- જેનેરિક દવાઓ અને સરકારી શિક્ષણ ..... ૭
- આગામી કાર્યક્રમોની ઝલક ..... ૭

**લેખ વિભાગ**

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઇ – (૭)
  નણંદને મામેરામાં પોતાનો હાર આપ્યો ..... **હંસરાજ સાંખલા** ..... ૮

**કચ્છની રસધાર**

- કચ્છનો ભીમ : હરભમ ભૂતો ..... **દુલેરાય કારાણી** ..... ૧૧

**કચ્છી કથા**

- જામ ફૂલો ..... **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૧૫

**કચ્છી પ્રતિભા વિશેષ**

- કચ્છના રાજવી શ્રી લખપતજી ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૧૮
- કવિ 'અબ્દ' ઉર્ફે ભક્ત કડવાજી ..... **ભરત 'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૦

**ક્લાસિક વાર્તા : સાગરકથા**

- ધરતીનાં વખ ..... **ઉમિયાશંકર અજાણી** ..... ૨૨

**સત્ય કથા**

- એલીનનો પુનર્જન્મ ..... **મૂળ લેખિકા : LISBETH PIPPING** ..... ૨૭
  **(રીડર્સ ડાઇજેસ્ટ, ડિસેમ્બર-૨૦૧૫), અનુવાદ : મગનલાલ સંઘવી**

**નિબંધ**

- માણસ એ પ્રોડક્ટ, પ્રોડક્શન નથી! ..... **રતિલાલ 'અનિલ'** ..... ૩૦

**વિશ્લેષણ**

- યુદ્ધખોર પુરુષભક્તિનું પ્રદર્શન ..... **ફાધર વર્ગીસ પોલ** ..... ૩૨

**સંસ્મરણ**

- કવિવર – પૃથ્વીની લગોલગ ..... **મીરા ભટ્ટ** ..... ૩૪
- આનંદના ધોધની પાછળ વેદનાનું ઝરણું ..... **લીલાધર માણેક ગડા** ..... ૩૭
- મળેલા જીવ ..... **રસિક મહેતા (પારેખ)** ..... ૩૮

**મુઠ્ઠી ઊંચેરા**

- શાકભાજી વેચતી માનો છોકરો કલેક્ટર બને તો ..... **ભદ્રાયુ વચ્છરાજાની** ..... ૩૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૬૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## રેખા ચિત્ર

● મંથન ........ **યોગેશ્વરી ઇન્દ્રવદન છાયા** ..... ૪૧

## સમાજ ચિંતન

● સંબંધોના સથવારે
"એકતા" પરિવાર ........ **ઈલા કે. શાહ** ..... ૪૩

## આરોગ્ય

● વૈશ્વિક સ્વાસ્થ્ય દિન : ડિપ્રેશનમાં એક્સપ્રેશન
ગેરસમજ અને મનોવૈજ્ઞાનિક સત્ય ........ **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૪૫
● સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૪)
વધતી ઉંમર અને ઇન્દ્રિયો – આંખ ........ **હરેશ ધોળકિયા** ..... ૪૭

## હાસ્ય

● આઝાદી ........ **દિનકર મહેતા** ..... ૪૮
● હસો ડૉક્ટર હસો... ........ **ડૉ. નલિની ગણાત્રા** ..... ૫૦

## વિશ્વકારણ

● પાકિસ્તાન પાસે નૈતિક મૂલ્યોની અપેક્ષા જ અસ્થાને છે! ........ **કેશુભાઈ દેસાઇ** ..... ૫૧

## સંવેદન

● નાનાણું ........ **ભાનુબેન એન. સાવલા** ..... ૫૨

## માહિતી

● પાણી વિશે અવનવું ........ **પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૫૩

## નિયમિત વિભાગો

● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૫૪
● આંજો કાગર ........ ૫૫
● જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૬
● *Nano Nine* શબ્દ રમત-૧૨૮ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૫) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૫૯
● વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૬૦
● સમાજ દર્પણ ........ ૬૧
● સંસ્થા સમાચાર ........ ૬૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૬૭
● ઊડતી નજરે ........ ૬૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શૈક્ષણિક લોન અરજી માટેનું ફોર્મ ........ ૬૯

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# જેનેરિક દવાઓ અને સરકારી શિક્ષણ

એકવીસમી સદી એ 'બ્રાન્ડ'ની સદી છે. સામાન્ય માનવીને પણ બ્રાન્ડેડ આઇટમ ખરીદવામાં અને નામાંકિત પ્રતિષ્ઠાનોમાં જ રસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સુરત ખાતે ૫૦૦ કરોડના ખર્ચે બંધાયેલી અદ્યતન સુવિધાયુક્ત 'કિરણ હૉસ્પિટલ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે સરકાર જેનેરિક દવાઓ સંદર્ભે કાનૂન લાવવા કૃતસંકલ્પ હોવાની વાત કરી તે ખરેખર આવકારદાયક છે. અત્યારે જન સાધારણ માટે સૌથી અગત્યની બે બાબતો છે : આરોગ્ય અને શિક્ષણ. આરોગ્ય ક્ષેત્રે દિન પ્રતિદિન મોંઘી થતી જતી સારવાર પદ્ધતિ સામે પ્રજાને રાહત આપવા માટે બ્રાન્ડેડ દવાની જગ્યાએ જેનેરિક અર્થાત્ રાસાયણિક નામ ધરાવતી દવાઓ જ બજારમાં મુકાય તો કિંમતમાં અડધો અડધ બલકે એથી પણ વધુ ફરક પડે એમ છે. વડાપ્રધાન પોતે સામાન્ય પ્રજાસમૂહમાંથી આવતા હોઈ એમને આ પાયાની જરૂરિયાતનો બરાબર ખ્યાલ છે. તેથી તેઓ ગંજાવર દવા કંપનીઓનો ખોફ વહોરીને પણ જેનેરિક દવાઓનો આગ્રહ રાખે છે અને એ સંદર્ભે સરકાર કાનૂન બનાવી પ્રજાને સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવાનો ઈરાદો રાખે છે. આશય તો ખૂબ સારો છે, પરંતુ બ્રાન્ડેડ દવાઓ, બ્રાન્ડેન્ડ સ્ટેન્ટ, બ્રાન્ડેડ સંસાધનો – દા.ત. ઘૂંટણની સર્જરી માટેનાં મિજાગરાં કે મોતિયાના ઑપરેશન પછી વપરાતા નેત્રમણિ – એ તરફનો મોહભંગ થઈ શકશે ખરો? પ્રજા પેટે પાટા બાંધીને પણ આરોગ્ય મુદ્દે સર્વશ્રેષ્ઠ સારવાર મેળવવાની માનસિકતા ધરાવે છે. સરકારની ભવ્ય સિવિલ હૉસ્પિટલોમાં સારવાર લેનારો વર્ગ કાં તો વીવીઆઈપી છે અથવા સાવ જ હાંસિયે નંખાઈ ગયેલો ગરીબ સમાજ. મધ્યમ વર્ગ, ઉચ્ચ શ્રેણીના લોકો આરોગ્ય જેવા સંવેદનશીલ મુદ્દે સરકારી સેવાઓને ખાસ ભરોસાપાત્ર નથી ગણતા તે એક કડવું સત્ય છે. વળી ખુદ તબીબો પણ જેનેરિક દવાઓની સામે બ્રાન્ડેડ દવાઓ અને સંસાધનોની જ ખુલ્લી તરફેણ કરતા રહે છે. એવી દવા કંપનીઓ તથા સંસાધનોનું ઉત્પાદન કરતી કંપનીઓ સાથે એમને છૂપા કરાર થયેલા હોય છે, તે પણ સર્વવિદિત છે. મેડિકલ પ્રોફેશન હવે મિશન નહીં રહેતા કમિશન બિઝનેસ બની ગયેલ છે ત્યારે શું સરકારી કાનૂન એમને જેનેરિક આઈટમો લખવા મજબૂર કરી શકશે? કેવી અને કેટલી કિંમતની સારવાર લેવી તે નાગરિકનો મૂળભૂત અધિકાર છે. એથી જેનેરિક કાયદો આવશે તો કદાચ પ્રજાનો જ એક વગદાર સમૂહ એને અદાલતોમાં પડકારે એવી સંભાવના નકારી શકાય નહીં. વળી ઈમ્પોર્ટેડ દવાઓ કે સંસાધનોને તમે કઈ રીતે રોકી શકશો? પ્રજાને દેશી કરતાં ઈમ્પોર્ટેડ આઈટમો પર વિશેષ શ્રદ્ધા છે તે કહેવાની જરૂર ખરી? એવું જ શિક્ષણ ક્ષેત્ર વિશે પણ કહી શકાય. શિક્ષણ ક્ષેત્ર હવે ધંધાદારીઓના હાથમાં આવી ગયું છે અને સામાન્ય પ્રજા માટે પોતાનાં સંતાનોને શ્રેષ્ઠ શિક્ષણ અપાવવું સ્વપ્નવત્ બની ગયું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એના મેડિકલ સેન્ટર ખાતે જેનેરિક દવાઓનો સ્ટોર શરૂ કરવા વિચારે છે, જેથી જરૂરિયાતવાળા વર્ગને વાજબી ભાવે સારવાર મળી રહે. જો કે બ્રાન્ડેડ દવાઓના મોહપાશમાંથી પ્રજાને મુક્ત કરવાનું કામ અશક્ય નહીં તો અઘરું તો છે જ. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● સોમવાર, તા. ૨૨-૫-૨૦૧૭ સાંજે ૫.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | વડીલો માટે એક રંગીન કાર્યક્રમ |
| ● શુક્રવાર, તા. ૧૬-૬-૨૦૧૭ બપોરે ૨.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | યોગ દિવસ નિમિત્તે યોગ કેમ્પ. (વિસ્તૃત માહિતી : જુઓ પાના નં.-૬૬) |

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૭)

હંસરાજ સાંખલા

## નણંદને મામેરામાં પોતાનો હાર આપ્યો

કોઈ સમાચાર લાવ્યું હતું કે બારેથી કાંતિ પટેલ આવ્યા હે, તો કાલે મરઘાંમાની મોટી દીકરી લાલબાઈ અને જમાઈ કાંતિ પટેલ મામેરું હોંઢાડવા આવવાના હે. રતને મુખીબાપાને કહેવરાવ્યું "હું કાલે કામે નહીં આવું મેમાણ આવવાના હે."

સવારના જ લાલબાઈ ને કાંતિ પટેલ આવી ગયાં. મરઘાંમાને ત્યાં ચાય પાણી કર્યા. પછી રતન આગ્રહ કરીને પોતાના ઘરે લઈ ગઈ. મણિલાલની તબિયતના સમાચાર પૂછ્યા, ને રતને તેની ખેતીવાડી તથા છોરાંછૈયાના સમાચાર પૂછ્યા.

બપોરે મરઘાંમાને ત્યાં જમ્યા પછી લાલબાઈએ કહ્યું, 'રતુભાભીને બોલાવો પછી મામેરાંની વાત કરીએ.'

રતનને બોલાવવાની લાલબાઈએ કરેલી વાત નાની વહુ લીલાને ન ગમી. ઈ ક્યાંક બારે જતાં'તાં માને જ કૈ દયો. મા પોતે એને વાત કરી દેશે.'

'ના એમ કાં? જૈયેં અમે આવ્યાં જ હૈયેં, તૈયેં એના કાંને વાત નાખતાં જ જૈએને?' કાંતિ પટેલ કહ્યું.

લીલાવહુએ કંઈ જવાબ ન દીધો.

"વઉ, જમાઈ ભરાભર કેર્યા. ઈ રૂબરૂ આવ્યા હે તો એને ભલે પેન્ઢે વાત કરેને એને ઇયા બોલાવવામાં આપું ને શું વાંધો? નકાં વળી ઇ કેશે, મામેરું હોઢાડવા આવ્યા હો તો મારે ઘરે એક ટાણું જમવું પડશે." મરઘાંમાએ કહ્યું.

લીલાની ઇચ્છા ન'તી તોય મરઘાંમાના આદેશથી લીલા રતનને બોલાવવા ગઈ.

રતન અને બધાં બેઠાં પછી લાલબાઈએ વાત કરી.

"ભાભી આપી જવીના (જયાનાં) આ અખાત્રીએ વિવા લીધા હે. ઇ તમને ખબર તાં હે, તોય તમારા નણદોઈ સુરતથી આવ્યા હે તો ઇ કે આપડા રિવાજ મુજબ મામેરું હોંઢાડી આવીએ. અમે મામેરું હોંઢાડવા આવ્યાં હૈયે. તો તમે બધા ભનાવીને (સરસ રીતે) આવજો. કંકુત્રીયું પછી મૂકશું. પણ હમણાં મોં એ જ કૈયેર્યાં.'

"ધજ ધજ. આટલા હારુ તમે ઠેઠ સુરતથી ધક્કો ખાધો? ખાલી કાગળ લખી નાખ્યો હોત કે મારી નણંદે કઈ દીધું હોત તોય હલાવી લેત. એમાં અમે કોંય કચવાત નીં." રતને કહ્યું.

"તમારા જેવીયું 'હગીયું' (સાળાની પત્નીયું) કોક વળી કચવાય કે જુઓ બાઈવાળા મોટા માહણ એટલે નેનકડાને (ગરીબના) ઘરે મામેરું હોંઢાડવાય ન આવ્યાં. હથવારે હમાચાર પોચાડ્યા. ઇ જિંદગીભરનાં મેણાં હાંભળવાં એના કરતાં રિવાજ પરમાણે જેમ શોભતું હોય એમ કરવું પડે. તો તમે બારેં કાગળ લખી નાખજો. અખાત્રીના આગલે દી હવારમાં મામેરાંનું હામૈયું કરશું." કાંતિ પટેલે વિગતે વાત કરી.

"ભલે ભલે કાંય વાંધો ની." મરઘાંમાએ કહ્યું.

આ રીતની ઔપચારિકતા પતાવી અને રજા લીધી બંને દેરાણી-જેઠાણીએ નણંદને મોકલામણી દીધી ને બાઈ અને પટેલને હનુમાનના મંદિર સુધી (ગામના ઝાંપા સુધી) મોકલાવવા ગયું.

કાંતિ પટેલ ને ઇ ચાર ભાઈ હતા. ખેતીવાડી સારી હતી. વારાફરતી એક ભાઈ એને તેના બાપુજી ખેતી કરતા હતા. ત્રણ ભાઈ સુરત પોતાનો 'બેન્સો' (બૅન્ડ સો, સૉ મિલ) ચલાવતા હતા. અને વારાફરતી એક વઉ કંપનીનો રસોડો કરવા જતી ને બાકીના છડા (પત્ની વગર એકલા) રહેતા હતા. પૈસે ટકે એની સ્થિતિ સારી કહી શકાય એવી હતી. અને સમાજમાં પણ લાલબાઈના સસરાનું નામ સારું હતું.

એ મહેમાનને મોકલાવી આવ્યા પછી રતને મરઘાંમાને પૂછ્યું.

'બાઈજી મામેરાંનું કેમ કરશું?'

'મામેરું તો કરવું જ પડશે. વઉ તમે ચિંતા ન કરો. હું આજે જ એના બાપને કાગળ લખાવી દૌંરી' બાઈ ને પટેલ મામેરું હોઢાડવા આવ્યા હતા. તો વેતમાં રેજો. ને ત્રણે બાપ દીકરો અખાત્રીથી પંદર દી વેલા આવજો." મરઘાંમાને હવે કાગળ વંચાવવા કે લખાવવા મારાજ કને નતું જવું પડતું. લીલા વઉ થોડું ઘણું લખી વાંચી શકતી.

મરઘાંમાએ ચિંતા ન કરવાની રતનને કરેલી વાતનો મરમ લીલા સમજી ગઈ. સાસુની એ વાત લીલાને પસંદ ન પડી. એક દિવસ લાગ જોઈને લીલાએ મરઘાંમાને કહ્યું, "બાઈજી તમે ભલે તે દી ના કે'તાં'તાં પણ મણાભાઈએ વેવારેં મામેરાંમાં ભાઈએ ભાગ દેવો ખપો. એમ તાં એને ઘરબારમાં (મિલકતમાં) ભાગ નથી લીધો?"

"ઇતાં એના બાપનો ભાગ હતો. આપે ક્યાં કાંય દીધું

હે?'' મરઘાંમાએ કહ્યું.

તો લીલાએ કહ્યું, ''કાં શું નથી દીધું?...!'' વાત થતી' તી ત્યાં રતન આવી ગઈ. રતને કદાચ સાસુ વહુ વચ્ચે થતી વાત થોડી ઘણી સાંભળી હશે.

''કોણ કેર્યું અમને કાંય નથી દીધું? તમે તો ઘણુંયે દીધું હે બાઈજી. જશોદા માએ કેરશન ભગવાનને જે દીધું'તું, ઈ બધું તમે અમને દીધું હે. વળી અડધો અડધ ભાગ દીધો. એનાથી માથે અમને શું ખરે. માવતર વગરનાના માવતર થ્યાં ઈ ઓછું કેવાય?'' રતને થોડું અટકી લીલા સામે જોઈ કહ્યું, ''તમે જીવ ન બાળો. લીલા વઉ! અમે જે થશે ઈ કરશું. બધું તમને એકલાં માથે નીં પડે.'' લીલાની વાતનું રતનવહુને ખોટું ન લાગે એટલા હારું માએ કહ્યું. ''બાઈ ને જમાઈ કૈ ગ્યા હે હમણાં આ મામેરામાં ખાલી વાઘા-વરોલાં દેજો. બીજું કાંય કરજો મા! પછી વિમળા (નાની દીકરી) ના વિવામાં જે દેવું હોય ઈ દેજો.'' કહી વાત ટૂંકાવી.

મરઘામાં લીલાવહુ પ્રત્યે થોડાં ધુવાફુવા થઈ ગયાં. આ બધી લમણાઝીંક કરવાની સત્તા એને કેને દીધી હે? મોટા ઘરની દીકરી હે તો શું થયું? એના બાપના ઘરેથી લૈ આવી નથી કાંય દોઢ ડાઈ થાય રી તે. પણ સમય જોઈ એ કંઈ બોલ્યાં નહીં.

તે રાત્રે રતનને મામેરાંના વિચારો આવતા રહ્યા. 'મા ભલે એમ કેતાં હોય પણ બીજો કાંય નેનકડો-મોટો ટોલ (દાગીનો) ન દઈએ તો કેવું બોખું (ખરાબ) લાગે. ભલે બાઈવાળાં પૈસાવાળાં હોય તોય માવતરના ઘરનું ઈ માવતરના ઘરનું. વળી તેદી તાં બે મામેરાં ભેળાં ભરાશે. આપડી ભાણી જવી (જયાબાઈ) ભેળા લાલબાઈના જેઠની પુષ્પાબાઈના ફેરા (લગ્ન) એક જ દી હે, પછી તો શોભતું કરવું જ પડે ને!''

એ વિચારતી રહી ''મરઘાંમાએ એના (મણિલાલના) ને દેર નાનજીભાઈના વેચ્ચે (વચ્ચે) જરાકે (જરાયે) ફેર નથી ગણ્યો તો લાલબાઈ મારી હગી નણંદ જ ગણાયને? રતન. ઈ તારી હગી નણંદ હોત ને એની દીકરી પેણતી હોત તો?''

તો તો જખ્ખ મારીને કરવું પડત પણ આવા સંજોગોમાંય કાંક તો કરવું જ પડે. આ વાત રતનના મગજમાં ફરી ફરી પડઘાવા લાગી. સાથે સાથે એને વિચાર આવ્યો. ''દવાના ખર્ચનું દેવું હજી ભરવાનું બાકી પડ્યું હે ને વળી આ ખર્ચ. તો શું કરશું? કાંક કરવું તો પડશે જ. હોનાના ભાવ તો જુઓ ન છબાય એવા હૈ. આવું વિચારતી'તી ને ત્યાં એના મગજમાં એક વિચાર ઝબકી આવ્યો.

''ઈ જ કરાય! ને તને કરવું જ પડશે. રતન મફતમાં મામી થોડું થવાય?'' વળી એને થયું.'' એને પૂછીશ તો ઈ કદાચ ના કેશે. ઈ તાં તારે માવતરે દીધું હે. ઈ થોડું દેવાય. મારાથી તો તને કેવાય જ નૈ. વળી તારાં માવતરવાળાંને ખબર પડે તો કેવું ખરાબ લાગે?''

''કાંય ખરાબ ન લાગે. એનેતાં મને દઈ દીધું હેને? હું એનું ગમે તે કરું. હવે ઈ મારું હે. એનું થોડું હે? ને એને ક્યાં કે'વું હે?''

''તો મામેરાં વખતે નીં પેરતો ખબર નીં પડે?''

''પડે તોય શું. એને હું પોતે જવાબ દઈશ.''

અને રતને મનમાં નક્કી કરી લીધું. બીજે દી મનસુખભાઈ અને નાનબાઈને લઈ ગોવિંદ સોનીને મલવાય ગઈ કે આમાંથી નવો હાર બનાવવો હોય તો મજૂરી કેટલી થાય? જતાં રતને નવો હાર કાં બનાવવો હે એ વાત નાનબાઈને કરી ન હતી. પાછાં વળ્યાં ત્યારે વિગતે નાનબાઈને કહ્યું.

થોડી વાર તો નાનબાઈ રતનનાં મોં સામે આશ્ચર્ય જોતી રહી.

''રતન, તું આ તારા ટોલ દઈને શું કરોરી?''

''ભાભી તરીકે મને જે કરવું ખપે ઈ કરુંરી. કાંય નવાઈનું નથી કરતી.''

''નવાઈનું નથી કરતી પણ નવું કરોરી. તે ન કર્યું હોત તો મરઘાંમા પેન્ઢે કરત. પછી તમને તમારા ભાગમાં આવે ઈ દેવું તું. તમને અડધો ભાગ થોડો દેવાનો હોય? લાલબાઈ તારી હગી નણંદ થોડી હે?''

''બાઈ ઈ બધી મને ગણતરી નથી કરવી. મારી હાહુ હમણાં મામેરાંમાં ટોલ દેવાની ના કે'તાંતાં. કેતાંતાં, વિમળા વખતે દેશું. પણ ઈ હખર લાગે? બાઈ ભલે કે પણ એમ ન કરાય. મરઘાંમાય હલકો ભારે હાર તો કરે જ. પણ મને ખબર હે બિચારાં એના કનેયે શું હે? હાંભળ બાઈ, મોટા ઘરે બે મામેરાં ભેળાં આવતાં હોય ને એક મામેરામાં દાગીના આવે અને બીજાં મામેરામાં ન આવે તો બાઈનુંયે હખ્ખર ન લાગે ને બાઈને ખોટું યે લાગે. માવતરમાં કોય જીવતું ન હોય તો એની વાતે જુદી હોય એનો હોહે ન હોય. ઈયાં લાલબાઈના બે ભાઈ ને એક બાપ જીવેર્યા પછી?''

''તોય....!'' નાનબાઈ કંઈક કહેવા જતી'તી ત્યાં એને રોકતાં 'મને ના કહીને મારું મન ન ડગાવ, બાઈ! હું જે કરુંરી ઈ ભરાભર કરુંરી. મને વિશ્વાસ હે ઈ કમાઈને મને નવો હાર ઘડાવી દેશે. હું ઉંવાં કમ્પનીનો રસોડો કરવા જૈશ એટલે ઘર ખર્ચ નીં લાગે ને એનો પગાર બધો ભચશે. એમાંથી નવો હાર આનાથીયે મોટો કરશું. ઈ વળી છોરીયાંના લગ્નનાં કામ આવે.

''અમને તારી વાત મગજમાં નથી બેસતી. પછી તારી મરજી. જો જે વળી તારાં માવતરવાળા તને વઢે નીં.''

''ના, મને વિશ્વાસ હૈ ઈ ના નીં કે. હું દેવું ભરવા ટોલ થોડા દૌંરી. નણંદમાં મામેરાંમાં દૌં રી?''

અને રતને એ જ કર્યું.

"લાલબાઈનાં મામેરાં માટે રતન ચાર તોલાનો હાર કરેરી. આ વાત મરઘાંમાને હોનારે કરી. એને થયું. વઉએ મને પૂછ્યુંયે નૈ ને એ પરબારી હોનારે ગૈ?

એક દી લાગ જોઈને મરઘાંમાએ વાત કાઢી.

"વઉ તમે મને કેતા નથી પણ (મને) હમાચાર મલેર્યા. તમે લાલબાઈને મામેરાંમાં દેવા હાર કર્યો હે."

"હોવે, હું તમને ઈ વાત કરનારી જ હતી. પણ કેવાનો લાગ જ ન આયો. એટલે કેવાનું રૈંગ્યુ. નકો તમને કેધા વગર થોડી રઉં? તમે એમ કેતાં'તાં પાછલ્યા મામેરા ટાંણે દેશું. પણ જૈયે બે મામેરા ભેળાં ભરાય તૈયેં મેઘબાઈ (લાલબાઈની જેઠાણી) ને એની ભાભી હાર પેરાવે ને આપણે હલકો ભારે ટોલ ન લૈ જૈયેં તો લાલબાઈનું કેવું ખરાબ લાગે?"

"બધાને ખબર તો હે મેઘબાઈના માવતર ખાતાં-પીતાં હે ને આપણું ઊભું ઘરે હે!"

"એમતાં માવતરને ક્યાંક થોડી તકલીફ હોય એટલા હારું કરી છોરીયુંને (દીકરીયુંને) એના હરીખતમાં (દેરાણી જેઠાણીમાં) ખરાબ લાગે એવું થોડું કરાય." રતને કહ્યું.

"પણ તમારાં માવતરવાળાને ખબર પડશે તો?"

"એને મેં વાત કરેલી હે." વાત ટૂંકાવવા રતને કહ્યું.

"વઉ તમે મને એક દી નીચું જોવરાવશો હગામાં. (સગાવહાલામાં)"

રતને એનો કંઈ જવાબ ન આપ્યો.

અખાત્રીજ નજીક આવતી ગઈ.

બારેથી ત્રણે-બાપ દીકરો આવી ગયા.

અખાત્રીજે મામેરું આપી, પગે લાગી, નિયાંણાના પગ ધોઈ પીધાને ભાણીને ફેરો ફરાવી દીધો.

મણિલાલ આવ્યો ત્યારે કંઈ પૂછે એ પહેલાં રતને જે કહેવું હતું તે બધું કહી દીધું હતું. જેથી વાત ઝાઝી ચોળાય નહીં. હવે મણિલાલને કાંઈ દલીલ કે કોઈને કંઈ કહેવાનું ન'તું.

ઉનાળાનો લગનગાળો પતાવી વીસ-પચ્ચીસ દિવસના રોકાણ પછી નાનજી અને કાનજીબાપો બારે ઊપડી ગયા. એ બાપ-દીકરો કાનજી બાપાના સાળાને ત્યાં કામ કરતા હતા.

રતનને આશા હતી એ મને બારે તેડી જવાની વાત કરશે; પરંતુ કલકત્તા ફુઆને ત્યાં કંપનીનો રસોડો કરવા એક નછોરું પરિવાર તૈયાર થયું. આ તો વળી ત્રણ દીકરીયુંવાળો પરિવાર હતો. એટલે રતન જાય તો કંપનીને વધારાનો ખર્ચ વધારે ભાગવવો પડે.

એનુંયે કાંક ગણવાનું મણિલાલે કીધું'તું. પણ ફુઓ માન્યા ન'તા. મણિલાલને રતનને બારે તેડી જવાની હોંહ (હોંશ) અધૂરી રહી ગઈ. એના મનસૂબા ખોટા પડ્યા. આથી મણિલાલને ફુઆ પ્રત્યે થોડો અભાવ થયો.

મણિલાલને હવે નખમાંય રોગ નતો. છતાં ડોક્ટરની સૂચના મુજબ અઠવાડિયે બે ઈંડા અચૂક ખાતો. એણે રતનને કીધું "દવાના પૈસા દેવા એના કરતાં આ શું ખોટું?"

મણિલાલ હવે કોઈ બીજી જગ્યાએ નોકરીની ગોઠવણીમાં હતો. મનમાં અન્ય જગ્યાની ગોઠવણી કરતો એ કલકત્તા ગયો અને રતનને દીકરાની આશા આપતો ગયો.

***(ક્રમશઃ)***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વસતિ પત્રક - ૨૦૧૭ બાબત

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તમામ સભ્યોને અપીલ કરવામાં આવે છે કે સંસ્થાની વેબસાઈટ ઉપર ઓનલાઈન વસતિ પત્રક બહાર પાડવાનું હોવાથી જે - તે સભ્યોએ સૂચિત વસતિ પત્રકના ફોર્મ પોતાના પરિવારની પૂરેપૂરી વિગત ભરી હજી સુધી સંસ્થાના કાર્યાલય શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે જમા કરાવેલ નથી તે સભ્યોને પોતાના ફોર્મ તાત્કાલિક જમા કરાવવા માટે જણાવવામાં આવે છે.

વસતિપત્રકનું ફોર્મ 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૧૭ અંકના પાના નં. ૧૧૧ પર છાપેલું છે.

જે સભ્યને, વસતિ પત્રકના પોતાના ભરેલા ફોર્મ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પહોંચાડવામાં અગવડતા પડતી હોય તેવા સભ્યોએ સંસ્થાના અન્ય બે ભવનો : (૧) શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ તથા (૨) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતામંદિર ખાતે પણ પોતાના ફોર્મ જમા કરાવી શકે છે.

આશા છે કે સભ્યો તરફથી પૂરતો સહયોગ મળી રહેશે.

***(અગાઉ જેમણે પોતાના ફોર્મ જમા કરાવી દીધેલ છે તેવા સભ્યોએ ફરીથી પોતાના ફોર્મ મોકલવા નહીં.)***

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

કચ્છની રસધાર

# કચ્છનો ભીમ : હરભમ ભૂતો

દુલેરાય કારાણી

જગતમાં જ્યાં જુઓ ત્યાં શક્તિ પૂજાય છે — શક્તિનાં પૂજનઅર્ચન થાય છે. બુદ્ધિની એક શક્તિ આખી દુનિયા પર રાજ ચલાવી શકે છે. પણ એ બુદ્ધિની શક્તિમાં સામર્થ્ય ભરનાર તો શરીરની શક્તિ જ છે. અશક્ત અને નિર્માલ્ય શરીરમાં બુદ્ધિની શક્તિ પ્રવેશ પણ કરી શકતી નથી. એટલે શારીરિક શક્તિ એ જ એક મહાશક્તિ છે.

કચ્છની ધરતી પર શક્તિમાતાની સદા કૃપા રહી છે. આસમાની - સુલતાની અનેક આફતોનો સામનો કરીને ખડતલ બનેલી કચ્છની ધરતી એ શક્તિની ધરતી છે.

અરબી સમુદ્રનાં ઊછળતાં મોજાં પર તરતા લાંબા-વાંકા તુંબડાના આકારવાળા કચ્છને જુગજુગથી સાગરરાજ પોતાનાં મીઠાંમધુરાં ગાન સંભળાવી રહ્યો છે. કચ્છ ભીડેલા કોઈ યુગયુગના યોગીરાજ સમો કચ્છડો એકાંતમાં જાણે યોગસાધના કરતો એકલો, અટૂલો અને અડોલ ઊભો છે. ઘોર-શોરથી ઘૂઘવતો સિંધુ એનાં ચરણ પખાળે છે. આવળ, બાવળ અને બોરડીની ઝાડીમાંથી સુસવતો પવન એના કર્ણપટ પર આઝાદીનું સંગીત રેડી રહે છે. આ ભૂમિમાં એક અજબ જેવો ગુણ છે - એનું ધાવણ ધાવીને એની માટીમાંથી મર્દો પેદા થાય છે. અહીં એવા જ એક મર્દની કથા આપવામાં આવે છે.

મહારાઓશ્રી દેશળજી બીજાનો સમય હતો. આ વાત પર માત્ર સવાસો વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે. કચ્છ - અંજાર તાલુકાના સંઘડ ગામમાં એ અરસામાં આહીરોનું પૂર હતું. આહીર જાતિ અસલથી એક લડાયક જાતિ તરીકે પ્રખ્યાત છે. કચ્છ પર આવી પડતી યુદ્ધની આફતો વખતે આહીર જાતિએ કચ્છને ખૂબ સહકાર આપ્યો છે — વતન માટે માથાં આપ્યાં છે.

સંઘડ ગામમાં હરભમ ભૂતો નામે એક બહાદુર આહીર યુવાન હતો. સંઘડ ગામનું એ નાક ગણાતો. એના જેવો બળવાન બેલી આખી અંજાર ચોવીસીમાં શોધ્યો પણ જડે એવું ન હતું. રમતગમતમાં અને મલ્લકુસ્તીમાં એને કોઈ આંટી જાય એમ ન હતું. દૂરથી ઢીંગલાનો ઘા કરીને શેરડીના સાંઠામાં એ ઢીંગલો પરોવી દેવો એને મન રમતવાત હતી. કચ્છી અડધો મણ ખજૂર ઠળિયા સીખે ખાઈ જવી એ તો એને માત્ર શિરામણ જેવું હતું. કચ્છી બખ્ખના મલાખાડામાં કમર પર સધરો બાંધીને હરભમ ઊભો હોય તો ભાગ્યે જ એની સામે ટક્કર ઝીલવાને કોઈ તૈયાર થાય. આમ એના નામનો ચારે તરફ ડંકો વાગતો.

એક વખત સંઘડ ગામની સીમમાં હરભમે વાવેલી જુવારની કડબના ઓઘા ઉખેડીને તે ઘરના વાડામાં ખડકવા હતા. કડબના ઓઘા ખેતરમાંથી લાવવાના હોવાથી મોટા ગાડાની જરૂર હતી. એ વખતે હરભમના ગાડાની ધરી ભાંગી પડેલી હોવાથી હરભમે તેના કાકા પાસે ગાડાની માંગણી કરી. એ અરસામાં એના કાકાને પોતાને પણ રોજેરોજ ગાડાની જરૂર પડતી હોવાથી ગાડું ચાર દિવસ પછી મળી શકશે એમ એના કાકાએ જવાબ આપ્યો.

કાકાનો આ જવાબ હરભમને ગમ્યો નહિ. ચાર દિવસ સુધી કડબને સીમમાં રેઢી મૂકી શકાય તેમ ન હતું. હરભમ મૂંઝાયો. આખરે એને એક નવો ઇલાજ સૂઝી આવ્યો.

એ જ રાતે હરભમ છાનોમાનો એના કાકાના વાડામાં દાખલ થયો. કાકાનું ગાડું તો એના વાડામાં પડેલું જ હતું. હરભમે પચ્ચીસ-ત્રીસ મણ વજનનું મોટું ગાડું પોતાના માથા પર લઈ લીધું. આમ ગાડું ઉપાડી, ઘેર આવી, ગાડાને પોતાના બળદો જોડીને તે સીમમાંથી બધી કડપ ઉપાડી લાવીને તેને પોતાના વાડામાં ખડકી દીધી. એક જ રાતમાં કડબની મોટી કાલર રચી દીધી.

વહેલી સવારે કાકાનું એ જ ગાડું ફરી માથા પર ઉપાડીને ગુપચુપ કાકાના વાડામાં પાછું જેમનું તેમ રાખી દીધું. ગાડાના ચીલાનું નિશાન પણ દેખાય તેમ ન હતું.

સવારમાં હરભમના કાકાએ એના વાડામાં જ્યારે કડબની મોટી ગંજી ખડકેલી જોઈ ત્યારે અચંબાનો પાર રહ્યો નહિ. કાકાએ એને પૂછી જોયું : 'હરભમ! પછી ગાડું કોનું લઈ આવ્યો?'

હરભમે હસીને જવાબ આપ્યો : 'કાકા, ગાડું તમારું ને બળદ મારા. એમાં સમજી જાઓ!' આ હતી હરભમની તાકાત!

મહારાઓશ્રી દેશળજીના દરબારમાં એકવાર રાજસ્થાનના ચાર બળવાન કુસ્તીબાજ મલ્લ આવી ચડ્યા. ચારે જણ મલ્લકુસ્તીના અઠંગ ખેલાડી હતા. મારવાડ, ગુજરાત અને સૌરાષ્ટ્રના મલ્લરાજોને હરાવીને એ કચ્છમાં આવ્યા હતા. જે રાજના મલ્લોને જીતીને એ વિજય પ્રાપ્ત કરતાં ત્યાંના રાજા પાસેથી એક સોનાનું કડું જીતની નિશાની તરીકે લેવાનો એમનો રિવાજ હતો. આ રીતે એમણે આજ લગી નવ્વાણું સોનાનાં કડાં એકઠાં કર્યાં હતાં. હવે માત્ર એક છેલ્લું કડું મેળવી લેવા કચ્છમાં પ્રવેશ કર્યો હતો.

કચ્છના રાજવી દેશળજી બાવા રમતગમતના અને મલ્લકુસ્તીના શોખીન હતા. આગંતુક યુવાનોની શરત સાંભળીને એમને નવાઈ લાગી. આ મલ્લોને હંફાવે એવા કોઈ કચ્છી મલ્લની બાવાએ તપાસ ચલાવવા માંડી.

પેલા મલ્લોની હાથી જેવી કાયા અને સાવજ જેવી આંખો જોઈને એમની સાથે બાથ ભીડવા કોઇ તૈયાર થતું ન હતું. કચ્છાન મલ્લો એ અરસામાં મલ્લકુસ્તીનો કાર્યક્રમ છોડીને બાવાના હજૂરી બનવા લાગ્યા હતા. એટલે એમની તાકાત હવે ઓસરતી જતી હતી. કચ્છના મલ્લોએ પોતાની આ નિર્બળતાને પણ પિછાણી લીધી હતી. એમણે વિચાર્યું કે આ રાક્ષસ જેવા તાલીમબાજો સાથે કુસ્તી લેતાં ક્યાંક હારી જવાય તો આખા કચ્છનું નામ વઢાઈ જાય. એમ સમજીને કચ્છના કોઈ પણ મલ્લે આ હરીફાઈમાં ઊતરવાની તૈયારી બતાવી નહિ.

કચ્છી મલ્લોને હિંમત હારી જતા જોઈને દેશળજી બાવા મૂંઝાઈ પડ્યા. એ વખતે એમની કચેરીમાં અંજારના યતિ મોતીચંદજી હાજર હતા. મોતીચંદ ગોરજી રાજના માનીતા હતા. બાવાના વિશ્વાસપાત્ર વૈદ્ય હતા. આયુર્વેદના નિષ્ણાત હતા. ભુજના મલ્લોને પાછી પાની કરતા જોઈને આ ગોરજી મહારાજને એક નવી વાત યાદ આવી.

'બાવા, હુકમ હોય તો એક અરજ કરું!' ગોરજીએ પોતાની દરખાસ્ત રજૂ કરતાં કહ્યું.

'અરે યતિદેવ! તમને વળી હુકમની આવશ્યક્તા હોય ખરી? ખુશીથી કહો!' બાવાએ સંમતિ દર્શાવતાં જણાવ્યું.

'આ મલ્લોનું માથું ભાંગી નાખે એવો એક મર્દ મારા લક્ષમાં છે.'

'પૂજ! એવું હોય તો પછી બીજું જોઈએ પણ શું? મને તો એમ થાય કે આ મલ્લો કદાચ કચ્છની આબરૂ પાડી જાય!'

'બાવા! કચ્છડો હજુ એવો કાયર બન્યો નથી. આવા મલ્લોને ભોંયભેળા કરી નાખે એવા અનેક નરવીરો હજુ કચ્છમાં હાજર છે. એમાંના એકનું નામ હું આપને આપું.

'અને એ કોણ છે, પૂજ?'

'આહીર છે, બાવા!'

'ક્યાંનો છે?'

'એ છે સંઘડ ગામનો. આખા અંજાર પરગણામાં એનું નામ પ્રખ્યાત છે. હું આજે જ અંજાર જાઉં છું. આપ હુકમ કરો તો એને તેડી લાવું.'

'પૂજ મહારાજ, તમારે તકલીફ લેવાની કશી જરૂર નથી. હું હમણાં જ એને બોલાવી લાવવા વેલનો બંદોબસ્ત કરું છું.'

તરત જ બાવાનો હુકમ છૂટ્યો. વેલવાડીમાંથી હાથી જેવા બળદોની વેલ તૈયાર થઈ અને વેલવાને વેલને સંઘડને માર્ગે મારી મૂકી.

હરભમ ભૂતો ખેતીનું કામ કરનાર એક ખેડૂત હતો. જેવો શક્તિશાળી હતો તેવો જ સાહસિક પણ હતો. મરદાની રમતગમતનું નામ પડે તો એ ગમે ત્યાંથી ઊડી આવે એવો શોખીન હતો. મહાકાય મલ્લોની તાકાતની વાત સાંભળી હિંમત હારી જાય એવો ન હતો. બાવાની વેલ એને બોલાવવા આવતાં એના આનંદનો પાર રહ્યો નહિ. એ તરત જ તૈયાર થઈ ગયો અને વેલમાં ચડી બેઠો. વેલ સડસડાટ કરતી ભુજના માર્ગે ઊપડી નીકળી અને થોડા જ સમયમાં ભુજનગરીના દરવાજામાં આવી ઊભી.

કચેરીમાં આવી હરભમે બાવાને સલામ ભરી.

'હરભમ, તને મલ્લકુસ્તીના દાવ આવડે છે?' બાવાએ પ્રશ્ન કર્યો.

'અન્નદાતા મારો ધંધો ખેતીનો છે પણ મલ્લકુસ્તીના દાવ ખેલવામાં પણ મને રસ છે.'

'અહીં આવેલા ધીંગી મલ્લો સાથે બાથ ભીડવાની હિંમત છે ખરી?'

'ખમ્મા બાવાને! બાવા, તમારો હુકમ હોય તો ભુજિયા કિલ્લા સાથે પણ લડી બતાવું!'

હરભમનો જવાબ સાંભળીને દેશળજી બાવા તો ખુશખુશાલ બની ગયા.

'ઠીક ત્યારે આવતીકાલે તૈયાર થઈ રહેજે!'

'ખમ્મા! આપ હુકમ કરો એટલી જ વાર છે!' અને બાવાને નમન કરી હરભમ ચાલતો થયો.

★

ભુજનો દરબારગઢ આજે ભુજનગરીના નગરજનોથી ઊભરાઈ રહ્યો છે. કારણ એ હતું કે આજની મલ્લકુસ્તી એક જબ્બર સાઠમારી જેવી બનવાની હતી. આજુબાજુનાં ગામડાંના કુસ્તીરસિયા લોકો પણ આજનો કાર્યક્રમ જોવા દૂરદૂરથી આવી પહોંચ્યા હતા. આજના કુસ્તીજંગનો અખાડો રાજમહેલની રાણીઓ પણ જોઈ શકે એટલા માટે કાર્યક્રમ દરબારગઢમાં જ રાખવામાં આવ્યો હતો. દેશળજી બાવા દરબારગઢની ચાલીના

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ઊંચા ઓટલા ઉપર રેશમી ગાદી-તકિયા પર બિરાજમાન હતા. ઉપર ચક નાખીને રાણીઓ અને બાંદીઓ પણ બેસી ગઈ હતી.

ચારે તરફ દોરી બાંધી, વચ્ચે અખાડાનું મેદાન રાખવામાં આવ્યું હતું. પાણી છાંટી મલ્લકુસ્તીના મેદાનને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું.

પ્રચંડકાય મલ્લરાજો લાલ લંગોટી લગાવીને અખાડા વચ્ચે ખડા થઈ ગયા હતા. વારેવારે પોતાની ધીંગી જાડી જાંઘ પર હાથનો પંજો પછાડતા હતા. હાથના પંજાના થાપાનો જોરદાર અવાજ દરબારગઢની દીવાલ સાથે અથડાઈને પોતાનો પડઘો પાડી રહ્યા હતો. એમનો આ અવાજ જ એમની સામે હરીફાઈમાં ઊતરનારની હિંમત ભાંગી નાખે એવો હતો. પરંતુ સંઘડ ગામનો આહીર હરભમ મલ્લોના આવા આડંબરથી ડરી જાય એવો ડરપોક ન હતો. એ પણ તૈયાર થઇને આજની સાઠમારીના મેદાનમાં હાજર થઈ ગયો.

ગામડાંના એક આહીર યુવાનને આવા પઢ્ઢા પહેલવાન મલ્લો જોડે લડવા તૈયાર થયેલો જોઈને પ્રેક્ષકો વિધવિધ પ્રકારના વાર્તાલાપ પર ચડી ગયા હતા. કોઈ કહેતા કે આ બિચારા ગરીબ ગામડિયાના દિવસો આજે ભરાઈ ગયેલા લાગે છે. કોઈ કહેતા કે એને ઊભો કરીને બાવાએ 'ચડ જા બેટા શૂલી પર!'નો પ્રયોગ અજમાવ્યો લાગે છે. કોઈ કહેતા કે મોતીચંદ ગોરજીએ એનો ઘડોલાડવો કરવા ટાઢે પાણીએ ખસ કાઢવાની આ યુક્તિ અજમાવી લાગે છે. આમ સૌ કોઈ પોતપોતાને મનફાવતી વાતોમાં મશગૂલ હતા.

હવે આજના કુસ્તીજંગમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે એક મોટા મલ્લની સાથે હરભમે એક જ વાર કુસ્તી લડવી. બંને પક્ષને આ નિર્ણય મંજૂર હતો. કુસ્તીમાં ઊતરનાર બંને યોદ્ધા પોતપોતાની ખુલ્લી સાથળ પર હાથના થાપા લગાવી તૈયાર થઈ ગયા. બંને રમતવીરોએ પ્રથમ હાથમાં હાથ મિલાવીને ખેલદિલી વ્યક્ત કરી. પછી કુસ્તીની શરૂઆત કરતાં બંને એકબીજાને જળોની જેમ ચોંટી પડ્યા.

હરભમને મહાત કરવા પેલો પ્રચંડ શરીરધારી મલ્લરાજ એક પછી એક પોતાના દાવ અજમાવવા લાગ્યો. આ તરફ હરભમ માત્ર બચાવની યુક્તિઓ જ લડાવી રહ્યો હતો. જેમજેમ વખત જતો ગયો તેમ તેમ પેલા મલ્લને ખાતરી થઈ ગઈ કે હરભમને મહાત કરવો એ છાણમાં તલવાર ચલાવવા જેવું કે લાપસીમાં લીટા કરવા જેવું સરળ કામ નથી. હરભમને હરાવવાના એના તમામ પેંતરા એક પછી એક નિષ્ફળ જવા લાગ્યા.

હટે, ખસે કે માર્ગ ન મૂકે,

બાઝ્યા સાવજડા બળવંત!

એવા નરવીરો આ માનવ સાઠમારીમાં એકબીજાને હંફાવવા પોતપોતાના દાવ ખેલી રહ્યા હતા. ઘડીકમાં થતું કે હરભમ ગયો... ગયો, અને તરત જ કચ્છી જનતાના ચહેરા પર એક નિરાશાની છાયા છવાઈ જતી હતી. પરંતુ બીજી જ ક્ષણે હરભમ પેલા મલ્લના દાવને ગુલાંટ ખવડાવી દેતો અને તાળીઓના ગડગડાટથી આખો સમારંભ ગાજી ઊઠતો. પ્રેક્ષકોએ હવે આ ગામડિયા જેવા લાગતા હરભમનું પાણી માપી લીધું હતું. સૌના મનમાં હવે કચ્છી પાણીના વિજયની આશા બંધાઈ ગઈ હતી.

બરાબર ત્રણ કલાક લગી આ નરશાર્દૂલોનો રણસંગ્રામ ચાલતો રહ્યો. હરભમ પણ હવે પેલા મલ્લના જુદાજુદા પ્રકારના દાવોથી પરિચિત થઈ ગયો હતો. આમ છતાં અત્યાર લગી બચાવની યુક્તિઓથી તે આગળ વધ્યો ન હતો. પેલો મલ્લ પણ સમજી ગયો હતો કે હરભમ બચાવના દાવોનો ખરેખરો ખેલાડી છે, પણ એથી આગળ વધવાની એની શક્તિ નથી એમ સમજી એ નિશ્ચિંત પણ બની ગયો હતો.

અને હરભમે પણ એને એ જ ભ્રમમાં રહેવા દીધો. હવે તે મલ્લની જરાક સરતચૂકની જ રાહ જોઈ રહ્યો હતો. એકબીજાને પછાડી પાડવાના દાવ હજુ ચાલુ હતા. હરભમ હવે આક્રમણ કરવાની તક ઝડપી લેવા તડપી રહ્યો હતો. એટલામાં મલ્લને એની લાપરવાહીમાં જરા બેધ્યાન બનેલો જોઈને હરભમે આક્રમણનો પોતાનો દાવ અજમાવ્યો. અને એક જ ઝપાટે એને ચત્તોપાટ પાડી દીધો.

હર્ષના પોકારોથી દરબારગઢનું મેદાન ગાજી ઊઠ્યું. આગંતુક મલ્લોએ થોડીવાર તો 'દગો દગો!' એવા પોકાર કર્યા; પણ હવે એમનું કંઈ ચાલી શકે તેમ ન હતું.

★

કચ્છ, કાઠિયાવાડ અને રાજસ્થાનનાં રાજ્યોમાં વિજયમાળને વરવાની તમન્નાવાળા મલ્લરાજોના મનમાં આ પરાજય ડંખવા લાગ્યો. પરાજયની કાલિમાને કોઈ પણ પ્રકારે ધોઈ નાખવા માટે કોઈ નવી યોજના તેઓ વિચારી રહ્યા હતા.

એ વખતે મલ્લોના સરદાર બાપુમલ્લે દેશળજી બાવાને વિનંતી કરતા કહ્યું : 'ખુદાવિંદ, આ કુસ્તીના ખેલમાં અમારી હાર અમે સ્વીકારતા નથી કારણકે કુસ્તીના નિયમોનો એમાં ભંગ કરવામાં આવ્યો છે. એટલે અમારી અરજ છે કે અમારો આ

"ROLEX" Brand
Rushabh
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

નાના મલ્લ સાથે હરભમ મુષ્ટિયુદ્ધ ખેલે અને એ ખેલમાં જે ખેલાડીનો વિજય થાય તે જીત્યો ગણાય એવો આપ હુકમ કરો!'

બાવાએ હરભમને બોલાવ્યો. તેની પીઠ થાબડી અને કહ્યું : 'હરભમ, તું આ નાના મલ્લ સાથે મુષ્ટિયુદ્ધ ખેલવા તૈયાર છો?'

'બાવા, તમારો હુકમ થાય તો હું જમ જોડે પણ લડી લેવા તૈયાર છું.' હરભમે હિંમતથી અનુમતિ આપતાં કહ્યું.

બસ, નિર્ણય થઈ ગયો. હવે મુષ્ટિયુદ્ધમાં જેનો વિજય થાય તેને જ વિજયમાળ વરે એવું નક્કી થઈ ગયું.

નાનો મલ્લ મુષ્ટિયુદ્ધમાં પારંગત હતો. એની કુશળતા અને ચાલાકીનો આ સમયે ઉપયોગ કરી લેવાના ઈરાદાથી જ બાપુમલ્લે આ યોજના રજૂ કરી હતી.

બંને વીરો જંગના મેદાનમાં ઊતરી પડ્યા. હરભમ આવા મુષ્ટિયુદ્ધથી વાકેફ ન હતો. આમ છતાં પોતાની તાકાતમાં એને પૂરી શ્રદ્ધા હતી.

મુષ્ટિયુદ્ધના ખેલાડીઓ બંને પોતપોતાના દાવ ખેલવા લાગ્યા. હરભમ પોતાના બચાવ માટે પૂરો સાવધાન હતો. મુષ્ટિયુદ્ધનો આ ખેલ ઘણીવાર ચાલ્યો. બંને યુવાન હતા, પહેલવાન હતા, ચિત્તા જેવા ચાલાક હતા. એકબીજાને હંફાવવાની તક જોઈ રહ્યા હતા.

એટલામાં લાગ જોઈને હરભમે નાના મલ્લની મસ્તક પર પોતાની વજ્ર જેવી મુઠીનો એવો જોરદાર પ્રહાર કર્યો કે એક જ મુઠીના ઘાથી એનું માથું જાણે એના ધડમાં પેસી જતું હોય એવો દેખાવ થઈ રહ્યો. મુષ્ટિયુદ્ધનો ખેલાડી મલ્લ તરત જ જમીન પર ઢળી પડ્યો. એના પ્રાણ પરવારી ગયા.

આખા સમારંભમાં એકાએક અવ્યવસ્થા ફેલાઈ ગઈ. ચારે તરફ ઘોંઘાટ અને કોલાહલ મચી રહ્યો. સૌ કોઈ હવે સરકી જવા લાગ્યા. મેદની વિખેરાવા લાગી.

હરભમ પણ મૂંઝાઈ પડ્યો. બાવાને મોં બતાવ્યા વગર જ તે ત્યાંથી પસાર થઈ ગયો. છાનોમાનો પોતાને ગામ સંઘડ પહોંચી ગયો.

ચારમાંથી હવે ત્રણ મલ્લ બાકી રહ્યા હતા. એમના મનમાં વેરનો અગ્નિ ભભૂકી ઊઠ્યો હતો. મુષ્ટિયુદ્ધના નિષ્ણાત મલ્લને મારી નાખનાર હરફર ઉપર પૂરેપૂરો બદલો વાળવા ત્રણે મલ્લ તલપાપડ થઈ રહ્યા હતા.

હરભમનું કાસળ કાઢી નાખવા આ ત્રણે જણ ભુજથી ઊપડીને સંઘડ ગામે આવી પહોંચ્યા અને હરભમની શોધખોળ કરવા લાગ્યા. હરભમ તો આજે સવારથી જ સંઘડ ગામની સીમમાં પોતાનું ખેતર ખેડવાના કામમાં મંડી પડ્યો હતો. હરભમની ઘરવાળી હીરુ એને ભાત પહોંચાડવા જતી હતી ત્યારે એના કાને વાત આવી કે જાડા પાડા જેવા બે ધીંગા ધડબા માણસો ગામમાં હરભમની શોધ ચલાવી રહ્યા છે.

આ વાત સાંભળી હીરુને બીક લાગી. તે ઝડપી ગતિએ હરભમ જ્યાં ખેતર ખેડતો હતો ત્યાં પહોંચી ગઈ અને હરભમને આ વાતથી વાકેફ કર્યો. હરભમ સમજી ગયો કે ધીંગાધડબા માણસો બીજા કોઈ નહીં પણ પરાજિત થયેલા મલ્લો જ એનું વેર વાળવાને આવ્યા લાગે છે.

'અરે, એ તો આવે છે!' હીરુએ બંને મલ્લોને દૂરથી આવતા જોઈને ગભરાટમાં કહ્યું.

'આવે છે તો આવવા દે! તું ગભરાય છે શાની? ભલે એ પણ સૂંઠનો સ્વાદ ચાખતા જાય!' હરભમે ઠંડા પેટે કહ્યું અને તરત હરભમે એક નવો જ વિચાર કરી લીધો. તેણે બંને બળદિયાને હળમાંથી છોડી નાખ્યા. બંનેને ખેતરના શેઢા પર ચરવા છૂટ્ટા મૂકી દીધા. બળદોની ખાંધે મૂકવાનું ધૂંસરું પણ હળમાંથી છોડીને છૂટું પાડી દીધું. પછી હળનો લાંબો દંડો હાથમાં લઈને લોઢાની કોશવાળા વજનદાર હળ વડે ખેતરમાં ઢેફાં ભાંગવા મંડી પડ્યો.

જમીન ખેડવાના અતિ ભારે વજનના બાવળિયા લાકડાના મોટા હળ વડે હરભમને ઢેફાં ભાંગતો ભાળીને એની જાન લેવા આવેલા મલ્લો ત્યાંને ત્યાં જ થીજી ગયા સમજી ગયા કે પાંચસાત મણના વજનના હળ વડે ખેતરમાં ઢેફાંને ભાંગનારો હરભમ પળવારમાં એના એ જ હળ વડે એમનાં બંનેનાં માથાનાં તુંબડાં તોડી નાખશે.

હળ વડે ઢેફાં ભાંગતા હરભમનું દૃશ્ય જોઈને વેર લેવા આવેલા મલ્લરાજો ખસિયાણા પડી ગયા - સમજી ગયા - સમસી રહ્યા. એમના પગ છૂટી ગયા અને જ્યાંથી આવ્યા હતા ત્યાં પાછે પગે પાછા ફર્યા.

હરભમની ઘરવાળી હીરું તો પતિનું આ પરાક્રમ જોઈ મોઢા ઉપર હાથ મૂકીને મનમાં ને મનમાં હસતી રહી.

'અને એ અહીં આવ્યા હોત તો?' હીરુએ હરભમને પૂછ્યું.

'અહીં આવ્યા હોત તો બીજું શું થાત? મારે બે-ત્રણ ઢેફા વધુ ભાંગવાં પડ્યાં હોત!' હરભમે હસીને જવાબ દીધો. ■

**GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
**CUSTOM HOUSE AGENT**

કચ્છી કથા

# જામ ફૂલો

સ્વામી સચ્ચિદાનંદ

ખાનદાનીનો સંબંધ શ્રીમંતાઈ સાથે નથી હોતો. ઘણી વાર શ્રીમંત વ્યક્તિઓ પણ હલકી વૃત્તિ અને પ્રવૃત્તિની હોય છે, તો કેટલીક વાર તદ્દન ગરીબ અને ઊગરતી જ્ઞાતિના લોકો પણ મહાખાનદાન હોય છે. ખાનદાનીનો મૂલાધાર વફાદારી છે. જે વ્યક્તિના વ્યવહારમાં પૂરેપૂરી વફાદારી હોય તે ખાનદાન હોઈ શકે. વફાદારી ત્રણ કક્ષાની હોય છે. (૧) જે કરાર કર્યા હોય તેને વળગી રહે તે - નોકર અને વ્યાપારની વફાદારી. (૨) મૈત્રીની વફાદારી : મિત્રની સાથેના સંબંધોમાં કપટ ન કરે અને સંપત્તિ કે વિપત્તિના સમયમાં આગળ-પાછળ પૂરેપૂરો વફાદાર રહે તે અને (૩) સર્વોચ્ચ અને સર્વસ્વ બલિદાન આપીને પણ સંબંધને અણિશુદ્ધ પાર પાડે. આ ત્રીજી વફાદારી સૌથી મહાન કહી શકાય. જે લોકો ત્રણેમાંથી એક પણ વફાદારી રાખી શકતા નથી અને છતાં સંબંધો રાખે છે તેઓ ગદ્દાર થઈ જતા હોય છે. ગદ્દારી-વિશ્વાસઘાત-મહાપાપ જ કહેવાય.

રાજકારણ ખટપટો વિનાનું હોતું નથી. મોટા ભાગે વારસો મેળવવા માટે ખટપટો થતી હોય છે. જામ લાખાને ચંદ્રાબાથી ઉન્નડકુમાર જન્મેલો. ચંદ્રાબાના વચન માગવાથી લાખાએ ઉન્નડે જામની પાઘડી પહેરાવી, પણ ઓરમાન માતાનો મોડ કુમાર તેથી મનમાં દાહ થવા લાગેલો. ભલે તે ઉપરી મનથી લાખાને રાજી કરવા ઉન્નડની ગાદીનો સ્વીકાર કરતો રહ્યો પણ અંદરથી તો તેનો ઘાટ ઘડી નાખવાના પેંતરા સજતો રહ્યો. મોડનો મામો વીરમ ચાવડો હતો. મામા-ભાણેજે મળીને એક કાવતરું ગોઠવ્યું. પોતાનું મંધી પરગણું જોવા માટે ઉન્નડને આમંત્રણ આપીને ઉન્નડને પોતાનો અતિથિ બનાવ્યો અને ત્યાં જ તેનું મસ્તક કાપી નાખ્યું. જામ લાખો તો દેવ થઈ ચૂક્યો હતો. ચંદ્રાબા ગોહિલ રાણી અને ચાવડી રાણી વચ્ચે પોતપોતાના કુંવરોને વારસદાર બનાવવાની સ્પર્ધા ચાલી રહી હતી તેમાં ઉન્નડનું કાસળ કાઢી નાખવામાં આવ્યું. ચંદ્રાબાને ખબર પડતાં જ રોક્કળ કર્યા વિના તરત જ નગરસમૈના દરવાજા બંધ કરાવી, સમા કુમારને ગાદીએ બેસાડી દીધો. જરા પણ વિચલિત ન થતાં પૂરી સ્વસ્થતા ધારણ કરે તેને યોગી કહેવાય. જામ ઉન્નડની હત્યા કરીને મોડ પોતાના ભાઈઓ સાથે ગાદીએ બેસવા મારતે ઘોડે નગરસમૈ આવી રહ્યો હતો ત્યાં તેને ખબર પડી કે ચંદ્રાબાએ પોતાના સમા કુમારને ગાદીએ બેસાડી દીધો છે અને નગરના દરવાજા બંધ કરાવી દીધા છે. તેથી મોડ વગેરે કચ્છ તરફ જવા વળી ગયા. ચંદ્રાબાનું આ સમયસર બુદ્ધિપૂર્વકનું સાહસ હતું, જેણે પોતાના વંશના હક્કને બચાવી લીધો.

મોડ વગેરે કચ્છમાં પોતાના મામા વાઘમ ચાવડાને મળ્યા. વાઘમે મોડ વગેરેનો તિરસ્કાર કર્યો. પોતાના ઓરમાન ભાઈનો વધ કર્યો તે વાઘમને ગમ્યું ન હતું. ખરા સમયે ખરી વાત કહેવી અને સાચા પક્ષનું સમર્થન કરવું, એટલું જ નહીં, ખોટા પક્ષને ધુત્કારી દેવો તે પણ મર્દાનગી જ કહેવાય.

મામાનો વ્યવહાર મોડને ગમ્યો નહીં. તેથી એક દિવસ કોટેશ્વરના કુંડ ઉપર વાઘમ જ્યારે માળા ફેરવીને પ્રભુભજન કરી રહ્યો હતો ત્યારે મોડે વાઘમની હત્યા કરી નાખી. હવે તેણે મામાની રાજધાની પાટગઢ ઉપર કબજો કરી લીધો. ચાવડાવંશ ઉપર સમાવંશ સ્થાપિત થઈ ગયો.

પાટગઢ કબજે તો કર્યું, પણ તે ગુંતરીગઢના વાઘેલાઓનું ખંડિયું રાજ્ય હોવાથી વાઘેલાઓ ચઢી આવ્યા ત્યારે લડાઈથી બચવા સમાવંશના મોડ વગેરેએ શરણાગતિ સ્વીકારી સંધિ કરી. સમાવંશવાળા રોજનાં અઢાર ગાડાં ઘાસનાં ખંડણી તરીકે વાઘેલાઓને મોકલે તેવી સંધિ થઈ. તે સંધિ પળાવવા માટે પોતાના ભાઈ મનાઈને વાઘેલાને ત્યાં ઓળમાં મૂક્યો હતો. સંધિ પ્રમાણે રોજ અઢાર ગાડાં ઘાસનાં મોડ મોકલતો રહ્યો. એક વાર ચાલાકીથી ઘાસમાં હથિયાર અને સૈનિકોને ભરીને સમા લોકો વાઘેલાના ગુંતરીગઢમાં પેસી ગયા અને દેવપૂજામાં વ્યસ્ત વાઘેલાઓની કતલ કરી ગુંતરીગઢ ઉપર સમાવંશની સ્થાપના કરી દીધી અને આ રીતે કચ્છનો મોટો ભાગ મોડના હાથમાં આવી ગયો. આમ છેક વારાહી-સાંતલપુર સુધી તેણે પોતાની આણ વર્તાવી દીધી. જ્યારે ગોહિલ રાણીને મોડના રાજવિસ્તારની ખબર પડી તો તેણે પણ સેના ભેગી કરીને મોડ ઉપર હુમલો કરીને તેને વાગડ તરફ ભગાડી મૂક્યો. અહીં મોડ અને વાઘેલાઓ વચ્ચે મૈત્રી થઈ. મોડનો કુમાર સાડ થયો. સાડનાં લગ્ન ધરણ વાઘેલાની બહેન સાથે કરવામાં આવ્યાં. તે પછી મોડનું અવસાન થઈ ગયું. મોડ પછી તેની ગાદીએ સાડ આવ્યો. જામ સાડનો સાળો ધરણ વાઘેલો હતો. સાળા-બનેવી વચ્ચે દુશ્મનાવટ થઈ ગઈ, તેથી ધરણ વાઘેલાએ દગાબાજી કરીને સાડની હત્યા કરી નાખી. રજવાડાંઓનો ઇતિહાસ હત્યાઓથી ભરેલો જોવા મળે છે. પોતપોતાના સગા જ પોતાના ભાઈઓની હત્યા કરીને વારસદાર બની જતા.

ધરણ વાઘેલાને થયું કે સાડની તો હત્યા કરી નાખી, પણ તેનો કુંવર ફૂલ છે તે હજી બાળક છે, તેની પણ હત્યા કરી નાખવી જોઈએ, જેથી સમાવંશનો કોઈ વારસદાર જ ન રહે.

ફૂલકુમારની હત્યા કરવા ધરણ વાઘેલો સેના સાથે કંથકોટ આવી રહ્યો છે તેવા સમાચાર રાણીઓને મળતાં બધાં ફફડી ઊઠ્યાં. આ વખતે ફારક નામની દાસીએ જે અપ્રતિમ બલિદાન આપ્યું તે કચ્છની યાદગાર કથા જ કહેવાય.

ધરણ વાઘેલાની સેના છેક કંથકોટના દરવાજે આવી ગઈ ત્યારે ફારક નામની દાસીએ વિચાર્યું કે ભલે આખા નગરનો, રાજ્યનો અને રાજમહેલનો નાશ થાય, પણ રાજ્યના વારસદારનો નાશ થવો ન જોઈએ. રાજ્યનો એકમાત્ર વારસદાર ફૂલ કુમાર હતો, જે હજી ફૂલ જેવો ઘોડિયે હીંચતો હતો. કોઈ પણ ભોગે તેને બચાવવો જોઈએ. ફારક અને તેનો પતિ બંને ફૂલને અને પોતાના બાળકને લઈને નાઠા. બારીમાંથી મહેલ છોડીને રણ તરફ નાસી છૂટ્યાં. ધરણ વાઘેલાએ મહેલનો કબજો કર્યો, બધું ખોળી વળ્યો, પણ ફૂલ ન મળ્યો. કોઈ ચાડીખોરે કહી દીધું કે ફૂલને લઈને ફારક રણમાં દોડી જાય છે. ચાડીખોરો બધી જગ્યાએ મળી રહેતા હોય છે. ચુગલખોરો કોઈના સ્વર્ગ જેવા ઘરને નર્ક બનાવી દેતાં વાર નથી કરતા.

ધરણ વાઘેલો પાછળ પડ્યો. પાછળ ધૂળની ડમરીઓ ઊડતી જોઈને ફારક સમજી ગઈ કે ફૂલનો કાળ પાછળ દોડ્યો આવે છે. ઝટ દઈને તેણે ફૂલનાં રાજવી કપડાં પોતાના બાળકને પહેરાવી દીધાં અને પોતાના બાળકનાં મેલાંઘેલાં ચીંથરાં ફૂલને પહેરાવી દીધાં. વસ્ત્રો પણ ઘણી વાર તમારા વ્યક્તિત્વની ચાડી ખાતાં હોય છે. ધરણ વાઘેલો આવી પહોંચ્યો. તેણે ફારકના હાથમાંથી બાળક લઈ લીધું અને તેને જ ફૂલ સમજીને જોરથી પછાડીને તેના ભુક્કા બોલાવી દીધા. ફારકે પોતાના પતિને ઈશારો કરીને શાંત રહેવા સૂચના આપી દીધી. પોતાની આંખ આગળ જ પોતાના બાળકને બળબળતા રણમાં તરફડતો જોઈને પણ ન તો ફારક રડી, ન તેનો પતિ રડ્યો. આને કઠોરતા ન કહેવાય, પણ શેતાનની કઠોરતાથી રાજના વારસદારને બચાવવા માટેની પરાકાષ્ઠાની કરુણતા જ કહેવાય. તપેલા રણમાં તરફડતા બાળક ઉપર પગ મૂકીને ધરણે તેને તરફડતું બંધ કરી દીધું. ધરણ વાઘેલો કામ પૂરું થયું તેવું સમજીને પાછો વળી ગયો. અંગ્રેજો આવતાં પહેલાં આ દેશનાં રજવાડાં પરસ્પરના વિખવાદથી આવી ઘોર અશાંતિ ભોગવતાં હતાં.

ફારક અને તેનો પતિ હવે કચ્છમાંથી સિંધના રસ્તે ફરી ભાગવા મંડ્યાં. પોતાનો વહાલસોયો પુત્ર ગુમાવીને પણ તેમણે દેશનો વારસદાર બચાવી લીધો હતો તેનો તેનો સંતોષ હતો. પૂરું જીવન સત્કર્મોમાં વીત્યું ન હોય તો કાંઈ નહીં, પણ જીવનમાં એકાદ અદ્ભુત કાર્ય કરી બતાવ્યું હોય, જેમાં આખો ઈતિહાસ છુપાયો હોય તો પણ જીવન ધન્ય થઈ જાય.

પણ હવે જવું ક્યાં? જીવ બચાવીને ભાગેલા માણસને કોણ આશરો આપે? બંને બાંભણાસર પહોંચી ગયાં. અહીં અજા અને અણગોર નામના બે શ્રેષ્ઠીઓને ત્યાં પતિ-પત્ની મજૂરી કરવા લાગ્યાં. ફૂલ જરા મોટો થયો તો તે પણ વાછરડાં ચારવા લાગ્યો. જેમતેમ કરીને ત્રણે જણાં પેટિયું રળવા લાગ્યાં.

બાંભણાસરનો રાજા પરમાર કીર્તિરાજ હતો. તેના રાજ્યમાં એક વિકરાળ સિંહ માણસખાઉ બની ગયો હતો. તે રોજ એક માણસનો શિકાર કરી ખાઈ જતો હતો. રાજાએ ઘણા પ્રયત્નો કર્યા પણ સિંહ મરાયો નહીં. એક વાર સિંહ ફૂલના વાછરડા ઉપર ઝપટ્યો. ફૂલે બહાદુરીથી તેનો સામનો કર્યો અને તલવાર વડે તેને મારી નાખ્યો. પરાક્રમ છૂપું રહેતું નથી. તે પ્રસંગની રાહ જોતું તૈયાર બેઠું હોય છે. પ્રસંગ આવે પણ પરાક્રમ ન પ્રગટે તો સમજવું કે તે પરાક્રમનો દેખાવ કરનારું કોઈ મડદું જ છે.

રાજાને ખબર પડી. તેણે ફૂલને બોલાવ્યો, તેની પાલક માતા ફારકને બોલાવી. ફારકે પહેલા તો પોતે કચ્છની દાસી છે અને પેટ ભરવા સિંધ આવી છે તેવું જણાવ્યું. પણ પછી બધી સાચી હકીકત કહી દીધી. રાજા સમજી ગયો કે આ ફૂલકુમાર સાડ જામનો કુંવર છે. વિપત્તિનો માર્યો તે ફારકના ખોળામાં ઊછરીને મોટો થયો છે. હવે તે જુવાન થયો છે. તે દાસીપુત્ર નથી પણ રાણીપુત્ર છે. તેનું રાજપૂતી પરાક્રમ એ જ તેની નિશાની છે. રાજાએ ફૂલને સ્વીકારી લીધો, એટલું જ નહીં, તેની વેરે પોતાની રાજકુમારી પરણાવી દીધી. જે ગઈકાલ સુધી વાછરડાં ચરાવતો હતો એ ગોવાળિયો હવે રાજાનો જમાઈ થઈ ગયો હતો. આને નસીબ કહેવાય. જે પુરુષાર્થથી મળે તે તમારું કહેવાય, પણ જે વગર પુરુષાર્થે ઓચિંતું આવી મળે તે નસીબ કહેવાય.

ફૂલ અને તેની નવવધૂ ભોગવિલાસમાં મસ્ત થઈ ગયાં. સ્ત્રી રમીને રમાડનારી હોય છે. તે ભાન ભૂલીને ભાન ભુલાવનારી હોય છે. ફૂલ ભોગ વિલાસમાં તરબોળ થઈ ગયો. ફારકને ચિંતા થઈ : શું આ માટે મેં આનો જીવ બચાવ્યો હતો? એક દિવસ તેણે ફૂલને જૂની વાત કહી સંભળાવી અને ધરણ વાઘેલાએ કરેલી હત્યા યાદ કરાવી, ફૂલને વેર લેવા તૈયાર કર્યો. ધલુરાના રાજાએ પણ સંમતિ આપી. પોતાની વિશાળ સેના અને અજો અને અણગોર નામના બંને શાહુકારો પણ આપ્યા. બધું લઈને ફૂલ કચ્છમાં આવી પહોંચ્યો. જો કોઈ અભિજાત વ્યક્તિ ભૂલમાં ડૂબી ગયો હોય, પણ જો તેને સમયસર જગાડનાર કોઈ ઘટના બને કે કોઈ માણસ મળી જાય તો તે જાગીને બમણા વેગથી પોતાનાં કર્તવ્યો બજાવવા લાગે છે. શરત એટલી કે તે અભિજાત વ્યક્તિ હોવી જોઈએ.

વિશાળ સેના સાથે ફૂલ કંથકોટની નજીક પહોંચી ગયો. જ્યાં તેણે છાવણી નાખી તેને આજે 'ત્રીકડી' કહેવાય છે. ફૂલની વિશાળ સેનાને જોઈને ધરણ વાઘેલો ગભરાયો. તે નમી પડ્યો. સંધિ કરી. કંથકોટ છોડી દીધું, એટલું જ નહીં, પોતાની રાજકુમારી પણ ફૂલને પરણાવી. જ્યારે ચઢતીના દિવસો આવે છે ત્યારે ચારે તરફથી ચઢતી થવા લાગે છે.

સંધિ કર્યા છતાં ધરણ વાઘેલાની દાનત સુધરી ન હતી. તે હજી પણ ફૂલનું કાસળ કાઢી નાખવાની પેરવી કરતો રહેતો હતો.

જે ખાનદાન ન હોય તે ગમે તેટલો નમી પડે તો પણ તેનો વિશ્વાસ ન કરાય. ફૂલ તેની દાનત પારખી ગયો. અંતે એક દિવસે તેને જીવતો પકડી લીધો અને તેની જીવતાં ચામડી ઉતરાવી, પછી ગરદન કાપી નાખી પોતાના પિતાનું વેર લીધું. પોતાના પિતાની આવી દુર્દશા કરેલી જોઈને વાઘેલી રાણી (ધરણની કન્યા) છંછાડાઈ ગઈ. તેણે પતિનો ત્યાગ કરી હિમાલયમાં તપ કરવા જવાનું નક્કી કર્યું. પણ તેને પૂરા માસ જતા હોવાથી અને ફૂલકુમારે પોતાની અમાનત માગવાથી પેટમાં કટારી ઘોંચીને ગર્ભ કાઢી આપ્યો. આ ગર્ભથી જે કુંવર થયો તે ધારો કુંવર કહેવાયો.

વાઘેલી રાણી કુંવર આપીને ચાલતી થઈ. વેર-ઝેર, વેર-ઝેર, દગા-ફટકા અને ડહાપણ વિનાના શૂરાતનનો ઈતિહાસ ડગલે ને પગલે દેખાતો રહે છે. ■

## મૈત્રી

આપણને સ્વરાજ મળ્યા પછી રાજ્યોમાં અને કેન્દ્રમાં પ્રધાનોનાં નવાં નવાં ખાતાં અસ્તિત્વમાં આવ્યા. દા.ત. પર્યાવરણ ખાતાના કોઈ પ્રધાન નહેરુના પ્રધાન મંડળમાં ન હતા. આ રીતે મોરારજીભાઈ દેસાઈ વડાપ્રધાન હતા ત્યારે સ્પેશિયલ ઍમપાવરમેન્ટ માટે કોઈ મિનિસ્ટ્રી ન હતી. વર્ષો પહેલાં માનવ સંસાધન ખાતું પણ સરકારમાં ન હતું. ભવિષ્યમાં નવાં ખાતાં શરૂ થશે તે કેવાં હશે?

આ નવા ખાતાનું નામ હશે "મૈત્રી ખાતું" (મિનિસ્ટ્રી ઑફ ફ્રેન્ડશિપ). મનના આરોગ્યનો બહુ મોટો આધાર મૈત્રી પર રહેતો હોય છે. ખાસ કરીને વૃદ્ધ સ્ત્રી - પુરુષો જ્યારે બેમાંથી એક થઈ જાય ત્યારે તેમને કોઈના સહારાની જરૂર પડે છે. વિધુર કે વિધવાની એકલતા રોગને તાણી લાવનારી હોય એ વાત લોકોને ક્યારે સમજાશે? એવા એકલા સ્ત્રી - પુરુષોની એકલતા ટાળવાનું રૂડું આયોજન થાય તે માટે પૈસાની નહીં, દૃષ્ટિની જરૂર છે. પથારીવશ દાદા એકલા ખાંસતા રહે, તેમનાં હાડકાં દુઃખતાં રહે, એમને દવાની નહીં મૈત્રીની જરૂર છે. પત્ની ગુજરી ગયા પછી એમનું મન સાવ ભાંગી પડ્યું હોય છે. સંતાનો જાળવે છે, પણ ઝાઝો સમય એમની પાસે માવતર માટે નથી. એવા પુરુષોને યોગ્ય મૈત્રી મળે તો તેમનાં હાડકાંનો દુઃખાવો ગાયબ થઈ જાય. એમાં પણ એમને કોઈ વૃદ્ધાની મૈત્રી મળે તો તો પછી પૂછવાનું જ નહીં! મિનુ મસાણી લાંબું જીવ્યા. એમના લાંબા આયુષ્યનું રહસ્ય શું? જવાબ છે "મૈત્રી." એમણે નેવું વર્ષની ઉંમર વટાવ્યા પછી લગ્ન કરેલાં. આપણા સમાજમાં "મૈત્રી" શબ્દને પ્રતિષ્ઠા મળે તો મેડિકલ સ્ટોરની ઘરાકી ઘટી જાય અને હોસ્પિટલો લગભગ ભીડરહિત બની રહે. "મૈત્રી" કદાચ ઉચ્ચ કક્ષાનો પ્રેમસંબંધ ધરાવનારી ન હોય, તોય હીલિંગ (રોગ મુક્તિ) માટે અત્યંત ઉપકારક બાબત છે.

*સાભાર : "મરો ત્યાં સુધી જીવો" (લેખક : ગુણવંત શાહ)*

*સંકલન : ચંદ્રિકા દેઢિયા*

## દુલારા દેવ દાદા ભલારા...

**(કચ્છીમાં) (રાગ : ભૂપ)**

જય ભલારા જય ભલારા દેવ દુલારા,
અંતર અસાંજા બોલે જય ભલારા.
તન મન ડોલેં પ્રિય પ્યારા જય ભલારા... જય (૧)
ભલેં ભલેં ભલેં ભલારા ભલેં ભલેં ભલેં;
હલેં હલેં હલેં હૈયા અસાંજા હલેં હલેં હલેં... જય (૨)
તનડા ડોલેં મનડા ઝૂલેં ભાવ ભક્તજા ખુલેં;
ખિલેં ખિલેં ખિલેં ધિલ અસાંજા ખિલેં ખિલેં ખિલેં... જય (૩)
સુથરીજા શૂરા, લાલા લાલપરમેં લભો;
બોય ગામેં બોય ધામેં દાદા અંઇ ત શોભો... જય (૪)
લાલપર આંજો ધામ અધા લાલપર આંજો ધામ;
ખિલંતો-કિલંતો હી લાલપર ગામ... જય (૫)
અંઇ હિત આયા દાદા થ્યો આંજો સ્થાન;
ભારી ભલા મહેર આંજી અયો મહેરબાન... જય (૬)
ભલા ભલા ભલારા દાદા અયો દુલારા;
પ્યારા પ્યારા દાદા અયો પ્રાણ પ્યારા... જય (૭)
શ્રદ્ધા રખી ભાવ ભરી કર્યું પ્રેમે પ્રણામ;
ભાવ જાગ્યા ભેરા થ્યા ભક્તિ હિતે જામ... જય (૮)
સજાઈ ધજાઈ મસ્ત શોભે દાદા આંજો ધામ;
વલા લગો હિત્તે અચેં નિંઢા વડા તમામ... જય (૯)
રિદ્ધિ વારા સિદ્ધિ વારા અંઇ ત રખવાળા;
ભક્ત અચી મથો ટેકાય, ભજેં દુઃખજા દહાળા... જય (૧૦)
મીં વરસાયો ખીરજા દાદા થૈને રાજી રાજી;
અવળી મીંજા સવળી કજા જિંધગીજી બાજી... જય (૧૧)
પ્રસાદ જિમેં ભક્ત આંજા શ્રદ્ધા પ્રેમસેં;
કાજ થીયેં સફળ આંજી આશિષ રહેમસેં... જય (૧૨)
અસીં રાજી અંઇ રાજી ગાંયું જિંધગીજા ગાન;
રશ્મિન ચેં સુખી રોં હેળા ડીજા વરદાન... જય (૧૩)

*રશ્મિનજો રણકાર : ભાગ-૩ માંથી સાભાર*

**Pramesh Dand**
**Cell : 93222 77220**

**LAXMI**
**ELECTRICAL CORPORATION**
**GOVERNMENT LICENCED ELECTRICAL CONTRACTORS**
All TYPES OF ELECTRICAL WORKS & ELECTRICAL CONSULTANTS
WE UNDERTAKE B.E.S.T., Reliance Energy & M.S.E.B. WORKS
Shree Niwas, Block No.-2, Opp. Nalanda, R.H.B. Road, Mulund (W), Mumbai-400 080.
**Tel. No. : 25600739 E-mail : laxmielectric_corp@yahoo.co.in**

પ્રતિભા વિશેષ

# કચ્છના રાજવી શ્રી લખપતજી

પ્રા. સૂર્યકાંત ભટ્ટ

મહારાવ શ્રી લખપતજી વ્રજભાષા પાઠશાળા જે ભુજ મધ્યે માતા આશાપુરાજી મંદિરની સમીપે હતી તેના અંતિમ આચાર્ય મા. શ્રી શંભુદાનભાઈ ઈશ્વરદાન ગઢવીએ પ્રજાને એક ઉત્તમ ગ્રંથ "કચ્છ દર્શન"ની અમૂલ્ય ભેટ આપી છે. રાજ કવિ, શીઘ્ર કવિ શ્રી શંભુદાનજીએ કચ્છની ગાદી સ્થપાઈ ત્યારથી તમામ શાસકોની ઊડીને આંખે વળગે તેવી અત્યંત સુંદર શૈલીમાં ઈતિહાસ આલેખ્યો છે. એમ જણાય કે આવું લખવા તેને દૈવી શક્તિએ જ પ્રેરણા કરી છે.

મહારાવ શ્રી દેશળજી પહેલાને નવ રાણીઓમાં માનકુંવરબા વાઘેલી પટ્ટરાણી હતા. તેમની કુખે વિ.સં. ૧૭૬૫ આસો સુદ-૯, શનિવારે, ઈ.સ. ૧૭૧૦ ૨૦ ઓક્ટોબરે શ્રી લખપતજીનો જન્મ થયેલો. માનકુંવરબા આધ્યાત્મિક જીવ હતા. ભુજમાં દ્વારકાનાથજીનું મંદિર, નારાયણ સરોવરમાં શ્રી ત્રિવિક્રમરાયજીના મંદિર નિર્માણનો યશ તેમને ફાળે જાય છે. તેઓનું જીવન ધર્મમય, ભક્તિમય હતું. મંદિરોના નિભાવ માટે જાગીરોનું નિર્માણ કર્યું.

● **શ્રી લખપતજીના ગુરુજનો :**

શ્રી લખપતજી બાલ્યાવસ્થાથી જ અતિ તેજસ્વી હતા. તેમની સ્મરણ શક્તિ નિરાળી હતી. માત્ર એક જ વખતે વાંચેલી હકીકત અક્ષરસઃ તેઓની સ્મૃતિમાં જળવાતી. તેમણે રાજકવિ હમીરજી તથા ભૂદેવ કમા શાસ્ત્રીજી પાસે અભ્યાસ કર્યો. વિવિધ વિષયોના જ્ઞાનપીપાસુ હોતાં રાજસ્થાન મધ્યે કિશનગઢના અનેક શાસ્ત્રોમાં પારંગત જૈન યતિ ગોરજી કનક કુશળજીની ચોમેર પ્રશંસા સાંભળી તેઓશ્રીને આદર સહિત ભુજ બોલાવ્યા.

શ્રી કનક કુશળજી યતિજીએ તો લખપતજીને અશ્વવિદ્યા, ગજ તથા અશ્વ પરીક્ષા, સ્વર પરીક્ષા, સંસ્કૃત, ઉર્દુ, ફારસી, જ્યોતિષ શાસ્ત્ર, છંદ શાસ્ત્ર, પિંગળ શાસ્ત્ર, સંગીત આદિમાં અત્યંત પારંગત કર્યા. શ્રી લખપતજીએ "કવિ પ્રિયા", "રસિક પ્રિયા" પર ટીકાઓ લખી છે. સદ્‌ગુરુવર્ય યતિશ્રીને "ભદ્રરક"નો માન્ય ઈલકાબ આપી, રેહા ગામ આપ્યું.

● **વ્રજભાષા પાઠશાળા :**

રાવશ્રી દેશળજીએ પોતાની હયાતીમાં જ કુંવર લખપતજીને સંવત ૧૭૯૨માં પોતાની રાજગાદી સોંપી. રાવશ્રી લખપતજીએ પોતાના નામથી ભુજમાં વ્રજભાષા પાઠશાળા સ્થાપી. જેમાં ચારણ જ્ઞાતિના અનેક વિદ્યાર્થીઓ ઝળક્યા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાકવિ શ્રી બાહુદાનજી - બ્રહ્માનંદ સ્વામી, પૂર્વાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી તથા કવિશ્રી દલપતરામ આ વ્રજભાષા પાઠશાળાના વિદ્યાર્થીપદે રહેલા.

● **આઈના મહેલ :**

સંગીત, નૃત્ય, સ્થાપત્યના કલા રસિક રાવ શ્રી લખપતજીએ સ્થાપેલ "આઈના મહેલ"ની ઝીણવટભરી વિગતો કચ્છના રાજવી શ્રી મદનસિંહજી સાહેબે પોતાના પુસ્તક "વતનની વાતો"માં આલેખી છે. સં. ૧૮૦૮થી સંવત ૧૮૧૭ના સ્વ-શાસનકાળ દરમિયાન સ્થાપત્ય કલાના નિષ્ણાત રામસંગ માલમના હુન્નર ઉદ્યોગને ધ્યાનમાં લઇ આઈના મહેલની કામગીરી સુપરત કરી. જે રાજવીની જાહોજલાલીનું પ્રતીક બનવા પામ્યો છે. દેશ-વિદેશના અસંખ્યાત પ્રવાસીઓ આ મહેલની મુલાકાત લઇને ધન્યતા અનુભવે છે.

સંગેમરમરના પથ્થરની દીવાલો તથા છતોમાં કાચના આરીસા — તે પણ રંગબેરંગી દશ્યમાન થઈ રહ્યા છે. હાથીદાંતથી કોતરેલા દરવાજા શોભાયમાન છે. સમગ્ર ખંડોમાં ઝુમ્મરો તથા કાચની વિવિધ રંગોની હાંડી છતમાં લટકતી શોભામાં અભિવૃધ્ધિ કરી રહી છે.

વચ્ચેના ભાગમાં પાણીનો હોજ તથા ફુવારાઓથી વાતાવરણ ખુશનુમા તથા અત્યંત તાપમાં પણ ઠંડું રહે છે. હીરાજડિત દીવાલો નીરખવાનો લાભ માત્ર આ આઈના મહેલમાં જ મળે છે. કચ્છના અનેક રાજવીઓની જન્મ પત્રિકાઓ, લગ્ન પત્રિકાઓ વાંચવાનો અલભ્ય લાભ અહીં મળે છે. દીપોત્સવી પર્વમાં અહીં નયનરમ્ય રોશની થાય છે.

શરદ પૂનમથી દેવ દિવાળી લગી આઇના મહેલ ઉપર ઉપરના સ્થંભો પર લાઇટો ઝળહળે છે તે દૂરથી પણ નીરખવા મળે છે. રાજાશાહી સમયે આઇના મહેલના વિશાળ પટાંગણમાં આતશબાજી યોજાતી. જેમાં રાજા - પ્રજાની અન્યોન્ય વત્સલતાના દશ્યો માણવા મળતા. રાણીવાસના ઝરૂખાઓમાંથી રાણીઓ પણ આતશબાજી માણી શકતી. શાસક સ્વયં તથા રાજકુમારો, દિવાન, મુન્શી, રાજ્યના અમલદારો પણ આતશબાજી નિહાળી ખુશ થતા. કચ્છના મુસ્લિમ વહોરા કોમના કારીગરો ફટાકડા કહો કે દારૂખાનુ બનાવવા મશહૂર હતા. તેઓ આતશબાજીમાં મોખરે રહી ગમ્મત

પણ કરાવતા.

આઈના મહેલમાં શ્રી લખપતજીના આરામ ગૃહ ખંડમાં તેમનો સોનાના પાયાવાળો ઢોલીયો કે જેના પર તેઓશ્રી આરામ ફરમાવતા, તે આજે પણ વિદ્યમાન છે. તે રૂમમાં પૂર્વ શાસકોના મોટા ફોટોગ્રાફ છે. અન્ય ખંડોમાં રાજવી પોષાકો છે. ઢોલીયા પર ઢાલ - જલવાર જળવાયેલા છે. સવાર-સાંજ અત્રે ધૂપ-દીપ થતા.

- **છતરડી :**

પર (બાવન) વર્ષની વયે, મહારાવશ્રી લખપતજી સંવત ૧૮૧૭ જેઠ સુદ-૫, રવિવારે સ્વર્ગવાસી થયા. એ સમયે એક અજ્ઞાત કવિએ આલેખ્યું કે —

***પનરો સતીઉં ઓરહું પાતસા, ચડ્યા અગનચી***
***ઈ લાખે વાટીલી કરી, હલ્યો વ્યો કચ્છ ધણી.***

લખપતજીની પછવાડે સોળ રાણીઓ સતી થઈ ગઈ. રાજવીનું અંતિમ વિરામ ગૃહ તે રાજવીઓનું ભુજનું સ્મશાન ગૃહ. જે હમીરસર તળાવના પાછલા તળાવ કહેવાતા વિસ્તારમાં છે, તે છે “છતરડી.” જે રાવ શ્રી ગોડજી બીજાએ બંધાવી. અતિ કલાત્મક છતરડી પ્રવાસીઓને આકર્ષે છે. અહીં ફિલ્માંકન પણ થાય છે.

***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

## શ્રદ્ધા-દીપ

*પરમેશ્વરમાં શ્રદ્ધા રાખી*
*ભક્તિ માર્ગ પર ડગ ભરજે*
*ખોલી દેશે સદ્‌વૃત્તિના માર્ગો*
*એમાં શંકા ન કરજે.*
*ધન વધશે, ધન વાપરવાથી*
*સદ્‌માર્ગે વાપરજે,*
*કંજૂસાઈને કોરાણે મૂકી*
*પુન્યનું ભાથું ભરજે.*
*સદાચારની લહાણી કરવી*
*ઈર્ષાથી દૂર તું રહેજે.*
*દીનબંધુ તું બનજે સર્વથા,*
*ખોટી નિંદાથી ડરવું નહીં સહેજે.*
*હાસ્યની લહાણી કરજે*
*ધ્યેય સિદ્ધિને વરજે*
*“અલ્પ” સદા હસતા રહેવાથી*
*નીરોગી જીવન મળશે*
*હાસ્ય જીવનની સંજીવની છે*
*સત્યને રાહે સંચરજે.*

***મુકુંદ કે. મહેતા ‘અલ્પ’ - આદિપુર, કચ્છ.***
***મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩***

કચ્છી પ્રતિભા વિશેષ જન્મ શતાબ્દી અવસર (૧૯૧૭-૨૦૧૭)

## સ્વાતંત્ર્ય સેનાની, ગાંધીવાદી, પત્રકાર અને સમર્થ કચ્છી સર્જક

# કવિ 'અબ્દ' ઉર્ફે ભક્ત કડવાજી

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : ૧૯મી મે, ૧૯૧૭ ● નિધન : ૧લી જુલાઈ, ૨૦૦૭*

કચ્છના કવિલોકમાં 'શાયર-એ-આઝમ' નું બિરુદ પ્રાપ્ત કરનાર કવિ 'અબ્દ' જીવનના પૂર્વાર્ધે આઝાદીના લડવૈયા અને ગાંધીવિચારના અનુયાયી તથા ઉત્તરાર્ધે સંનિષ્ઠ પત્રકાર અને ખમીરવંતા કચ્છી સર્જક હતા. કચ્છના અગ્રણી દૈનિક અખબાર 'કચ્છમિત્ર' સાથે ત્રણ દાયકા ઉપરાંત સંકળાયેલા રહ્યા હતા. એમનું આ જન્મ શતાબ્દી વર્ષ છે.

માત્ર અઢી અક્ષરી ટૂંકા નામ જેવું તખલ્લુસ ધરાવતા આ કવિનું મૂળ પૂરું નામ અબ્દુલ્લાહ સુલેમાન તુરિયા હતું. પણ આગળ જતાં તેઓ કચ્છના જાહેરજીવનમાં અને લેખનજગતમાં કવિ 'અબ્દ' તરીકે જ વિશેષ જાણીતા થયા હતા. આ મહિને એમની ૧૦૦મી જન્મ જયંતી પ્રસંગે કવિનું જીવનકવન પ્રેરક બની રહેશે...

### ● હળવા વ્યંગલેખનની કટારો :

આમ તો કચ્છ-ગુજરાત-મુંબઈના ઘણા સાહિત્યકારોએ વ્યંગાત્મક કટારો ચલાવી છે, પરંતુ કચ્છના પણ ચારેક લેખકોએ ગદ્ય કે પદ્યમાં આવી ફટકાબાજી કરી છે. તેમાં 'કચ્છમિત્ર'ના પૂર્વ તંત્રી નવીનભાઈ અંજારિયા 'પંચાતિયો' ઉપનામે કચ્છના સાંપ્રત રાજકારણ પર 'જિલ્લા પંચાત' કટાર લખતા. કવિ ચંદ્રવદન મહેતાએ પણ 'જય કચ્છ' માં 'અળવીતરો' ના ઉપનામે 'હમીરસરના હિલોળા' તથા 'કચ્છ ઉદય' માં 'સારસના સપાટા' અને 'નવરો નારદ' નામે હળવી કટારો લખી છે.

તો, 'કચ્છમિત્ર' ના પૂર્વ મદદનીશ તંત્રી મહિમભાઈ પાંધી (૧૯૪૬-૨૦૦૬) 'નવમો કતારિયો' નામે સમાચારલક્ષી ઘટનાઓ પર 'નવમી કોલમ' તળે કટાક્ષયુક્ત લખાણ આપતા એવું સ્મરણમાં છે. એવી રીતે આપણા આ કવિ પણ 'અબ્દ' ના નામે વ્યંગભર્યા કાવ્યોની કટાર 'ભક્ત કડવાજીની વાણી' રજૂ કરતા. ઉપનામ ભલે 'કડવાજી,' પણ સંસાર પ્રત્યે એમને કોઈ કડવાશ નહિ. ખુદાના બંદા સમાન કવિને નેકી સાથે અતૂટ નાતો હતો. 'આધુનિક માનવી' વિશે એમણે સચોટ આક્રોશ પણ વ્યક્ત કર્યો છે. જુઓ...

*અજ વડા ઉ, જેં વટે કલધાર અંઈ, નાણે ધાર નર નિમાણા ચાર અંઈ;*
*ન્યાર 'કડવા' હી જમાનો અચી વ્યો, માડૂ સે અજ માડૂ થ્યા લાચાર અંઈ!*

### ● સક્રિય રચનાત્મક કાર્યકર :

દેશની સ્વાતંત્ર્ય ચળવળ અને રચનાત્મક કાર્યક્રમો સાથે સંકળાયેલા કચ્છના કેટલાક ગાંધીકર્મશીલ મુસ્લિમ સપૂતોમાં યુસુફ મહેરઅલી (૧૯૦૩-૫૦), કાસમશાહ દર્દ (૧૯૦૯-૮૯), હાસમ ઈબ્રાહીમ ધોબી, કવિ અબ્દ એસ. તુરિયા વગેરેનાં નામો સહેજે ઊપસી આવે. તેમાં અબ્દનું સમગ્ર જીવન ગાંધીવાદ, મુક્તિજંગ, સમાજસેવા, સાહિત્ય, પત્રકારત્વ આ બધાથી સતત ઘૂંટાયેલું રહ્યું હતું.

કવિ અબ્દનો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલાં ૧૯મી મે, ૧૯૧૭ ના માંડવી ખાતે થયો હતો, પણ આજીવન કર્મભૂમિ ભુજ રહી હતી. અસ્પૃશ્યતા નિવારણના ભાગરૂપે સરદાર પટેલ (૧૮૭૫-૧૯૫૦) અને મહાદેવ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨) સાથે મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮) ની કચ્છયાત્રા (૧૯૨૫) થી કચ્છની સ્વાતંત્ર્ય-તવારીખમાં ચેતન અને વેગ આવ્યાં હતાં.

તે પ્રસંગે રાષ્ટ્રપિતાએ વ્યસનો ત્યજવા અને ખાદી અપનાવવાની હાકલ કરેલી. ત્યારે નવ વર્ષનો કિશોર અબ્દુલ પણ સભામાં આવેલો. તેમના પર બાપુના પ્રવચનનો એવો રંગ લાગ્યો કે તરત એમણે રચનાત્મક કાર્યક્રમોમાં જોડાવાનો અને ખાદી પહેરવાનો નિર્ધાર કરી લીધો. ત્યારથી તેઓ પ્રખર રાષ્ટ્રવાદી અને આજીવન ચુસ્ત ખાદીધારી બનીને રહ્યા.

### ● આઝાદી ચળવળોમાં સહભાગી :

કચ્છમાં આઝાદી આંદોલનની એક પણ પ્રવૃત્તિથી એ અલિપ્ત રહી શકેલા નહિ. આઝાદી સંગ્રામ દરમ્યાન તેઓ કચ્છ-સૌરાષ્ટ્રના બહુધા આગેવાનો સાથે ઘનિષ્ઠ સંપર્કમાં રહ્યા હતા. કચ્છી પ્રજાકીય પરિષદના પાંચમા અધિવેશન (ભચાઉ, ૧૯૩૭) માં કચ્છ રાજ્યે લાદેલા પ્રતિબંધને કારણે માણસોને ફાડી ખાતા ચિત્તા-સુવરોના ત્રાસ અંગે રજૂઆત થયેલી. અન્યો સાથે અબ્દની સંસ્થા 'નવયુવાન કાર્યકર સંઘે' પણ આ નિયંત્રણ સામે લડત (૧૯૩૮) ચલાવી હતી. ઉપરાંત, 'રખાલ સત્યાગ્રહ' માં પણ ભાગ લીધો હતો.

પરિષદના છઠ્ઠા અધિવેશન (મુંદ્રા, ૧૯૩૮) માં 'જવાબદાર રાજતંત્ર' ને લગતો ઠરાવ પસાર કરાયો. તેના પગલે કચ્છમાં શરૂ થયેલ સભાઓ, સરઘસો, સત્યાગ્રહો, દેખાવો, ધરણાં વગેરેમાં સક્રિયપણે ભાગ લીધો. ત્યારે યુસુફ મહેરઅલીના સાથી તરીકે ભુજમાં લિથો પર પરિષદની પત્રિકાઓ પ્રગટ કરવામાં કવિ અબ્દ સહાયક રહ્યા હતા. શહેરો-ગામડાંમાં નીકળતી પ્રભાત ફેરીઓમાં કવિ અબ્દનાં લખેલાં દેશપ્રેમને લગતાં ગીતો ગવાતાં.

આ બધી લોકલડતો દરમ્યાન એમને લાઠીમાર અને

કારાવાસ પણ વેઠવા પડેલા. 'અનાજ સત્યાગ્રહ' ના પાંચ આગેવાનો પ્રાણલાલ શાહ (૧૯૦૭-૮૬), કુંદનલાલ ધોળકિયા (૧૯૨૦-૨૦૧૧), જનાર્દન ધોળકિયા, રામજી વ. ઠક્કર અને કવિ અબ્દની ધરપકડ થયેલી. દરમિયાન દેશી રાજ્યો સામેની પ્રજાકીય ચળવળો મોકૂફ રહી છતાં કચ્છમાં કનડગત ચાલુ રહી. ત્યારે અંજારમાં કેપ્ટન જેમ્સ મેકમર્ડો (૧૭૮૭-૧૮૨૦) ના બંગલામાં રાજ્ય પ્રેરિત મુસ્લિમ સંમેલન (૧૯૩૯) મળેલું. તેમાં કચ્છને પાકિસ્તાનમાં ભેળવી દેવાનો ઠરાવ કરાયો ત્યારે કવિ અબ્દ અને યુવાન સાથીદારો સભાત્યાગ કરી ગયા હતા.

ભારતની સ્વાતંત્ર્ય તવારીખની સીમાચિહ્ન રૂપ ૧૯૪૨ ની 'ભારત છોડો' ચળવળ વખતે કચ્છમાં પણ ભૂગર્ભ પ્રવૃત્તિ ચાલુ હતી. ત્યારે કચ્છમાં ભૂગર્ભ (છૂપાં) પ્રકાશનો પ્રગટ કરવાનું અને ઠેકઠેકાણે પહોંચાડવાનું જોખમી કામ અબ્દ કરતા. લિથો પર 'જાગૃતિ' નામનું સાપ્તાહિક પણ શરૂ કરેલું, જે પાછળથી નવયુવાન કાર્યકર સંઘના મુખપત્ર 'કચ્છસંદેશ' સાથે જોડી દેવાયું.

● **કારકિર્દી - સેવાપ્રવૃત્તિ - પત્રકારત્વ :**

આઝાદી બાદ ભુજની ભીડ શાળામાં એક શિક્ષક તરીકે કારકિર્દી આરંભેલી. તે પછી તલાલા (જિ. જૂનાગઢ) ના પંડ્યા ખાદી કાર્યાલયમાં કાંતણ-વણાટની તાલીમ મેળવી. અંજાર તાલુકામાં ખાદીનો પ્રસાર કરવા પગે ઘૂમી વળેલા અને કચ્છમાં પણ ખાદીપ્રચાર કર્યો. નીલપર (તા. રાપર)ની સંસ્થામાં મીનાકારી કસબનું અને શરદબાગ (ભુજ) માં વનસ્પતિનું પણ જ્ઞાન મેળવ્યું.

કચ્છના જિગરી દોસ્ત અને કચ્છના દીનબંધુ ગણાયેલા કેળવણીકાર અને ભૂસ્તરશાસ્ત્રી જોહ્ન હ્યુબર્ડ સ્મિથ (૧૮૭૨-૧૯૪૬) દ્વારા સ્થાપિત 'ગરીબો માટેના કાયમી રાહત ભંડોળ' (PPRF) સાથે પણ અબ્દ જોડાયેલા હતા. નિરાધાર બાળકોને 'ગ્રામોદ્યોગ વિદ્યાલય' માં દાખલ કરી પૂરક રોજીની તાલીમ અપાવેલી. ઉપરાંત, ૧૭ જેટલી કન્યાઓને જ્ઞાતિબાધ વિના પરણાવી હતી. સમાજોત્થાન માટે એમણે પોતાનું મકાન પણ સખાવતમાં આપી દીધેલું.

૧૯૫૦-૫૧ના અરસામાં પ્રાણલાલ શાહના અખબાર 'આઝાદ કચ્છ' સાથે સંકળાયા. તેમાં તેઓ ભ્રષ્ટ તત્ત્વોને ચાબખા રૂપ કવિતા રજૂ કરતા. અઢારથી વીસ કડીની આ પદ્યકૃતિ મોટાં શીર્ષકોથી અને ક્યારેક વ્યંગચિત્રથી સજાવેલી રહેતી. જ્યારે મુંબઈથી પ્રસિદ્ધ થતું 'કચ્છમિત્ર' દૈનિક ૧૯૫૨થી ઝુમખલાલ મહેતા (૧૯૧૦-૯૪) ના તંત્રીપદે ૧૯૫૨થી ભુજથી પ્રગટ થયું ત્યારે કવિ અબ્દ તેમાં જોડાઈ ગયા અને નિવૃત્તિ લગી તંત્રી વિભાગમાં નિષ્ઠાભેર ફરજ બજાવી હતી. તેમાં પણ તેઓ 'કડવાજીની વાણી' પીરસતા.

● **વિવિધ પ્રકારનું પુષ્કળ લેખન :**

સાહિત્ય શોખ થકી કવિ અબ્દે અનેક જાતના હસ્તલિખિત, લિથો અને મુદ્રિત અંકો બહાર પાડેલા. કચ્છી ભાષાના તો તેઓ અઢળક ખજાના સમાન હતા. એમણે કચ્છી ગુજરાતીમાં સવાસો જેટલી વિવિધ પ્રકારની ગદ્ય-પદ્ય રચનાઓ કરી હતી. દુલેરાય કારાણી (૧૮૯૬-૧૯૮૯) પછી આટલું સાહિત્ય સર્જન કદાચ કોઈએ નથી કર્યું! તેઓ પોતે કહેતા : 'મને દાટી દ્યો તો તેમાંથી નીકળી ન શકું એટલું વિપુલ સર્જન કર્યું છે.'

તેમણે યોગશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, રમલ જ્યોતિષ (ડાઈસ એસ્ટ્રોલોજી), સંમોહનકળા (હિપ્નોટિઝમ) છાયાપુરુષ વિદ્યા (ઇલમ-એ-હમઝાદ), નસદબાણ વિદ્યા (એક્યુપ્રેશર), જીવનચરિત્રો, જૂની રંગભૂમિનાં સામાજિક - ઐતિહાસિક નાટકો, આઝાદીનાં ગીતો, કચ્છી પીરોલીઓ, કચ્છી-ગુજરાતી શબ્દકોશ, કચ્છી પ્રાસકોશ, વનસ્પતિ પારિભાષિક કોશ, કડવાજીની વાણી, ઉમર ખય્યામ (૧૦૪૮-૧૧૩૧) ની રુબાઈઓનો કચ્છી અનુવાદ, કચ્છી કાફીઓ-ગઝલો-દોહા વગેરે જેવા વિષયો પર પ્રચુર લેખનકાર્ય કર્યું હતું.

એમની મહેચ્છા તો પોતાના આ સમગ્ર સર્જનનો દળદાર ગ્રંથ પ્રગટ કરવાની હતી. પણ કનસીબે એમની પરિસ્થિતિને કારણે ઘણું સાહિત્ય ચોરાઈ ગયું અને બાકીનું ૨૦૦૧ના ધરતીકંપમાં ધ્વસ્ત ઘરમાંથી કાટમાળ લેખે ઊપડી ગયું. ખુદ પણ ઈજાગ્રસ્ત થયેલા.

● **કારુણ્યસભર જીવન :**

તેઓ કચ્છના સાહિત્યજગતમાં 'અબ્દ', 'ભક્ત કડવાજી' અને 'શાયર-એ-આઝમ' તરીકે પણ ઓળખાતા હતા. કવિ તરીકે એમની એક વિશિષ્ટતા એ ગણી શકાય કે 'શાયર-એ-આઝમ' નો ખિતાબ એમને કોઈએ દુન્યવી રીતે આપેલો નથી પરંતુ પોતાની કવિત્વશક્તિથી કુદરતી રીતે જ આવી નામના મેળવીને સ્વયંસિદ્ધ સાબિત થયા હતા!

કવિને જીવનમાં પૂર્વાર્ધે જ્ઞાતિકીય બહિષ્કાર અને ઉત્તરાર્ધે આર્થિક ભીંસનો પણ સામનો કરવો પડેલો. તે વચ્ચે સાઠના દાયકામાં એમના બે યુવાન પુત્રો હમીરસર તળાવમાં ડૂબી જતાં જીવન વધુ દોહ્યલું બન્યું. આઝાદી આંદોલનમાં યોગદાનની કદર રૂપે સરકારે મોડે મોડે એમને 'સ્વાતંત્ર્ય સેનાની' નો ઇલકાબ આપેલો. ત્યારે તેના નિવૃત્તિવેતનથી આંશિક રાહત થયેલી. મુંબઈની 'પડકાર' સંસ્થાએ એમનું ઉચિત બહુમાન પણ કર્યું હતું.

કચ્છના આવા સન્માનનીય કવિ (શાયર-એ-આઝમ) અબ્દનું ૧લી જુલાઈ, ૨૦૦૭ના રોજ ભુજ ખાતે અવસાન થયું. માંડવી મુસ્લિમ તુરિયા સમાજની રજૂઆત પરથી ભુજ નગરપાલિકાએ તેઓ જ્યાં રહેતા હતા એ ભઠારા ફળિયા માર્ગને ઑગસ્ટ, ૨૦૧૧ માં કવિ અબ્દનું નામ આપીને એમની સ્મૃતિ કાયમ રાખી છે. જન્મશતીએ આપણી યાદાંજલિ...

***'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ - ૩૭૦ ૧૧૦. ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨૨૩૧૫૦***

ક્લાસિક વાર્તા : સાગરકથા

# ધરતીનાં વખ

ઉમિયાશંકર અજાણી

ઠંડી અટારને છીતવામાં ખૂંપેલાં વહાણો આડે પાસે ખાંગાં થઈ જાણે નવનવ મહિનાનો થાક ઉતારતાં હતાં. ખારવા ને નાખવા ચોમેર દોડાદોડ કરતા હતા. દરિયાની વાટું ખેડનારા સાથે વહાણધણીને માલધણી ગુસપુસ કરતા હતા. મોસમના વાયરાનાં એંધાણ આકાશની છતમાં ને દરિયાની બિછાતમાં છતાં થતાં હતાં. અટાર અને છીતવામાં ખૂંપેલા કોટિયા, નાવડી, ગમ્બીરા, બચ્ચા, બગલા, ગંજા, ઘરાબ, બતેલા, ડાંગી, ફતેમારી, ઘાઊ, જુંગ, દેગી, ભૂમબગલાને ધગીને વાપર કાંઠે - મુસંબેગ, કુમુર ને જંગબારના કિનારે તાણી જવા એના પઠાણ જોવાતા હતા ને ગઈ મોસમની એના નામ પર ચડેલી કમાઈના ઇતિહાસ ઉકેલાતા હતા. વીમા, આવંગ અને પઠાણોનાં જોખમ ઊતરતાં હતાં. સાથેસાથે વહાણ આડબંદરે છીતે ને એને કાંઈ કજા થાય તો એનું જોખમ પણ વીમા લેનારનુ ગણાય એવી ખારવા ને કિરાણીની જોરાતી રાડુંથી દરિયાનો સાજો કાંઠો ગાજી ઊઠતો હતો. છેલ્લે છેલ્લે વાત જમાદાર ફતેહમહમદે પાડેલા શિરસ્તા પર ઊભી રહેતી ત્યારે વખત પ્રમાણે વહાણ કઠોડે એટલે કે સાજી મોસમને માટે અને નૂરી કે ગોસી એક સફરને વાસ્તે ગજા, ખપત અને ખાનદાની શાખે એક માથાનાં કે બે માથાનાં બંધાતાં હતાં.

ને એ બધી ધાંધલને ઊભો ઊભો જોતો એંસી વર્ષનો બૂઢો હુસેન 'બવારીજ' થાકતો ન હતો. જમાદાર ફતેહમદમદની નજરનાં માપ કાઢતો એ ભૂતકાળમાં ખોવાઈ જતો હતો. કચ્છને ચાર ખૂણે જમાદારે અણિયાણાં ભાલાં પાથરી દીધાં કહેવાતાં. તેમાંનો એક આ દરિયાઈ કિનારો કંઠારના મુલકમાં. દરિયાઈ કિનારે એણે મનવારોનો જબરો કાફલો જમાવ્યો ને ત્રણ ત્રણ વખત હુમલો લઈ આવેલા અંગ્રેજોના આરમારોની જલતી-જલતી દરિયાને તળિયે વિસામો ખાવા ઉતારી દીધી! દેવચંદ ગયે એ ખાના ભાંગેલા ચાંચિયા ઊભા થયા તેને જમાદારે ફરી પોઢાડી દીધા! કચ્છી ગઢ અને બાલંભાને કિનારે કચ્છરાજની મનવારો હિલોળા લેતા રત્નાકરમાં સ્વચ્છંદે વિહરતા મગરમચ્છની જેમ ફરતી થઈ હતી. દરિયાની વાટું પાછી ગાજતી થઈ હતી.

'બવારીજ' હુસેન! પોતાના માથા માટે જાહેર થયેલા ઈનામના ખરીતા કચ્છના વજીર પર આવે છે, ત્યારે એ વજીર ફતેહમહમદ પોતાને જીવતદાનનું વચન આપે છે! પચાસ-પચાસ વર્ષ સુધી દરિયાનાં ખારાં પાણી સાથે મહોબત બાંધી એના હૈયામાં માત્ર લૂણના થરો પથરાયા હતા, ત્યાં એણે દરિયાના એક સાચા હૃદયનું દર્શન કર્યું. કચ્છના એ વજીરે પોતાની સાથે દોસ્તી બાંધી! બાયડીના વેશે બેટનો કાંઠો ધોળે દી પોતે લૂંટી લાવ્યો ને સૂતેલી સરકારે પચાસ વખત જાહેર થયેલા પોતાના માથાના ઇનામમાં એક વખત ફરી વધારો કર્યો! ફતેહમહમદ પર ખરીતા આવતા થયા ને પોતે છોગું ઊંચું રાખી માંડવીને કાંઠે ને ભુજની બજારમાં લેરું કરવા લાગ્યો...

અને કંપની સરકારે એને ઊંચો ઇલ્કાબ નવાજેશ કર્યો!

માસા ભેંકાર બવારીજ!

વૃદ્ધ હુસેનને એ દિવસોની યાદ ભારે મીઠી લાગી. જમાદારની સ્વપ્ના જેવી વાતોને એક દિવસ પોતે હસી કાઢતો હતો; પણ આજે સાજા દરિયાકાંઠાની ધાંધલમાંથી એનું સ્વપ્નું સાકાર થતું હતું. દરિયાનો કિનારો જીવતો થયો હતો. વાપર ને ભારા કાંઠે કચ્છના નાખવા ને ખારવા છાંભા (ઉજાણી) કરતા થયા હતા. જુસાં જમાદાર!

એ ધાંધલમાંથી ઊઠતા કોઈ મીઠા સૂરને ઘૂંટતો હુસેન ઊતરતી સંધ્યામાં પાછો ઘર તરફ વળ્યો. થાકેલા એના વૃદ્ધ શરીરમાં હજી દરિયાનો નશો હતો. જીવન જીવવાની ખેવના હતી. રતનચંદ ભાટિયાને દેવા બવારીજ જેવા સર થેલા છોકરાઉંના ખેલ જોવાની ઉમ્મીદો હતી. કચ્છનાં સાહસ અને શૌર્યની મૂર્તિ સમા દેવ-ઝુંઝાર એવા દેવા ધાધલને વલસાડના અનાવિલ બ્રાહ્મણ અમુલખ દેસાઈ જેવા દરિયાના શકરા સાથે દોસ્તીની મોજું હજી માણવાની હતી...

અરબસ્તાનના રણમાંથી ફૂંકાતા પવને જમાવેલ રેતીના ઢગ, સતમી આપવાનું થાન (કસ્ટમ), આવળના બૂંથાળા છોડ, ધરતીની મીઠી સુવાસ ને દરિયાનો પૂંઠ સોંસરવો અથડાતો પવન ઘરની વાટે જતાં એની સાથે હજી પણ ગેલ કરતાં હતાં! એક વખત ફરી પાછું એણે દરિયા તરફ જોયું. દૂર દરિયાના પીર રાવળપીરની નેજા લહેરાતી હતી ને દરિયાનાં મોજાં ઉછાળા મારતાં હતાં.

એંસીએંસી વર્ષની દરિયા સાથે પ્રીત હતી. પોતે દસ વર્ષનો થયો ત્યારે એના કાકાએ સઢ પર નાખ્યો. ઢોસાને ઊંચા કૂવા પર ઠેઠ મોર ઉપર ચડી જવું ને ફૂંકાતા પવનના બેસૂરા તૂફાનમાં દોરડાની બાંધછોડ, હુકમ થતાં આંખના પલકારામાં કરવી. કૂવાથંભ જોઈને પોતે ધ્રૂજી ઊઠ્યો. બીજી જ પળે આલાદના રસ્સાના સોળ એની પીઠ પર ઊઠી આવ્યા. કાકાએ ખૂબ માર્યું અને એક વખત પોતે જીવનની માયા મૂકી.

પછી તો દરિયાનાં ખારાં પાણીનું સત્ય એ સમજી ગયો.

ભંડારનાં પાણી...હલેસાં...લંગર...એમાં એની કાયા કસાતી ગઈ ને પાંચ હાથના પડછંદ શરીરમાં દોઢ હાથની એની પહોળી છાતી, સાગરનાં ભમ્મરિયાં જળ જેવી ચમકતી આંખો, મોઢા પર ફૂટતી મૂછો ને લોહ જેવી ભુજાઓવાળી એ હુસેનની કાયા દરિયા સાથે અટપટી રમતું રમવા મંડી! પછી...પછી તો દરિયાના બુંદેબુંદ સાથે એનું નામ વણાઈ ગયું હતું. કચ્છના અખાતથી તે આફ્રિકાના કાંઠા સુધીના સાગરમાં પરદેશી બચ્છા, ગુલામ લઈ વહેતા અરબી ધાઉ ને અંગ્રેજોની આરમારની સૂથવાળી મોસમ પૂરી થયા પછી ઠેઠ લાંબે ગાળે અને ઘણી વખત તો ઠેઠ નરોજને ત્રણ સો વીસમે દિવસે પાછો ફરતો હતો! છેલ્લી ચાર મોસમથી પોતાના ભાંગેલા શરીરને જોઈ લખી હઠ પકડી બેઠી હતી કે હવે એક પણ ગોસ કરવા નહિ દઉં.

પણ ગોસ કરવી નહિ એટલે એંસીએંસી વર્ષની પોતાની દરિયાની પ્રીતથી રંગાયેલી જિંદગીને ભૂલી જવી! દરિયાલાલની વાટું છોડી દેવી! પોતાના જીવનમાં પણ દરિયા જેવી આલર આવશે એમ એ માનવાને તૈયાર ન હતો...એના સીના પર જાણે સૂરિયો અથડાયો હોય તેમ મોં પ્રફુલ્લ થયું, માસાં! લખીને પણ રહીરહીને મારા જીવન તરફ નેજવું કરવાનું સૂઝ્યું ને!

દરિયાનાં મોજાંમાં ભરતીની રેંક ચડી હતી. છીતા ને ખાંગાં પડેલાં વહાણોને દૂર સુધી ધુસાડવા માટે ખારવાને નાખવાની રાડું આકાશમાં ગાજતી થઈ હતી ને સૂરિયા, ઝાંખા સૂરિયા પવનની લેરુંને ઝીલતાં એમનાં ફાટેલાં ગાભાવાળાં ખમીસ, પોત ફરફરાવતાં સઢ જેવાં ફરફરવાં લાગ્યાં. દરિયાની પ્રીત એમનાં હૈયાંમાં ઊઠવા લાગી ને એ આડે ત્રણત્રણ મહિના સુધી બાયડીની સાથે ઊઠવા-બેસવાની વાતુંને પાછી નવનવ મહિના સુધી દૂર ધકેલી દેવી પડશે એ વાત એમને સતાવી શકી નહિ. દરિયાનાં ખારાં પાણીમાં અમૃત ભાળતા હોય એ મિસાલ એ દરિયો ખૂંદવા મંડી જતા...

એ ધાંધલને ને ધાંધલમાંથી ઊઠતા મીઠા સૂરોને પોતાના હૈયામાં ઘૂંટતો હુસેન ધીમે પગલે પાછો વળ્યો ત્યારે વાંયલા અભકોરેથી તારો ઠીક ઠીક ઊંચે ચડી આવ્યો હતો ને ઠીકઠીક અંધારાં ઊતર્યાં હતાં.

ઝૂંપડીના બારણાની વચ્ચમાં બારસાખને પકડી અંધારામાં મીટ માંડતી લખી પોતાના માલમ હુસેનની વાટ જોતી ઊભી હતી. દરિયાની અટપટી રમતુંમાં વીસ વર્ષનો જુવાનજોધ પુત્ર રમવા ચાલ્યો હતો ને છોકરાનો બાપ હજી ગાંડપણ કરતો હતો! પોતાના (લખીના) જીવનની જાણે કોઈને પડી ન હતી. એરંડિયાના દીવાના ઝાંખા પ્રકાશમાંથી વીંધાઈને દૂર પડતા પોતાના પડછાયાને જોતી એ પોતાના માલમનો વિચાર કરતી હતી...દરિયાની ઊતરતી આલર સાથે થતા ઘોંઘાટ એના કાન સોંસરવા સંભળાતા હતા. મોજાંની ઊતરતી હેલિયું એને પહેલાં જેવો આનંદ આપતી ન હતી, કાંઠાની રાડ-માત્રથી એ ભડકી ઊઠતી...ને 'સમાલ બેલી, સમાલ'... 'વાંઈયાં પૂસાં વાંઈયાં...' ના સૂરો જાણે પોતે જ કંઈક સૂચવતા હતા!

પોતાની પોણી જિંદગી દરિયા તરફ મીટ માંડીને કાઢવી પડી હતી એ વિચારે એના મનમાં ધ્રુજારી આવી. સ્ત્રીની જાતની જાણે આખીયે જિંદગી એળે ગઈ હતી!

ધરતીની છાતી પર કોઈકના પગની નિઃશ્વાસભરી છતી થતી ચાલે એ ઝબકી ઊઠી અને અંધારાને વીંધતી એની આંખો દૂર સુધી મંડાઈ.

દૂરથી અવાજ આવ્યો : 'હુસેન ભા નથી?'

'કોણ ઈ?'

'હું રતનબાઈ, હુસેન ભા નથી?'

'કેમ?... હમણાં જ આવશે...પરલે કાંઠે નીકળ્યા એટલે વાત છોડી દે, રતનબાઈ!'

રતનબાઈ! પોતાના માલમના દુશ્મનની ઘરવાળી! વિચારમાં અથડાતી લખીની આંખો વર્ષો પહેલાંના કાળ પર ફરી વળી. જીવણ ઠક્કર! વેર વાળવા મથતા જંગલી જાનવરની આંખમાંથી છૂટતા વખ જેવી આંખો, જંગલી ભેંસ જેવું વિકરાળ મોઢું...ને પોતાના માલમનો ભવોભવનો વેરી એવો એ જીવણ ઠક્કર ને...ને એની ઘરવાળી રતનબાઈ પોતાના માલમની પૂછા કરતી હતી. જીવતા માણસો ગુલામ તરીકે વેચવા, પકડવા અને સંગ્રહવા એ જીવણનો વેપાર હતો. ને એવા ગુલામોને છોડાવવા, દરિયાની પીઠ પરથી ગુલામો લઈ વહેતા થયેલા વહાણને લૂંટી લેવું ને ગુલામોને મુક્ત કરવા એ હુસેનનો ધંધો હતો. બીજના ચંદ્રની ચાંચ જેવો હુસેન ચાંચિયાના બિરુદને પામ્યો હતો. ને એવા એ ચાંચિયાએ એક દિવસ કચ્છના અખાતથી કરી અરબી સમુદ્ર સોંસરવો ને હિંદી મહાસાગરમાં આરબ ને અજમ, અંગ્રેજ અને ફ્રેંચના દોસ્ત જીવણનો વેપાર ભાંગી નાખ્યો. પચ્છમધરાના બબ્બે હજારું નાખવા પરદેશી બચ્છાને વીંધવા ધસતા હતા ત્યારે એ જીવણ એ પરદેશીઓની વા'રે ધાતો હતો!

ભૂતકાળની એ વાતોને કાળ ખાઈ ગયો હતો...આજે તો એ જીવણ પાસે ખાવાનાય સાંસા હતા. છતાં હુસેનનો તો એ એવો જ દુશ્મન હતો. અને એવા એ ધણીની બાયડી હુસેનની શા માટે પૂછા કરતી હતી તે લખીથી કળી શકાયું નહિ, એટલે એણે પૂછ્યું : 'કન મસે આવીયેં રતન...!' (કેમ આવવું થયું, રતન?)

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

'વાત મૂકી દે, મારી બહેન!' કહેતાં રતનબાઈએ આંખો લૂછી ને લખીના પગ પકડી જોરથી ડૂસકાં ભરવા લાગી, 'આજે…આજે..ત્રણ ત્રણ દી થયા…'

પોતાના આંગણે ડૂસકાં સાંભળી ધીમે પગલે આવતો હુસેન દોડ્યો. ને જુએ તો ઘરને આંગણે લખીના પગ પકડી કોઈ બાઈ રડતી હતી.

'કોણ છે?' હુસેને પૂછ્યું.

'હુસેન …હુસેન!' કરતી રતનબાઈ આગળ આવી.

'ઈ રતન આય, ભા જીવણજી વહુ…' લખીએ કહ્યું.

'ઓળખ્યો.' હુસેને ઠંડો જવાબ આપ્યો.

ડૂસકાં ભરતી રતને હુસેનના ચહેરા પર પોતાની આંખ નોંધી. ત્યાં હાસ્ય કે રંજ ન હતાં, આનંદ કે શોક ન હતા. અફાટ સાગરની સીમ તરફ હુસેન તાકતો હતો. ભરતીની રેંક સાથે છૂટેલી રાડું હજી એના કાનમાં ભરાઈ બેઠી હતી. ઊતરતી આલર સાથે આજે પણ કૈંક વહાણો વાપરકાંઠાની સફરે ઊપડી જવાનાં હતાં. કાંઠા પરથી છૂટતી રાડું ને પઠાણને આલાદના ચીંચાટ ઊડી એના કાનમાં ભરાતાં હતાં. કિલમી, પરમણ, ટાંગરો ને તીર તૈયાર થતાં એ કલ્પતો હતો ને એની છાતી ફૂલેલી ધમણ જેવી બનતી હતી…આશાનું આખું જીવન લઈને આવેલી રતનબાઈ સામે ઊભી હતી…

'હુસેન ભા! આગળની વાતો ભૂલી જા…' રતનબાઈએ ફરી એના ચહેરા સામે મીટ માંડી.

હુસેને કાંઈ જ સાંભળ્યું ન હોય તેમ એકીટસે દરિયાની સીમ ભણી તે તાકી રહ્યો હતો.

'મારી દીકરી, હુસેન ભા…!' રડતા સાદે રતન બોલી.

'તારી દીકરી!' હુસેનની વાણીમાં રોષ ઘૂંટાવા લાગ્યો, 'કોણ છે તારી દીકરી?'

'વાત કરવા દે, હુસેન.' લખીએ એને બોલતો અટકાવીને કહ્યું : 'જરા પણ મૂંઝાયા વગર વાત કર. શું છે તારી દીકરીનું?'

'છોકરી મારા પેટની જાણી ભલે ન હોય, પણ એ મારી હતી, હુસેન ભા! સાગરને અવાવરુ કાંઠેથી મારે હાથ એ આવી ને મેં એને મારી દીકરી ગણી. આજ સત્તર વર્ષથી હું એની મા છું…'

હુસેન હજી પણ કાંઈ સાંભળતો ન હોય તેમ બેધ્યાન ઊભો હતો.

'તારી વાત કર, રતન!' લખીએ ફરી એને કહ્યું.

'હુસેન ભા સાંભળે ત્યારે ને! મારી એ છોરી ત્રણ દી થયા ખોવાઈ ગઈ છે ને એનો પત્તો નથી! મને એનો પત્તો ખપે…'

'તને એનો પત્તો ખપે?' રોષમાં ને રોષમાં હુસેને એ સ્વરને ઘૂંટ્યો. 'રતનબાઈ, હું તને શું કહું, મા! આજે દરિયાના બુંદેબુંદમાંથી તારા ધણીના નામની…' અને 'પોક ઊઠે છે' એ બોલે તે પહેલાં તો લખીએ એના મોં આડે હાથ દઈ દીધો.

'બસ કર, હુસેન!' ફાટતા સાદે લખીની તીણી ચીસ ગાજી ઊઠી.

અને એક પળ એ રતનબાઈ પણ ધણી-ધણિયાણીને જોઈ રહી.

'હુસેન ભા! છોરીને ચાંચિયા લઈ ગયાના વાવડ છે. તો તારા સિવાય એને કોણ છોડાવશે, મારા બાપ!'

'હવે નિરાંતની નીંદર કર, રતન! જા, હુસેન એનો પત્તો આપશે.'

હુસેન ફાટી આંખે લખી તરફ તાકી રહ્યો…એ શું બકતી હતી?

ભરાઈ ગયેલા કંઠને છૂટો કરતી રતન લખીના પગમાં ઢળી પડી. હુસેન પાસે આવવા માટે એને જીવણ સાથે ઝઘડવું પડ્યું હતું. જીવણે પોતે પણ કબૂલ કર્યું હતું કે હુસેન સિવાય એને કોઈ પણ બચાવી શકે તેમ ન હતું; પણ હુસેન એનો દુશ્મન હતો…સાત સાત ભવનો વેરી હતો…

'રતન…' કહેતાં લખીએ એને ઊભી કરી.

ને રતન પાછી વળી ત્યારે છોરીની એને જરાય ચિંતા રહી ન હતી.

પાછી ફરતી રતનની પીઠ સામે તાકતી હુસેનની આંખો રોષથી પ્રજ્વળતી હતી. નાનકડા હૈયામાં ફેલાતી રુધિરની ગરમ ધારથી એની નસેનસ સળવળી ઊઠી.

'ધરપત રાખીશ, મારા માલમ? મેં પણ તારી સાથે પચાસ વર્ષ કાઢ્યાં છે…'

'પણ…'

'દરિયાનાં સત તારામાંથી પણ જતાં રહ્યાં કે, હુસેન? દુશ્મનની દીકરી હતી, એમ કહે છે ને? પણ મેં એને હા કહી, કારણ કે મારા માલમના જીવનની કેડી વીંધાતી હતી. આખી જિંદગી તેં ગુલામોને બચાવવા દરિયાનો કેડો ઝાલ્યો ત્યારે માત્ર દુશ્મનની દીકરી સારું છોડી દઈશ? અને દુશ્મન છે તો પણ જીવણ કે એની બાયડી ને છોરી…?'

લખી ઉપર ચડેલો એનો રોષ સમાઈ ગયો. લખીને એ જોઈ જ રહ્યો. મજાકમાં એણે નેજવું કરીને લખી સામે જોયું.

'જુસાં માલમ! મું જડાં કુરો તો ન્યારીયેં?'

અને હસતો હસતો હુસેન, 'હમણાં આવું છું' કહી બહાર નીકળી ગયો. ગાભીસ્તાની વાવડમાં સમાઈ જતા એના શબ્દોનાં લેરખાં લખીને કાને પહોંચ્યાં : 'લખીજી ગાલ તાં માસાં સચી આય!'

★

મધરાતના દરિયામાં પઠાણને આલાદના ચીંચાટ ને ભારે સાદ ગાજતા થયા. અત્રી જોવાઈ ને હયહડિયો જોવાયો…પરમણ તૈયાર થયું ને બંફલ આવી પૂગી. ઘોર ને ટાંગરા તૈયાર થયા. કત નીકળ્યું અને પોત તૈયાર થયું. મોટા રાંઢવાને સાંધતી દોર, ને દોરને સાંધતા ધાગા, એક પછી એક ચીજ સંભાળાતી ગઈ.

હુસેનના સાથીદારો 'લખમીપસા' કંદારને તૈયાર કરતા હતા.

સતમી આપવાના થાન પર વાવડ મેળવવા ગયેલો હુસેન લખીને પણ છેલ્લા જુહાર દઈ પાછો વળ્યો હતો. 'લખમીપસા' ના સાજ સજાઈ ગયા હતા. હુસેન આવી પૂગો ને નંગે વાંસ ખોડી ખાંગા 'લખમીપસા' ને જરાક વેળુકું કર્યું. સઢમાં ભરાતા પવનને કારણે 'લખમીપસા' પેટે પડ્યું - જરાક વધું ખાંગું થયું. ઠેલમાં ઠેલતો-ઠેલતો નંગ એને દરિયામાં ઘુસાડતો ગયો.

વહેલી પરોઢના તારાઓ જ્યારે આભમાં લિસોટા ફેંકતા બુઝાવા લાગ્યા ત્યારે હુસેને લંગર ઉઠાવવાની રાડ કરી.

કડ...કરરરર...કડડડ...કર...કર...કર...કર...ના અવાજ ઊઠ્યા. નંગે ઠેલ વીંઝી. હુસેને સુકાન સંભાળ્યું. 'લખમીપસા' ના આલાદ પર ટીંગાઈ રહેલા સાથીઓએ પાણીના પછડાટ જેવા પોતાની સાદથી દરિયાની ચારે કોરું ભરી દીધી. 'રાવળપીરની જય' નો નાદ આભે ઝીલ્યો. લીલું નાળિયેર વધેરાયું ને દરિયાલાલની છાતી પર ગેલ કરતા 'લખમીપસા' કંદારે લીહા પાડવા માંડ્યા.

વહાણ અખાતની ખાડીમાં હીંચોળાતું હીંચોળાતું મહાસાગરનાં જળ પર નાચવા મંડ્યું. ઊગતા તડકાનાં સોનેરી કિરણોની ઝાંય પાણીમાંથી ઊઠતી હતી ને કંદારના લિસોટાના લીહોમાં જાણે સોનેરી પાટું વેરતી હતી.

પુઠેરો વાવડો માત્ર જાણે 'લખમીપસા' ને ધક્કા મારતો હોય તેમ વાતો હતો અને એ વાવડો મોથ મારતા 'લખમીપસા' ના ખલને થપાટું મારતો મોજાં ઉછાળતો હતો.

દરિયાની સીમને આંખુમાં સમાવતી હુસેનની નજર ઊછળતાં મોજાંના પછડાટમાંથી ગણતરી કાઢવા મંડાઈ હતી. પિંજરિયાના સાદે એને જાગતો કર્યો :

'સમાલ બેલી, સમાલ! ડામચિયો માસાં! કંધે કંધે સમાલ!'

નેજવાં વાળી નજર કાંઠે મંડાઈ. 'લખમીપસા' ની ગતિમાં સળવળાટ થયો. તીર મિસાલ દરિયાને વીંધતી કંદાર હરણફાળું ભરવા મંડી.

'ત્રે કૂવાથંભ ને ત્રે ત્રિકોણાં સઢ...વહાણવાડો ડીસાજે મઙઈ...ને કોટિયો કચ્છ જો! સમાલ બેલી...'

કિનારાને નજરમાં રાખી ચાલતા એ કોટિયાની પીઠ સોંસરવી 'લખમીપસા' કંદારે વામ મૂકી. કોટિયાના મોઢા પર ફરકતી નેજા બતાવતી હતી કે એ માત્ર છડિયા લઈ ગોસે નીકળ્યો છે.

કોટિયાના સર નાખવાએ પોતાની પાછળ પડેલા ગંજાને પારખ્યો ને કંદારમાંથી ઊઠેલા સાદને પણ પારખ્યો. તૈયાર થતાં હથિયારોને એણે હેઠે મુકાવીને સથ્થા પર નેજો ચડાવ્યો.

કંદારમાંથી ફરી પડછંદ સાદ ઊઠ્યો :

'ગુલામ જા વાવડ ઐં. ભા સાલે.'

પોતાના કોટિયામાં ગુલામ? એક પળ તો એ સર નાખવો ડઘાઈ ગયો. બીજી પળે એણે લંગર ખોડ્યું ને ગભરાતા સફરીઓને હિંમત આપવા લાગ્યો, 'ઈ તો જુસાં ભા હુસેન જો ગંજો!'

વંઢારના ધબુસા અને ભંડારના ફાલકામાં હુસેન ખુદ ફરી વળ્યો, પણ ઠાલા છડિયા સિવાય એમાં કોઈ ન હતું...

જાતરોઆના રસ્સા કાપી 'લખમીપસા' એ મોરો ફેરવ્યો. કંઠાર કોરેથી મધ્યમાં હડી કાઢી ધામણગોસ શરૂ કર્યો.

દરિયાનાં પાણી પાસે છીતલા લાગતા આકાશમાંથી જળનાં ભમ્મર જેવાં અંધારાં ઊતરતાં ઘેરાં પાણીને આલિંગવા લાગ્યાં. સૂરિયાની મીઠી ઝપટ સાથે ઉત્સવનાદ ઊજવતાં મોજાંની ભમરીમાં મસ્તી ભરાઈ. કંદારના ધિંગાસારને ભારે પરમાણ ફરવા લાગ્યાં. ગાઢા થતા અંધકારમાં ભમ્મર પાણીને વીંધતા 'લખમીપસા' એ ધામણગોસ શરૂ કર્યો હતો. એના કઠેડા પર મેરાયુંના ડાંડલા દરિયામાં જાણે આગ ઉઠાવતા હોય તેમ સમંદરનાં પાણીમાં પોતાનું પ્રતિબિંબ ચમકાવવા જલવા લાગ્યા.

સારી રાત 'લખમીપસા' કંદારે ધામણગોસ જારી રાખ્યો. ત્રીજા દિવસની વહેલી સવારે પિંજરિયાએ પહેલો સાદ દીધો. સવારના ઊગતા તડકામાં દરિયાનાં લોહીઘેરાં લાગતાં પાણીમાં કોઈ પરદેશી જુંગ લસરકા પાડતો હતો. પાંચ સઢવાળું ફતેમારી જેવું એ તોતિંગ ભારદાન ઝડપી ગતિએ સરતું જતું હતું. ઠીકઠીક દૂર રહેલા એ જુંગને આંબવા 'લખમીપસા' એ પોતાની ગતિમાં વધારો કર્યો. માતંગ જેવા એના ખલ સાથે ટીંગાયેલી સાંકળો કોઈ જળચર પ્રાણીના ધિંગા શરીર સાથે અથડાઈ હોય એમ હલી ઊઠી.

દિવસ અને સારી રાત જુંગ પર નજર રાખી કંદારે હડીઓ કાઢવા માંડી. બપોરે એ જુંગને પાંચસો વામ છેટો આંબી શક્યો. જુંગની ગતિ વધારવાના હવે ઠાલાઠાલા પ્રયાસ થતા જોઈ કંદારના જોરાતા બેલીઓ બોલી ઊઠ્યા : 'ડામચીએ મિસાલ ડીઠો જુસાં, હેડ મેં ઉતરેલા મંગે તો!' પિંજરિયાએ સાદ દીધો ને કંદારની ચાલ ફેરવાઈ. જુંગમાંથી છૂટેલો ગોળો પાણીમાં ગબડવા લાગ્યો. બીજો ગોળો છૂટ્યો ને કંદારે એક આખો ચકરાવો લઈને મોરાને ડાબી બાજુ ફેરવ્યો. પછી તો એ જાણે સાથિયા પૂરતો હોય તેમ ચાલ આદરી.

સો વામનો એક મોટો ચકરાવો લગાવી 'લખમીપસા' એ જુંગનું પડખું ઝાલ્યું ને હુસેને નિશાન તાક્યું. એક જ ધડાકે જુંગનો ભારદાન આખો ડોલી ઊઠ્યો ને બીજી જ પળે એનો

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

VIJAY LAXMI TRANSPORT CARRIERS
NAVIN ORIENT CARRIER
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

ખૂવો તૂટી પડ્યો.

હુસેને સાદ દીધા છતાં ગળચવા લેતા ગતિ વગરના જુંગે ઠાલાંઠાલાં ફાંફાં મારવા માંડ્યાં. હુસેનને લાગ્યું કે એ થોભે એમ નથી. દરિયાના સેતાન એવા ફિરંગીઓના હાથમાં એનું સુકાન હતું. એક નિર્ણય પર આવેલા હુસેને કંદારને ડાબી બાજુએ ફેરવીને નિશાન તાક્યું. એકસામટી મરણચીસોથી દરિયાની સીમ આખીયે જાણે ભરાઈ ગઈ. જુંગ ખાંગો થઈ ગયો ને દરિયાનાં પાણી એમાં ઊમટવા લાગ્યાં. ડૂબતા જુંગને પકડવા 'લખમીપસા' એ મોટી સટ કાઢીને તોતિંગ સાંકળોથી જુંગને જડી જાતરિયા દીધા. જુંગનો ફાલકો આખોયે લોહીથી રંગાઈ ગયો હતો. મોતની બિછાત પર કેટલીક લાશો હીંચોળાતી હતી.

જાતરિયા ભીડી હુસેન જુંગમાં કૂદ્યો. જુંગ આખાયમાં લાલ લોહીનાં ખાબોચિયાં જોઈ એક પળ એ કંપી ઊઠ્યો. બીજી જ પળે એને પોતાની જાતનું ભાન થયું ને એ સ્વસ્થ થયો. જુંગના ઢબુસાના ફાલકામાં દોડ્યો.

ગુલાબની ખીલતી કળી જેવી બે છોકરીઓ ફાલકાની પાટલી પર પડી હતી. એમનાં મોં પર ઘડી પહેલાંની જ લાચારી અનુભવ્યાની વેદના હતી. માથાના પીંખાયેલા વાળ, શરીર પર ઊઠેલા વિખોડાના લિસોટા, ગાલ પર થીજી ગયેલાં આંસુ...ને એક ઘડી પહેલાં જ જાણે આ બધું થયું હતું! ગુલાબની ખીલતી કળી જેવી રેવી અત્યાચારનો ભોગ બની હતી...

હુસેનના કઠણ હૈયામાંથી વિલાપના સૂર ઊઠવા લાગ્યા. દરિયો આખોયે જાણે રડવા લાગ્યો.

વંઢારના ધબુસામાં દાખલ થતાં ઈભરામ નાખવે રાડ નાખી. હુસેને એના તરફ નજર ફેરવી. એક હાથમાં ખડથાની નાની થેલી ને બીજા હાથે એક ફિરંગીનો કાન ઝાલી એ ઊભો હતો. સામે ઊભેલા ફિરંગીને જોઈ હુસેનની આંખમાં ખૂન ઊમટ્યું ને એણે એને એક તમાચો ચોડ્યો.

'હી ખડથેજી થેલી નીકરઈ - અનમેં શાહજોગ ને નામજોગ હૂંડિયું અંઈયેં. ભેગો જીવણ જો પણ લખાણ આય...'

'જીવણ જો લખાણ?'

પાસે ઊભેલા ચોકિયાતો ને બેડિયાતો ઈભરામને હુસેન સામે તાકી રહ્યાં.

'હા, જીવણ રેવી કે વીકઈ આય?' (હા, જીવણે રેવીને વેચી છે.)

'હેં...?'

'હા, પંજસો કોરી...જુમલે કોરી પંજસોમેં...'

ચાર - છ લીટા તાણેલા કાગળના ટુકડામાં નજર નાખતાં એનું કઠણ હૈયું સાવ ભાંગી પડ્યું. વહાણની પાટલી સાથે પછડાતાં એને એના સાથીઓએ ઝાલી લીધો. હુસેન બેભાન થઈ ગયો હતો.

જાતરિયાના રસ્સા કપાયા ને જુંગ દરિયાના પેટાળમાં ઊતરી ગયો.

'લખમીપસા' એ મોરો ફેરવી સુસવાટા મારતા દરિયામાં પોંઈગોસ શરૂ કરી હતી. સુકાનના દાંડાને છોડી દરિયાનાં પાણીમાં કંઈક તાકતો હુસેન મુર્દા મિસાલ બેઠો હતો.

દૂરથી છુપાવા મથતી અંગ્રેજોની આરમારને, ફિરંગીના બરછાને, સિંધની ડાંગીને ને મુકરાનના બગલાને આજે એણે નજરમાં પણ લીધા નહિ.

મહાસાગરના પેટાળમાં, સારાય પેટાળમાં મોસમનું વહાણું વાતું હતું ને એનાં સમથળ લાગતાં પાણીમાં વહાણની ચાલથી લિસોટા ઊઠતા હતા.

ફરીથી પંદરમે દી નમતી સાંજે 'લખમીપસા' એ મફઈને કાંઠે લંગર નાખ્યું.

'વેલી પરોજો લંગર ખણધાસી' - કહી ખડથાનો ટુકડો સંભાળી હુસેન ઊતર્યો. દરિયાકાંઠાનો રેતાળ પટ વટાવી વહાણવાડાની આથમણી કોરે રતનબાઈના ઘર તરફ એ આગળ વધ્યો.

આંગણાના વાડામાં દાખલ થતાં એણે રતનબાઈને સાદ દીધો.

ઓસરીમાં સામે જ બેઠેલી રતનબાઈ હુસેનને જોઈ છલાંગ મારતી બહાર આવી, 'હુસેન ભા...મારા બાપ!'

'રતનબાઈ! હું રેવીનો પત્તો લઈ આવ્યો છું....'

એક પળ - માત્ર એક જ પળ વાતાવરણ આખુંયે ખુશનુમા થઈ ગયું.

'લખમીપસા' પાછો ફર્યાના ખબર સાંભળી ભારે મીઠી કલ્પનાઓના ઝોકમાં પાછલે બારણેથી દાખલ થઈ કોઠી પાછળ ઘૂસી બેઠેલા જીવણે આંગણાના વાડામાં કાન માંડ્યા

'ક્યાં છે - ક્યાં છે, મારા બાપ! મારી રેવી...એને...'

અને હર્ષના અતિરેકથી એ હુસેન સામે તાકી જ રહી છે.

'આ રહી!' કહી હુસેને પોતાના ખિસ્સામાંથી ખડથાનો ટુકડો કાઢ્યો ને રતનબાઈ સામે ધર્યો.

જીવણની આંખ અંધારાં આડે કલ્પનામાં ભમવા લાગી...

'હુસેન ભા!...' રતનબાઈનો ઓશિયાળો સાદ સંભળાયો.

જીવણને લાગ્યું કે રતન ગળગળી થઈ હુસેનનો આભાર માને છે...

'તમે ભણેલાં છો. રતનબાઈ? નહિતર આમાં લખ્યું છે, જીવણભાએ લખ્યું છે...તમારી રેવીને એણે પાંચસો કોરીમાં વેચી છે...' ને કાગળનો ટુકડો સોંપી હુસેન પાછો વળી નીકળ્યો. ડેલી બહાર પગ મૂકતાં હુસેનને કાને ઘરમાંથી ધબૂસ થતો અવાજ અથડાયો.

કોઠી પાછળ છુપાઈ માત્ર બે જ મીઠી કલ્પનામાં રાચતો જીવણ ફાટી આંખે અંધારાં વીંધતો હતો...એની યુક્તિ નાકામયાબ નીવડી હતી! હુસેન બચી ગયો હતો...અને...

પૃથ્વી પર ઘેરાં અંધારાં ઊતરતાં હતાં...દીકરીની મા મોટેથી પોક મૂકતી માથું પછાડતી હતી..

*"હંસા", રેવન્યુ કોલોની, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

સત્યકથા

આંતરરાષ્ટ્રીય 'માતૃદિન' (તા. ૧૪-૫) નિમિત્તે

# એલીનનો પુનર્જન્મ

મૂળ લેખિકા : LISBETH PIPPING (રીડર્સ ડાઇજેસ્ટ, ડિસે.-૨૦૧૫)

અંગ્રેજી ઉપરથી અનુવાદ : મગનલાલ સંઘવી

*(આ એક એવી મા ની વાત છે જેણે એક મરી રહેલી અને જે અંધ, કે બહેરી-મૂંગી અથવા મંદબુદ્ધિની હોવાની પૂરી શક્યતા હતી એવી બાળકીને દત્તક લઈને પુનર્જન્મ આપ્યો. તેના પ્રેમ, સંઘર્ષ અને અનુભવનું હૃદયસ્પર્શી વર્ણન છે.)*

યુરોપિય દેશ સ્વીડનનો ઉત્તર ભાગ. બાલ્ટીક સમુદ્રના કિનારે PITIA નામે સુંદર ગામ. દત્તક બાળકોના માતા-પિતાઓનું સંમેલન ભરાયું હતું. જેમાં શારીરિક અથવા માનસિક રીતે અપૂર્ણ બાળકોના માતા-પિતા પણ સામેલ હતા. પરસ્પર અનુભવોની આપ-લે કરવાની હતી અને એમાં હું પણ દત્તક તરીકે ઉછરેલ હોઈ ભાગ લઈ રહી હતી. જો કે મારે પોતાના જ બે બાળકો હતા.

સંમેલનના પ્રથમ દિવસે હોટેલની લોબીમાં એક પરિવાર ઉપર નજર પડી. માતા-પિતા, ૧૨ વર્ષનો પુત્ર અને આઠેક વર્ષની પુત્રી. તેઓ કદાચ સ્નાન કરવા જઈ રહ્યાં હતાં. લાગ્યું કે તેઓ રજાઓ ગાળવા આવ્યા હશે. અચાનક એ છોકરી અટકી ગઈ. એ મારાં ગુલાબી રંગનાં ફૂલોની ભાતવાળા સેન્ડલ તરફ જોઈને બોલી ઊઠી, "હાય બાનુ, તમારા સેન્ડલ કેટલા સરસ છે? મને પણ આવા મળે તો મજા આવી જાય!" કોઈ જાતના સંકોચ વગર તે મારી પાસે આવીને કહે, "મારું નામ એલીન (ELIN) છે. હું હોટ બાથ લેવા જઈ રહી છું." મને પ્રતિભાવ આપવાની તક મળે એ પહેલાં તેઓ ગયા. પણ ભૂરી આંખો, લાંબા વાંકડિયા બદામી વાળવાળી એ છોકરી મારા દિલમાં વસી ગઈ. સાંજે ભોજન વખતે મળશે? કદાચ.

સાંજે નીચે ઉતરી. લિફ્ટનો દરવાજો ખોલતાં જ તેઓ સામે મળી ગયા. "હાય સુંદર સેન્ડલવાળાં બાનુ, તમે ભોજનમાં અમારી સાથે બેસશો?" જવાબની રાહ જોયા વગર જ બાજુના ટેબલ પરથી ખુરશી ખેંચી લાવી સાથે બેસવાનું આમંત્રણ આપી જ દીધું.

આ રીતે મને તેઓનો પરિચય થયો. માતા મેરી (MARIE), પિતા જોનાસ (JONAS) અને પુત્ર ઓસ્કર (OSCAR). ડિનર દરમિયાન એલીન સતત બોલતી રહી. ભોજન પૂરું થયે ૯ વાગ્યા હતા, ત્યારે પિતાએ કહ્યું, 'એલીન! તમારો સૂવાનો સમય થઈ ગયો છે. આપણે જઈશું?' એલીનને હજુ મારી સાથે વાતો કરવી હતી. પણ મેં કહ્યું, 'એલીન, મારું નામ લિસ્બેથ. હું થોડા દિવસ અહીં જ છું. કાલે તું ફ્રેશ થઈને આવ. આપણે ફરી મળીશું.' કાલે નાસ્તા કે ભોજન સમયે મળવાનું વચન લઈ, ગુડનાઇટ કહી, ત્રણે ગયા. ટેબલ ઉપર થોડાક સેકંડની શાંતિ બાદ અમને બંને એક સાથે જ બોલી ઉઠ્યા. 'તમને મળીને ખૂબ આનંદ થયો.' અને બંને એક સાથે હસ્યા! મેરીએ કહ્યું, 'આપણે થોડીવાર લોબીમાં બેસીએ.' મેરીએ વાઇનનો ગ્લાસ ઑફર કર્યો અને અમે લોબીમાં બેસી દત્તક માતા-પિતા અને સંતાનો બાબત વાતો કરતા રહ્યા.

અચાનક મેરી કહે, 'એલીન અમારી પાસે આવી એની પણ કહાણી છે, તમે જાણવા ઇચ્છશો?'

મને આશ્ચર્ય થયું. 'શું? એલીનને હું તો તમારી જ પુત્રી ધારતી હતી અને કદાચ ઓસ્કર દત્તક હોય એમ ધાર્યું હતું.'

'તમે એમ કેમ ધાર્યું?'

'જુઓને, જે આત્મવિશ્વાસથી એલીન વર્તી રહી છે એ તો જેઓને પરિવારનો સંપૂર્ણ પ્રેમ મળ્યો હોય એવા સગા સંતાનોમાં જ જોવા મળે છે, એટલે' મેં કહ્યું.

હસીને મેરી કહે, 'મેં તેને મારા પેટમાં નહીં પણ પેટ ઉપર રાખીને ઉછેરી છે!'

આવું સાંભળીને મારી ઇંતેજારી વધી ગઈ અને પૂરી વાત જણાવવાની મેં મેરીને વિનંતી કરી.

મેરીએ વાત શરૂ કરી.

એલીન તેના મા-બાપનું પાંચમું સંતાન. તેની મા માનસિક રીતે નબળી હોઈ એકને પણ સારી રીતે ઉછેરી શકે એમ ન હતી એટલે ૭ માસની એલીન સહિત પાંચેયનો હવાલો સમાજ કલ્યાણ વિભાગે સંભાળ્યો. એ પહેલાં અમે એક બાળકને થોડા સમય માટે સંભાળેલ, એટલે એ વિભાગ પાસે અમારા ફોન નંબર હતા. ૧૯૯૭ના ઉનાળાના એક દિવસે આ વિભાગ તરફથી અમને ફોન આવ્યો. તેઓએ જણાવ્યું કે એક ૭ માસની બાળકી છે, જેને નવું ઘર જોઈએ છે. હું અને જોનાસ એવું વિચારતા ત્યાં પહોંચ્યા કે 'ઘરમાં એક પુત્રી આવે તો સારું જ છે.'

આ વિભાગનો અગાઉનો અનુભવ સારો ન હતો. આ વખતે પણ તેઓ કંઈક છુપાવતા હોય એમ લાગ્યું. અમે તેઓને જે હોયતે, સ્પષ્ટ વાત કરવા આગ્રહ કર્યો અને તેઓએ ફોડ પાડ્યો. 'છોકરીની હાલત વનસ્પતિ જેવી છે. જોઈ કે સાંભળી શકતી હોય એમ પણ નથી લાગતું, મગજની હાલત બાબત પણ કહી શકાય એમ નથી. બાળક કરે એવા અવાજ નથી કરતી.

આંખો પણ પ્રતિભાવ નથી આપતી!'

ઑફિસમાં થોડા સમય માટે શાંતિ પથરાઈ ગઈ. અમો બંનેને પતિ-પત્નીને સરખા જ વિચારો આવ્યા હશે. પ્રશ્નો ઉપસ્થિત થયા હશે. શું આપણે આવા બાળકને અપનાવી તેને જોઈએ તેટલો સમય આપવા અને શક્તિ ખરચવા તૈયાર છીએ? ૫ વર્ષના પુત્રનો પ્રતિભાવ કેવો હશે? મેં જોનાસ સામે જોયું. તેની આંખોમાં જ તેનો પ્રતિભાવ વંચાઈ ગયો. 'શું આપણા દિલમાં એટલો પ્રેમભાવ નથી કે જે આ બાળકીને જે આજ સુધી નથી મળ્યું તે આપી શકીએ?' આમ આંખોની વાતચીતથી જ આત્મવિશ્વાસપૂર્વક અમોએ હામી ભરી દીધી. આ પહેલાં એલીન એક દંપતી પાસે વચગાળાના સમય પૂરતી રહેતી હતી. અને તેને જોઈ. હાથમાં લીધી. લાકડા જેવું શરીર, જાણે સાંધા જ નહીં. જોવા સાંભળવાનો કોઈ પ્રતિભાવ નહીં. જે અમોને જણાવવામાં આવ્યું એ બિલકુલ સાચું હતું.

કાનૂની વિધિ પતાવ્યા બાદ ૨ મહિને એલીન અમારા ઘરમાં આવી. જૂન મહિનાના સૂર્યપ્રકાશ સાથે હવામાં થોડી ઠંડક પણ હતી. એલીનને ઊંચકીને મેં તેને કહ્યું, 'બેબી, હવેથી તું અમારી સાથે જ રહીશ. તારા માટે અમે ઉપરના માળે આછા રંગનો રૂમ અને પથારી પણ તૈયાર કરી છે.' કોઈ પ્રતિભાવ નહીં. પુત્ર ઓસ્કાર તો બહેનને આવકારવા તૈયાર જ હતો અને તેના મિત્રોને પણ કહી આવ્યો હતો. તે તરત બહેનને જોવા આવી ગયો. તેને આ બેબી 'ક્યુટ' લાગી અને તેના કપાળે પપ્પી પણ કરી. સામા પ્રતિભાવની તેણે ચિંતા કરી નહીં. આમ ઓસ્કાર તરફનો અમારો ડર હતો તે ગયો.

શરૂનો ૧ મહિનો શાંતિથી વીતવા આવ્યો હતો. એલીન રાબેતા મુજબ ખોરાક અને ઊંઘ લેતી રહી. અમને લાગ્યું કે ધીરેધીરે બધું ઠીક થઈ રહેશે. આ વિચાર સાથે સવારના કોફી અને પેપર લઈ હું ટેરેસમાં બેસવા જતી હતી. ત્યાં જ એલીનની ચીસોથી ઘર ભરાઈ ગયું. તે રડતી ન હતી, જોરજોરથી ચીસો પાડતી હતી. મને લાગ્યું કે જરૂર કંઈક કરડ્યું હશે. તેના રૂમમાં દોડી. ઊંચકીને બધે જોયું પણ એવું કંઈ દેખાયું નહીં. જેટલી આવડત હતી એટલી રીતે મેં તેને શાંત કરવાની કોશિશ કરી. ચીસો પાડીને થાકી એટલે ઊંઘી ગઈ. થોડીવારમાં જાગી ને ફરી એવી જ ચીસો. સાંજે જોનાસ ઘેર આવ્યા ત્યારે ચીસો ચાલુ હતી અને હું રડી રહી હતી. તેણે અને ઓસ્કારે પણ ઘણી કોશિશ કરી પણ કંઈ પરિણામ નહીં. અમે રાતભર જાગ્યા. થાકીને બીજે દિવસે બાળ હેલ્થ સેન્ટરને ફોન કરી તરત એપોઇન્ટમેન્ટ માંગી. સામેથી પૂછવામાં આવ્યું, 'કંઈ મોટી તકલીફ છે?' મેં કહ્યું, 'જે રીતે એ ચીસો પાડે છે, એમાં એવું હોઈ શકે.'

હેલ્થ સેન્ટરની નર્સ આવી. તેને પણ કંઈ સમજણ ન પડી. શાંત રાખવાની દવા આપીને એ ગઈ. કંઈ ફરક નહીં. ૩ દિવસ થઈ ગયા. જાગે ત્યારે ચીસો પાડવાનો ક્રમ ચાલુ રહ્યો. છેવટે બાળકોની જ હોસ્પિટલને ફોન કર્યો. ઑપરેટરને તકલીફ જણાવતા તેણે પણ કહ્યું, 'બાળક છે, રડે પણ ખરું.' 'એટલું તો હું પણ સમજું છું. તમે ડૉક્ટરને ફોન આપો.' ફોન એલીન સામે રાખીને તેને એલીનની ચીસો સંભળાવી. ડૉક્ટર સમજી ગયા. તરત જ આવી જવા કહ્યું.

બધા જરૂરી ટેસ્ટ કરાવ્યા પછી પણ કંઈ સ્પષ્ટ ન થયું. પૂરા બે અઠવાડિયા અમે હોસ્પિટલના ચક્કર કાપતા રહ્યા. કંઈ પરિણામ નહીં.

છેવટે મારી સહનશક્તિ અને ધીરજનો અંત આવી ગયો. જોનાસને ફોન કરીને મેં એકરાર કરી દીધો કે એક મા તરીકે હું નિષ્ફળ જઈ રહી હતી. આ છોકરી રડી રડીને મરી રહી હતી અને અમે કંઈ જ કરી શકતા ન હતા. એટલે હવે તેને સમાજ કલ્યાણ ખાતાને પાછી સોંપી દેવી એ જ રસ્તો રહ્યો હતો. મેં કહી દીધું, 'જોનાસ, હું થાકી ગઈ છું. હું આને નહીં સંભાળી શકું.'

મેરીએ અહીં વિરામ લીધો. હું વિચારી રહી હતી કે જે ચબરાક છોકરીને હું કાલથી જોઈ રહી હતી એની જ આ વાત છે? તેને પરત તો નહીં જ આપી હોય! તો શું થયું?

મારા ચહેરા ઉપર ઇંતેજારી જોઈ મેરીએ વાત આગળ ચલાવી. 'મારી આ વાત સાંભળીને મારા શાંત અને પ્રેમાળ પતિએ જુદી જ વાત કહી.' તે કહે, 'મેરી, શાંત થા. અને એલીનને પૂછ કે તેને શું તકલીફ છે અને શું જોઈએ છે?'

'જોનાસ, તું શું કહી રહ્યો છે? તેની હાલતની તને ખબર નથી?'

'મેરી પ્લીઝ, બધી વાત છોડ અને હું કહું છું એમ કર.' આમ કહી જોનાસે મને સુચનાઓ આપી અને મેં સાંભળી અને એકવાર તો તેનો અમલ કરવો જ એમ નક્કી કરી એલીનને ખોળામાં બેસાડી તેની આંખોમાં જોઈ મેં કહ્યું, 'એલીન, વહાલી દીકરી, તને શું થાય છે? તને શું જોઈએ છે? અમે તારા માટે બધું જ કરવા તૈયાર છીએ. પણ તું કહે તો જ ખબર પડે અને અમે તેમ કરી શકીએ.'

'અને લિસ્બેથ, કોઈ માની ન શકે એવું બન્યું. તેને પૂછ્યાની થોડી સેકંડ બાદ મને અકલ્પનીય અનુભૂતિ થઈ રહી

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

હતી. એલીન મને એની ઇચ્છા - તકલીફ જણાવી રહી હતી! તેનું મગજ જ મારા મગજ સાથે સીધો સંવાદ કરી રહ્યું હતું! અંદરનો અવાજ જાણે હું સાંભળી રહી હતી! એલીને મને જે કહ્યું (અથવા મેં અનુભવ્યું) એનો અમલ કરવાનું નક્કી કરીને એલીનને મેં કહી દીધું, 'બેબી, જો તારી આ જ ઇચ્છા હોય તો હું જરૂર પૂરી કરીશ.'

મેં નિકર સિવાય તેનાં બધાં કપડાં દૂર કર્યાં. મારી છાતી ખુલ્લી કરી એલીનને મારી છાતી સાથે ચાંપી દીધી. શરીરમાં કોઈ પ્રતિભાવ ન હતો, પણ થોડી જ વારમાં ચીસો બંધ થઈ ગઈ. થોડીવાર રડીને એ જ હાલતમાં ઊંઘી ગઈ. તેને દૂર કરતાં જ રડવા લાગતી એટલે દિવસ-રાત આ રીતે જ વીતવા લાગ્યાં. તેનું વજન ઓછું હતું તો પણ ઊંચકી ઊંચકીને મારાં બાવડાં મજબૂત થઈ ગયા! આમ જ કાંગારૂના બચ્ચાની જેમ તેને પેટને છાતી ઉપર રાખતાં ત્રણેક મહિના વીત્યા. મારા પતિ અને પુત્ર તરફથી અદ્‌ભુત સહકાર મળતો રહ્યો. કેમકે આ હાલતમાં મારે બહાર જવાનો કોઈ સવાલ ન હતો.

ત્યારબાદ તેના શરીરમાં ફરક દેખાવો શરૂ થયો. તે મસ્તક ઊંચકતી હતી. ત્યારબાદ આંખો પણ મને જોઈ રહી હતી. પ્રતિભાવ આપતી હતી. આમ જ એક મહિનો બીજો વીત્યો.

એક દિવસ હું તેનાં કપડાં બદલી રહી હતી. સાથે હું દરરોજ કરતી હતી તેમ તેના પેટ ઉપર ગલીપચી કરી રહી હતી અને અચાનક તેણે સ્મિત કર્યું. હું જોઈ રહી. થોડી વધારે ગલીપચી કરી અને તે હસવા લાગી! ખડખડાટ હસી રહી! મારા ધબકારા એટલા વધી ગયા જાણે હમણાં બંધ પડી જશે! તેને ઊંચકીને હું દોડી. જોનાસને ફોન કરીને રડતાં રડતાં આ શુભ સમાચાર આપ્યા.

અહીં પૂરી વાત દરમિયાન પહેલીવાર મેરીના ચહેરે હાસ્ય દેખાયું. મેરીએ વાત આગળ વધારી. લિસ્બેથ, એ દિવસથી બધું જ બદલી ગયું. તેની તરસ, માતાના સાંનિધ્ય અને હૂંફથી સંતોષાઈ ગઈ હોઈ અલગ રહેવા લાગી. ગુમાવેલો સમય પાછો મેળવવા તેણે દોટ મૂકી. ઝડપથી પ્રગતિ કરતી ગઈ. પરિણામ સામે છે.

મને થયું કે વાત પૂરી થઈ. પણ મેરી માટે હજુ આ કહાણીનો પૂર્વાર્ધ કહેવાનો બાકી હતો. તેણે વાત ચાલુ રાખી.

લિસ્બેથ, આ છોકરીના પહેલા ૭ મહિના તેના મા-બાપને ઘેર કેવા વીત્યા એ મને પાછળથી જાણવા મળ્યું. ત્યારે મને થયું કે આવી હાલતમાં કોઈ બાળક જીવી જ કેમ શકે? આ સમય દરમિયાન લગભગ તે તેના પારણામાં જ રહી હતી. ઇચ્છા થાય ત્યારે મા દૂધની બોટલ આપે, નહીં તો ૨-૩ બોટલ તૈયાર કરીને મૂકી દે. જાતે પીએ તો ઠીક, નહીં તો ભૂખી રહે. દિવસો સુધી મળ-મૂત્ર પણ સાફ ન થાય. એટલે તેની પીઠ ઉપર ધારા પડી ગયા હતા. જીવવાની કોઈ આશા ન હોવા છતાં તે જીવી રહી હતી. કેવી ગજબની તેની જિજીવિષા હશે! આ બધું જાણવું મને જરૂરી લાગ્યું. જેથી એલીન પુખ્ત થાય ત્યારે તે જાણવા ઇચ્છે તો જણાવી શકું. જેથી તે એક જવાબદાર અને પૂર્ણ વ્યક્તિ બને.

મેરીએ વાત પૂરી કરતા છેલ્લે કહ્યું, 'લિસ્બેથ, આ રીતે મેં ભલે તેને શરીરમાંથી જન્મ ન આપ્યો હોય, પણ તેની માતાના પ્રેમની, હૂંફની, સાનિધ્યની ઇચ્છા પૂરી રીતે સંતોષાય એ માટે બધું જ આપીને તેને પુનર્જન્મ આપ્યો છે એવો સંતોષ હું જરૂર લઈ શકું.

*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

**Laxmichand Dharshi**
Estd. 1955
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

નિબંધ

# માણસ એ પ્રોડક્ટ, પ્રોડક્શન નથી!

રતિલાલ 'અનિલ'

અન્ય સાથે પોતાની તુલના કરનારો પોતે જ પોતાના સ્વતંત્ર અસ્તિત્વનો અસ્વીકાર કરે છે. હું ક્યાં છું એ કોઈ સાથે પોતાની તુલના કર્યા વિના પણ તપાસી અને જાણી શકાય છે, તુલના પોતા પ્રત્યેના હીનભાવે પણ અજાણ્યે આવતી હોય છે, કારણ કે આપણે પ્રતીકોનું સામ્રાજ્ય સર્જ્યું અને નજર સામે તમને લક્ષ્યરૂપે રાખવાનું સ્વીકાર્યું એ ભાવ સામાજિક અર્થમાં પોતાથી વધારે સારા અને ઊંચા ગણાતા માણસ સાથે, આગળ વધવાની ઇચ્છામાંથી તુલના આવી. માત્ર તુલના આવી એમ કહેવું અપૂર્ણ છે, અજાણ્યે પણ સ્પર્ધા અને મહત્વાંકાક્ષા આવ્યાં એટલે લક્ષ્ય પ્રતિ એક જ દિશાની દોડ પણ આવી-આથી પોતાને અનાયાસ અને અજાણ્યે પણ પ્રેરતાં તત્ત્વો દૃષ્ટિબહાર સહેજે રહે. તમે અરીસા સામે જુઓ ત્યારે અરીસામાં તમારા સિવાય પાછળ જે કંઈ હોય તે પણ પ્રતિબિમ્બિત થાય છે, પણ તુલના કરીને લક્ષ્ય નક્કી કરો છો ત્યારે પેલા લક્ષ્યનું પ્રતિબિમ્બ બનવાની લેહમાં લક્ષ્યપાત્રને તમે અરીસો પણ રહેવા દેતા નથી.

કાટલાં કેવાં જડ હોય છે! સામા પલ્લે બટાટાં હોય કે ઘરેણાં હોય તેનો એ ભેદ કરતાં નથી, માત્ર વજન જ બતાવે છે. જેની સાથે તમે પોતાની તુલના કરો છો તે સામાજિક અર્થમાં વિશેષ થયા પછીયે માણસ તરીકેની સમતુલા જાળવી નહીં હોય, અને તેમને 'ધડો લેવા લાયક' બનાવી મૂક્યા હોય તો તે પણ પેલા કાટલાની જેમ બટાટા અને ઘરેણાનું સરખું તોલન કરે; આપણે સામાજિક અર્થને મૂલ્ય બનાવીએ ત્યારે આપણું મૂલ્ય રહે જ છે કે પરિસ્થિતિ રહેવા દે છે? પણ અસૂયા અને કોલાહલભર્યા સંસારમાં એવી આશા રાખીએ તો તે ''આશા' જ રહે.

આપણે જીવીએ છીએ એ સંસારમાં કેટલા સંઘર્ષ, બેચેની, વધારે પડતી ઉતાવળ, અસ્વાભાવિક ગતિ અને ધ્યેયલક્ષિતાને નામે પાગલ દોડ પણ જોઈ શકાય છે. અનુકરણ કોઈ સ્વતંત્ર પ્રતિભા નિપજાવી શકે નહીં, અન્ય વિશેષ પ્રત્યે આદર તો હોય જે અને તમે એમને વિશેષ ગણતા હો તો વિશેષને અનન્ય રહેવા દો પણ તુલના અને ધ્યેય અને અનુકરણ તેમને અજોડ રહેવા દેવાની ના પાડે છે, કારણ કે તમે એની જોડ બનવા ચાહો છો. પરંતુ તેના જેવા ગણિતે હોય, તે કરોડપતિ, તમે કરોડપતિ, તે ઉદ્યોગપતિ-તમેય તેવા-આમ તુલનાપ્રેરિત અનુકરણ કોઈને સ્વતંત્ર રહેવા દેતું નથી. છતાં સમાનતા તો સ્થૂળ જ હોય છે. એ સમાનતા વજનના સ્થૂળ ધડા કાટલાં બતાવે છે.

આ વૈવિધ્યસભર ભાતીગળ જગત ધીરે ધીરે નીરસ, એકરૂપ બનતું જાય છે એ તરફ ધ્યાન જાય છે ખરું? વાસ્તવમાં દરેક વ્યક્તિ સ્વતંત્ર હોય છે, કૌટુંબિક પરંપરા, આનુવંશિક સંસ્કારો, નિશ્ચિત પરિવેશ હોવા છતાં તુલના અને અનુકરણ વિના સ્વતંત્ર વ્યક્તિત્વ નીખરી આવે છે. વાલ્મીકિ એ પરંપરાની નીપજ નથી. સહજપણે આ વ્યક્તિમાં કૌટુંબિક, જ્ઞાતિપરંપરા બહારના ઉન્મેષ હોઈ શકે છે અને એ જ મહત્ત્વનાં હોય છે. મૌલિક વ્યક્તિત્વમાંયે કોઈ બહારની પ્રેરણાએ કામ કર્યું અને તેમાંથી જ સ્વતંત્ર વ્યક્તિત્વ ધીરે ધીરે ઊપસતું આવ્યું હોય એમ બને. અનાયાસ નીખરતી આવતી મૌલિકતામાં મૂળ જીવપદાર્થમાં બહારના તેજનો અનાયાસ ઉમેરો થતો હોય અને થાય છે. ખુલ્લા પ્રકાશમાં તમે ઝીણા અક્ષરો પણ ઉકેલી, વાંચી શકો અને નક્કી કર્યા વિનાની અનાયાસ શોધ હોય તો ન ઉકેલાતા શબ્દો પણ ઉકેલાતા જવાય છે. આમાં આપણે પ્રકાશનો યોગ્ય ઉપયોગ કર્યો, એમાં અનુકરણ અને સ્પર્ધા નથી. પ્રત્યેક સમયે, ગ્લાનિના સમયમાંયે તેજનાં બિન્દુઓ તો હોય જ છે, અનાયાસ તમે એમની હાજરી અનુભવો તો અનુકરણ કે સ્પર્ધા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

હું મારા સામાન્ય સ્થિતિના મિત્રને મળવા જાઉં છું, તેનું ઘર હવેલી પાસે આવેલું છે, પણ મને તો ત્યાં મૈત્રી લઈ જાય છે અને એ જ મહત્ત્વની હોય છે, તે હવેલી સાથે મિત્રના સાવ સામાન્ય ઘરની તુલના કરતો નથી.

માણસે સફળ તો થવું જોઈએ માણસ તરીકે અને પ્રામાણિક અને ખંતીલો કાર્યદક્ષ ચોક્કસપણે અને પોતાની રીતે જીવી તો શકે જ, પણ હવે બીજાની રીતે જીવવાનો આદર્શ આવ્યો છે. એ બીજો માણસ એટલે ધંધે કે કારકિર્દીએ આદર્શ : અહીં જ લક્ષ્ય અને મોડેલ આવે છે. પેલો કઈ પ્રામાણિકતાથી સફળ થયો છે એની શોધ કરતાં તે કઈ કઈ યુક્તિથી સફળ થયો છે એ અભ્યાસનો વિષય બને છે. સમાન ધંધા હોય ત્યારે બીજાની નીતિરીતિ પર ધ્યાન અવશ્ય રહે, તંદુરસ્ત સ્પર્ધાયે રહે, પણ વાસ્તવમાં તો એ પોતાની લાઈન કે કારકિર્દીની બાબત હોય, કોઈ એકને મોડેલ બનાવી તેની તુલનામાં આગળ વધી જવાની દોડ હોય નહીં. આજે જીવનમાં સફળતા ચીંધનારા પયગંબરો (!) યે બહાર આવ્યા છે અને એમનાં પાઠ્યપુસ્તકો અમેરિકી હોય છે. તે કૃત્રિમ સજ્જતાની ફોર્મ્યુલા બતાવે છે. તે સ્વાભાવિક અને અનાયાસ નહીં પણ

(અનુ. : જુઓ પાના નંબર-૩૬ ઉપર)

## કચ્છી સુભાષિતો

કારા કોયલ કાગડો, જુદ્ધા બીંજા રાગ;
હિકડી વાણી મનહરે, બૈ ધિલમેં ચાંપે આગ. ૧
ગજે કન્ના વધુ ના થીજે, તેંજો કજે ન તંત;
હજાર ઉંદર હુંએં ભલેં, બધેં ન મિન્ની કે ઘંટ. ૨
સુક્કી માની ઘરજી, તેંતે સભર કજે;
મોંઘીયું મીઠાયું પારક્યું, તેંતેં ન ગજજે. ૩
જે વહાણતે ચડજે, તેંજી ગોરજે મ્હેર;
ધરીયામેં વૈઈ મગર સેં, કડેં ન કજે વેર. ૪
ઠકા ઠેકર ને ઠાકરા, તેનું રોજે દૂર;
અદ્ધ વિચ્ચ મેં ફસીપેં, પાણી સંધે પૂર. ૫
ગાંજાઈ - ધારૂડીયો ભલો, તેનું ભલો નાગ;
બૂરે મેં બૂરો દીઠ્ઠો, વેસાઘાતી વાઘ. ૬
છોરે સંધી ઠીસરી, અજાણી સેં ગાલ;
વ્યાજખાઉ વાણીયો, કડેં ન કરીંયે ન્યાલ. ૭
કંધા હુંઓસે નિત્ત કજે, નંઈ ન કજે ચાલ;
અજાણ પાણી મેં બૂડેં, નર વાહન ને માલ. ૮
કંટક મત્થે કુમળો, તોળે પણ ડે સુગંધ;
તીંય કડવા સજ્જનતાં ભલા, જેં જા હિકડા દંધ. ૯
નીમ-બાવર ને આમરી, જુદ્ધા મીણીજા રંગ;
કડવા ખટ્ટા ને મીઠ્ઠા, તેળા ડીં પ્રસંગ. ૧૦
દુઃખીયેં જે દુઃખ મત્થા, કડેં ન કજે ખીલ્લ;
કડેં સમય પાંજો અચે, તડેં થીયે ધીલ્લ. ૧૧
છડે ન સજ્જન સજ્જનતા, મીલે ભલેં કીં ત્રાસ;
ચંદન કે ભલેં બાર્યો, બરધે ડે સુવાસ. ૧૨
દુર્જન છડે ન કુટણકો, આંજણ છડે ન કારાસ;
સાજન હેત છડે ન કીં, હીરો છડે ન ધોરાસ. ૧૩
સમો સુંજણી ગાલ કજે, ઠલા ન કઢજે વેણ;
સોનજી ઝાર પે પાણીમેં, તેંમેં કેળા વયેણ. ૧૪
મીઠ મીઠડાં સકર મધુ, તેનું મીઠડો ખીર;
અને ખીરનું મીઠો લગે, સુપુત્ર બાવન વીર. ૧૫
ગંગા જલ પવિત્ર ઘણે, પવિત્ર સમુદ્ર વીર;
અધમ નિવારણ પવિત્ર જન, અખ્ખ આંસુજા નીર. ૧૬
ઘોડે ભલે ચોંકડો, ઉઠ્ઠકે ભલીત માળ;
હાથી કે અંકુશ ભલો, યાચક ભલો દાતાર. ૧૭
વિચાર વિગર માડુઆ, મંઢ જે પગ ન મૂળ;
મંઢે પુઆ ન હટજે, દલ-બલ પ્રાક્રમ શૂર. ૧૮
સપ-પાણીને અગનજો, કજે ન કો વિશ્વાસ;
કને કડેં વિશ્વાસતાં, નોતરીને તું નાસ. ૧૯
ઘરમેં ખરીયું બાયડીયું, બેજે હલ્લેં ચાલ;
શેગ ન ચડે ગાલકો, થઈ વિને પાયમાલ. ૨૦

*રશ્મિનનો રણકાર : ભાગ-૧ માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

**DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN**

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

વિશ્લેષણ

# યુદ્ધખોર પુરુષભક્તિનું પ્રદર્શન

ફાધર વર્ગીસ પોલ

શેક્સપિયર 'જ્યુલીયસ સીસર' માં કહે છે, "પ્રિય બ્રુટસ, આપણા ગ્રહોનો દોષ નથી, દોષ આપણો પોતાનો છે; આપણે યુદ્ધખોર નરાધમો છીએ." (The fault, dear Brutus, is not our stars, but in ourselves, that we are underling.)

'નિર્ભયા' સાથે ક્રૂર રીતે દુષ્કર્મો કરીને એને મારી નાખનાર બળાત્કારીઓની બાબતમાં શેક્સપીયરની વાત સો ટકા સાચી છે. એ જ રીતે પોતાના આચારવિચારથી યુદ્ધખોર પુરુષભક્તિમાં (Male Chauvinism) માનતા દરેક માણસને પણ શેક્સપીયરની વાત લાગુ પડે છે.

મૃત 'નિર્ભયા' નાં દુઃખી માબાપે પોતાની વહાલસોયી દીકરીનું ખરું નામ જ્યોતિ સિંહ આપ્યું છે. પિતા બદ્રિનાથ સિંહે કહ્યું છે કે એમની દીકરી પર બનેલી દસ્તાવેજી ફિલ્મ દરેક જણે જોવી જોઈએ.

પોતાના શ્રેષ્ઠ કામ માટે પારિતોષિક મેળવનાર લેસ્લી ઉડવીને બીબીસી વતી જ્યોતિ સિંહ અંગે દસ્તાવેજી ફિલ્મ બનાવેલી છે અને બીબીસી દ્વારા માર્ચની ચોથી તારીખે 'ઇન્ડિયાસ ડૉટર' નામે એનું પ્રસારણ પણ કરવામાં આવ્યું છે.

સરકારે એ દસ્તાવેજી ફિલ્મ ઇન્ડિયામાં પ્રસારણ કરવાની મનાઈ ફરમાવી છે. પણ તે મનાઈ પહેલાં 'ઇન્ડિયાસ ડૉટર' 'યુ ટ્યુબ' માં પ્રસારિત થઈ ચૂકી હતી. દેશવિદેશના મિત્રો વચ્ચે એની વહેંચણી પણ થઈ હતી.

સરકારની મનાઈના હુકમે એ દસ્તાવેજી ફિલ્મને ખૂબ પ્રસિદ્ધિ અપાવી છે. 'ઇન્ડિયાસ ડૉટર' એક વાર જોયા પછી આ લેખ લખવાના હેતુથી મેં બીજી વાર 'યુ ટ્યુબ' પર જ્યોતિ સિંહ અંગેની દસ્તાવેજી ફિલ્મ જોઈ. એમાં મુખ્યત્વે ત્રણ પાત્રોનો ચોટદાર સંવાદ છે. પાત્રો છે જ્યોતિનાં માબાપ બદ્રિનાથ સિંહ અને આશા દેવી. ત્રીજું પાત્ર બળાત્કારી યુવાન કેદી મુકેશ સિંહ છે.

સામાજિક અને કૌટુંબિક પરંપરાથી ભિન્ન મનઃસ્થિતિ ધરાવતાં બદ્રિનાથ અને આશા દેવી વિકાસાત્મક વિચારો અને સુધારાત્મક સંસ્કારો ધરાવે છે. એટલે તેમણે જ્યોતિના જન્મ વખતે છોકરાના જન્મ જેટલી ખુશી માની એની ઉજાણી કરી હતી. છોકરીને ભણાવવાનો વિરોધ કરતા સમાજમાં રહીને જ્યોતિનાં માબાપે એમનાં સગાં ભાઈબહેનોનો વિરોધ હોવા છતાં વારસામાં મળેલી જમીન વેચી દઈને જ્યોતિના ઉચ્ચ તબીબી શિક્ષણની ફી ભરી હતી.

બદ્રિનાથ અને આશા દેવીની વાતચીતમાંથી માની શકાય છે કે તેમના ને તેમની દીકરી વચ્ચે નિખાલસ પ્રેમસંબંધ હતો, ઊંડી સમજૂતી હતી, પરસ્પરનું આદરમાન હતું. તેઓએ પોતાની દીકરી જ્યોતિ સાથે મિત્રભાવ રાખ્યો હતો.

બીજી બાજુ બળાત્કારના આરોપી કેદી મુકેશની વાતચીતમાં પુરુષ પ્રધાન મનઃસ્થિતિ (Patriarchal mentality) જ નહિ પણ યુદ્ધખોર પુરુષભક્તિની ઘોષણા થાય છે. મુકેશની વાતમાં "બાળકો અને ગધેડાની જેમ સ્ત્રીઓને પણ તાડનને પાત્ર" માનતી ભારતીય મનઃસ્થિતિ છતી થાય છે. એને એક નરી વાસ્તવિકતા તરીકે સ્વીકારવા અને એને બદલવા તરફ વિચાર કરવાને બદલે કે ગૃહમંત્રી રાજનાથ સિંહે સંસદમાં કહ્યું કે, "બળાત્કારી મુકેશની વાત સ્ત્રીઓનાં ગૌરવ અને અસ્મિતા માટે પૂરેપૂરી અપમાનજનક અને હાનિકારક છે" (Highly derogatory and an affront to the dignity of women)

ખરું છે કે 'ઇન્ડિયાસ ડૉટરે' ભારતમાં સ્ત્રીઓને સામને કરવાની આવતી ખતરનાક પરિસ્થિતિ અને ભયાનક મનઃસ્થિતિને વાચા આપી છે. પણ ભારતના આ નગ્ન સત્યને છુપાવવાથી કે એને બળાત્કારી મુકેશ જેવા કેટલાક પકડાયેલા ગુનેગારો પૂરતું મર્યાદિત ગણવાથી કશુંય વળવાનું નથી. વાસ્તવિકતા શી છે? 'ઇન્ડિયાસ ડૉટર' ફિલ્મ જણાવે છે કે, "ભારતમાં દર વીસ મિનિટે એક બળાત્કાર થાય છે!"

સરકારના એક મંત્રીએ કહ્યું છે કે, 'ઇન્ડિયાસ ડૉટર' દસ્તાવેજી ફિલ્મ "ઇન્ડિયાની બદનક્ષી કરવાનું એક કાવતરું (a conspiracy yo defame india) છે.

જ્યોતિના પિતા બદ્રિનાથે કહ્યું કે, "દરેક જણે આ ફિલ્મ જોવી જોઈએ." જ્યોતિનાં માતા આશાદેવીએ કહ્યું કે, બળાત્કાર કેદી મુકેશ જેવો વિચાર કરનાર ફક્ત મુકેશ એકલા નથી. મુકેશની વાત સ્પષ્ટ કરે છે કે સ્ત્રીઓ પર બળાત્કાર ગુજારનાર ઘણા બધા છે, પણ બળાત્કારના ગુના માટે પકડાનાર ખૂબ ઓછા છે. શું આવી બધી વાતમાં બદનક્ષી છે? બળાત્કારના ગુના માટે પકડાયેલા અપરાધીઓ પૈકીના ઘણા બધાએ બળાત્કારો કર્યા છે પણ એમાં ખૂબ ઓછાં દુષ્કૃત્યો માટે કેસ, કેદ અને શિક્ષા થાય છે. શું આવી બધી વાસ્તવિક પરિસ્થિતિ રજૂ કરવા અને એ અંગે વાત કરવામાં ઇન્ડિયાની બદનક્ષી છે?

મુકેશે કહ્યું કે બળાત્કારનો ભોગ બનનાર જ્યોતિએ રાત્રે બહાર નીકળવું નહોતું જોઈતું અને બળાત્કાર સામે લડવું જોઈતું નહોતું. મુકેશની આ વાતથી ભારતની બદનક્ષી થાય છે? બળાત્કારોનો બચાવ કરનાર એક વકીલ કહે છે કે, સંસદ લોકસભામાં બળાત્કાર, હત્યા જેવા ગુનાઓ કરનાર ૨૫૦ જેટલા આરોપીઓ અને ગુનેગારો છે. તેમની બધાની સામે કેમ કાયદાકીય પગલાં લેવામાં આવતા નથી? બળાત્કારી મુકેશ પૂછે છે કે કેમ ફક્ત તેમને ફાંસીની શિક્ષા થાય છે; કેમ બીજાને નહીં? બધા બળાત્કારીઓને કાયદા મુજબ શિક્ષા થવી જોઈએ. શું આવી હકીકતો કે આવી હકીકતો સામેના પ્રશ્નોથી ભારતની બદનક્ષી થાય છે?

બચાવ પક્ષે એક વકીલ કહે છે કે, “આપણી સંસ્કૃતિ ઉત્તમ છે. એમાં સ્ત્રીઓ માટે કોઈ સ્થાન નથી.” આવી વાતથી સરકારની નામોશી થાય છે કે સરકારે ‘ઇન્ડિયાસ ડૉટર’ પર પ્રતિબંધ મુકાવ્યો છે?

ખરી વાત એ છે કે જ્યોતિસિંહ ‘ઇન્ડિયાસ ડૉટર’ નથી. ઇન્ડિયાની દીકરી કહ્યાકારી છે. તેને કુપોષણના ભોગ બનવું પડે છે. તેને શિક્ષણનો કોઈ અધિકાર નથી. બાળપણમાં તેનું લગ્ન કરી દેવામાં આવે છે. દહેજ માટે એને મારી નાખવામાં આવે છે. એનાં પોતાનાં કોઈ આશા-અરમાનો નથી. એને માના ગર્ભમાં સ્ત્રી-ભ્રૂણ હોવાને કારણે મારી નાખવામાં આવે છે. એ દસ્તાવેજી ફિલ્મમાં કહેવામાં આવે છે કે એક વાર મહારાષ્ટ્રના મુંબઈમાં કાઢી નાખેલા ૧૦,૦૦૦ ગર્ભમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે એમાં ૯,૯૯૯ ગર્ભ સ્ત્રી ભ્રૂણ હતા! જ્યોતિસિંહ આ પ્રકારની ‘ઇન્ડિયાસ ડૉટર’ નહોતી. જ્યોતિનો જન્મ એમનાં માબાપે ખૂબ આનંદથી વધાવ્યો હતો. છોકરો જન્મ્યા જેટલા ઉમંગથી તેઓએ જ્યોતિના જન્મની ઉજવણી કરી હતી.

લેસ્લી ઉડવીનની દસ્તાવેજી ફિલ્મ તો મુકેશ, એમના ભાઈ રામ, વિનય, અક્ષય અને પવન જેવા ઇન્ડિયાસ સન્સ (ભારતના દીકરાઓ) અંગે છે. તેઓ નાનાં મોટાં શહેરોના ઝૂંપડપટ્ટીવાળા વિસ્તારોમાં રહે છે. તેઓ હંમેશ માટે સમાજના તિરસ્કૃત લોકો છે. તેઓ શહેરોમાં રખડીને ચોરી, લૂંટફાટ જેવા ગુનાઓ કરે છે. ગુંડાઓ, ગુનેગારો, સમાજનાં અન્ય અસામાજિક તત્ત્વો સાથે તેમની ગણતરી થાય છે. તેમના પ્રારબ્ધમાં ગરીબાઈ છે. ઝગડો અને દાદાગીરી તેમનો રોજિંદો અનુભવ છે.

આ ‘ઇન્ડિયાસ સન્સ’ કોઈ જંગલનાં પ્રાણીઓ નથી. ખરું છે કે તેમને સમાજના હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે. પરંતુ તેઓ જીવનનાં બધાં આશા-અરમાનોથી ત્યજી દેવાયેલાં સામાન્ય માનવીઓ છે.

એક વાર એક ગરીબ છોકરો જ્યોતિની નાની થેલી છીનવી લઈને ભાગ્યો હતો. પોલીસે એને પકડીને મારપીટ કરતા જોઈને જ્યોતિએ એને બચાવીને પૂછ્યું, “બેટા, તું કેમ આવું કરે છે?” છોકરાએ કહ્યું કે, “મારે પણ તમારી જેમ સારાં કપડાં પહેરવાં ને પગે ચંપલ પહેરવાં અને સારું ખાવાની ઇચ્છા છે.” જ્યોતિએ એને માટે સારાં કપડાં, ચંપલ અને ખાવાનું ખરીદી આપ્યું; અને સમજાવ્યું કે ચોરી કરવી ન જોઈએ. આવી વાતો સરકારની દૃષ્ટિએ બદનક્ષીનું કારણ હોઈ ન શકે.

ભારતની બદનક્ષીનું ખરું કારણ ‘ઇન્ડિયાસ સન્સ’ ની મનઃસ્થિતિ છે. ભારતની પુરુષપ્રધાન સંસ્કૃતિમાં પુરુષોનું અમુક પ્રકારનું માનસિક વલણ છે. એ વલણ, એ મનોદશા બળાત્કાર કેદી મુકેશની વાતમાં, બળાત્કારોનો બચાવ કરનાર વકીલોની વાતમાં સ્પષ્ટ થાય છે. એ મનઃસ્થિતિમાં સ્ત્રીઓનું આદરમાન નથી. સ્ત્રીઓને સમાનતા કે એવો કોઈ હક્ક નથી. સ્ત્રીઓ હંમેશાં પુરુષોની આધીનતામાં રહેવી જોઈએ, પુરુષોના કહ્યામાં રહેવી જોઈએ, બસ.

‘ઇન્ડિયાસ સન્સ’ ની આ મનઃસ્થિતિ એક બીમાર સમાજનું લક્ષણ છે. એ વલણ એક અસ્વસ્થ અને રોગિષ્ટ સમાજની વ્યાધિ છે, બીમારી છે. એને નકારવાથી કે એના પ્રદર્શન પર ફતવા કાઢવાથી પ્રશ્નોનો ઉકેલ આવતો નથી. રોગિષ્ટ સમાજમાં સુધારો થતો નથી. માણસમાત્રની બીમારી દૂર થતી નથી. આ મનઃસ્થિતિ બદલવા માટે વાસ્તવિકતાનો સૌ પ્રથમ સ્વીકાર થવો જોઈએ. બીમાર માનસિકતા બદલવાના માર્ગો શોધવા જોઈએ. ભૂખમરો હટાવો. ગરીબી દૂર કરવાનાં પગલાં લો. વિકાસને નામે ઝૂંપડપટ્ટીઓ પર બુલડોઝર ફેરવવાથી સુધારો થતો નથી, વિકાસ થતો નથી. પણ ગરીબોને શિક્ષણ આપો, સમાન તક આપો, સમાન હક આપો. રોજીરોટી, કપડાં ને મકાન જેવી લોકોની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવાનાં કામમાં અધિકારીઓની નિષ્ક્રિયતા હટાવો. રિશ્વતખોર રાજકારણીઓ અને સરકારી બાબુઓને જેલના સળિયા પાછળ ધકેલી દો.

‘ઇન્ડિયાસ ડૉટર’ ફિલ્મમાં જ્યોતિના પિતા બદ્રિનાથ કહે છે : “અમારી દીકરીએ સમાજને પોતાના ખરા ચહેરાનું દર્શન કરાવ્યું છે. તેમણે ઘણી યુવાન છોકરીઓનું જીવન બદલી નાખ્યું છે. પોતાના મૃત્યુ પછી પણ જ્યોતિ બીજા માટે પ્રેરણાસ્રોત બની રહી છે. તેઓ એ શેતાન બળાત્કારીઓ સામે લડી છે અને અમારી દીકરીમાં અમે ગર્વ લઈએ છીએ.”

યુદ્ધખોર પુરુષભક્તિ (Male Chauvinism) ને આધીન રહેતા લોકો માટે, ખાસ તો સરકારના સત્તાધારીઓ માટે ‘ઇન્ડિયાસ ડૉટર’ એક પડકાર છે. પુરુષપ્રધાન મનઃ સ્થિતિના પ્રવાહ સામે તરવાનો પડકાર છે. ઊઠો, જાગો, આપણે પુરુષપ્રધાન મનઃસ્થિતિથી સભાન બનીને બધા માણસોને, વિશેષ તો સૌ સ્ત્રીઓને આદરમાન આપીએ. બધાની સમાનતાઓનો સ્વીકાર કરીએ. બધાનો સમાન હક માન્ય રાખીએ. જ્યોતિનું મૃત્યુ એળે જવા ન દઈએ. ચાલો, ‘ઇન્ડિયાસ ડૉટર’ સામેના પ્રતિબંધ ઉઠાવી લઈએ.

*ગુર્જરવાણી, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કૅમ્પસ*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૨૬૩૦૦૧૨૭*

સંસ્મરણ

# કવિવર – પૃથ્વીની લગોલગ

મીરા ભટ્ટ

"એકલતાના ભારે મોટા પહાડને માથા પર લાદી, હું કેવી રીતે જીવી રહ્યો છું તેનો અંદાજ મેળવવો તારા માટે મુશ્કેલ છે. સાવ અચાનક, અણધારી આવી મળેલી અસાધારણ કીર્તિના પરિણામે આજે મારી આ હાલત છે. હું એક એવો અભાગિયો પ્રદેશ છું, જ્યાંની ધરતીના પેટાળમાંથી કોલસાની ખાણ મળી આવવાની જાણ લોકોને થઈ ગઈ છે અને એટલે એ પ્રદેશની ધરતી પર ખીલતાં ફૂલો તરફ હવે કોઈનું જરીક ધ્યાન નથી. હવે તો એ ધરતી ઉપરનાં જંગલો ધડાધડ કપાઈ રહ્યાં છે અને પેટાળમાં રહેલા ખજાનાને હાથવગો કરી લેવા લાલચુ નજરો ઉપરની ધરતીને ઉજ્જડ, વેરાન કરી રહ્યા છે. હા, પેટાળમાં ખાણ પડી છે એના સમાચારે મારી બજારુ કિંમત બેહદ વધારી મૂકી છે, પરંતુ એને લીધે મારા જીવનનું અંગત મૂલ્ય સાવ લૂંટાઈ ગયું છે. જીવનના આ અંગત મૂલ્યને મારું તરફડતું હૃદય શોધ્યા કરે છે. કોઈક નારીનો પ્રેમ જ મને મારા આ અમૂલ્ય મૂલ્યનો ભેટો કરાવી શકે...આજે હું અનુભવી રહ્યો છું કે મારી આ અમૂલ્ય ચીજ મને તારા તરફથી મળી રહી છે. મારા પેટાળમાં હું શું શું સંભાવનાઓ સમાવીને બેઠો છું તેને માટે નહીં, પરંતુ આજે હું જે કાંઈ છું તેને માટે હું સ્વીકારાઈ રહ્યો છું તેવું મને લાગે છે. મારા જીવનની અત્યંત જરૂરી બાબત આજે એ ક્ષણે મળી રહી છે, જ્યારે મને તેની તાતી જરૂરિયાત હતી, તેની મને ભારે પ્રસન્નતા છે."

આમ તો પ્રત્યેક પ્રેમપત્ર પોતે પોતાનામાં એક અનુપમ ચીજ હોય છે. તેમાં વળી આ પ્રેમપત્ર તો લખાયો છે પૃથ્વી પરના એક અત્યોત્તમ કવિવરના હાથે. રવીન્દ્રનાથની યુવાનીમાં લખાયેલો આ પ્રેમપત્ર નથી. આ પત્ર તો લખાયો છે, તેમના જીવનની ૬૩મી જીવનસંધ્યાએ.

માનવના જીવનમાં વિજાતીય સાથીનું મહત્ત્વ તો હર કોઈએ અનુભવ્યું હોય છે પરંતુ જીવનના સત્ય, સૌંદર્ય અને માંગલ્યનાં ઉત્તુંગ શિખરો પર પહોંચેલા એક હૃદયને પણ નારીના સુકોમળ સહવાસનો અભાવ કેટલી હદે પીડે છે તેની સાક્ષી ઉપરનો પત્ર પૂરે છે. આ પત્ર દ્વારા કવિવરના જીવનનું એક અપ્રગટ ભંડકિયું ખૂલે છે.

તાજેતરમાં સાહિત્ય અકાદમી તરફથી કેતકી ડાયસન નામની લેખિકાનું "In your blossoming flower-garden" નામનું પુસ્તક પ્રગટ થયું છે, જેમાં ગુરુદેવના વિક્ટોરિયા ઑકેમ્પો નામની એક વિદેશી યુવતી સાથેના નાજુક સંબંધો અંગેનાં સંશોધનાત્મક વિવરણો છે. પોતાનો વહેમ એ માત્ર વહેમ નથી, બલ્કે એક નકરી વાસ્તવિકતા છે તે સાબિત કરવા અનેક ઘટનાઓ તથા અપ્રગટ પત્રો, ડાયરીના અંશો મેળવવાની જહેમત લેખિકાએ ઉઠાવી છે. ગુરુદેવ તેમજ વિક્ટોરિયા બંને પક્ષે આ સંબંધના મર્મને પ્રગટ કરતાં લખાણો તેમણે શોધી શોધીને રજૂ કર્યાં છે.

ઘટનાનો આરંભ થાય છે ૧૯૨૪ના ઉનાળાથી. રવીન્દ્રનાથ ટાગોરને 'ગીતાંજલી' નો નોબલ પુરસ્કાર પ્રાપ્ત થઈ ચૂક્યો છે અને દુનિયાભરમાં તેમની કીર્તિ ફેલાઈ ગઈ છે. આઝાદી સંગ્રામના શતાબ્દી સમારોહમાં હાજર રહેવા પેરૂ તરફથી ગુરુદેવને નિમંત્રણ મળે છે અને પોતાના વિદેશી સચિવ લીયોનાર્ડ એલ્મહર્સ્ટ સાથે ગુરુદેવ પેરૂ જવા નીકળે છે. દરિયાઈ રસ્તે જતાં વાટમાં જ ગુરુદેવને સખ્ત શરદી પકડી લે છે અને પરિણામે દક્ષિણ અમેરિકાનો એ પ્રવાસ અણધારી રીતે લંબાઈ જાય છે.

પ્રારંભમાં તો ઉતારો મળ્યો છે એક હોટલમાં, પણ ડૉક્ટરોની સૂચનાથી હવે તરત નીકળી શકાય તેમ નથી તેવી અખબારી ખબર પહોંચી જાય છે ગુરુદેવની એક અજાણ પ્રશંસિકા પાસે અને એ તાબડતોબ પોતાનો મૂલ્યવાન હીરો વેચી પ્લેટ નદીને કાંઠે વસેલા મોરાલ્રીયો નામના એક સુંદર મકાનને, ગુરુદેવને રહેવા માટે ભાડે રાખી લે છે.

આ અજાણી યુવતી છે - વિક્ટોરિયા ઑલિમ્પસ. ૧૮૯૦માં જન્મેલી આ વિક્ટોરિયાનો પણ એક ભૂતકાળ છે. 'દક્ષિણ અમેરિકામાં સ્ત્રી થઈને જન્મવું એટલે શું તેનો તમને અંદાજ નથી' - તેમણે પોતાના એક મિત્રને લખેલું. કુટુંબે ગોઠવી આપેલો લગ્નસંબંધ જીવનમાં શૂળ બનીને ઊગી નીકળ્યો છે. સંકુચિત ધર્મસંસ્થા અને વહેવારિયા સમાજ સાથેના પળેપળના સંઘર્ષમાંથી ગુજરી રહી હતી, તેવા ટાણે પૂર્વ દિશામાંથી 'ગીતાંજલિ' પુસ્તક રૂપે એક નૂતન સર્વોદય ઝળહળી ઊઠે છે અને જીવનની એક નવી ક્ષિતિજ ખૂલી જાય છે.

અને પછી તો કેવળ 'ગીતાંજલિ' નહીં, આખા રવીન્દ્રનાથને પામવા જે કાંઈ અનૂદિત સાહિત્ય પ્રાપ્ત થયું તે તમામ ઘોળીને પી ગઈ. પોતે પણ એક ઉત્તમ સાહિત્યકાર હતી. 'The joy of reading Rabindranath' નામનો લેખ લખી અંતરની લાગણીઓને વાચા આપી એ જ ૧૯૨૪ ના વર્ષમાં કવિવર પોતાના ઘરઆંગણે આવી પહોંચે છે અને અણધારી રીતે નિયતિ તેમને ઠેઠ અંતરના ગભારા સુધી પહોંચાડી દે છે.

બધું અણધાર્યું, અકલ્પ્યું ગોઠવાઈ ગયું. અત્યાર સુધી કવિવરના શબ્દદેહ સાથે અંતરનો ઘરોબો હતો. હવે તો એ જ કવિ પોતાને જ ઘેર પોતાના જ અતિથિ હતા. હૃદય કેમે કર્યું મુગ્ધાવસ્થાનો કાંઠો છોડતું નહોતું. મોંઘેરા મહેમાનને જમવા-રહેવા, સૂવા-બેસવાની કોઈ અગવડ ના પડે તેની ઝીણી ઝીણી વિગતો ધ્યાનમાં રાખી બધું સંભાળતી રહે છે. પરંતુ કોણ જાણે કેમ જીભ પર તાળું વસાઈ જાય છે. "મૈં તો ચૂપચૂપ ચાહ રહી" ની પરિસ્થિતિમાંથી એ પસાર થતી રહે છે અને આ બાજુ એનો પડઘો કવિવરના હૃદયમાં પણ ઝિલાય છે. આર્જેન્ટિનાની સાંસ્કૃતિક ભૂમિકાને સમજી શકાય તે માટે વિક્ટોરિયા વિવિધ આયોજનો પણ ગોઠવતી રહે છે. આર્જેન્ટિનાનાં સંગીત, કળા, નૃત્ય, સાહિત્ય જેવાં તમામ ક્ષેત્રોનો પરિચય ગુરુદેવ પામે છે, પરંતુ એમના હૃદયમાં એક સમીકરણ ધીરે ધીરે એવું દૃઢ થતું જાય છે કે આર્જેન્ટિના એટલે વિક્ટોરિયા ઑકેમ્પો. પોતાના મૃત્યુના બે વર્ષ અગાઉના એક પત્રમાં તેઓ લખે છે, "પ્લેટ નદીને કાંઠે આવેલા એ મકાનમાં થયેલા અમારા વસવાટની યાદ પાર કરવા અસંભવ એવા કોઈક સીમાડાનું નિમંત્રણ લઈને મારા અંતર સમક્ષ વારંવાર ઊભરાયા કરે છે. આર્જેન્ટિનાનો મારો એ નિવાસ મારા જીવનની એક અવિસ્મરણીય ઘટના છે."

બંને વચ્ચેના આ અનિર્વચનીય સંબંધના તાંતણાની નજાકતને કાંઈક વાચા મળી છે 'પૂરવી' નામના કાવ્યસંગ્રહમાં. આ જ મકાનમાં માંદગી ભોગવતાં ભોગવતાં અંતરની મથામણો અને અચાનક લાધી ગયેલી સંપ્રાપ્તિને વ્યક્ત કરતાં સ્પંદનો જે કાવ્યોમાં ઝિલાયાં તેને નામ મળ્યું 'પૂરવી', જે એક સાંધ્યરાગની છે. આ કાવ્યસંગ્રહ સમર્પિત થયો છે - 'વિજયાને'. વિજયા એટલે 'વિક્ટોરિયા'ના નામનું ભારતીય રૂપાંતર.

કાવ્યો તો લખાયાં બંગાળી ભાષામાં. એને સમજવાં કેમ? તો કવિવર એને અંગ્રેજીમાં પણ ઉતારે છે. કાવ્યો સર્જાય છે એ નોંધપોથીમાં ચેકાચેકી પણ થાય છે, પરંતુ એ ચેકાચેકીમાંથી અનાયાસ કોઈક આકારો પણ ઘડાતા રહે છે અને એમાંથી જ રવીન્દ્રનાથની અપ્રગટ રહેલી રેખાંકનકળાને પણ પ્રગટ થવાનો મોકો મળી જાય છે. પછી તો ૧૯૩૦માં વિક્ટોરિયા ચિત્રકાર ટાગોરનું ચિત્રપ્રદર્શન પણ પેરિસમાં ભરે છે અને ચારે તરફથી એ વખણાય છે અને બર્મિંગનું લંડન, બર્લીન, કૉપનહેગન, મોસ્કો, બોસ્ટન અને ન્યૂયોર્કમાં પણ ચિત્રપ્રદર્શનો ગોઠવાય છે અને ગુરુદેવને એક ચિત્રકળાકાર રૂપે વ્યાપકપણે પ્રશંસાપૂર્ણ સ્વીકૃતિ પ્રાપ્ત થાય છે.

વિક્ટોરિયાએ એક બીજી ભેટ પણ પોતાના પ્રિયકવિને આપી છે અને તે છે આરામખુરશી. આ ખુરશી પર બેસીને 'પૂરવી' નાં કાવ્યો લખાયાં છે. સ્ટીમરમાં આ ખુરશી લઈ જવા માટે ખાસ પરવાનગી મેળવવી પડે છે. કેબિનનું બારણું પણ મોટું કરાવવું પડે છે. જીવનનાં અંતિમ વર્ષો સુધી આ ખુરશી એ કવિવરની વહાલી બેઠક બની રહે છે. જેના પર બેસી અતીતના કોઈક અગાધ દરિયામાં અનેક વખત ડૂબી જવાય છે. એકાદ પત્રમાં ઉલ્લેખ પણ થઈ જાય છે, "નદી કાંઠે વસેલા એ રમણીય મકાનમાં હું હજુ વધારે રહું તેવું તું ઝંખતી હતી. પરંતુ તું જાણતી નથી કે મારી પણ એ જ ઝંખના હતી. કર્તવ્યની સભાનતાએ મને મારા એ પ્રિય ખૂણાથી દૂર ધકેલી મૂક્યો, પરંતુ મને ખાતરી છે કે ત્યાં મારા જીવનની ફૂલદાનીમાં જે પુષ્પો મહોરી ઊઠેલાં, તેની સુગંધ મારા બીજા અનેક કીર્તિવંતા મિનારા ધરતી પર ઢળી પડશે તેના પછી પણ તાજી રહેવાની છે. મારાં એ કાવ્યપુષ્પોની મહેક તને આભારી છે એ રહસ્ય ખૂબ ઓછા લોકો જાણશે."

પુસ્તકમાં વિજયાના ગુરુદેવ પરના પત્રો પણ સંઘરાયા છે. ૧૯૨૪ના નવેમ્બરના એક પત્રમાં એ લખે છે, "ફરી વખત કદીય જોવા ન મળે એવા સંજોગો ઊભા થાય તોય તમે તમારા ભારતના આકાશને કદી ભૂલી શકો? તમારા માટે જેમ આકાશ છે, તેમ તમે મારા આકાશ છો." બીજે લખે છે, "તમારાં પુસ્તકોને હું કેટલા ચાહું છું તેની ભાળ તો તમને કદી ને કદી મળી જશે. પરંતુ મને ડર છે કે હું તમને કેટલા ચાહું છું તે તમે કદીય નહીં જાણો, કારણ કે તમારાં પુસ્તકોનાં ભાષાંતર તો બીજા પણ કરી શકશે, પરંતુ મારા પ્રેમનું ભાષાંતર તો તમારા સિવાય બીજું કોણ કરી શકે? ભાષાંતર કરવા સમય જોઈએ અને તમારે તો હંમેશાં નિત્યનવાં કાવ્યો જ એટલાં બધાં લખવાનાં હોય છે. ગુરુદેવ, આટલું કદીય ના ભૂલશો કે તમે અહીં એવી એક વ્યક્તિને છોડીને જઈ રહ્યા છો, જે પોતાના તમારા તરફના પોતાના પ્રેમની કંઈક અભિવ્યંજના શોધવા મથી રહી છે."

બંને એકબીજા માટે ઝૂરે છે, એ ઝૂરણા અભિવ્યક્તિ પણ પામે છે. તો પછી વચ્ચે અંતરાય શો છે? લેખિકા કહે છે, "જીવનના ૬૩મા વર્ષે લગ્ન કરવા એ કદાચ કવિવર માટે સ્વીકાર્ય બને તેમ નહોતું. પોતે સામે ચાલીને તેવું કરે એ એમના માટે શક્ય નહોતું. સામે ચાલીને કશુંક થાય તો જ લગ્ન સંભવ હતાં. ઉછેરમાં જ અને સંસ્કારોમાં જ એવું કાંઈક હતું જે એમની પાસે એવું પગલું ન ભરાવે. પરંતુ તેમના આ બોલ સંન્યસ્ત જીવનના અંચળા હેઠળ એક અભાવ, એકાકીતા અને નારી માટેની ઝંખના સદા ધબકતાં રહ્યાં. એકતાળીસમા વર્ષે દાંપત્યજીવન સમાપ્ત થયું, પાંચ સંતાનોમાંથી ત્રણને અકાળે વિદાય આપવી પડી, પચાસ વર્ષ પહેલાં જ ઓચિંતી વિશ્વપ્રસિદ્ધિ આવી મળી. પરિણામે અંગત જીવન સારી પેઠે ખોરવાઈ ગયું અને આ કઠોર હકીકત કાયમ માટે બની રહી કે ઘેર જવા માટે ગુરુદેવને કોઈ ઠામ રહ્યું નહીં."

વિજયા ધારત તો વાત કદાચ આગળ વધી શકત, પરંતુ કોઈક કારણોસર પાછળથી વિજયા ગુરુદેવને મળવાનું હંમેશાં ટાળતી રહી તેની વિગતે નોંધ પુસ્તકમાં છે. આ રહસ્ય એટલે વિક્ટોરિયાનો કોઈક પ્રેમી પણ છે અને એટલે પોતે આવી શકતી નથી. આ વાત તે કદી ઉચ્ચારતી નથી. તેણે જો કહ્યું હોત તો કવિવરની ઘણી પીડા શમી જઈ શકત પરંતુ આ બાજુ વિક્ટોરિયાના જીવનની પણ કોઈક એવી અબાધતા છે જે એને બાંધી રાખે છે. પુસ્તકમાં એની વિગતો પણ છે.

પરંતુ બંને પક્ષની તમામ વાસ્તવિકતાઓ અને હકીકતો હોવાની સાથોસાથ જે સર્વોપરી હકીકત બનીને સતત ઊભી રહે છે તે છે બંને વચ્ચેનો પ્રગાઢ સંબંધ. આ સંબંધનું જે નામ પાડવું હોય તે પાડી શકાય. પરંતુ માનવસંવેદન કેટલું સૂક્ષ્મ છે, કેટલું unpredictable છે તેની દ્યોતકતા આ ઘટનામાં પ્રગટ થાય છે. વિક્ટોરિયા એના પત્રમાં ખૂબ સુંદર રીતે આ વાતને પ્રગટ કરે છે, ''તમે મને એટલું બધું આપ્યું છે, સતત આપ્યા જ કર્યું છે કે હું મારી જાતને કદી એ ઋણમાંથી મુક્ત કરી શકીશ નહીં. મારું સર્વસ્વ કદાચ લૂંટાઈ જઈ શકે, પરંતુ તમને મારી પાસેથી કોઈ કદી લૂંટી-ઝૂંટવી નહીં શકે. તમે અહીં રહેતા હશો ત્યારે આનંદ મને ઘેરી વળશે. તમે જ્યારે વિદાય લેશો ત્યારે પીડા મને ઘેરી વળશે, પરંતુ તેથી મારી હસ્તિના મૂળમાં કશું નહીં બદલાય. તમે રહો કે જાઓ, કોઈ ઘટના તમને મારી પાસેથી ઝૂંટવી લેવા સમર્થ નથી.''

''ખીલેલાં પુષ્પોના બાગ'' માં માનવહૃદયની જે ઊર્મિ તરંગિત થઈ છે, જે સ્પંદન ઝિલાયું છે તે પોતે જીવનનું એક નક્કર સત્ય છે. મહાન વિભૂતિ તરીકે જેમને આપણા હૃદયના ઊંચા સિંહાસન પર બેસાડીને આપણે પૂજતા હોઈએ તેમના જીવનની આવી કોઈ વાસ્તવિકતા પ્રગટ થાય છે ત્યારે તેને પચાવવી થોડી અઘરી પડે છે. પરંતુ આપણી કોઈને માટે અપેક્ષાઓ વધારે પડતી હોય તેથી કરીને તેના જીવનની વાસ્તવિક યથાર્થતા કાંઈ ઓછી સુંદર નથી થઈ જતી. સત્ય જેવું છે તેવું જ સુંદર છે. અપેક્ષાઓની સુંદરતા કરતાં યથાર્થની સુંદરતા અનેકગણી વધારે સુંદર હોય છે, કારણ કે તેનું હોવું એ જ ભારે મોટું સૌંદર્ય છે.

મૈત્રેયીદેવી પાસેથી આપણને 'સ્વર્ગની લગોલગ' ગુરુદેવ જોવા મળેલા. વિજયા-ગુરુદેવની લગોલગ નાજુક સંબંધની યથાર્થતા સ્વર્ગની લગોલગ પહોંચાડી દે તો તેમાં કોઈની કશી હાણ નથી. હાડચામના બનેલા રવીન્દ્રનાથની પાર્થિવતા પ્રગટ થતી હોય તો તેમાં પણ એટલું જ જીવન છે. જે જેવું છે તેવું પ્રગટ થાય, તેમાં જ સચ્ચાઈનું સૌંદર્ય છે અને તે જ છે સ્વર્ગ. કદાચ એ સ્વર્ગ ન પણ હોય, ભલે પૃથ્વી જ હોય તોપણ એ એટલી જ હૃદયંગમ છે, પ્યારી છે અને સુંદર છે. ગુરુદેવના જીવનની વાસ્તવિકતામાંથી રેલાયેલો આ પૂરવી રાગ જીવનના સૌંદર્ય-રહસ્યને પ્રગટ કરી બીજી રીતે પૃથ્વીવાસીને ધન્ય બનાવે છે તે બદલ આપણા પ્રિય કવિવરને ફરી ફરી ધન્યવાદ! વિરાટ વિશ્વ અને એ વિશ્વના રચયિતાને પ્રાણના તમામ કોશે કોશથી ચાહનારા ગુરુદેવ જેટલા પ્રિય અને પૂજ્ય છે તેટલા જ પ્રિય અને પૂજ્ય આ રવીન્દ્રનાથ પણ છે, જે વિશ્વના એક સુદૂર ખૂણામાં વસતી વિજયા નામની હસ્તીને પામવા પળેપળ ઝંખે છે, ઝૂરે છે. એક બાજુ ગુરુદેવના જીવનની ધરતી પર એક એવું વિશાળ વટવૃક્ષ અસીમ આકાશમાં પોતાની શાખા-પ્રશાખા પ્રસ્તારીને ફેલાયું છે અને બીજી તરફ એમના જીવનની ધરતીના કોઈક અજ્ઞાત ખૂણે એક નાનકડું તૃણાંકુર પોતાના પ્રાણના સમસ્ત સૌંદર્ય સમેત ફૂટી નીકળ્યું છે. જેટલું પેલું વિરાટ વૃક્ષ સાચું છે, એટલું જ સાચું આ તૃણાંકુર છે. તે પોતે પોતાનામાં વિસ્મયતાના દરિયા અને સંભાવનાના અનંત આકાશને સમાવીને પ્રગટ થયું છે. જીવનના ઉપાસકો માટે પેલા વિશાળ વૃક્ષ અને આ તૃણાંકુર વચ્ચે કોઈ ભેદ હોઈ ના શકે. જીવનનું જ સંગીત જેમણે જિંદગીભર ગાયું તેવા પરમ જીવનોપાસકના જીવનના આ સત્યને સમજવાનો પડકાર સામે ઊભો છે, તેને આવકારીએ.

*(લેખિકા સ્વ. મીરા ભટ્ટ હવે આપણી વચ્ચે નથી.)*

---

## માણસ એ પ્રોડક્ટ, પ્રોડક્શન નથી!!

**(અનુ. : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

પ્રાયોજિત નીતિરીતિ બતાવે છે. અને આ આયાતી અને પ્રાયોજિત દર્શન સફળતાનો રાજમાર્ગ હોવાનો તેના પયગંબરોનો દાવો છે! એટલે તો ગ્રાહકને હવે એકસરખો સારો અભિપ્રાય ન આપવા જેવા અનુભવ થયા છે. ગ્રાહકમાં નહીં પણ પોતાની પ્રાયોજિત ફોર્મ્યુલા પર વિશ્વાસ રાખવાનો પાયો રચાય છે. આ તો રોજ સવારે ઊઠીને નિશ્ચિતતાની નવી યુક્તિ કે શિકારી સજ્જતા કેળવવાની વાત થઈ. એક સરળ સહજ વાતને કેટલી યુક્તિ પ્રયુક્તિની જાળમાં ફસાવી દેવામાં આવે છે; પોતે ભૂતાવળ ઊભી કરી તેના પર અંકુશ રાખવાની સજાગતા અનિવાર્યતા સર્જી બહુ સજાગ, સાવચેત રહેવું પડે છે એવી ફરિયાદની સ્થિતિ ઉત્પન્ન કરવામાં આવે છે. હાસ્યાસ્પદ આપવડાઈની જાહેરાતબાજી તો ફુગાવાના શક્ય આંકને ક્યારનીય આંબી ગઈ છે. તુલના, તોલન અને સરસાઈના ચક્કરમાં ધંધાદારીઓ નહીં, ઊંચા નોકરિયાતો પણ સપડાયેલા છે. પોતાને, પોતાના ગ્રુપની સફળતા માટે, પ્રોજેક્ટ કરવામાં આવે ત્યારે માણસ જેવો માણસ પણ પ્રોડક્ટ અને પ્રોડક્શન જેવો અનુભવાય છે.

યુનિવર્સિટીની તુલનાત્મક અભ્યાસ ફેકલ્ટી કહે કે તમે કનુ મુનશીની ચૌલાદેવી અને ધૂમકેતુની ચૌલાદેવી નવલનો તુલનાત્મક અભ્યાસ કરો; જાણે સાહિત્યમાં તુલના થઈ શકે નહીં એવી સર્જકપ્રતિભા નથી એવું માની લેવાયા સિવાય આવી યોજના શી રીતે થાય? સાહિત્ય અને સાહિત્યપ્રેરિત સાહિત્યના ભાગલા સ્વીકાર્યા વિના આમ શી રીતે બને? પણ મૂળે કનૈયાલાલ મુનશી અને ધૂમકેતુની તુલના જ અશક્ય છે, તો એમણે રચેલા એક જ પાત્રની જુદી જુદી રચનાની તુલનાનો શો અર્થ છે? બે કાબેલ કુંભાર પોતાના ચાકડે એકસરખા બે કુંભ ઉતારી શકે, પણ અહીં કારીગીરી નહીં; સર્જકતા છે. મુનશી મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ છે, તે પ્રાયોજિત તત્ત્વ ઉમેરી શકે છે, ધૂમકેતુ ભાવાત્મક લાગણીશીલ છે, મહત્ત્વાકાંક્ષા જે ઉભારે છે તે તત્ત્વ એમનામાં નથી. તો એ વિશેષતા અને મર્યાદા બંનેએ રચેલી એક જ પાત્રની જુદી જુદી પ્રતિમામાં હોય. મુનશી અને ધૂમકેતુની તુલના ન હોય તો એ બંનેએ રચેલા એક જ પાત્રની તુલના હોય? અખંડ હિન્દુસ્તાનનો ટારગેટ રચનાર તેના પાત્રનોયે મહત્ત્વાકાંક્ષી ટારગેટ રચી પાત્રને ઉભારે - ધૂમકેતુમાં એવી કોઈ મહત્ત્વાકાંક્ષા, ગુજરાતભક્તિ સિવાય, ખરી? ■

સંસ્મરણ

# આનંદના ધોધની પાછળ વેદનાનું ઝરણું

લીલાધર માણેક ગડા

આજે ઢોલક પર બેઠેલો કલાકાર સાવ સ્થિતપ્રજ્ઞ થઈ બેઠો છે. તદ્દન નિર્લેપભાવે પણ તન્મયતાથી ઢોલક વગાડે છે. ઢોલી કંઠ્ય સંગીત પીરસનારને સંગત કરે છે. એ જ તલ્લીનતાથી શરણાઈ, જોડિયા પાવા ઈત્યાદિ વાદ્યો વગાડનારને સાથ આપે છે. લય અને તાલ ક્યાંય ચૂકતો નથી. ઢોલક પરની થાપમાં જરા પણ કચાશ નથી. શ્રોતાઓ પણ આજે ઢોલીનો નિરાળો મિજાજ અનુભવે છે. સ્થિર, નિસ્તબ્ધ અને પોતાનું અસ્તિત્વ ન હોવાનો અહેસાસ પણ કરાવે છે.

મુંબઈના મૈસૂર એસોસિએશન હોલમાં સંગીતનો કાર્યક્રમ રજૂ કરવા કચ્છના નામી-અનામી વીસેક કલાકારો પધાર્યા હતા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૦ સંધ્યાકાળે આ કલાકારો કંઠ્ય અને વાદ્ય સંગીત પેશ કરતા હતા, જેની પાર્શ્વભૂમિમાં કચ્છ અને સિંધ હતાં. આ ન હતું સુગમ સંગીત, હળવું સંગીત કે લોકભોગ્ય સંગીત. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૦ ના હમીરસર તળાવની પાળે કચ્છના એકસો જેટલા નામી-અનામી કલાકારોએ ૪૦૦૦ થી વધારે શ્રોતાઓ સમક્ષ પોતાની સંગીત કળા રજૂ કરી હતી અને શ્રોતાઓ મંત્રમુગ્ધ બની માણતા હતા. આ શ્રોતાગણમાં થોડાક મુંબઈથી પધાર્યા હતા અને એમણે લાલ રાંભિયા પાસે આ કલાકારો મુંબઈના શ્રોતાગણને પોતાની કલાનો આસ્વાદ કરાવે એવી વિનંતી કરી. આટલા મોટા કાફલાને મુંબઈ લઈ જવા, એમનો કાર્યક્રમ ગોઠવવો અને સાચવવા મુશ્કેલ કાર્ય હતું. એટલે એમાંથી ચયન કરેલા ઓગણીસ કલાકારોને મુંબઈ લઈ જવામાં આવ્યા હતા. જેમાં એક કલાકાર હતો ગામ વીરાણી, તાલુકા નખત્રાણાનો ઢોલકનો બજવૈયો પરબત જોગી.

પરબત જોગીના ઢોલકવાદન પર શ્રોતાઓ આફરીન થઈ ગયા. પરંતુ જોગી શ્રોતાઓના તાળીઓના ગડગડાટ અને વાહવાહના ઉદ્‌ગારો પ્રત્યે બેધ્યાન હતો. સાથી કલાકારો પણ સમજી શકતા ન હતા કે ઢોલક બજાવનાર જોગી કયા વિચારોમાં ખોવાઈ ગયો હતો? એ શેમાં અભિભૂત થઈ ગયો હતો?

કાર્યક્રમ પૂરો થયો. સ્ટેજ પર પડદો પડ્યો. સૌ કલાકારો ઊભા થઈ પરસ્પર અભિવાદન કરતા હતા કારણ કે આજનો શો સફળ થયો હતો અને શ્રોતાઓ વારી ગયા હતા ત્યારે...ઢોલી પરબત જોગી તખ્તાના એક ખૂણે ઊભો ઊભો ચોધાર આંસુએ રડતો હતો. સાથી કલાકારો એની પાસે ગયા અને રડવાનું કારણ પૂછ્યું તો પ્રત્યુત્તરમાં માત્ર મૌન. પરબતનું મૌન સાથેનું રુદન અકળવાતું હતું. કાર્યક્રમના આયોજક અને સંચાલક લાલભાઈએ પરબતને ખભે હાથ મૂકી રડવાનું બંધ કરવા કહ્યું અને કઈ ઘટના ઘટી છે જેથી તે રડે છે એવું પૂછ્યું. ત્યારે માંડ માંડ રુદન રોકી પરબત જોગીએ જે જવાબ આપ્યો તેથી સૌ સાથી કલાકારો દિગ્મૂઢ બની ગયા. પરબત જોગીએ હળવે સાદે જણાવ્યું "મુંજો અધા રજા ગેને વેઆ,' 'કેર, ક્યારે' જેના પ્રત્યુત્તરમાં પરબતે કહ્યું કે કાર્યક્રમ શરૂ થાય તેની થોડી મિનિટો અગાઉ મોબાઈલ પર સમાચાર આવ્યા હતા કે પિતાનું અવસાન થયું છે.

લાલભાઈએ પરબતને ઠપકો આપતા કહ્યું કે સમાચાર મળ્યા ત્યારે જો જાણ કરી હોત તો તેને તુરત જ કચ્છ મોકલવાનો પ્રબંધ કરવામાં આવત જેથી તે પિતાની અંતિમક્રિયા ટાણે હાજર રહી શકત.

પરબત જોગીએ ખૂબ જ સ્વસ્થ ભાવે જે પ્રત્યુત્તર આપ્યો તે કલાકારની તાસીરની પ્રતીતિ કરાવે છે. કલાકાર શ્રોતાઓ સાથેના પોતાના સંબંધોનું મૂલ્યાંકન ક્યા સ્તરે કરે છે અને એ મૂલ્યોની જાળવણી માટે શું કરી શકે છે તેનો અંદાજ શ્રોતાઓ બાંધી શકે નહીં. પરબત જોગીનું કથન :

"મને મોબાઈલ પર પિતાના અવસાનના સમાચાર મળ્યા ત્યારે હું હતપ્રભ થઈ ગયો અને એ ક્ષણે હું મનોમન મારા ગામ વીરાણી પહોંચી ગયો. મારા પિતાનો ખોળો, એનું વહાલ, એની વઢ અને મારાં સૌ સાંભરી આવ્યાં. મારું બાળપણ મને સાંભરી આવ્યું. મને પલભર થયું કે ઝટ રવાના થઈ કચ્છ પહોંચી જાઉં અને પિતાનાં છેલ્લા દર્શન કરી એને કાંધ આપું, અગ્નિદાહ કરું. હું ઘડીભર માટે સ્ટેજ પરથી બહાર આવ્યો. મેં જોયું કે સેંકડો શ્રોતાઓ આપણા કચ્છનું સંગીત માણવા આવ્યા હતા. અમ કલાકારો પ્રત્યેના વિશ્વાસ અને શ્રદ્ધાથી આવ્યા હતા. જેઓ સંગીતનો આનંદ લૂંટવા આવ્યા હતા એમનો આનંદ અધવચ્ચેથી લૂંટી લેવાનું મને કોઈ કારણ ન હતું. મેં આંખો મીંચી બે મિનિટ મૌન ધારણ કર્યું. મારા પ્રેમાળ પિતાને અંજલી આપી અને કચ્છમાં મોબાઈલ જોડ્યો. પરિવારજનોને પિતાની અંતિમક્રિયા માટે મારી વાટ ન જોવાનું કહી, અગ્નિદાહ આપવા વિનંતી કરી બધી વિધિઓ પતાવી લેવા જણાવ્યું. મેં મારા અંતરાત્માને ઢંઢોળી પૂછ્યું કે હું જે કરું છું તે ઠીક છે ને? અને માંહ્યલાએ

(અનુ. : જુઓ પાના નંબર-૪૦ ઉપર)

સંસ્મરણ

# મળેલા જીવ

રસિક મહેતા (પારેખ)

બિલ્ડર તરીકે બાંધકામનો મારો વ્યવસાય અને મારે જ્યાં-જ્યાં નવા બિલ્ડિંગનું બાંધકામ શરૂ કરીએ ત્યાં-ત્યાં એ મકાનના પાયા ગાળવાના કામ માટે આ નાનજી હરિજન જ હોય. ઊંચો એકવડો બાંધો, ઘઉંવર્ણો વાન, જૂનું મેલું-ઘેલું પેન્ટ, ઉપર ઈન કર્યા વગરનું ખમીસ અને ઉપર પાછો મેલો ફાટેલ કોટ અને માથે સફેદ એવી જ મેલી ટોપી. હાથમાં બંધ પણ ન થઈ શકે એવું ચેન વગરનું જૂનું પાકીટ અને કાંડે જૂનું ઘડિયાળ. આ નાનજી હરિજનનો ઠાઠ.

એ સમયે પાયા વગેરે ખોદવા માટે જે.સી.બી. કે એવાં કોઈ સાધન ન હતાં. પણ નાનજી હરિજન પ્રામાણિક, એટલે કોઈ ભાવતાલ કરવાનો ન હોય કે માપ પણ કરવાનું ન હોય. નાનજી ભરે એ ભાવ, એ કહે એ માપ અને એ કહે એ હિસાબ. ક્યાંય ખોટું ન હોય. પણ મારા સ્વભાવ પ્રમાણે મેં જ્યારે-જ્યારે ચેક કરેલ ત્યારે-ત્યારે બીજા પાયા ગાળવાવાળા કરતાં તેનો ભાવ હંમેશાં થોડો ઓછો જ હોય અને માપ પણ વાજબી જ હોય. આવો આ નીતિમાન નાનજી હરિજન જ્યારે તેની બૈરી સાથે (તેની પત્ની હંમેશાં તેની સાથે જ હોય) આવે ત્યારે જાણે તેની સાથે ભવોભવનો સાથ હોય એમ એ વર્તે. મજૂરની જાત એટલે બાઝે પણ ખરાં અને બંને વચ્ચે તૂં-તાં પણ થાય, પણ પાછાં બંને એકનાં એક જ. બપોરે જમતી વખતે એક જ ડબરામાં સાથે લઈ આવેલ ભાત ખાય અને બપોરે જમીને આરામની થોડી ઊંઘ પણ ખેંચી લે ખરાં.

આ નાનજી બપોરે કામનો સમય પૂરો થવામાં હોય અને પોતાના મજૂરને જમવા માટે છૂટા કરવાનો સમય થવા પહેલાં, પોતાની આગવી કોઠાસૂઝથી મને દરરોજ 'કેટલા વાગ્યા છે?' એમ પૂછે પણ ખરો. થોડા વખત પછી મારાથી ન રહેવાતાં મેં એને પ્રશ્ન કર્યો : 'તારી પાસે ઘડિયાળ તો છે, પછી શા માટે રોજ સમય પૂછશ?'' મારી નજીક આવી, મને ધીમે સાદે કહે : 'સાહેબ, કોઈને કહેતા નહીં, જુઓ આ ઘડિયાળ! છે એમાં કાંટા કે ડાયલ?' એમ કહીને પોતાનું ઘડિયાળ બતાવતાં કહે : 'આ તો ફક્ત ખોખું જ છે. આ બાંધવાનું કારણ ફક્ત નીચેના મજૂરો ઉપર રોફ પડે તે જ છે. આ પાકીટ પણ જુઓ ને!' એમ કહેતાં તેને ઊંધું કરીને કહે : 'જુઓ, છે આને ચેઈન? પણ તમારા જેવા શેઠિયાનાં કામ રાખેલ એ બતાવવા માટે મારે મારા નીચેના માણસો ઉપર રુઆબ તો પાડવો કે નહીં?''

પોતાની નીચે કામ કરતા માણસો કરતાં પોતાને ઊંચો સમજતા આ માણસની પોતાની નીચે કામ કરતા માણસો ઉપર રુઆબ છાંટવાની આ રીતની કોઠાસૂઝ પર વારી જવાનું મને મન થાય. થોડાં વર્ષો મારે ત્યાં કામ કરવા આવ્યા બાદ આ માણસ ક્યારેય દેખાયો નહીં અને હું પણ તેને વીસરી ગયેલ. સમયના બદલાવ સાથે બાંધકામના વ્યવસાયમાં કામ કરવાની રીત પણ બદલાતી જતી હતી અને આ પરિવર્તન સાથે પાયા ગાળવાની રીત પણ બદલાઈ હતી. માનવ-મજૂરોની જગ્યા હવે મશીને લેતાં નાનજી જેવાની જરૂર પડતી પણ નહીં હોવાથી મારા મગજમાંથી ધીમેધીમે આ નાનજી નીકળી ગયેલ.

સમય પસાર થતો ગયો અને આશરે પંદર વર્ષના લાંબા સમયગાળા બાદ એક સવારે સત્તરેક વર્ષની આસપાસનો યુવાન છોકરો (જે નાનજી મારે ત્યાં કામે આવતો ત્યારે બેએક વર્ષનો માંડ હશે) મારી સામે આવ્યો અને લાગલું જ મને પૂછ્યું : 'શેઠ, મને ઓળખો છો? કાંઈ કામ હોય તો આપો. કામની શોધમાં તમારી પાસે આવ્યો છું.' મેં પૂછ્યું : 'તું કોણ છે? મેં તને ઓળખ્યો નહીં.' તે કહે, 'તમે મને નહીં જ ઓળખો. હું તમારે ત્યાં વર્ષો પહેલાં જે પાયા ગાળતો તે હરિજન નાનજીનો છોકરો.' પંદર વર્ષ પહેલાંના સમયગાળામાં મારે ત્યાં આવતા નાનજીને યાદ કરતા મેં પૂછ્યું, 'નાનજી ક્યાં છે?' તો એ કહે, 'શું કહું, સાહેબ! મારી ઉંમર માંડ ત્રણ વર્ષની જ હતી. એક વાર એક જગ્યાએથી કામ આટોપીને બીજા શહેરમાં કામની શોધમાં એક ટ્રકમાં બેસીને જતાં હતાં ત્યારે ટ્રકને ભારે અકસ્માત નડ્યો અને એ અકસ્માતમાં મારી મા મરી ગઈ. મારી માના વિયોગમાં મારો બાપ ઝૂરતાં-ઝૂરતાં મરવા લાગ્યો ને સતત રટણ કરતો-કરતો જાણે કહેતો ન હોય કે

*'મૂકી દીધું છે ઘર, આવ, સાથ દે!*
*મંજિલ વિનાની થઈ છે સફર, આવ, સાથ દે!*
*ક્યાં જાય છે કે સાચી જરૂરિયાત હવે જ છે!*
*રઝળી પડ્યો છું રાહ પર, આવ, સાથ દે!'*

*– બેફામ*

આમ, મારી માના સાથ માટે સતત તલસતો મારો બાપ ફક્ત બે જ માસમાં મને ભગવાન-ભરોસે મૂકીને મારી મા પાસે હાલી નીકળ્યો. હું ટિચાતો, કુટાતો, હડસેલાતો, મહેણાંટોણા સહન કરતો-કરતો, મારી માસી, ફૈબા, મામા વગેરેને ત્યાં

(અનુ. : જુઓ પાના નંબર-૫૧ ઉપર)

મુઠ્ઠી ઊંચેરા

# શાકભાજી વેચતી માનો છોકરો કલેક્ટર બને તો!

ભદ્રાયુ વચ્છરાજાની

સરદાર સરોવર યોજનાનું કામ પૂરજોશમાં શરૂ થયેલું. બંધના કામને અટકાવવા માટે આંદોલનકારીઓ પણ સક્રિય થયેલા. ત્યાં સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ તરીકે રમણ જે. પટેલ. તેનો ૭૦% સમય તો કાયદો વ્યવસ્થામાં જતો. મેધા પાટકરની મંડળીને સ્થાનિક આદિવાસીઓનો ટેકો. ૧૯૮૫-૮૬ ની આ વાત. છ ગામના આદિવાસીઓએ આંદોલન છેડ્યું. રમણ પટેલને થયું કે આ પ્રશ્ન લાગણીનો છે અને તેને લાગણીથી જ ઉકેલી શકાશે. આ આદિવાસી ખેડૂતોના નાના નાના પ્રશ્નો સમજી તેને ઉકેલવાના ક્રમશઃ પ્રયાસો શરૂ કર્યા. આર.જે. પટેલે 'ખાટલી બેઠકો' નો દોર શરૂ કર્યો. અસરગ્રસ્તોને પુનઃવસન સ્થાને જવાની બાબતોને રમણભાઈએ બુદ્ધના મહાભિનિષ્ક્રમણ સાથે સરખાવી, તેઓ માટે કવિતાઓ લખી, તેઓને આપી. તેઓના ત્યાગને મોટો કરી દેખાડ્યો. રમણભાઈ પોતે આપવાની થતી જમીન પર જાય, નિરીક્ષણ કરે અને યોગ્ય જણાય તો આવીને અસરગ્રસ્તો સાથે બેસે, સમજાવે, તેઓનું માનસન્માન જળવાય તેની કાળજી લે અને આદિવાસી ખેડૂતો રમણ પટેલની વાત માની જાય. દર ગુરુવારે કેવડિયાના રેસ્ટ હાઉસમાં તે બેઠક યોજે, ચા-નાસ્તો કરાવે, ખબર-અંતર પૂછે અને શાબ્દિક સધિયારો બંધાવે. કુટુંબનાં સુખદુઃખમાં હાજરી આપે. જાય ત્યારે બાળકો માટે ગ્લુકોઝનાં બિસ્કિટ, ચોકલેટ, ફળ લઈ જાય. વડીલો માટે બીડીનું બંડલ લઈ જાય. લાલ લાઈટવાળી ગાડી જોઈ બાળકો દોડી આવે. રમણભાઈ પટેલ તેમાંથી ઊતરી નિર્દોષ બાળકોને વાયરલેસવાળી ગાડીમાં તેડીને બેસાડે અને ડ્રાઈવરને સૂચના આપે કે આમને એક મોટો આંટો ફેરવો! નિર્દોષ બાળકોને ખુશખુશાલ જોઈ પોતાનું બાળપણ યાદ આવતું. 'હું પણ ગામમાં કોઈ ટ્રક કે જીપ આવતી તો પાછળ પાછળ દોડતો, પરંતુ બેસવાનું નસીબ ન હતું ત્યારે...'

અતિ કંગાળ કુટુંબમાં, વલસાડ જિલ્લાના ભદેલી ગામે રમણનો જન્મ. બા ઘાસ કાપવાની મજૂરીએ ગયાં હતાં. વિશાળ ઝાડ નીચે જ પાંદડાં અને ઘાસની ઝૂંપડીમાં ગોધૂલિ સમયે બાને અસહ્ય પ્રસવપીડા ઉપડી. સાથે મજૂરી કરતી બહેનોના સહયોગે રમણનો જન્મ થયો. આ રમણ જે. પટેલે વહીવટી વડા તરીકે જળ-જમીન-જંગલ-જાનવર અને જન એવા પાંચ 'જ' નું મહત્ત્વ પ્રજાજનોને સમજાવ્યું...કારણ એમનો જન્મ જ પંખીઓની હાજરીમાં ઝીણા કલરવ વચ્ચે થયેલો! બા ખાડીમાં થઈને શાકભાજી, દૂધ વગેરે વેચવા જતાં. એકવાર કળણમાં બા ખૂંપી ગયાં. ઘણી મથામણ કરી. તેની આ મથામણને બાળ રમણ કાંઠે બેસી ચૂપચાપ જુએ. કાદવનાં એ કળણમાં બાની છાતી સુધી ભરતીનાં પાણી આવી ગયાં. નજીકમાં કોઈ ઉગારનારું નહીં. બાળકે જોરથી રડતાં-રડતાં માતાજીને પ્રાર્થના કરી. જળદેવ વહારે આવ્યા હોય એમ માછીમારો અચાનક આવી ગયા, રમણની બા ઊગરી ગયાં...દીકરાને સતત કહેતી : 'દીકરા રમણ, તું ભણજે, બરોબર ભણજે, આપણી પાંહે કંઈ ની મલે.' રમણ બોલતા : 'મા, તું ફિકર ચિંતા ન કર. હું ભણીશ, ભણીગણીને માસ્તર સાહેબ થઈશ, કમાઈશ પછી તારે આવી મજૂરી કરવી નહીં પડે.' આ સંવાદ પૂરો થાય ત્યારે મા-દીકરો એકબીજાને વળગી બન્ને રડી પડતાં! આ રમણ જે. પટેલની બદલી પેલા આદિવાસીઓ પાસેથી વડોદરા થઈ તો એક મહિનામાં થાળે પડેલા અસરગ્રસ્તો પરત મૂળ જગ્યાએ આવી ગયા. કેમ? જવાબ એક જ : 'અમારો મોટલો સાહેબ જતો રહ્યો એટલે અમે આવતા રહ્યા!' આખરે સરકારે આ મોટલા સાહેબની પુનઃ નિમણૂક કરવી પડી ત્યારે પુનઃવસન પૂર્ણ થયું!

આર.જે. પટેલનું મૂળ વતન સાદક્યોર, તા. ચીખલી, જિલ્લો નવસારી. પણ દુકાળને કારણે પારસીની જમીનમાં કામ કરવા માટે પરિવારે ભદેલી ગામે સ્થળાંતર કરેલું. જેનાં માતા-પિતા અભણ હોય તેનાં સંતાનોને કુસંગે ચડવાની શક્યતા વધુ. રમણને પણ થોડું આવું જ થયું. પણ એમના શિક્ષક વિઠ્ઠલભાઈ પટેલે લીમડાની સોટીથી ફટકાર્યો ને બરડે સોળ ઉઠાડ્યા...બે દિવસ શાળામાંથી ગૂમ. બે દિવસ પછી શિક્ષકે હસીને છાતીએ વળગાડ્યો. આર.જે. પટેલ ૨૦૦૬ માં ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) માં નિમણૂક પામ્યા ત્યારે તેને આ સોટી યાદ આવેલી કે આ સોટીના સોળ બરડે ન પડ્યા હોત તો હું આજે ક્યાં હોત? નાનપણથી આગળ વધવાની તમન્ના પ્રબળ. આઠમા ધોરણમાં ભણવા માટે આઠ કિ.મી. ચાલવું પડે તો ચાલવાનું પણ જવાનું ને ભણવાનું 'બાઈ આવાં બાઈ સ્કૂલ'માં, કેમ? જ્યાં મોરારજી દેસાઈ ભણ્યા હતા ત્યાં જ આપણે ભણવાનું!! થીંગડાંવાળાં લૂગડાંને ખમીસમાં બટનની જગ્યાએ બાવળના કાંટા ભેરવવાના, પણ ભણવાનું બાઈ આવાં બાઈ સ્કૂલમાં....આર્ટ્સમાં ભણ્યા તો કવિવર ઉશનસ્ પ્રિન્સિપાલ. અહીં ઇતર પ્રવૃત્તિઓ અને વાંચન-લેખનનો પાયો નખાયો. કૉલેજમાં જતી વખતે

સાઈકલ પરથી કલેક્ટરનો બંગલો જુએ ને રમણને અરમાન જાગે કે હું કલેક્ટર થઉં તો? બી.એડ. કર્યા પછી જી.પી.એસ.સી. ની પરીક્ષા આપી. રમણે બાને કહેલું કે આ પરીક્ષા કેટલી અઘરી હોય, પણ પાસ થવાય તો મામલતદાર સાહેબ થવાય! બાએ હિંગળાજ માતાના મંદિરે જઈ માનતા રાખેલી કે 'પોયરો પાસ થાય તો મોઢામાં સાત વખત ચામડાની ચંપલ લઉં!' બાની માનતા ને રમણની મહેનત ફળી. રમણ પટેલ વર્ગ-૨ ની પરીક્ષામાં પણ પાસ થયા, પરંતુ નાયબ મામલતદાર તરીકે હાજર થઈ ગયેલા. કારણ જાણીએ તો હસવું આવે. વલસાડમાં એક પરિચિત નાયબ મામલતદાર હતા. તેમની પાસે રમણને જાતિનું પ્રમાણપત્ર લેવા જવાનું થતું. તેને પૂછ્યું કે : ડેપ્યુટી મામલતદારની જગ્યા સારી કે મામલતદારની?' જવાબ મળ્યો : 'જો છોકરા, ડેપ્યુટી મામલતદાર બે શબ્દો છે, એટલે તે જગ્યા મોટી કહેવાય...' તાલીમ લીધી સુરત જિલ્લામાં, પછી તો કામરેજ-ભરૂચ-રાજપીપળા-વડોદરા-ગોધરા-દાહોદ-અમદાવાદ-બનાસકાંઠા-તાપી-સુરત એમ આર.જે. કર્મભૂમિ બનાવતા રહ્યા. ડેપ્યુટી મામલતદારથી લઈને કલેક્ટર સુધીની સફરમાં આર.જે. પટેલે ઉત્તમ હટકે પ્રદાન કર્યુ અને કેટલાય માઈલસ્ટોન ઊભા કર્યા. એકાવન શક્તિપીઠ નિર્માણ આર.જે. નો વિચાર!!! 'વારસાઈરથ' કાઢી રાજપીપળા સબડિવિઝન માટે બાર હજારથી વધુ વારસાઈ નોંધણી કરી આર.જે પટેલે જાહેર કર્યું કે, 'મારા સબડિવિઝનમાં એકપણ વારસાઈ નોંધવાની બાકી નથી' વહીવટી તંત્ર માટે આ ઐતિહાસિક ઘટના હતી. નવા રચાયેલા દાહોદ અને તાપી જિલ્લાનું એકડે એકથી માળખું આર. જે. ને ગોઠવવાનો લહાવો મળ્યો. અમદાવાદની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નિયામક તરીકે 'ઉત્પાદકથી ઉપભોક્તા' યોજના શરૂ કરીને એજન્સીને આંતરરાષ્ટ્રીય ISO પ્રમાણપત્ર પ્રાપ્ત થયું. ડૉ. યુનિસ મહંમદના પુસ્તક 'વંચિતોના વાણોતર' દ્વારા રમણભાઈનો હૃદય પલટો થયો. ૧૦૦% શૌચાલયના પ્રકલ્પને રાષ્ટ્રપતિ ડૉ. કલામના હસ્તે "નિર્મળગ્રામ પુરસ્કાર" મળ્યો. પોતાની પહેલી નિમણૂક વખતે લાકડાંની ડગુમગુ થતી ખુરશીને ખીલી ઠોકી મજબૂત કરનાર આર. જે. પટેલે વડોદરાના DDO તરીકે જિલ્લા પંચાયતનાં શૌચાલયો પર જાતે બોર્ડ લગાવ્યાં : 'આ શૌચાલયને સ્વચ્છ રાખવાની જવાબદારી DDO ની છે!' આ વિરલ વહીવટી અધિકારીએ લોકસમાજ માટેનાં ગીતો લખ્યાં : 'ઝટ જાઓ, જાજરૂ બંધાવો, રસોઈ ના બનાવું રે...' પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દિવસે બંધ હોય કે ડૉક્ટર ગુમ હોય તો આર.જે. તેને સીલ મારી દે! ગુજરાતમાં સખી-મંડળો તેમણે શરૂ કરાવ્યાં. શ્રી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે પૂનમિયા સંઘો જોડે બેઠકો કરી પાણી બચાવવા સંકલ્પ લેવડાવ્યા. મહિલા ખેડૂતો પાસે 'ટપક-ફુવારા પદ્ધતિનો સનેડો' રમણભાઈએ લખ્યો ને લોકપ્રિય કર્યો. 'વાવે સુરત' અભિયાન દ્વારા એક જ દિવસમાં સુરત શહેરમાં સવા પાંચ લાખ વૃક્ષો રોપાવ્યાં. 'વનબંધુઓ' અને 'વૃક્ષનારાયણ દેવ' આર જે. પટેલના આરાધ્યદેવો છે; આજે પણ, નિવૃત્તિ પછી પણ... ■

## આનંદના ધોધની પાછળ વેદનાનું ઝરણું

**(અનુ. : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

પણ હા નો સંકેત આપ્યો. મેં મનોમન મારું આજનું ઢોલકવાદન મારા પિતાને સમર્પિત કર્યું છે.'

સૌ સાથી કલાકારો પરબત જોગીની કલાકારની ફિલસૂફી સાંભળી સ્તબ્ધ થઈ ગયા. ત્રણ કલાક અગાઉ જેણે સ્વમેળે આશ્વાસન પ્રાપ્ત કરી લીધું હોય તેને શું આશ્વાસન આપવાનું હોય. છતાં રિવાજ પ્રમાણે એક પછી એક સાથી કલાકાર પરબત જોગીને આશ્વાસન આપતા હતા. છેલ્લે લાલ રાંભિયા પરબતને બાથમાં લઈ બોલ્યાં "પરબત, તેં આજે શ્રોતાઓના ભાવજગતને અદ્ભુત રીતે પિછાણ્યો છે. બહાર ઑડિયન્સમાં આનંદનો ધોધ વછૂટતો હતો ત્યારે તારી ભીતર વેદનાનું પીડાનું ઝરણું વહેતું હતું. લાગણીઓના બે પ્રવાહો વચ્ચે ઢોલકવાદનનો સેતુ બાંધી તેં શ્રોતાઓને બાંધી રાખ્યા છે. તેં શ્રોતાઓને જે આનંદની અનુભૂતિ કરાવી છે તેની અભિવ્યક્તિ તારા આંસુઓમાં થાય છે. કલાકાર અને શ્રોતાઓના સંબંધોની તેં અનોખી માવજત કરી છે. અમે સૌ કલાકારો આજની સાંજ તને અને તારી કલાને સમર્પિત કરીએ છીએ." સ્ટેજ પર કલાકારોએ બે મિનિટ મૌન પાળી સદ્ગતને શ્રદ્ધાંજલિ આપી.

સુપ્રસિદ્ધ શરણાઈવાદક ભારતરત્ન ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાનની એક મહેફિલમાં હું શ્રોતા તરીકે હાજર હતો. કાર્યક્રમની અધવચ્ચે ખલેલ પાડ્યા વિના સંચાલક ઉસ્તાદના કાનમાં કંઈ ગણગણી ગયા. શરણાઈવાદન અસ્ખલિતપણે ચાલુ રહ્યું, માત્ર ભાવજગત બદલાઈ ગયું. આનંદ અને મસ્તીના રાગની બાંધણીએ હળવેથી પલટો લીધો અને શરણાઈવાદનના સૂરોમાં ધીર-ગંભીર રાગના સૂરો રેલાવા લાગ્યા અને છેલ્લે કરુણરસના રાગ શિવરંજનીથી કાર્યક્રમ નિર્ધારિત સમયે પૂરો થયો. મહેફિલની સમાપ્તિ બાદ સંચાલકે જાહેરાત કરી કે ઉત્સાદ બિસ્મિલ્લાહ ખાનના નજીકના સ્નેહીજનનું અવસાન થયું છે.

માનધનની લાલચમાં કોઈ પણ બાંધછોડ ન કરી, કલા અને એની રજૂઆતના ઉચ્ચ મૂલ્યો અને ધોરણોને નેવે મૂકી કાર્યક્રમમાં હાજર ન રહેનાર અથવા અધવચ્ચે ઊઠી આયોજકોનું ઉઠમણું કરનાર વ્યક્તિઓને કલાકાર કહેવું સર્વથ અયોગ્ય છે. એમની અવહેલના કરવી જોઈએ.

ભીતરના દર્દને છુપાવી, આંસુઓને પી કરી શ્રોતાઓ વચ્ચે આનંદની છોળોની બોછાર ઉડાવનાર કલાકાર કલાનું જતન કરે છે તે જ સાચો કલાકાર છે. પછી તે ઉસ્તાદ બિસ્મિલ્લાહખાન જેવો શ્રેષ્ઠ ખ્યાતનામ કલાકાર હોય કે પછી ગામ વીરાણીનો અનામી કલાકાર ઢોલી પરબત જોગી હોય. ■

રેખાચિત્ર

# મંથન

યોગેશ્વરી ઇન્દ્રવદન છાયા

રઘુ શહેરની નામાંકિત શાળાનો વિદ્યાર્થી હતો. સામાન્ય પરિવારમાંથી આવતો હતો. અસાધારણ વ્યક્તિત્વ હોવાથી બધા જ વિષયની તેની નિપુણતા બધાંને આશ્ચર્યમાં મૂકી દે તેવી હતી.

એક દિવસ વિજ્ઞાન શિક્ષક પ્રયોગ શીખવવા વર્ગમાં આવ્યા. અચાનક તે રઘુ પાસે આવી ચડ્યા....બોલ્યા... "ચાલ રઘુ આજે આ પ્રયોગ તારે કરાવવાનો છે. હું તારી જગ્યાએ બેસું છું. થોડી આનાકાની પછી રઘુ તૈયાર થયો. ખૂબ સરસ રીતે તેણે પ્રયોગ સમજાવ્યો. સરે તાળીની શરૂઆત કરી અને આખો વર્ગ તાળીથી ગુંજી ઊઠ્યો. આવું તો અવારનવાર બનતું.

વિજ્ઞાનનો વિદ્યાર્થી હતો પણ સાહિત્યનો તેને ઊંડો શોખ હતો. ઇતર વાચન દ્વારા સાચું, સારું જ્યાંથી મળે તે મનમાં ઉતારી લેતો. તેની જિજ્ઞાસાવૃત્તિ દાદ માગી લે તેવી હતી.

અંગ્રેજીનો વિષય પરમાર સાહેબ ભણાવતા. કા.પા. પર તેમની છાસવારે ભૂલ થાય ને રઘુ ઊભો થઈને સરનું ધ્યાન દોરે. સર સૉરી કહીને ભૂલ સુધારે. પણ શિક્ષક માણસ જ હોય છે ને! અને માણસના અહંકાર પરની ચોટ જ્યારે હદ વટાવી દે ત્યારે ન થવાનું થઈ જાય છે.

પરમાર સાહેબના અહમ્ પરની ચોટ એટલી તો તીવ્ર બની કે એક દિવસ રઘુની બેન્ચ પાસે આવીને તેનો કાન પકડીને બોલ્યા, 'ચાલ તને પ્રિન્સિપાલ સાહેબ બોલાવે છે.' રઘુને તો કંઈ સમજાયું નહીં. તે બોલ્યો, "સર પણ મારો વાંક શું છે તે તો બતાવો..."

"બીજાની ભૂલ કાઢવા સિવાય તને આવડે છે શું? મારા તાસમાં તું કેટલી વખત ચિત્ર દોરતાં પકડાયો છે, બોલતો? ભણવું તો ગમતું જ નથી..." લાલઘૂમ આંખો કાઢીને પરમાર સાહેબ બોલતા હતા...

"સર તમારા તાસમાં ભણવાની મજા જ નથી આવતી તો શું કરું? કંઈ નવું તો મળતું જ નથી.." રઘુ બોલ્યો.

અચાનક વર્ગમાં પ્રભુ ઊભો થયો અને બોલ્યો... "સર રઘુની વાત સાચી છે તે બોલી શકે છે... અમારામાં એટલી હિંમત નથી."

'ચાલ...' કહીને પ્રભુને પણ સાથે લીધો. 'રઘુનો ચમચો થવું છે ને? ભણવા આવે છે કે મજા કરવા?' આચાર્યની ફરિયાદમાં, રઘુ બીજા વિદ્યાર્થીને બગાડે છે તે સાબિત કરતી તાજી ફરિયાદ ઉમેરાઈ ગઈ.

'કેમ રઘુ શું છે? વારંવારની પરમાર સાહેબની ફરિયાદથી હું થાકી ગયો છું. તને શાળામાંથી બરતરફ કરવામાં આવે છે.'

'પણ સાહેબ...'

'પણ બણ મારે કંઈ સાંભળવું જ નથી. હમણાં જ ઘેર જઈને તારા વાલીને બોલાવી લાવ...'

'સાહેબ, મારા મા-બાપ અભણ છે. જે કહેવાનું હોય તે મને કહો. પરમાર સાહેબની અવારનવાર કા.પા. પર થતી ભૂલ સુધારવી એ જ મારો ગુનો? સાચું આચરણ કરવું એ ગુનો? સર તમારી ખુરશી ઉપર ગાંધીજીની છબી નીચે જ સત્યમેવ જયતે લખ્યું છે ને...?'

'બસ કર... તારી હોશિયારીનો ફાંકો તારે ઘેર રાખજે. ભણાવજે તારા મા-બાપને સમજ્યો?'

રઘુ કંઈ બોલ્યા વિના ચૂપચાપ નીકળી ગયો. શાળાના મેદાનમાં ઝાડ નીચે બે ઘૂંટણ વચ્ચે માથું રાખી આંસુને ખાળવા માંડ્યો...

વિજ્ઞાનનો તાસ અને રઘુની ગેરહાજરી? સરે વિદ્યાર્થીને મોકલી મેદાનમાંથી શોધીને બોલાવી લીધો. તાસમાં શૂન્યમનસ્ક બેસી રહ્યો. તાસ પૂરો થતાં સર તેને ખભા પર હાથ મૂકીને બાજુ પર લઈ ગયા અને બોલ્યા, રઘુ તારી વાતની અમને ખબર પડી. તારા વિના અમને બધાંને ભણાવવાની મજા નહીં આવે પણ શું થાય અમે લાચાર છીએ...અમારે તો શિક્ષકની પડખે જ રહેવું પડે ને? રઘુ સ્વગત બોલ્યો...ને સત્યની પડખે મારે એકલાએ જ રહેવાનું???

ચિંતા ન કર રઘુ... દેસાઈ સર મારા મિત્ર છે. તે સારી શાળાના આચાર્ય છે તેને તારી વાત કરીશ... એને અમે વિનંતી કરી છે એટલે તારાં સર્ટિમાં ખરાબ વર્તણૂકનો શેરો નહીં ભરાય તેથી તને એડમિશન મળવામાં અડચણ નહીં આવે.

રઘુ શું બોલે? રજા પડી...ઘેર જવાને બદલે થોડે દૂર આવેલા તળાવને પાળે જઈ બેઠો.

સત્ય, વિશ્વાસ, નિષ્ઠા, પ્રામાણિકતા, શિક્ષણ, સંસ્કાર – આ બધા જ શબ્દો રઘુ પાસે પોતાની તાકાત ગુમાવી બેઠા હતા. બાજુમાં પડેલા એક એક કાંકરે એક એક શબ્દને પાણીમાં જાણે ફેંકતો આવતો હતો.

મન વિચારે ચઢ્યું... સત્યનો મારગ આવો કપરો? મારી નિખાલસતા...હોશિયારીએ જ મને પછાડ્યો ને? સાબિત થઈ ગયું કે અતિ સર્વત્ર વર્જયેત વાંચ્યું હતું...આજે અનુભવ્યું.

મનમાં પડેલા સારા વાચનના સંસ્કાર જાગી ઊઠ્યા. તેણે વાંચેલું...જ્યારે કોઈ દિશા ન સૂઝે ત્યારે "ઉસ કી મરજી" કહીને ચાલવાનું...જે થાય તે સારા માટે જ થાય છે... તરત તેનામાં

ચેતના જાગી...નિરાશા, નફરત, ઘોર અપમાનને હાથમાં પડેલા પથ્થરની સાથે ઊભા થઈને તેણે પાણીમાં જોરથી ફેંકી દીધો. વલયો સર્જાયાં અને શાંત થઈ ગયાં.

કોઈ તેને સમજી શકે તેવું ન હતું. બધે મોરચે તેણે એકલે જ લડવાનું હતું.

બીજે દિવસે નવી શાળામાં દાખલ થયો. આચાર્ય તેનાથી જ્ઞાત હતા. તેથી થોડા સામાન્ય પ્રશ્નો પૂછીને તેને પ્રવેશ આપી દીધો. પણ 'રઘુ' હવે 'રઘુ' નહોતો રહ્યો. તેને જાણે એક અનોખું સત્ય લાધ્યું હતું કે 'ભૂલ તો પોતાની જ સુધારવી...બીજાની ભૂલો સામે, ન સુધારી શકાય ત્યાં 'આંખ આડા કાન કરવા.' કોઈનાય કાજી ન બનવું. ભણવા સિવાયની કોઈ પ્રવૃત્તિમાં તે રસ લેતો ન હતો. મોટે ભાગે શાંત જ રહેતો. બધા શિક્ષકોને તેનું આવું વર્તન અજબ લાગતું. પણ પરિણામ આવે ત્યારે પ્રથમ નંબર તો રઘુનો જ હોય. બધા તેનો આદર કરતા થઈ ગયા.

કોઈ ન હોય તેને મદદ કરવા ઈશ્વર તો હોય જ છે. પટાવાળો એક દિવસ રઘુને 'સાહેબ બોલાવે છે' કહીને ઓફિસમાં લઈ ગયો. સાહેબે તેને પોતાની પાસેની ખુરશી પર બેસવા કહ્યું. રઘુ સંશયમાં પડી ગયો. દૂધનો દાઝેલો હતો ને!...

'રઘુ બેટા, બેસ હું તને બેસવાનું કહું છું ને?' રઘુ ખુરશી પર બેઠો. સરે તેની પીઠ થાબડી. એક કોરી ડાયરી અને પેન આપ્યાં. અને કહ્યું, 'રઘુ બેટા, આ ડાયરીમાં તને જે વિચાર આવે તે લખવા. પછી આપણે એની ચર્ચા કરીશું. ભલે?'

રઘુનું મન વિચારવા લાગ્યું કે સર જાણે કોઈ દોસ્ત સાથે વાત કરતા હોય તેવું લાગે છે. ત્યાં જ સર બોલ્યા, 'રઘુ આજથી આપણે બે એકબીજાના દોસ્ત...મિલાવ હાથ...' રઘુ તો હાથ મિલાવતાં, હતપ્રભ થઈ ગયો.

આચાર્યશ્રી ચાઈલ્ડ સાયકોલોજીના નિષ્ણાત હતા. માણસને મળવું અને તેના મનનો તાગ મેળવવો તે તેમનો શોખ હતો.

રઘુ ઘેર ગયો. નાની ઉંમરના આવા વિરોધાભાસી અનુભવથી તે વિમાસણમાં ડૂબી ગયો. તેણે ડાયરી ખોલી. પહેલું પાનું ખોલતાં જ શબ્દો સરી પડ્યા...

હસું? કે રડું? જીવનના આ પગથાર પર રડવા માટે ખભો શોધું, ને હાસ્ય હાથ મિલાવી જાય છે. અસાધારણ વ્યક્તિને સંજોગો પણ વિશિષ્ટ રૂપે જ ભેટી જતા હોય છે ને???

ભૂલ કરનાર પરમાર સાહેબ પણ આખરે તો માણસ જ હતા ને! તેનો આત્મા તેને ડંખવા લાગ્યો. કંઈક ખોટું થઈ ગયાનો અહેસાસ, પ્રાયશ્ચિતની મંજિલ શોધવા ફાંફાં મારવા લાગ્યો. સાચી વાટ પકડે તેને સફળતા ચરણ ચૂમતી મળે જ છેને?

રઘુની છબી તો મનમાં પડેલી જ હતી. તેના તરફ મનોમન ક્ષમાયાચનાની અનુભૂતિ કરવા લાગ્યા. પોતાની જાતને સુધારવા ભૂલ વિના ભણાવી શકાય તે માટે અંગ્રેજીના પ્રાધ્યાપકનું ટ્યૂશન રાખ્યું. ભૂલની શી મજાલ કે પસ્તાવાને પાર કરી શકે!!

તેમના વિદ્યાર્થીઓને પણ અંગ્રેજીના તાસમાં આનંદ આવવા લાગ્યો. ભૂલ વિના સરસ રીતે ભણાવતા સરનો તાસ નાનો પડવા લાગ્યો.

એક દિવસ પ્રભુ ઊભો થયો ને બોલ્યો... સર, એક વાત કહું? તમે રઘુને કહ્યું હતું કે કે "ભણવા આવો છો કે મજા કરવા?" સર, રઘુ અત્યારે હોત તો રાજી થતો હોત!... 'પ્રભુ...બેટા, તારી વાત ખૂબ સાચી છે. રઘુએ તો મને મજાથી કેમ ભણાવાય તે શીખવ્યું છે. ભૂલ ન પડવી જોઈએ એ સમજ પણ રઘુને જ આભારી છે. તે મારો વિદ્યાર્થી નહીં પણ ગુરુ છે. તમારા બધાનો મારા પરનો સદ્ભાવ પણ રઘુને જ આભારી છેને?' દરેક તાસમાં 'મારી ભૂલ થતી હોય તો વિના સંકોચે મને બતાવજો હોં' કહીને, રઘુની પોતાના મનમાં પડેલી છબીના દર્શન કરાવી જતા.

સમય ભૂતકાળને પકડીને થોડો બેસી રહે છે, એ તો બસ સરકતો જ જાય છે.

રઘુએ પોતાની ઝળહળતી પ્રતિભાથી ડૉક્ટરેટની પદવી મેળવી લીધી. ભારતના શ્રેષ્ઠ ડૉક્ટર્સમાં તેની ગણના થવા લાગી. એટલું જ નહીં, આંતરાષ્ટ્રીય સ્તરે કોન્ફરન્સમાં તેની હાજરી ખૂબ નોંધનીય રહેતી.

શાળાનો ષષ્ટીપૂર્તિ કાર્યક્રમ યોજાયો. ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષકોનું સન્માન થવાનું હતું. પાયાની શાળાનાં સંસ્મરણો તો કેમ ભુલાય. રઘુનું સન્માન આખા શહેરનો ઉત્સવ હતો. મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત હતા.

રઘુનું સન્માન શાળાના પ્રિન્સિપાલ સાહેબ કરવાના હતા. નાદુરસ્ત તબિયત છતાં રઘુ માટે ઉપસ્થિત રહ્યા હતા. રઘુને સ્ટેજ પર પગે લાગ્યા. રઘુ બે ડગલાં પાછળ હટી ગયો. પણ પોતાની ભૂલનાં વર્ષો પહેલાનાં જમાવેલાં અશ્રુઓએ રઘુને ભીંજવી દીધો. રઘુને ભેટીને બોલ્યા... રઘુ સો...સૉરી... ડૂમો ભરાઈ આવ્યો. રઘુ તેમને તેમના સ્થાને દોરી ગયો.

પરમાર સરે રઘુનું સન્માન કર્યું. રઘુએ પણ તેમના માટે બનાવી લાવેલો સુખડનો હાર પહેરાવ્યો. પરમાર સાહેબે પોતાના વક્તવ્યમાં ભૂતકાળને વાગોળીને રઘુને પોતે ગુરુ સ્થાને રાખ્યો છે એમ કહેતાં ભાવવિભોર થઈ ગયા.

રઘુ બોલ્યો...મારો આદર્શ પરમાર સર જ છે. તેમણે મને રોક્યો ન હોય તો હું બીજાની ભૂલ કાઢવામાં જ અટકી ગયો હોત...મને મળેલા માન સન્માનના અધિકારી મારા ગુરુ જ છે. મારી જીવનશૈલી બદલી દેનાર સરને તો હું ક્યારેય ન ભૂલી શકું.

પશ્ચાત્તાપનાં ઝરણામાં ભીંજાયેલો પરમાર સાહેબનો રહ્યોસહ્યો અપરાધબોધ પણ ઓગળી ગયો. બંને પાછા એકબીજાની આંખોમાં ખોવાઈ ગયા. બંનેની આંખમાંથી ખરતાં હર્ષાશ્રુ બોલી ઊઠ્યાં... આપણે જુદા જ ક્યાં હતા. મનમાં તો આપણે એકબીજાની સાથે જ જીવતા હતા ને!!!

*T.B.X 28, આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*
*મો. ૯૪૨૮૮૯૭૨૧૨*

સમાજ ચિંતન

## સંબંધોના સથવારે

# "એકતા" પરિવાર

ઇલા કે. શાહ

"અરે, બધાં આ બાજુ આવો. જુઓ તો ખરાં આપણા બા ખુશીનાં ઝૂલે ઝૂલી રહ્યાં છે. તેમનાં મુખ પર અત્યંત આનંદની રેખાઓ લીંપાઈ રહી છે." બા નાં નાના દીકરા કરણે સૌને બા પાસે સાદ પાડીને બોલાવ્યા.

"બા, તમે ખુશ દેખાવો છો તેમનો અમને હર્ષ થાય છે." મોટા દીકરા કેવલે કહ્યું.

"જુઓ બેટા, મારી હાજરીમાં જ તમે ભાગવત સપ્તાહનું સુંદર આયોજન કર્યું તેથી મારે હૈયે હેતની હેલી ન ઉમટે? હું કેટલી નસીબદાર કે મારો પરિવાર એકતાના પાયા પર ખડો રહેલો જોઈ શકાય છે. સાત દિવસની દોડધામમાં પ્રત્યેકનાં મુખ પર મેં હાસ્ય જોયું છે. સૌ ખોબલે ખોબલે વેરાતી ખુશીને ઝીલી રહ્યાં છે." બાએ પરિવારના સંપને પ્રદર્શિત કર્યો.

"તમારું સુખ ખુશી એ જ અમારું સુખ ખુશી. તમે આ પરિવારને એકતાની દોરીથી ગૂંથી રાખવા, પ્રેમનાં બંધને પરસ્પરને બાંધી રાખવા શું નથી કર્યું? કુટુંબની ઈમારતને મજબૂત રહે તે માટે તમે નર્યા સ્નેહનો સિમેન્ટ વાપર્યો છે. પ્રેમના પાણી સીંચ્યા છે. સહકારની ઇંટોનો ઉપયોગ કરી સંસ્કારની દિવાલ ચણી છે. મોટો દીકરો કેવલ બોલતો હતો, ને સૌએ તેમાં હકારાત્મક સાદ પુરાવ્યો.

સાત દિવસના ભાગવત્ સપ્તાહનો આજે છેલ્લો દિવસ હતો. કેવલ, કશ્યપ અને કરણ એ ત્રણે ભાઈઓનો સંપ તો તમને રામ, લક્ષ્મણ અને ભરતની સ્મૃતિ કરાવે જ. તેઓએ મળીને વિચારેલું કે બાની હાજરીમાં આ સુંદર કાર્ય પૂર્ણ થાય તેવું જ કરીએ. બાને આ ખૂબ ગમ્યું. છેલ્લો દિવસ હોવાથી બધું પરવારી ઈશ્વર સ્મરણ કર્યા બાદ પ્રત્યેકને સુઅવસરને અનુસરી સ્મૃતિભેટ આપી. સૌએ બાના આશીર્વાદ મેળવી તે પ્રાપ્ત કરી.

છેલ્લા અઠવાડિયાથી 'એકતા' નામના નાનકડા બંગલામાં હાસ્યના ફુવારા ઊડતા હતા. સ્નેહની શહનાઈ બજતી હતી. આસોપાલવ અને ફુલોથી શણગારેલું આ ઘર આજે સુમેળની સુગંધ ફેલાવી રહ્યું હતું. નાનાં-મોટા, ઘરના-બહારના દરેકને હૈયે આનંદનો ઉદધિ (સાગર) ઉછાળા મારતો હતો.

હવે ભાગવત્ સપ્તાહની સમાપ્તિ થઈ ને સૌ વિખરાયાં, કાશીબા જાણે ખાલીપો અનુભવવા લાગ્યાં. તેમનું હૃદય અતીતની યાદોમાં ખોવાઈ ગયું. તેમની આંખોનાં ખૂણા ભીના બન્યા.

કાશીબાના પતિએ ખૂબ નાની ઉંમરમાં આ દુનિયામાંથી વિદાય લીધેલી. ત્રણ પુત્ર અને પાંચ પુત્રીની જવાબદારી છોડીને તેઓએ જ્યારે વિદાય લીધી ત્યારે કાશીબાનું રુદન કાળજાં કંપાવી નાંખે તેવું હતું. પણ રડવાથી શું મળવાનું? આ બાળકોનું શું? અને બાળકોની ભોળી સૂરત નિહાળતાં જ તેમણે આંસુના બંધને રોક્યો. હિંમતને ટેકેદાર બનાવી, પરિશ્રમને પકડી લીધો. તેઓ નાનાં ભૂલકાંઓને ઉછેરવામાં ને સુસંસ્કારનું સિંચન કરવા જાણે મચી પડ્યાં. કેવલ માત્ર સત્તર વર્ષનો હતો. હજી એસ.એસ.સી. નો અભ્યાસ પણ પૂરો નહોતો થયો. તે તો હબકી જ ગયો. તે સૌથી મોટો. પછી પાંચ નાની બહેનો ને બે નાનાં ભાઈઓની જવાબદારી કેવી રીતે લઈ શકે? દરેક જણ શૈશવકાળને રળિયામણું બનાવે પણ તે પહેલાં જ પિતાની છત્રછાયા ગુમાવી. બા કરકસર, સ્વાવલંબન, પરિશ્રમ વગેરે ગુણો કેળવવા મહેનત કરવા માંડ્યા. બાળકોનાં મોસાળ પક્ષેથી ખૂબ સારી મદદ મળી. બાનાં ભાઈ એટલે કે દીકરાના મામાઓએ બહેનના દુઃખને હળવું કરવા ઔપચારિક શબ્દો ન વાપર્યા પણ મનથી મૂંગા મોંએ સહાય કરી. આર્થિક રીતે મદદરૂપ થતાં દરેક જણ સારું શિક્ષણ લઈ ડિગ્રી મેળવી શક્યા.

કાળનું ચક્ર ફરતું ગયું. કેવલે ડિગ્રી મેળવી નોકરી પણ પ્રાપ્ત કરી અને ભાઈ બહેનોની જવાબદારી ઉઠાવી લીધી. કેવલ પરણ્યો. વહુ સારી ને સંસ્કારી મળી. જાણે સોનામાં સુગંધ ભળી. વારાફરતી બધાં ભાઈ-બહેનોનાં સંસાર મંડાયા. પણ કેવલભાઈએ પોતે મોજમજા માણી નહોતી. વહુની ઘણી ઈચ્છાઓને ઠુકરાવી પરિવારને ટકાવી રાખ્યો. કુટુંબના સંપને જાળવી રાખ્યો.

કાશીબાને પ્રભુમાં અત્યંત શ્રદ્ધા હતી, તેથી તેનું કૃપાબળ પ્રાપ્ત થતાં તેમનાં જીવનનાં દુઃખના વાદળો વિલિન થયાં, ને

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવાણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

સુખની વિજળીઓ ઝબુકવા લાગી. દીકરીઓનો સંસાર પણ બાના મળેલ સંસ્કારથી ફોરમ ફેલાવતાં હતા. બાને સંતોષ થયો. કરણ, કશ્યપની વહુઓ પણ સમય થતાં આવી ગઈ. તે પણ બાનાં સ્વભાવને અનુસરીને કુટુંબમાં ઓતપ્રોત થઈ ગઈ. બાને હૈયે હવે પૂર્ણ પરિતોષનો ચંદ્ર આકાર લેતો હતો. વળી પરિવારજનોએ બાને પ્રભુ સ્મરણ કરવાની ને કરાવવાની ઉમદા તક આપી. બાની નજર સમક્ષ એક પછી એક ચિત્રો પસાર થતાં ગયાં. ત્યાં તો કેવલ આવ્યો ને બોલ્યો : બા, ક્યાં ખોવાઈ ગયાં? હજી પણ કાંઈ ઈચ્છા હોય તો કહેજો હોં...''

''ના, દીકરા ના, આજના કલિયુગમાં આવો પુત્ર પરિવાર હોય તો બીજું શું જોઈએ? અત્યારે તો વૃદ્ધાશ્રમમાં મૂકી જનાર દીકરા પણ ક્યાં નથી? મારે તો વહુઓ પણ સંસ્કારના પાણી પીને આવેલી છે. તમે એકતાની દોરીને અતૂટ રાખજો.'' બા અતીતનાં પોપડાં સંકેલીને બહાર આવી ગયા હતા.

''અરે, આજે મારો મિત્ર શ્યામલ શું કહેતો હતો ખબર છે?''

''કેમ શું કહેતો હતો?''

તેને આપણાં કુટુંબની ઈર્ષા આવતી હોય તેમ મને કહે છે કે, ''કેવલ, હવે તો તારો અલગ સંસાર શરૂ કર. મોજમજા કર. ક્યાં સુધી આવાં ઢસરડાં કરીશ?'' પછી મેં તેને એવો જવાબ આપ્યો ને કે ફરી બોલે જ નહિ.

મેં કહ્યું કે ''ના રે ભાઈ ના, મારી બાએ નાની ઉંમરમાં અમને ઉછેરવામાં કેટલાં દુઃખ વેઠ્યાં છે. આ મારી જવાબદારી અને ફરજ ગણાય. હું ઘરમાં મોટો મારા પિતાની જગ્યાએ કહેવાઉં. આને ઢસરડાં કહું તો મારી માતાનાં સંસ્કારને લાંછન લાગે. હું તો આવી દેવી જેવી માતાને કે ભરત, લક્ષ્મણ જેવાં ભાઈને કે મારી વહાલી બેનોને મૂકીને ખાઈ પણ ન શકું, સમજ્યો?''

કેવલનો કુટુંબપ્રેમ જોઈ તથા તેની વાતનો જવાબ સાંભળી શ્યામલ નવાઈ પામ્યો તે તુરત ચૂપ થઈ ગયો.

આ જમાનામાં આવો પુત્ર કે ભાઈ મળવો દુર્લભ છે. 'એકતા પરિવાર'નાં બંગલાનું નામ પણ 'એકતા' જ છે. આ પરિવારમાં અશાંતિને પ્રવેશવા જગા જ નથી. શ્રદ્ધાની રેતીથી રોળાયેલું, સંપની ભાવના પ્રદર્શિત કરતું નંદનવન સમું આ કુટુંબ કદીયે ડગમગે નહિં અને કોઈની કટુ નજરની ઝાંખી પણ ન પામે તેવું પરિવારજનો ઝંખે છે. દેશની ઉચ્ચ સંસ્કૃતિની સ્મૃતિનું સ્મરણ કરાવે તેવા કાશીબાને જોતાં પાડોશી વૃદ્ધ કાકાએ તો કહેલું કે આ માતાને તો 'માતૃપ્રેમનો એવોર્ડ' આપવો જોઈએ. હૈયાંની હાટડીનાં સ્વજનોને સુમધુર સંબંધોના સથવારે લઈ જનાર કોણ છે? ■

## સાઠ પછીનું સ્વાસ્થ્ય

(અનુ. : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)

વાંચવું, ભરતકામ, કોમ્પ્યુટર કામ વગેરે કંઈ આંખને હેરાન કરતાં નથી પણ તેના કારણે થાક, માથું દુઃખવું, ધૂંધળી દૃષ્ટિ વગેરેનો અનુભવ થઈ શકે છે. પણ તેના ઉપાયો છે.

★ કોમ્પ્યુટર કામ કરાય ત્યારે ધ્યાન રાખવું કે તેનો સ્ક્રીન આંખથી થોડો નીચો રહે. યોગ્ય અંતર (સ્ક્રીનથી ૬૦ સેન્ટીમીટર) જાળવીને બેસવું.
★ ચશ્માં પહેરતા હોઈએ તો સાચા નંબરના જ ચશ્માં પહેરવા. તે છતાં જો સ્ક્રીન જોવામાં આંખ ખેંચાય તો આગળ નમવાના બદલે ફોન્ટની સાઈઝ મોટી કરી નાખવી.
★ વાંચતા હોઈએ કે સ્ક્રીન પર એકાગ્રતાથી જોતા હોઈએ ત્યારે આંખને પુષ્કળ પટપટાવવી. તેથી આંખ ભીની રહે છે. દર ચાર-પાંચ સેકન્ડે આંખો પટપટાવવી.
★ જ્યારે આંખ થાકતી લાગે ત્યારે થોડો સમય આંખને આરામ આપવો.
★ કામ કરતા હોઈએ ત્યારે થોડી થોડી વારે દૂર સુધી જોવાનો પ્રયત્ન કરવો. પછી થોડો આરામ કરવો. ચા પીવી, કસરત કરવી, બાગમાં ફરવું જેવી પ્રવૃત્તિઓ કરવી.
★ કામ કરતા હોઈએ તે જગ્યાએ પૂરતો પ્રકાશ માથા પર હોવો જોઈએ. આંખ સામે કે પાછળ ન હોવો જોઈએ.
★ ધૂમ્રપાન ન કરવું.
★ તડકામાં જતા હોઈએ તો ગોગલ્સ ચશ્માં પહેરવાં.
★ શરીરનું વજન યોગ્ય જાળવવું.
★ ઓછી ચરબીવાળો આહાર લેવો.
★ આંખને પોષક આહાર લેવો. મોસંબી, માછલી વગેરે. માછલીમાં ઓમેગા-૩ મળે છે. ગ્રીન ટી પણ સારી છે.
★ 'પામિંગ' જેવી આંખની વિવિધ કસરતો કરવી.
★ જરૂર પડે તો જરૂરી વિટામિન પૂરકો લેવા.

મોતિયો વગેરે થાય તો મુંઝાવાની જરૂર નથી. આધુનિક ટેકનોલોજીની મદદથી બહુ જ સરળતાથી અને થોડી જ મિનિટોમાં ઓપરેશન થઈ જાય છે. તેમાં જે નેત્રમણિ મૂકવામાં આવે છે તે આજીવન સ્પષ્ટ અને સરસ દૃષ્ટિ આપે છે.

પણ મૂળ વાત કે આંખના સ્વાસ્થ્ય બાબતે સતત સજાગ રહેવાનું છે. યુવાનીમાંથી જ રહેવાશે તો અનેક સમસ્યાઓથી બચી જવાશે.

***(ક્રમશઃ)***

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

આરોગ્ય

વૈશ્વિક સ્વાસ્થ્ય દિન : ડિપ્રેશનમાં એક્સપ્રેશન

# ગેરસમજ અને મનોવૈજ્ઞાનિક સત્ય

ડૉ. મણિલાલ ગડા
ડૉ. દિપ્તી શાહ

એપ્રિલ-૨૦૧૭ના 'મંગલ મંદિર'ના અંકમાં આપણે જાણ્યું કે વૈશ્વિક સ્વાસ્થ્ય દિન-૨૦૧૭નું સૂત્ર છે : "હતાશાની બીમારી : એક્સપ્રેશન (Depression : Let's Talk)"

વૈશ્વિક સ્વાસ્થ્ય દિન-૨૦૧૭ના મુખ્ય હેતુઓ છે કે હતાશાની બીમારી - ડિપ્રેશન વિશે નીચે આપેલા મહત્ત્વના મુદ્દાઓ પર લોકોમાં જાણકારી અને જાગૃતિ આવે.

૧. હતાશાની બીમારી - ડિપ્રેશન એક બીમારી છે.
૨. હતાશાની બીમારી - ડિપ્રેશન એ મનની નબળાઈ નથી.
૩. હતાશાની બીમારી - ડિપ્રેશન કોઈને પણ થઈ શકે છે. કોઈપણ ઉંમરબાધ નથી.
૪. હતાશાની બીમારી તથા દર્દી પ્રત્યેનું પરિવારજનો તથા સમાજનું નકારાત્મક વલણ (Social Stigma) બદલાવવાની જરૂર છે.
૫. હતાશાની બીમારી - ડિપ્રેશન સુધારી (treatable) શકાય છે. સારવારના પરિણામો અન્ય શારીરિક બીમારીઓની (ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ વગેરેની) જેમ સંતોષકારક આવે છે. સારવાર બાદ દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે.
૬. સારવાર ન કરવાથી ધંધાકીય, નાણાંકીય, કૌટુંબિક તથા સામાજિક નકારાત્મક અસરો થાય છે.
૭. સારવાર ન કરવાથી દર્દી આત્મહત્યા કરવા પ્રેરાય છે.

આમાંના પ્રથમ ૪ મુદ્દાઓ વિશે ઉંડાણમાં આપણે આગળના લેખમાં જાણકારી મેળવી.

- **ડિપ્રેશન બીમારી વિશે પ્રવર્તતી ગેરસમજ તથા આધુનિક વૈજ્ઞાનિક સત્ય :**

ડિપ્રેશનની બીમારી અંગે સમાજમાં, લોકોમાં કેટલીક ગેરસમજણ તેમજ ભૂલભરેલી માન્યતાઓ અને પૂર્વગ્રહયુક્ત અભિપ્રાયો પ્રચલિત છે. આ ભ્રામક માન્યતાઓ ડિપ્રેશન બીમારીના દર્દીને યોગ્ય મનોવૈજ્ઞાનિક ચિકિત્સા અને સારવારથી દૂર રાખે છે.

આ અંગેની સમજણપૂર્વકની મનોવૈજ્ઞાનિક સ્પષ્ટતા જરૂરી અને આવશ્યક છે.

★ **ગેરસમજ-૧ :** "તે આળસુ થઈ ગયો છે. તેને કામ કરવું નથી."

**મનોવૈજ્ઞાનિક સત્ય :** ***"કામ કરવાની ઈચ્છાનું લુપ્ત થવું અને કામ કરવાની ઉત્સુકતા ન રહેવી એ ડિપ્રેશનની બીમારીનું લક્ષણ છે."***

વ્યક્તિ પહેલાં વ્યવસ્થિત કામ કરતો હતો તે હવે કામ પર જતો નથી. કામ કરવાની ઈચ્છા અને ઉત્સુકતા અદશ્ય થઈ જાય છે. ગૃહિણી પહેલાં ઘરનું બધું જ કામ સમયસર વ્યવસ્થિતપણે કરી લેતી હતી અને હવે કામ કરવામાં આળસ કરે છે. આ બંને બાબત તેના કુટુંબીજનો કે સગાવહાલાં ખોટું અર્થઘટન કરતા હોય છે કે 'તે આળસુ થઈ ગયો છે / થઈ ગઈ છે. તેને કામ કરવું નથી.' અને આવા સંજોગોમાં બધા (અયોગ્ય) સલાહ આપતા હોય છે કે 'તેને પરાણે કામ પર મોકલો. તેની પાસેથી પરાણે કામ કરાવો એટલે બધું નોર્મલ થઈ જશે.'

***જે વ્યક્તિ પહેલાં નિયમિત કામ કરનારી હતી તે એકાએક આળસુ બની જાય અને કામથી વિમુખ થઈ જાય એ ખરેખર ડિપ્રેશન રોગની ભોગ બની છે. એ વ્યક્તિ (દર્દી)નું મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી સારવાર આપવાની આવશ્યક્તા અને અગત્યતા છે, ફક્ત મોઢાની સલાહ નહીં.***

★ **ગેરસમજ-૨ :** વિચારો કર્યા કરે છે. કેટલું સમજાવ્યું છતાં પોતાના વિચારો છોડતો / છોડતી નથી. વિચાર કરવાનું છોડી દે એટલે બધું સારું થઈ જશે.

**મનોવૈજ્ઞાનિક સત્ય :** ***ડિપ્રેશનની બીમારીનાં લક્ષણોમાં દર્દીને વધારે વિચારો આવે છે. નકારાત્મક વિચારો આવે છે. આ વિચારો તથા વિચાર કરવાની શક્તિ પર દર્દીનો કાબૂ હોતો નથી. વિચારો દર્દીનો કાબૂ લઈ લે છે.***

જો કોઈ વ્યક્તિ ફરિયાદ કરે કે એને ખૂબ વિચારો આવે છે, કુટુંબના સભ્યો તથા હિતેચ્છુઓ તરતજ વણમાગી સલાહ આપશે કે 'વિચાર કરવાનું છોડી દો એટલે સારા થઈ જશો.' અથવા 'તમારા વિચારોને કાબૂમાં રાખો.' 'તમે આત્મવિશ્વાસ કેળવો, તમને કશું નહીં થાય.'

આપણે સૌએ સમજવું જરૂરી છે કે ***'ડિપ્રેશનની બીમારીથી પીડાતી વ્યક્તિને સામાન્ય માણસની જેમ પોતાના વિચારોને કાબૂમાં રાખવાની શક્તિ હોતી નથી.'*** જેવી રીતે ટાઈફોઈડના

તાવથી પીડાતી વ્યક્તિને કહેવું કે 'તમારા તાવને ભગાડી દો એટલે તમે સારા થઈ જશો' કે કમળો થનાર વ્યક્તિને સલાહ આપવી કે 'આત્મવિશ્વાસ કેળવો એટલે કમળો મટી જશે' એ નિરર્થક છે. તેવી જ રીતે ડિપ્રેશનના દર્દીને પોતાના વિચારો પર કાબૂ રાખવાની સલાહ આપવી નિરર્થક છે. યોગ્ય સલાહ છે કે એને મનોચિકિત્સક પાસે લઈ જઈ નિદાન કરાવી સારવાર કરાવો.

છેલ્લા ત્રણ દાયકાઓમાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે ડિપ્રેશનની બીમારીમાં મગજના અલગ અલગ અવયવોના એમીગડેલા, હાઈપોથેલામસ, પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ વગેરે જ્ઞાનતંતુઓમાં કદ, રચનામાં ફેરફારો થાય છે. આથી રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ) ફેરફારો ઉદ્‌ભવે છે. જેના લીધે મુડ, વિચાર, વર્તણૂક, લાગણી કાર્યશક્તિ પર નકારાત્મક અસર થાય છે તથા ડિપ્રેશનની બીમારીના લક્ષણો (મનના તથા શારીરિક) જોવા મળે છે. આ લક્ષણો પર દર્દીનો કાબૂ હોતો નથી.

આધુનિક દવાઓના લીધે ઉપરોક્ત ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો નોર્મલ થાય છે તથા લક્ષણો કાબૂમાં આવે છે. દર્દીના વિચારો ઓછા થાય છે અને દર્દી પૂર્વવત કાર્ય કરી શકે છે, જવાબદારી સંભાળે છે.

★ **ગેરસમજ-૩ :** "કોઈએ આ વ્યક્તિને કાંઈ કરી નાખ્યું છે. ભૂત પિશાચ કે શયતાનની અસર છે. જાદુટોનાની અસર છે."

**મનોવૈજ્ઞાનિક સત્ય :** ***શારીરિક બીમારીઓમાં શરીરના અવયવોમાં ફેરફારો થાય છે.*** એવી જ રીતે ડિપ્રેશનની બીમારીમાં મગજના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો થાય છે. આધુનિક દવાઓ દ્વારા આ ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો નોર્મલ કરાય છે. જેથી લક્ષણો પર કાબૂ મેળવાય છે. દર્દી પૂર્વવત નોર્મલ થાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ ભૂત, પિશાચ, શયતાન કે દેવીનું કોઈ અસ્તિત્વ નથી. આ માત્ર તાર્કિક આધાર છે.

થોડા સમય પહેલાં શીતળાનો રોગ એ "દેવી"એ દીધેલ શાપ મનાતો હતો તથા સારવારમાં દસેક દિવસ બાદ દેવીને મનાવવા મંદિરે જતા. આજે આ પ્રકારની માન્યતા ખોટી ઠરી છે. આપણે સૌ જાણીએ છીએ કે શીતળા રોગ છે, જે એક પ્રકારના અતિ સૂક્ષ્મ જીવાણુઓ - વાઈરસને લીધે થાય છે તથા તબીબી ઉપચારથી કાબૂમાં લઈ શકાય છે. શીતળા વિરોધી રસી લેવાથી આ રોગ થતો નથી.

ડિપ્રેશન બીમારીના દર્દી માટે ભુવા કે તાવિજ પાછળ દોડીને સમય, પૈસા, શક્તિનો વેડફાટ કરવા કરતાં મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી પધ્ધતિસરની તબીબી સારવાર ત્વરિત શરૂ કરવી જોઈએ. સારવારના પરિણામો સારા આવે છે અને દર્દી વ્યવસ્થિત ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે.

★ **ગેરસમજ-૪ :** મને પુષ્કળ સ્ટ્રેસ છે છતાં કાંઈ થતું નથી. એને થોડું પણ સ્ટ્રેસ આવે છે તો ડિપ્રેશનની બીમારીનો ભોગ બને છે.

**મનોવૈજ્ઞાનિક સત્ય :** દરેકની શારીરિક ક્ષમતા (દોડવાની ક્ષમતા, ખાવાની ક્ષમતા, રોગ પ્રતિકારક શક્તિ વગેરે) અલગ અલગ હોય છે. તેવી જ રીતે માનસિક સ્ટ્રેસની પ્રતિકાર શક્તિ દરેક વ્યક્તિની અલગ અલગ હોય છે. સરખામણી અયોગ્ય છે.

એક કુટુંબની ૪ વ્યક્તિઓ એક હોટલમાં રાતનું જમવાનું સાથે જમે છે. બીજે દિવસે એક વ્યક્તિને ઝાડા થાય છે, ઉલટી થાય છે ત્યારે કુટુંબીજનો એને કહેતા નથી કે "તને જ ઝાડા કેમ થયા, અમને કેમ કાંઈ થયું નહીં?" ઊલટું, કુટુંબીજનો એ વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ બતાવી એની યોગ્ય સારવાર કરે છે.

જેમ શારીરિક પ્રતિકાર કરવાની શક્તિ વ્યક્તિમાં ઓછી હોય ત્યારે શારીરિક રોગ થાય છે. આવા દર્દી પ્રત્યે આપણને સહાનુભૂતિ હોય છે તથા આપણે એને દોષિત માનવાને બદલે સારવાર કરીએ છીએ.

તેવી જ રીતે માનસિક પ્રતિકાર કરવાની શક્તિ વ્યક્તિમાં ઓછી હોય (જેનેટીક, શારીરિક, માનસિક કે સામાજિક કારણોના મિશ્ર પ્રત્યાઘાત રૂપે) ત્યારે વ્યક્તિને ડિપ્રેશનની બીમારી થાય છે. ત્યારે દર્દીના કુટુંબીજનોએ નિરર્થક દલીલ કરવાને બદલે મનોચિકિત્સક પાસે નિદાન કરાવી યોગ્ય સારવાર કરવી જોઈએ. કુટુંબીજનોનું નકારાત્મક વલણ સારવારમાં બાધા નાખે છે. સમજણપૂર્વકનું, સહાનુભૂતિપૂર્વકનું વર્તન સકારાત્મક વાતાવરણ સર્જી સારવારમાં ખૂબ જ મદદરૂપ બને છે.

● **ડિપ્રેશનની બીમારી વિષે :**

***સમજણપૂર્વકની, સહાનુભૂતિપૂર્વકની વાણી અને વર્તન દર્દી માટે ખૂબ અગત્યનું છે. કુટુંબીજનોનો સાથ અને સહકાર સારવારનો મહત્ત્વનો હિસ્સો છે.*** ■

Aristo™ STAINLESS STEEL
Mfrs. of Aristo Brand Stainless Steel Utensils
ARISTO PLUS
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

આરોગ્ય

## સાઠ પછીનું સ્વાસ્થ્ય – ૪

# વધતી ઉંમર અને ઇન્દ્રિયો – આંખ

હરેશ ધોળકિયા

આપણી પાંચ ઇન્દ્રિયો એક નેટવર્ક છે જે આપણને વિશ્વ સાથે સાંકળે છે. તેના માધ્યમથી આપણને અનેક આનંદો અને ફાયદાઓ પણ મળે છે. અલબત્ત, ઉંમર થતા આ બધી જ ઇન્દ્રિયો ધીમી પડવા લાગે છે. થોડા લોકો, કદાચ આજીવન ચશ્માં કે હિયરિંગ એઇડ વિના જીવી જાય છે, પણ મોટાભાગના લોકોની આ ઇન્દ્રિયોની શક્તિ ક્રમશઃ ઘટતી જાય છે.

પણ એ યાદ રાખવાનું છે કે, આ ઇન્દ્રિયોના પ્રશ્નોને સ્વસ્થ રાખવાના ઘણા ઉપાયો છે. તે માટે અનેક પગલાં લઈ શકાય છે જે ઇન્દ્રિયોના આનંદને માણવાનું ચાલું રાખવામાં મદદરૂપ થાય છે.

અહીં ક્રમશઃ એક એક ઇન્દ્રિયો વિશે જાણીએ. પહેલાં, મહત્ત્વની ઇન્દ્રિય **"આંખ"**ને સમજીએ.

ઉંમર થાય તેમ આંખની સમસ્યાઓ સામાન્ય રીતે વધવા લાગે છે. તેને જો ઓળખી લેવામાં આવે તો અડધી લડાઈ જીતી જવાય છે. તેમાં થતા ફેરફારોને સ્વસ્થ રાખવાના અનેક ઉપાયો છે.

યુવાનીમાં જેટલી આંખને એકાગ્ર કરી શકાય છે તેટલી ઉંમર થતાં કરી શકાતી નથી. ચાલીસ પછી આંખમાં ફેરફારો શરૂ થાય છે. આંખના લેન્સ ઓછા ગતિશીલ બને છે. પાસેની વસ્તુઓ ધૂંધળી બને છે. ઝીણા અક્ષરો વાંચવામાં તકલીફ પડે છે. પણ સાઠ થતાં આ મુદ્દો સ્થિર થઈ જાય છે અને સમસ્યા આગળ વધતી નથી.

તે માટે સાદા ઉપાયો કરી શકાય છે.

સૌથી સરળ ઉપાય ચશ્માં પહેરવા, એ છે. તે નજીકની વસ્તુઓને મોટી કરે છે. પહેલેથી જ લાંબી કે ટૂંકી દૃષ્ટિ હોય તો વાંચવાનાં વધારાનાં ચશ્માં લેવા પડે છે અથવા બાયફોકલ ચશ્માં લેવા પડે છે. જો ચશ્માં ન પહેરાય તો આંખને નુકસાન થવાનો સંભવ રહે છે. તેના કારણે માથું દુઃખે છે અને કામ કરવાની શક્તિ ઘટે છે.

એકવાર ચશ્માં લેવાય, તો યોગ્ય એ છે કે હંમેશા બે જોડ રાખવી. કદાચ એક ભાંગી જાય અથવા ખોવાઇ જાય તો વાંધો ન આવે. ભૂલકણા હોઈએ તો તેને ગળામાં લટકાવી રાખવા.

વારંવાર ચશ્માં બદલાવવા ન પડે માટે હવે "મોનોવિઝન" નામની પધ્ધતિ શોધાઈ છે. તે એક આંખને નજીકના કામ માટે સુધારી આપે છે. બીજી દૂર માટે ઉપયોગમાં લઈ શકાય છે, જે ડ્રાઈવિંગ માટે કામ આવી શકે છે. તે કોન્ટેક્ટ લેન્સની મદદથી કે લેસર સર્જરીથી કરી શકાય છે. શરૂઆતમાં તેનાથી કદાચ તકલીફ પડશે, પણ સમય જતાં મગજ ક્યારે કઇ આંખનો ઉપયોગ કરવાનો છે તે શીખી લેશે.

બીજો સરળ ઉપાય છે કે સમયાંતરે આંખની તપાસ કરાવતા રહેવું. તેનાથી આંખમાં જે પણ ફેરફારો થતા હશે તે વહેલા પકડાઈ જશે. કોઈ રોગ થતો હશે તો પણ પકડાઇ જશે. એટલે બને તો, દર બે વર્ષે આંખ તપાસતા રહેવું. ડાયાબિટીસ કે લોહીનું ઊંચું દબાણ હોય તો તો ખાસ. લોહીનું દબાણ અનેક સમસ્યાઓ સર્જે છે. તે આ તપાસથી પકડાઈ શકે છે. બીજા રોગો પણ સરળતાથી જાણી શકાય છે.

● **આંખમાં આવતા પરિવર્તનો :**

★ અચાનક દૃષ્ટિ ચાલી જાય છે અથવા બધું જ ઝાંખું કે ધૂંધળું બની જાય છે.
★ એક બાજુની દૃષ્ટિ ચાલી જાય.
★ આંખ પર જાણે પડદો પડી ગયો હોય એવું અનુભવાય.
★ પાંચેક મિનિટ પછી એક આંખમાં દૃષ્ટિ ઝાંખી થાય.
★ અચાનક દૃશ્ય વિચિત્ર દેખાય.
★ આ બધા સાથે માથું દુઃખે, અસ્વસ્થ થવાય, વગેરે.
★ આંખમાં જાણે ચમકારા થતા હોય તેવું લાગે.
★ આંખમાં પીડા થાય.
★ આંખ સુઝી જાય.
★ અસમતુલિત કીકીઓ.
★ આંખો સૂકી થઈ જાય.
★ બાહ્ય કારણોથી ક્યારેક આંખમાં સતત આંસુ આવ્યા કરે.
★ પાંપણ સંવેદનશીલ બની જાય અને તેમાં ચરચરાટ થાય.

● **કેટલાક રોગો :**

ગ્લુકોમા, રેટીનોપથી, રેટીનલ ડિટેચમેન્ટ, મોતિયો.

● **ઉપાયો :**

માનવ આંખો સતત તીવ્ર કામ કરવા ટેવાયેલ નથી.

(અનુ. : જુઓ પાના નંબર-૪૪ ઉપર)

હાસ્ય

# આઝાદી

દિનકર મહેતા

હું યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશનનો સ્ટુડન્ટ છું. અભ્યાસ માટે મારા નાના ગામમાંથી અમદાવાદ એક નાની રૂમ ભાડે રાખી રહું છું. મારું મૂળ નામ જેન્તીલાલ હતું પણ મારા મિત્ર વિકીએ મને 'જેકી' નામ આપ્યું છે. આમ તો મને મૂળ નામમાં કંઈ વાંધો જણાતો ન હતો પણ મારા મિત્ર વિકી કે જેનું મૂળ નામ વિનોદ હતું તેણે મને સમજાવ્યું કે જેન્તીલાલને કોઈ છોકરી ભાવ નહિ આપે. આ તે કંઈ નામ છે? ભદ્રંભદ્ર જેવું! મારી ફોઈએ જેન્તીલાલ નામ આપ્યું તે શું જિંદગીભર મારે આ બાવા આદમના જમાનાના નામને વળગી રહેવું? મારે મારું કયું નામ રાખવું તેની આઝાદી તો મને મળવી જોઈએને? આજકાલના માહોલમાં આઝાદીની હવા ચાલી રહી છે. તો મને મારા નામ માટે પણ આઝાદી નહિ? આ સરાસર અન્યાય છે. આમ વિચારી હું જેન્તીલાલમાંથી જેકી બની ગયો. અને ચમત્કાર પણ જુઓ. મને એક ગર્લફ્રેન્ડ મળી પણ ગઈ. તે પણ યુનિવર્સિટીમાં જ રહી ભણતી હતી તેમ કહી શકાય. તે યુવતી પણ મોડર્ન હતી. આમ તો કોકિલા નામ હતું પણ હવે તેણે પણ આઝાદી મેળવેલ હોઈ 'કુકી' બની ગઈ હતી.

આ કુકીએ મને આજે મળવાનો ટાઈમ આપ્યો હતો. યુનિવર્સિટીના બસ સ્ટેન્ડ પર અગિયાર વાગે અમારે મળવાનું હતું ગર્લફ્રેન્ડને મળવાનો આ પહેલો પ્રસંગ હતો તેથી ચહેરાને આકર્ષક તો બનાવવો પડે ને, પણ ફેસ વૉશ શોધવામાં મને થોડું મોડું થઈ ગયું. મેં ઉતાવળે પાર્કિંગમાંથી બાઈક કાઢ્યું અને લક્ષ્ય તરફ બાઈકને દોડાવી. પરંતુ ક્રોસિંગ પર રેડ સિગ્નલ હતું. પણ તેની પરવા કર્યા સિવાય હું આગળ વધ્યો. પરંતુ ફરજ પરના ટ્રાફિક પોલીસે મને રોક્યો. તેણે અકળાઈને અને કંઈક ગુસ્સામાં મને પૂછ્યું, 'રેડ સિગ્નલ છે તે જોતા નથી?' મને ખૂબ જ ગુસ્સો આવ્યો. મેં તેને સામે પૂછ્યું, 'તેં ભારતીય સંવિધાન વાંચ્યું છે? હું સ્વતંત્ર ભારતનો સ્વતંત્ર નાગરિક છું. સંવિધાન મુજબ મારે કેમ જીવવું તેની મને આઝાદી મળેલી છે. તું મને રોકવા વાળો કોણ?' પોલીસમેન માથું ખંજવાળતાં વિચારતો હતો કે આ વળી કઈ આઝાદી?

આ રકઝક દરમ્યાન ગ્રીન સિગ્નલ મળતાં મેં બાઈક મારી મૂકી. નિયત બસ સ્ટેન્ડ પહોંચ્યો તો ત્યાં કુકી ન હતી. મેં વિચાર્યું કે મારી જેમ તેને પણ મોડું થઈ ગયું લાગે છે. રાહ જોતાં દસ મિનિટ થઈ ગઈ પણ કુકીનાં દર્શન થયાં નહિ. સમય કેમ પસાર કરવો તેનો વિચાર કરતો હતો ત્યાં બાજુના ગલ્લા પર ગીત વાગતું હતું 'બીડી જલાઈ લે જીગર સે પિયા' કેટલું મસ્ત ગીત હતું! ઘરે તો દાદીમા પાસેથી 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' સાંભળીને માથું પાકી જતું હતું. મેં ગલ્લા પર જઈ સિગરેટ લીધી. રજનીકાન્ત સ્ટાઈલથી ગોગલ્સ આંખો પર ગોઠવ્યા અને ગલ્લાની બાજુમાં થોડે દૂર એક ઍંગલ પર લગાવેલા બોર્ડનો ટેકો લઈ સિગરેટના કશ લેવાનું ચાલું કર્યું. મોડર્ન દેખાવા માટે સિગરેટ ફૂંકવી જરૂરી છે. કુકી તો ન આવી પણ સામેથી એક બુઝુર્ગ આવતા દેખાયા. નજીક આવી મોઢા પર કંઈક નારાજગી લાવી મને ઈશારાથી બોર્ડ વાંચવાનું કહ્યું. બોર્ડ પર લખ્યું હતું : 'ધુમ્રપાન નિષેધ છે.' પહેલાં તો મને કંઈ સમજાયું નહિ. કાકા મને ઈશારાથી સમજાવતા હતા કે અહીં ધુમ્રપાન થઈ શકે નહીં. મને કાકા ઉપર દયા આવી. આટલી ઉંમર થઈ પણ કાકાને હજુ આઝાદીની સમજણ આવી લાગતી નથી. બોર્ડ લખવાવાળાને બોર્ડ લખવાના પૈસા મળતા હોય એટલે બિચારા લખે પણ આઝાદી જેવી કોઈ ચીજ આ દેશમાં છે કે નહિ? મને ઉપદેશ આપવાની કાકાની આ રીત મને ગમી નહિ. કાકા ઉપર ગુસ્સો પણ આવ્યો. મેં કાકાને કહ્યું, 'અમે તો ઠીક પણ અહીં યુનિવર્સિટીમાં આ ઉંમરે તમે ડાફોળિયા મારો છો તે સારું નહિ. તે કરતાં ઘરમાં બેસીને બે ભજન કરશો તો તમારા છોકરાઓને સારા સંસ્કાર મળશે.' કાકા કશું બોલ્યા વિના રસ્તે ચાલતા થયા. મને દેશની ચિંતા થઈ. જે દેશમાં આ કાકા જેવા નેશનલ વેસ્ટેજ (National wastage) હશે તે દેશ ક્યારે ઊંચો આવશે!

કુકી આવશે એ આશાએ હું હજુ પણ રાહ જોઈ ઊભો રહ્યો. હવે તો સિગરેટ પણ પૂરી થવા આવી હતી. ત્યાં મારા મોબાઈલની રિંગ વાગી. મેં જોયું તો એ કુકીનો ફોન હતો.

'હાય જેકી, સૉરી યાર, હું તારી રાહ જોઈ ઊભી હતી ત્યાં જહોન પોતાની બીએમડબલ્યુ લઈને પસાર થતો હતો. મને જોઈને તેણે કાર ઊભી રાખી અને મને લંચ માટે સાથે આવવાની ઑફર કરી. તને તો મારા સ્વભાવની ખબર છે. હું કોઈને ના ન કહી શકું. તેથી તેની સાથે અહીં રેસ્ટોરન્ટમાં લંચ લેવા માટે બેઠાં છીએ. સૉરી યાર. જો બકા, ખોટું ન લગાડતો. નેક્સ્ટ વીકમાં આપણે જરૂર મૂવી જોવા જઈશું. મારા મોબાઈલમાં બેલેન્સ ઓછું છે તેથી મૂકું છું.'

થોડી વાર માટે મને ચક્કર આવી ગયા. હું અર્ધા કલાકથી

અહીં રાહ જોતો ઊભો છું તેની કોઈ કિંમત નહીં? અને લંચ માટે તે બીજા સાથે ચાલી ગઈ? મનમાં થયું, શું સંસ્કાર છે આજકાલની પેઢીના!

મારી મોંઘા ભાવની સિગરેટ પણ પૂરી થઈ ગઈ હતી. મોડું થઈ ગયું હોઈ હવે કૉલેજ જવાનો પણ કંઈ અર્થ નથી. આમેય પ્રોફેસર ક્યાં ભણાવે છે. આવડતું હોય તો ભણાવે ને? છોકરાઓ પણ અમથા અમથા ગણગણતા હોય છે કે આરક્ષણવાળો છે તે શું ભણાવવાનો. આ છોકરાઓને કોણ સમજાવે કે આવું ન કહેવાય. પણ આજની પેઢી જ એવી થઈ ગઈ છે.

મનમાં આવી ગડમથલ ચાલતી હતી ત્યાં અચાનક મારો ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ વિકી ત્યાં આવી ચડ્યો. મેં તેને પૂછ્યું, 'કેમ અહીં અચાનક?' તે વ્યંગમાં હસ્યો.

'અચાનક નથી ગણતરી મુજબ જ આવ્યો છું' તેણે જવાબ વાળ્યો. 'મને ખબર જ હતી કે તું ઉલ્લુ બનવાનો છે, તું કુકીને ઓળખતો નથી પણ હું તો તેને સારી રીતે ઓળખું છું.'

મને આશ્ચર્ય થયું. 'તું કુકીને કેવી રીતે ઓળખે છે?'

'કુકીને ફક્ત તું જ નથી ઓળખતો. બાકી આખી કૉલેજ તેને ઓળખે છે.' કહી વ્યંગમાં તે હસ્યો. પરંતુ મારે તેને શું કહેવું તે જ મને સમજાતું ન હતું. વિકી પર ગુસ્સો કરવો કે ખુદ પર ગુસ્સો કરવો. હું બરાબરનો ઉલ્લુ બન્યો હતો.

આવી ગડમથલ ચાલતી હતી ત્યાં કૉલેજ કેમ્પસ તરફથી શોરબકોર કરતું વિદ્યાર્થીઓનું ટોળું બહાર આવતું દેખાયું. કેટલાક વિદ્યાર્થીના હાથમાં સ્લોગન સાથેનાં પાટિયાં હતાં. બૂમબરાડાની વચ્ચે વચ્ચે આઝાદી, આઝાદી એવા અવાજ આવતા હતા. કુકીના વિચારોથી મગજ શૂન્ય થઈ ગયું હતું તેથી અન્ય કશા વિચાર કર્યા સિવાય હું પણ ટોળામાં જોડાઈ ગયો. હું પણ આઝાદીનો લડવૈયો જ હતો ને. મેં પણ બમણા જોરથી આઝાદી આઝાદીના નારા લગાવવા શરૂ કર્યા. ત્યાં ટોળામાંથી અચાનક એક યુવક પ્રગટ થયો. તેના હાથમાં એક બોર્ડ હતું. મેં તે કૉલેજમાં ચાર વર્ષ કર્યાં હતાં તેથી તમામ વિદ્યાર્થીઓને ઓળખતો હતો પણ આ આગંતુક તો કૉલેજનો ન હતો. તેના હાથમાં સ્લોગન લખેલું એક પાટિયું હતું. તે મારા હાથમાં આપતાં કહ્યું, 'તારે લીડર બનવું છે તો પકડ આ પાટિયું. જો મીડિયા વાળા આવે તો તેની સામે તારે આ પાટિયું રાખીને ઊભું રહેવાનું છે.' હું હજુ આનાકાની કરું તેના પહેલાં તેણે મારા હાથમાં સો સો રૂપિયાની બે નોટ મૂકી ને ટોળામાં અદૃશ્ય થઈ ગયો. મને ખૂબ જ આશ્ચર્ય થયું. મનમાં પ્રશ્ન પણ થયો. કોણ હતું એ? જે હોય તે પણ આ કૉલેજનો તો ન જ હતો. પાટિયું હાથમાં રાખી હું પણ આઝાદીના નારામાં જોડાઈ ગયો. બસો રૂપિયા મળ્યા હતા ને.

આંદોલન ઉગ્ર બનતું જતું હતું. ત્યાં રસ્તા પર જતાં એક શ્રમજીવી મારી નજીક આવ્યો અને આશ્ચર્યથી પૂછ્યું, 'શું આપણો દેશ ફરીને ગુલામ બની ગયો છે? તમે લોકો આઝાદી માંગી રહ્યા છો એટલે પૂછું છું.' પણ હું કંઈ પણ જવાબ આપું તે પહેલાં તે તેના કામ માટે જતો રહ્યો. તેની પાસે સમય ન હતો. અમે દેશના હિતમાં અમારો કિંમતી સમય આપીને આ આંદોલન ચલાવી રહ્યા છીએ તેમાં કદાચ તેને રસ ન હતો. સારું થયું કે તે જતો રહ્યો કારણ કે મને પણ તેના આ સવાલથી આશ્ચર્ય થયું કે અમે માંગીએ છીએ તે કઈ આઝાદી? અને આઝાદી શા માટે જોઈએ છે. મનોમંથન પછી જવાબ મળી ગયો. સૌનો સાથ, સૌનો વિકાસ. વિકાસ.

વિકાસ માટે આઝાદી જરૂરી છે. વિકાસ માટે કોઈ પ્રશ્ન પૂછે તો જવાબ આપી શકાય તે માટે છેલ્લાં દસ પંદર વર્ષમાં થયેલા વિકાસ ઉપર મેં નજર કરી. અદ્ભુત વિકાસ હતો.

પહેલાં રસ્તા પર બાઈક પાર્ક કરતાં સંકોચ થતો. કોઈ ટોકશે તો? એવા વિચાર આવતા. હવે તો બાઈક ગમે ત્યાં પાર્ક કરો. કોઈ પૂછશે નહિ. રેડ સિગ્નલ હોય તો પણ તમે રસ્તો ક્રોસ કરો. કોઈ તમને પૂછશે નહિ. કારણ કે સૌ આઝાદીનો લાભ લઈ રહ્યા છે. હા, કોઈ વખતે મહિનાની આખરમાં જો તમે પોલીસના હાથે ઝડપાઈ જાઓ તો પણ જો તમે વ્યવહાર સમજી લો તો મામલો ત્યાં ને ત્યાં જ રફેદફે થઈ જશે.

પહેલાં કોઈ ખૂણેખાંચરે એકાદ પ્રેમી યુગલ બંને વચ્ચે એકાદ ફૂટનું અંતર રાખી વાતો કરતા જોવા મળતાં હતાં. પણ હવે, કોર્પોરેશને બાગ બગીચાની સારી સગવડ કરી આપી છે. ઠેર ઠેર સુંદર વૃક્ષો સાથે કમ્પાઉન્ડ વૉલ બનાવી આપી છે. તેથી આલિંગન સાથે અનેક યુગલો જોવા મળશે. પહેલાંનો એકાદ યુવક છેડતીથી સંતોષ માનતો. હવે ગેંગ રેપ થાય છે. મળેલ આઝાદીના આ ફાયદા છે.

પહેલાં બેકાર યુવક ખિસ્સું કાતરીને ખુશ થઈ જતો. પરંતુ હવે આખે આખું એટીએમ જ ચોરી થઈ જાય છે. તેઓને યાદ છે, 'સૌનો સાથ, સૌનો વિકાસ.'

પહેલાં નેતાને લોકો માનની નજરે જોતા હતા, હવે નેતા ઉપર જૂતાં ફેંકી શકાય છે. એટલું જ નહીં, દેશના સર્વોચ્ચ નેતા

(અનુ. : જુઓ પાના નંબર-૫૫ ઉપર)

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

હાસ્ય

# હસો ડોક્ટર હસો....

ડૉ. નલિની ગણાત્રા

માહિતી મેળવવાનો અધિકાર હાથમાં આવ્યા પછી લોકો ઝાલ્યા રહેતાં નથી. માહિતી માંગે એટલે કેવી? કે... બધાને નિયમિત કબજિયાત રહે છે અને તમને કેમ નહીં? વળી એમના આવા 'કબજિયાતી' સવાલના આપણે 'ખુલાસાભેર' જવાબ આપવા પડે. મેં કીધું કે હું રોજ રાત્રે સૂતા પછી અને સવારે ઊઠતાં પહેલાં, કોમેડી સર્કસના જજની જેમ અમથું - અમથું અટ્ટહાસ્ય કરું છું. મારો ધંધો જ ખુલાસીને હસવા-હસાવવાનો છે. આમ મારી - મચડીને ફરજિયાત હસવાને કારણે મને કબજિયાત રહેતી નથી. મારો જવાબ સાંભળીને પ્રશ્નકર્તાનું મોં હવાબાણ હરડે જેવું થઈ ગયું. આ જ માહિતી અધિકાર હેઠળ રોચકભાઈએ મને રેચક પ્રશ્ન કર્યો કે સામાન્ય રીતે ડૉક્ટરો હસતા નથી. એવું કેમ? મેં કીધું કે સંબંધિત ડૉક્ટરો પાસેથી હું તમને સદર માહિતી મેળવી આપીશ. પ્રયાસના સ્વરૂપે મેં પત્રકાર જેવા કંપાઉન્ડર દ્વારા હાસ્ય વિમુખ ડૉક્ટર ટીમનો સંપર્ક સાધ્યો. ફરીવાર કોઈ વતાવે નહીં એ હેતુથી ડૉક્ટરોએ શાયરીમાં સંદેશ મોકલાવ્યો.

*"કહી દો મીડિયાને કે માથું ન મારે,*
*હાસ્ય સાથે ના કોઈ નાતો અમારે.*
*કે પીડા સાથે સતત પનારો અમારે."*

પોતાને કોઈ કવિ કહી જાય એ પસંદ ન હોવાથી ડૉક્ટર કંપનીએ બે કે ચાર પંક્તિને બદલે ત્રણ પંક્તિમાં માહિતી મોકલી!

વાતમાં વજૂદ છે. બિચ્ચારા ડૉક્ટરોને પ્રાયઃ પીડાદાયી પર્યાવરણમાં જ રહેવું પડે છે. જેમ કે સંબંધો જેવી કડવી દવા અને ઘોંચપરોણા જેવાં ઇન્જેક્શનો આપ્યા કરવાના હોય. વળી જેમ આપણે સગાસંબંધીની ખબર-અંતર પૂછીએ એ પદ્ધતિથી ડૉક્ટરોએ પણ ભંગાર ઝાડો - પેશાબની પૂછપરછ કરવી પડતી હોય; ટાણે-કટાણે લાઇવ ગળફા કે લાઇવ લોહી પણ જોવા પડતાં હોય. આ ઉપરાંત એમની કેબિનમાં ચારે બાજુ હોરર બ્રાન્ડના હાડકાં-પાંસળા અને ખોપડીઓનાં ફોટાઓ (એક્સ-રે)નું પ્રદર્શન ગોઠવાયેલું હોય...! આમાં ડૉક્ટરો કેવી રીતે હસે? કિતના આસાં હૈ કહના મુસ્કુરાઓ... કિતના મુશ્કિલ હૈ પર મુસ્કુરાના?!! આપણને કોઈ ઉઘાડી ગટર પાસે જઈને પ્રાણાયામ કરવાની ફરજ પાડે અને પછી કહે... એક બાર મુસ્કુરા દો... આહાહા... આહાહા... આહાહા...! તો આપણી શી દશા થાય? વાતુ આવડે છે બધાને હં..અ..અ...!

બીજું કે માયકાંગલા દર્દીના પૈસા પર જીવવું પડે છે એનો ખટકો પણ ડૉક્ટરોને કેમેય કરીને હસવા દેતો નથી. દર્દીઓ જ ડૉક્ટરનાં માઇ-બાપ હોવાથી દર્દી અડધી રાતે 'ખખડાવે' (બારણું) તોય ખમી લેવું પડે છે. આટલા શારીરિક - માનસિક તનાવ અને આર્થિક પરાધીનતાથી પીસાતા પરેશાન ડૉક્ટર-લોગ જો પાછા પોતે બીમાર પડે તો કેમ જાણે એમનો માંદા પડવાનો પરવાનો જપ્ત કરી લેવાયો હોય એમ, મૂળચંદ ડેન્જર સવાલ પૂછે કે "લ્લે... તમે ડૉક્ટર થઈને બીમાર પડ્યા? અલા, ડૉક્ટરો કંઈ ક્વિનાઇન અને કપચીના બનેલા હોય તે બીમાર ન પડે? પણ આવા 'વ્યાજ ઉપર વેરો ભરવા' જેવા પીડાકારી પ્રશ્નો પૂછે પછી ડૉક્ટર ક્યાંથી હસે? હાડકામાંથી?!

મને એવું લાગે છે કે ડૉક્ટરો હસતાં જ રહે તો તો એમના દર્દીઓ અકાળે સાજા થઈ જવા માંડે. અને તો... ડૉક્ટરોને તો હસવામાંથી (દર્દીઓનું) ખસવું થઈ જાય ને! જોકે હું અત્રેથી ડૉક્ટરોને ખાતરી આપું છું કે તમે વાર-તહેવારે હસવાનું રાખશો તો દર્દીઓ સાજા નહીં થઈ જાય. ઓ.કે.? મારી આ ખાતરી પર તો... હસો ડૉક્ટરો હસો.

● **છમ્મવડું :**

"કોઈક આંખના, કોઈક હાડકાં-પાંસળાનાં ડૉક્ટર બને છે. બેટા તું મોટી થઈને શેની ડૉક્ટર બનીશ?"

"પપ્પા, હું તો પેશન્ટની ડૉક્ટર બનીશ...!!!"

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

વિશ્વકારણ

# પાકિસ્તાન પાસે નૈતિક મૂલ્યોની અપેક્ષા જ અસ્થાને છે!

કેશુભાઈ દેસાઇ

'પનામા પેપર્સ' નામે પ્રખ્યાત થયેલ વિશ્વભરના નેતાઓ અને ઉદ્યોગપતિઓના ગોપનીય નાણાકીય વહેવારની વિગતો દુનિયા તો ભૂલી ગઈ હોત પરંતુ નવાઝ શરીફના હરીફ ગણાતા ક્રિકેટર-નેતા, તહેરિકે ઇન્સાફ પાર્ટીના વડા ઇમરાનખાને એ મુદ્દે પાકિસ્તાનની અદાલતનાં દ્વાર ખખડાવતાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ માટે માઠા દિવસો શરૂ થયા છે. અદાલત આખરે અદાલત છે અને ભારતીય ઉપખંડને તો અદાલતો બ્રિટિશ રાજની વારસાઈ લેખે મળેલ છે. પાકિસ્તાનમાં લોકતંત્ર ખોડંગાતું રહ્યું છે છતાં અદાલતોનો વક્કર અકબંધ રહ્યો છે અને તેનો પ્રભાવ ઝુલ્ફીકાર અલી ભુટ્ટોની ફાંસીથી લઈ વર્તમાન વડાપ્રધાન મિયાં નવાઝ શરીફ સામેની કાર્યવાહી સ્વરૂપે જોઈ શકાય છે. નવાઝ શરીફ સંભ્રાન્ત જાગીરદાર અને વેપારી પરિવારનું ફરજંદ છે – એથી સ્વાભાવિક છે કે એમની પાસે અઢળક સંપત્તિ હોય, જે પૈકી ઘણી તો વડીલોપાર્જિત હોય. પરંતુ પાક નેતાઓ સામે હરહંમેશ આર્મીથી લઇ અદાલત અને આઇએસઆઈ જેવી ખૂંખાર ગુપ્તચર સંસ્થાની લટકતી તલવાર રહેતી હોઈ તેઓ વૈકલ્પિક આશ્રયસ્થાનો લેખે યુરોપના દેશોમાં કાં તો સાઉદી અરબ જેવા ખાડીના દેશોમાં પગપેસારો ચાલુ રાખવામાં જ સલામતી સમજતા રહ્યા છે. નવાઝ શરીફના પૂર્વ સૂરિ જનરલ મુશર્રફે કે ભુટ્ટો પરિવારે જિંદગીના દાયકાઓ આવો સ્વૈચ્છિક દેશવટો ભોગવેલો છે. નવાઝ શરીફ અને એમના પુત્રોએ પણ પ્રતિકૂળ સંજોગોમાં દેશ બહાર રહેવાની વ્યવસ્થા ગોઠવી હોય તો એમાં કશુ જ નવાઈ પામવા જેવું ન ગણાય. પરંતુ ઈમરાનખાનની રીટ પર હવે જ્યારે પાક અદાલતે નવાઝ શરીફ સામેના આરોપોની સમયબદ્ધ તપાસનો આદેશ જારી કર્યો છે ત્યારે એનું છેલ્લું પરિણામ કેવું હશે તે તો સમય જ કહેશે. પાંચ જજોની બૅન્ચ પૈકી ત્રણ નવાઝ શરીફની તરફેણ કરતા હોય તો પણ બાકીના બે ન્યાયાધીશોએ તો એમને અપ્રમાણસર સંપત્તિ બાબતે ગુનેગાર ઠેરવ્યા જ છે. આવા સંજોગોમાં નૈતિક ધોરણે નવાઝ શરીફે તપાસ પૂરી થાય ત્યાં સુધી વડાપ્રધાન પદેથી રાજીનામું આપી મૂઠી ઊંચેરા લોકનેતા તરીકે પોતાની ઈમેજ પુનઃ પ્રસ્થાપિત કરવાની તક હતી જ. નવાઝ શરીફ જાણે છે કે એકવાર ખુરશી છોડી દીધા પછી એ ફરી મળવી અઘરી છે. વળી સત્તાસ્થાને રહીને તેઓ પોતાની અને પરિવાર સામેની તપાસને સાનુકૂળ વળાંક અપાવી શકે એમ છે. આથી વડાપ્રધાનપદે ચાલુ રહીને એમણે પાક સુપ્રીમ કોર્ટના આદેશને આવકાર્યો છે. પાકિસ્તાનમાં કાયદાનું શાસન ચાલે છે એવી વૈશ્વિક છાપ ઊભી કરવાની કોશિશ થઈ રહી છે. જો કે ખુદ નવાઝ શરીફ અને ઈમરાનખાન પણ સાચી હકીકત તો સમજે છે. જે દિવસે આર્મી અને આઈએસઆઈ વીફરશે તે દિવસે ચૂંટાયેલી સરકાર, વિપક્ષ કે અદાલત – ત્રણે શોધ્યાં નહીં જડે. અગાઉ આવી ઘટનાઓ બનતી રહી છે એટલે પાકિસ્તાનની કહેવાતી લોકશાહીને આ બધું કોઠે પડી ગયું છે.

---

## મળેલા જીવ

(અનુ. : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)

ઊછરીને મોટો થયો અને આજે આ સ્થિતિમાં હું કામ ગોતવા માટે નીકળ્યો છું.'

કામકાજની રીત, પદ્ધતિ વગેરે બદલાઈ ગઈ હતી અને આ સંજોગોમાં હું તેને કામ આપી શકું એમ નહોતો. થોડી આર્થિક મદદ કરી, આશ્વાસનના બે શબ્દો કહી, મેં ભારે હૃદયે તેને વળાવ્યો. પણ મને આ નાનજીના છોકરાએ વિચાર કરતો કરી મૂક્યો. આ નાનજીની ઉંમર તેની ઘરવાળી અકસ્માતમાં ગુજરી ગઈ ત્યારે માંડ બાવીસ-ત્રેવીસ વર્ષની હશે. ધાર્યું હોત તો તે બીજું ઘર માંડી શકત. પણ કેવો પ્રેમ હશે એ બંને વચ્ચે કે આ હરિજન કે સાજો-નરવો હતો તે પોતાની પત્નીના વિયોગમાં ઝૂરીને ફક્ત બે માસમાં જ પત્નીની પાછળ લાંબા ગામતરે હાલી નીકળ્યો.

*મહોબતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા,*
*અને જે હોય છે એ એટલા સધ્ધર નથી હોતા,*
*મળે છે કોઈ એક જ પ્રેમીને સાચી લગન દિલની,*
*બધાય ઝેર પીનારાઓ કંઈ શંકર નથી હોતા.*

**–શેખાદમ આબુવાલા**

ભૂતકાળમાં થઈ ગયાં છે તે 'હીર-રાંઝા', 'શીરીન-ફરહાદ,' 'સોહની મહીવાલ', 'લૈલા-મજનૂ'' જેવાં સાચાં પ્રેમીને આપણે સારી રીતે જાણીએ છીએ, તેમ છતાં દેશના ખૂણેખાંચરે અત્યારે પણ આવા કેટલાય 'મળેલા જીવ' હશે, જેઓ સાથે જીવવા-મરવાના કોલ મનોમન આપી ચૂક્યા હશે અને એ રીતે જીવી જાણતા હશે.

**"ઇશવાસ્યમ્", ક્રિસ્ટલ મોલ પાછળ, આઈ.ઓ.સી. ક્વાર્ટર્સ સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૪૨૮૦૦૪૯૬૪**

સંવેદન

# નાનાણું

ભાનુબેન એન. સાવલા

*<u>નોંધ</u> : દરેક કચ્છી સિનિયર સિટીઝને ૧૦ વર્ષના બનીને આ કાવ્ય અચૂક વાંચવું અને વંચાવવું.*

મારા નનિહાલનું (નાનાણું) વથાણ મને યાદ આવે છે,
એ ધૂળિયું શેરડી ગામ મને યાદ આવે છે
નાનીની મેડીના હીંચકાનો કિચૂડાટ મને યાદ આવે છે
મેડીએ લીંપાયેલો મારી માનો અણસાર મને યાદ આવે છે
મેડીમાં ઓસરી ને ઓસરીએ ધડખી, ધડખીમાં
મોતીનાં શ્રીફળ ને વીંઝણા, ઈંઢોણી ને વેલણાં
મારી માતાની ગૂંથણકલાનો ચિતાર આપે છે.
ઓસરીનો દાદર ને દાદર નીચે જંઘર
પાછલી પેરોજો ધાંઈ દળતાં નાનીનું મને ઓસાણ રહ્યું છે.
જંઘરનું ગુંજન ને નાનીના સ્તવન
કેટલાયે મુખપાઠ થયાનું મને યાદ આવે છે.
નૂંપણ બાંધીને ગોં દોહતા ગોવાભાઈ મને યાદ આવે છે
છબલ ભરીને શેડકઢું પી જાતા'તા, મને યાદ આવે છે
છાયની માટલી, ને દહીંની હાંડલી, માખણનું કિટું ને
ઘી નો ગાડવો મને યાદ આવે છે.
પૂનમે શેકાતા મઘમઘતા શીરાની, ફળિયે પહોંચતી સોડમ
મને યાદ આવે છે.
બીજા - ત્રીજા ધોરણની હડિયાપટ્ટી મને યાદ આવે છે
બોરડીની પલ્લીમાંથી ચણીબોર ગોતવાનું મને યાદ આવે છે
રતડ જુવારના ઘન્ના ચૂસવાનું મને યાદ આવે છે
વાડીના હવાડે અંઘોળ કરવાનું મને યાદ આવે છે
ગોધૂલીએથી વાછડાને મળવા ભાંભરતી ગોં મને યાદ આવે છે
વ્યારની ખાણીમાં કડબ નીરતા માસીની મને યાદ આવે છે
પથરો નાખીને અંકે કરી લીધેલા પોદળા મને યાદ આવે છે
ચાણક્ય વગર અર્થશાસ્ત્રના આ નિયમો મને યાદ આવે છે
નદીના ધૂના, કોતરોની મુંગણ-મટ્ટી ને ચંડીમાતાનું મંદિર મને યાદ આવે છે.
ધૂળની સાત ઢગલીએ વહેંચાતો પ્રસાદ મને યાદ આવે છે
ખેતરની વાડે ચડેલી કંટોલી મને યાદ આવે છે.
ઠંડી સાતમના રોટલાને કંટોલાનું શાક મને યાદ આવે છે.
તોલિયાના ખીચડી-કઢીની સોડમથી મારી ઘ્રાણેન્દ્રિય તરબતર છે.
કાંસાની થાલડીએ 'છાય-રબ'ને મીઠી પૂરીનો સ્વાદ મારી જીભે બેઠેલો છે.
ખેતરમાં વાવણી, પીયત ને 'વાઈપ' મને યાદ આવે છે.
રાતે કાવો પીને ખેતર ફરતે આંટો દેતા સાથીઓ સાંભરે છે.
શેઢાને માંચડે બેસી ગોફણ ફેરવ્યાનું મને યાદ આવે છે
ઊભા મોલમાં ખોડાયેલો લઘરવઘર દોસ્ત ઓડો મને યાદ આવે છે.
માફાના વેલડે, મેળે ફેરવતા વાઘજીબાપા મને યાદ આવે છે.
ઢગાને બુચકારી, ગાડે જોત'તા કાનજીમામા મને બહુ યાદ આવે છે.
ડાબરમાં ભરેલા મોહનથાળ ને ગાંઠિયાની જ્યાફત મને યાદ આવે છે.
વળતાં, સાતે નીંદરમાં પોઢી જાતા'તા તે મને યાદ આવે છે.
શેર એક ભૂતડા ઝટપટ છોલવાનું મને યાદ આવે છે.
મે'નતાણાના ત્રાંભિયાનું પાન ખાવાનું મને યાદ આવે છે.
ત્રાંભિયો, દોકડો, ઢીંગલો, ઢબુ, પાયલો, આધિયો,
કોરી ને પાંચિયો બધું કચ્છી નાણું મને સાંભરે છે.
માટીના છલ્લે એ નાણાંનો રણકો મારા કાને ગૂંજે છે.
મારા શૈશવમાં દીકરીનો અણસાર જોતા નાનીમા -
કુંવરબાઈમાનો ખોળો મેં ખૂંદ-ખૂંદ ખૂંદ્યો છે.
નળિયાને પડછાયે ટકોરાબંધ સમય પારખતાં
રતનબાઈ માસી મારી આંખની પાંપણે લટકે છે.
મારા મનની તિજોરીમાં આ 'અસ્કામતો' બંધ છે.
સિકલ ફરી ગઈ હશે એની આજે, પણ મને તો
અસલ ધૂળિયું શેરડી ગામ બહુ ગમે છે.
ભોળુડાં બાળ ને ભોળાં માનવીઓ
ભોળુડું ગામડું ને ભોળુડો વખત,
મને ભોળપણની સૃષ્ટિમાં ખેંચી જાય છે.

**શબ્દાર્થ :** વથાણ = પાદર, ધડખી = ગોખલો, તાકું. જંઘર = ઘંટી, પે'રો = વહેલી પરોઢ, ધાંઈ = અનાજ, છબલ = છાલિયું, ગોં = ગાય, નૂંપણ = ગાયને દોહતી વખતે પાછલે પગે બાંધવાની રસ્સી, શેડકઢું = તાજું દોહેલું દૂધ, છાય = છાશ, પલ્લી = પાંદડા, રતડ = રાતી જુવાર, અંઘોળ = સ્નાન, વ્યાર = રાંધેલું ગોતું, ઘન્ના = જુવારના મીઠા સાંઠા, ગોં = ગાય, વાઈપ = ચોકી (ખેતરમાં), ઓડો = ચાડિયો, ઢગા = બળદ, જોતવું = ધૂંસરી સાથે જોડવું, ભૂતડા = સીંગદાણા, અસ્કામતો = થાપણ, પૂંજી.

*ભાનુબેન એન. સાવલા (વિલેપાર્લે, રામાણિયા)*
*ફોન : (૦૨૨) ૨૬૨૮૩૬૧૧*

માહિતી

# પાણી વિશે અવનવું

પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ

૨૨મી માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરાઈ. બાળપણથી જ પાણી વિશે કેટલીક પ્રાથમિક માહિતી જાણીએ છીએ કે પૃથ્વી પર ૭૧ ટકા પાણી છે જ્યારે બાકીની ૨૯ ટકા જમીન છે. આ ૭૧ ટકા પાણીમાંથી ફક્ત ૨.૫ ટકા પીવાલાયક છે. આ મીઠા તાજા પાણીમાંથી ફક્ત ૧ ટકો પાણી આપણે પીવામાં કે વપરાશમાં લઈએ છીએ. આજે દુનિયામાં પાણીની સમસ્યા એક ચિંતાનો વિષય બન્યો છે. અનુમાન તો એવું થઈ રહ્યું છે કે ત્રીજા વિશ્વયુદ્ધનું કારણ કદાચ પાણી બને.

ચાલો, આ ઉપરાંત પાણી વિશે અવનવી વાતો જાણીએ. દુનિયામાં પાણીની સુવિધા - અસુવિધા શું કહે છે.

(૧) હાલના આંકડા મુજબ દુનિયાની કુલ વસતિ ૭.૫ અબજમાંથી લગભગ ૧ અબજ લોકોને પીવાના પાણીની સગવડ નથી. આફ્રિકા અને એશિયાના અમુક ભાગોમાં આજના યુગમાં લોકોને પાણી મેળવવા સરેરાશ છ કિ.મી. જેટલું ચાલવું પડે છે.

(૨) ભારતમાં ૧૨૫ કરોડની વસતિમાંથી ૬.૩ કરોડ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળતું નથી અને ૭૦ કરોડ જેટલા ચાઈનીઝ લોકો દૂષિત પાણી પીવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર સંસ્થાના એક રિપોર્ટ મુજબ ૨૦૨૫ સુધીમાં દુનિયાની અડધી વસતિને પાણીની તંગીનો સામનો કરવો પડશે.

(૩) પ્રતિ વર્ષ અંદાજિત ૩૪ લાખ લોકો પાણી સંબંધિત કારણો - બીમારીથી મૃત્યુ પામે છે.

(૪) ઘર વપરાશમાં સરેરાશ ૬૫ ટકા પાણીનો ઉપયોગ બાથરૂમમાં તથા જાજરૂમાં એક વખત ફ્લશ કરવાથી ૬ લિટર જેટલું શુદ્ધ પાણી વપરાય છે. જ્યારે સ્વિમિંગ પુલમાં એક મહિનામાં આશરે ૩૭૮૫ લિટર પાણી બાષ્પીભવન અને અન્ય કારણોસર વપરાય છે.

(૫) એક ગ્લાસ સંતરાના જ્યુસ માટે જોઈતા સંતરા ઉગાડવા માટે ૫૦ ગ્લાસ પાણીનો વપરાશ થાય છે.

(૬) એક કપ કોફી માટે જોઈતો કોફી બિન્સ ઉગાડવા અને કોફી બનાવવાની પ્રોસેસ માટે ૧૪૦ લિટર પાણીનો વપરાશ કરવો પડે છે.

(૭) જીન્સનું એક પેન્ટ બનાવવા ૨૯૦૦ ગેલન પાણી તેમજ કોટનના એક ટી-શર્ટ માટે કોટનના નિર્માણ માટે ૨૭૦૦ લિટર પાણી વપરાય છે.

(૮) બ્રહ્માંડમાં પૃથ્વીથી ૩૦ બિલિયન ટ્રિલિયન માઈલ દૂર 'કંસાર' નામનું એક વિશાળ તરતું પાણીનું સંગ્રહ આવેલું છે, જે દુનિયાના તમામ મહાસાગરોના પાણી કરતાં ૧૪૦ ટ્રિલિયન ગણું મોટું છે. (૧ - ટ્રિલિયન = ૧,૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦)

(૯) પૃથ્વીના પેટાળમાં પણ પાણીનો એક મોટો રિઝર્વોયર છે, જેમાં પૃથ્વીના તમામ મહાસાગરોના પાણી કરતાં ત્રણ ગણું પાણી મોજૂદ છે.

(૧૦) દુનિયાના કુલ તાજા પાણીના જથ્થા પૈકી ૯૦ ટકા જથ્થો એન્ટાર્ટિકામાં આવેલો છે. આ પૈકી ૯૮ ટકા જેટલું પાણી હિમશિલા સ્વરૂપે છે.

(૧૧) રશિયામાં આવેલ દુનિયાના સૌથી જૂના (૨૫ કરોડ વર્ષ) અને સૌથી ઊંડા (૫૩૮૭ ફૂટ) એક જ તળાવ 'બાઈકલ' માં દુનિયાના તાજા પાણીનો (જળ સ્વરૂપ) ૨૦ ટકા જથ્થો છે.

(૧૨) ઈજિપ્શિયન રાજા ફેરોહ સોફીના શાસનકાળ ઇ.સ. પૂર્વે ૧૩૧૯ થી ૧૩૦૪ દરમ્યાન સિરિયામાં બનેલ 'લેક હોમ ડેમ્સ' અથવા 'ધ કોટીના બેરેજ' ડેમ દુનિયાનો સૌથી પુરાણો ડેમ છે.

(૧૩) ઊંટ કરતાં જિરાફ પાણી વિના વધુ સમય રહી શકે છે. જિરાફને પીવા માટે જોઈતું પાણી તેના મુખ્ય ખોરાક ઘાસ-પાનમાંથી મળી રહે છે. જેથી તે અઠવાડિયા સુધી પાણી વિના રહી શકે છે.

(૧૪) મનુષ્યનું શરીર ૭૨ ટકા પાણી ધરાવે છે. ચામડીમાં ૬૪ ટકા પાણી, સ્નાયુ અને કિડનીમાં ૭૯ ટકા પાણી અને હાડકાઓમાં ૩૧ ટકા મુખ્ય તત્ત્વ પાણી હોય છે.

(૧૫) પાણીમાં રહીને શ્વાસ રોકવાનો વિક્રમ ૨૨ મિનિટનો છે. જર્મન ડાયવર હોમ સીએટસે ૩૫ વર્ષની વયે ૨૨ મિનિટ અને ૨૨ સેકન્ડ સુધી પાણીની અંદર રહી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.

(૧૬) પાણીની બોટલ પર લખવામાં આવતી એક્સપાયરી ડેટ પાણી માટે નહીં, પરંતુ પ્લાસ્ટિક બોટલ માટે હોય છે. કારણ કે અમુક સમય પછી બોટલના પ્લાસ્ટીકને કારણે પાણીમાં કેમિકલનો ઉમેરો થઈ શકે છે.

(૧૭) ભેજવાળી હવામાંથી ઓટોમેટીક પાણી બનાવી શકે એવી ટેકનોલોજી સંચાલિત વોટર બોટલ બની ચૂકી છે.

(૧૮) દુનિયાનું સર્વપ્રથમ વેન્ડિંગ મશીન પહેલી સદીમાં બન્યું હતું. જેમાં એક સિક્કો નાંખવાથી પવિત્ર પાણી નીકળતું.

(૧૯) બિલ ગેટ્સ પ્રેરિત ગેટ્સ ફાઉન્ડેશને એક એવી ફેક્ટરીનું નિર્માણ કર્યું છે જ્યાં માનવીય મળમાંથી પીવાનું પાણી અને ઈલેક્ટ્રિસિટી જનરેટ કરવામાં આવે છે.

(૨૦) એક સર્વે મુજબ, જો તમે પાણીના સ્રોત નજીક વસવાટ કરો તો તમે સ્વભાવે શાંત, ખુશ અને વધુ સર્જનાત્મક બની શકો છો.

*(માહિતી : સમાચાર પત્રો)*

*૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્સ,*
*અમદાવાદ સેન્ટ્રલ મોલ સામે, આંબાવાડી સર્કલ પાસે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

# અન્ય સંસ્થાના સમાચાર

## કચ્છી સાહિત્ય વધુ વંચાય તેવા પ્રયાસ જરૂરી

કચ્છી સાહિત્ય સરળતાથી વંચાય અને કચ્છના સર્જકોનાં પુસ્તકોને રાજ્ય સ્તરે પ્રસાર મળે તે દિશામાં પ્રયાસો થવા જોઈએ તેવું સૂચન તાજેતરમાં ભુજ ખાતે વી.આર.ટી.આઈ. સંસ્થા દ્વારા યોજાયેલા એકીસાથે ચાર પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે કરાયું હતું.

સાહિત્ય રસિકોની ઉપસ્થિતિ વચ્ચે કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કાંતિ ગોરના નવલકથા પુસ્તક લક્ષ્યવેધ, સત્યનો શંખનાદ, નાટકોના પુસ્તક અભિવ્યક્તિનો ઉત્સવ અને કચ્છીમાં લખાયેલા લેખોના પુસ્તક 'કચ્છી ભાષા જો કૌવત'ના લોકાર્પણ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી વરિષ્ઠ પત્રકાર કીર્તિભાઈ ખત્રીએ કચ્છી સાહિત્યને રાજ્ય સ્તરે મહત્ત્વ મળે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ચંદ્રસિંહ જાડેજાએ સર્જકના નવલકથા, નાટકો, કચ્છી લેખો એમ વિવિધ સાહિત્ય પ્રકારોમાં ખેડાણ કરનાર સર્જકની સર્જનાત્મકતાને બિરદાવી હતી.

આ ચારેય પુસ્તકોના લેખક ડૉ. કાંતિભાઈ ગોરે પ્રતિભાવ આપતાં તેમની સર્જનયાત્રામાં સહયોગી થનારા સૌનો આભાર માન્યો હતો. કચ્છી સાહિત્ય સરળતાથી વંચાય તે દિશામાં પ્રયાસોની હિમાયત તેમણે કરી હતી.

સર્જકની નવલકથા 'લક્ષ્યવેધ'ના પુસ્તકનો પરિચય આપતાં જાણીતા લેખક ડૉ. કેશુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, વિશ્વના મહાન મહાકાવ્ય મહાભારતમાંથી કુશળતાપૂર્વક દોહન કરવાનું કામ સર્જકે કર્યું છે. તેમણે મહાભારતનાં તથ્યો સાથે કોઈ જાતનાં ચેડાં નથી કર્યા. છતાં 'લક્ષ્યવેધ' એક મૌલિક, સ્વતંત્ર સર્જન બની રહ્યું છે તેવો ભાવ શ્રી દેસાઈએ વ્યક્ત કર્યો હતો.

લક્ષ્યવેધ નવલકથા વાંચી લીધા પછી આખેઆખું મહાભારત વાંચી ગયાનો ઓડકાર આવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

નાટકોના સંગ્રહ સમાવતા 'અભિવ્યક્તિનો ઉત્સવ' પુસ્તકનો પરિચય આપતાં જાણીતા સર્જક મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'એ કહ્યું હતું કે, આ સર્જન ખરેખર 'ઉત્સવની અભિવ્યક્તિ' બની રહ્યું છે. વાસ્તવ નંદવાય નહીં તેની તકેદારી રાખીને પણ વિવિધ નાટકોમાં મૌલિક સર્જનાત્મકતા સાથે કાંતિભાઈ એક કુશળ નાટ્યલેખક તરીકે પોતાની પ્રતિભા પુરવાર કરવામાં સફળ રહ્યા છે તેવી લાગણી 'ખ્વાબ' એ વ્યક્ત કરી હતી.

ભીષ્મ પિતામહનું ચરિત્ર 'સત્યનો શંખનાદ' પુસ્તકનો પરિચય આપતાં જાણીતા ચિંતક હરેશભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, કાંતિભાઈનું આ સર્જન ભારે રસાળ અને વારંવાર વાંચવું ગમે તેવું છે. સર્જકના મોટા ભાઈ પ્રા. મોતીલાલ ડી. મોતાએ કાંતિભાઈના કલમ કર્મને બિરદાવ્યું હતું.

કચ્છીમાં લખાયેલા લેખોના પુસ્તક 'કચ્છી ભાષા જો કૌવત'નો પરિચય આપતા આકાશવાણી ભુજના પૂર્વ કેન્દ્ર નિયામક અને જાણીતા સર્જક જયંતી જોશી 'શબાબ'એ કહ્યું હતું કે, કાંતિભાઈનું ગદ્ય પુસ્તક કચ્છી સાહિત્યના ઈતિહાસનું સ્વર્ણિમ પૃષ્ઠ છે. આકાશવાણીના માધ્યમથી કચ્છી ભાષાના અનૌપચારિક શિક્ષણમાં યોગદાન આપનારા ડૉ. ગોરના આ પુસ્તક પર તેમણે વિગતે છણાવટ કરી હતી.

બાબુભાઈ મેઘજી શાહ, પ્રવીણભાઈ વીરા, વ્યસન મુક્તિ અભિયાનના મંત્રી દિનેશ શાહ સહિતના અગ્રણીઓએ ડૉ. કાંતિભાઈ ગોરના કલમ કર્મને વધાવતાં વી.આર.ટી.આઈ.ની પ્રવૃત્તિને પણ બિરદાવી હતી.

વી.આર.ટી.આઈ.ના પ્રકાશન અધિકારી ગોરધનભાઈ પટેલ 'કવિભાઈએ'એ અતિથિઓને આવકાર સાથે સંસ્થાની સાહિત્ય અને શિક્ષણપોષક પ્રવૃત્તિઓની વિગતો આપીને કહ્યું હતું કે, વિવેકગ્રામ પ્રકાશને આજના ચાર સહિત પુસ્તક પ્રકાશનની સદી પૂરી કરી છે.

આ અવસરે નર્મદા નિગમના ડાયરેક્ટર મૂકેશભાઈ ઝવેરી, માધવ જોશી 'અશ્ક', રમેશભાઈ દવે, ધનજી ભાનુશાલી, ગૌતમ જોશી, નારાયણ જોશી 'કારાયલ', જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદે, પ્રાધ્યાપક અનિલ ગોર, સંજય ઠાકર, બાબુલાલભાઈ ગોર, જશુભાઈ સોની, પ્રતાપભાઈ ત્રિવેદી સહિતના સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્નેહલભાઈ વૈદ્યએ સંચાલન, વી.આર.ટી.આઈ.ના નિયામક માવજી બારૈયાએ આભારવિધિ કરી હતી.

## જય અંબે સાર્વજનિક ટ્રસ્ટ - ગોધરા (કચ્છ)

જય અંબે સાર્વજનિક ટ્રસ્ટ - ગોધરા (કચ્છ)ના નેજા હેઠળ શ્રી અંબેધામ - ગોધરાને ૨૫ વર્ષ પૂરા થતા હોવાથી તા. ૨૦-૪-૨૦૧૭થી તા. ૨૪-૪-૨૦૧૭ સુધી રજત જયંતી મહોત્સવની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવની શરૂઆત, પ્રથમ દિવસે નવકાર મંત્રના આરાધક શ્રી જયંત રાહી તથા શ્રી હર્ષ દેઢિયાના સંગાથે કરવામાં આવેલ. તે સમયે કચ્છના મહારાવશ્રી પૃથ્વીરાજજી તથા પ્રીતિબા ખાસ ઉપસ્થિત રહેલ હતા.

મહોત્સવના દ્વિતીય દિવસે નવચંડી મહાયજ્ઞ કરવામાં આવેલ તથા બપોર પછી હિંદુ ધર્મના સાધુ-સંતોની મહાસભા યોજવામાં


આવી હતી. જેમાં નારાયણ સરોવર તીર્થના ગાદીપતિ સનાતન ધર્મના સંતો, ભુજ - માંડવી સ્વામિનારાયણ મંદિરના મહંતો તેમજ અનેક ધર્મના સંતો પધારેલ હતા. રાત્રે હાસ્ય દરબાર શ્રી તેજસ પટેલ, રસિક બગડિયા તથા જીતુ દ્વારકાવાળા દ્વારા પ્રસ્તુત કરેલ.

તૃતીય દિવસે માતાજીના અઢાર અભિષેક કરવામાં આવેલ. જેમાં અનેક દિવ્ય તથા દુર્લભ ઔષધિઓ તથા અનેક તીર્થો તથા ભારતની મુખ્ય નદીઓના પાવન જળથી તમામ પ્રતિષ્ઠિત મૂર્તિઓની શુધ્ધિ કરવામાં આવેલ. રાત્રે મુંબઈના શ્રી નૈતિક નાગડાના સંગાથે ભવ્ય રાસ-ગરબા રાખવામાં આવેલ.

ચતુર્થ દિવસે ગજલક્ષ્મી મહાદેવી 'શ્રી' વિદ્યા મહાઅનુષ્ઠાન રાખવામાં આવેલ. રાત્રે નાના ડેરાના શ્રી દેવરાજ ગઢવી તથા જીતુદાન ગઢવીનો ડાયરો રાખવામાં આવેલ. અંતિમ ચરણના પાંચમા દિવસે સત્તરભેદી પૂજા ભણાવી, વિજય મુહુર્તે મંદિરની ધ્વજા ચઢાવવામાં આવેલ. આ પ્રસંગે ગોધરા ગામના તેમજ અન્ય બહારગામના મહેમાનો બહોળી સંખ્યામાં પધારેલ.

***રમણિકલાલ કુંવરજી ગોસર (ગોધરા - અમદાવાદ)***

*સંભળાવી દેવાની આદત સંકલેશ જન્માવે છે,*
*સાંભળી લેવાની આદત સમતા જન્માવે છે.*




જીવદયા અને પર્યાવરણ પર સેવા કરતી "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર" સંસ્થા દ્વારા "સમસ્ત મહાજન" તરફથી આયોજેલ કાર્યક્રમ જે સમગ્ર ગુજરાતની પાંજરાપોળનો બે દિવસનો કાર્યક્રમ હતો, જેની પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી. જ્યાં ૯૦ જેટલા પત્રકારો અને સંસ્થાના અધિકારીઓ તથા દાતાશ્રીઓ હાજર રહ્યા હતા. કોન્ફરન્સ યોજવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના બેઝમેન્ટમાં આવેલ એ.સી. હોલનો ઉપયોગ અમોએ કરેલ હતો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી સંપૂર્ણ સહકાર મળેલ હતો એ બદલ અમો આ પત્ર દ્વારા આભાર વ્યક્ત કરીએ છીએ.

***ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર વતી***
***ગિરીશ ડુંગરશી નાગડા (સી.ઈ.ઓ.)***
***મો. ૯૯૨૫૬ ૨૧૧૦૮***

## આઝાદી

**(અનુ. : પાના નં.-૪૯ ઉપરથી ચાલુ)**

પ્રધાનમંત્રીને ગધેડો કે રાવણ પણ કહી શકાય છે. થેંક્સ ટુ આઝાદી.

આઝાદી મળવાથી આટલો વિકાસ થઈ શક્યો છે. પરંતુ મને લાગે છે કે હજુ આઝાદી માટે વિશેષ અવકાશ છે. એટલે તો આંદોલનના આયોજકો તનતોડ મહેનત કરે છે. મારે પણ તેમાં પૂરતો સહયોગ આપવો જોઈએ, નહિ તો દેશ માટેના સેવાયજ્ઞમાં મારો ફાળો ન આપી શકવાનો અફસોસ મને જીવનભર રહેશે. આવું વિચારી મેં બમણા જોરથી નારા લગાવવાનું શરૂ કર્યું. સાથે સાથે એ પણ હેતુ હતો કે મારું જોશ જોઈ મીડિયાવાળા મારા તરફ આવે અને મને ટીવી પર જોઈ કુકી મારું મહત્ત્વ સમજે.

મારા કમનસીબે મીડિયાવાળા તો ન આવ્યા પણ લાઠી સાથે પોલીસનું ટોળું મારા તરફ આવતું મેં જોયું. લાઠી ખાવાની મારી ઈચ્છા કે શક્તિ ન હતી તેથી હાથમાંનું પાટિયું રસ્તા પર ફેંકી મારી બાઈક ઘર તરફ મારી મૂકી.

ઘરે આવીને મેં નિરાંતનો શ્વાસ લીધો. પરંતુ મનમાં વારંવાર અનેક પ્રશ્ન ઘૂમરાતા હતા. જો અમારું આંદોલન યોગ્ય હોય તો સરકાર શા માટે વિરોધ કરે છે? સરકારની નીતિ રીતિ સામે વાંધો હોઈ શકે. પણ તે માટે તોડફોડ અને અરાજકતા ફેલાવવી એ એક માત્ર ઉપાય છે? સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતાની છૂટ મેળવી શકાય? સમાજમાં અશ્લીલતા ફેલાવવી ભારતીય સંસ્કૃતિને અનુરૂપ છે? પૈસા મેળવવાની ઘેલછામાં તમામ નીતિ નિયમોને દફનાવી શકાય? એક જવાબદાર નાગરિક તરીકે મારી દેશ અને સમાજ પ્રત્યે કોઈ જવાબદારી નહિ? જેકી, વિકી કે કુકી એ ફક્ત માનસિક વિકૃતિ જ છે. નામ બદલવાથી પ્રતિભા નથી બદલાતી. વિશ્વમાં સ્વામી વિવેકાનંદે, વિવેકાનંદ નામથી પોતાની પ્રતિભાનો પરિચય આપેલો. તે માટે તેમણે 'વિકી' નામનો આધાર લેવાની જરૂર નહોતી પડી.

હવે મારા મનમાં એ સ્પષ્ટ થવા લાગ્યું કે 'આઝાદી' ના અંચળા હેઠળ ચાલતા આંદોલનનો હેતુ કોઈ પણ સંજોગોમાં દેશહિતમાં નથી જ. આવા આંદોલનનો હેતુ કોઈ બીજો જ છે. તમામ સમજદાર નાગરિકે આવા આંદોલનનો ખુલ્લો વિરોધ કરવો જોઈએ.

મેં પ્રતિજ્ઞા લીધી કે આવા દેશદ્રોહી વિચારધારા ધરાવતા કોઈપણ આંદોલનમાં ભાગ નહિ લઉં અને મારી તમામ તાકાતથી તેનો વિરોધ કરીશ. મારે પાશ્ચાત્ય વિચારધારાનો ગુલામ બનવાની જરૂર નથી. હું જેન્તીલાલ જ રહીશ.

જયહિંદ!

***'કલ્પ', ૩૦૧, કલ્પકુંજ સોસાયટી,***
***થલતેજ, અમદાવાદ***

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

આપણે કહીએ છીએ કે "નામ"માં શું છે? ગુલાબને ગુલાબના બદલે બીજા નામથી બોલાવવાથી તેની સુગંધમાં કોઈ ફરક પડતો નથી. પરંતુ નામ એ નામ છે. તેથી જ કહ્યું છે : 'નામ રહંતા ઠકરો, નાણાં નવ રહંત.' કેટલાક નામો વિશિષ્ટ હોય છે. આજે આપણે ગુજરાતના 'ગામ'ના 'નામ' વિશે કેટલીક જાણકારી મેળવીશું.

આપણે ત્યાં જ્ઞાતિના નામ આધારિત કેટલાક ગામો છે જે આ પ્રમાણે છે :

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. ભાટ | ગાંધીનગર / હાલોલ / દસક્રોઇ, અમદાવાદ |
| ૨. સોની | દિયોદર |
| ૩. સઈ | રાપર |
| ૪. કાઠી | હારીજ / સમી |
| ૫. કોળી | છોટા ઉદેપુર |
| ૬. બારોટ | મહેસાણા |
| ૭. માલી | હિંમતનગર |
| ૮. લુહારવાડ | માંડવી |
| ૯. વાણિયાવાડ | માંડવી |
| ૧૦. રાયકા | ધંધુકા / સાવલી |
| ૧૧. સુથારવાડ | માંડવી |

★

**સિંગાપુર** એક દેશ છે. પરંતુ ગુજરાતમાં **લીમખેડા** માં **સિંગાપુર** આવેલ છે. તે જ રીતે રાજસ્થાનનું વિખ્યાત **અજમેર, જસદણ** માં આવેલ છે. તો **મીરપુર વ્યારા** માં આવેલ છે. **મણિપુર** એક રાજ્ય છે પણ તે ગામનું નામ ધરાવતા બે ગામ **કડી** અને **સાણંદ** તાલુકામાં આવેલા છે. પવિત્ર નદીઓના સંગમ માટે જાણીતું અને કુંભમેળો ભરાય છે તેવું પવિત્ર **અલ્હાબાદ** નામનું ગામ આપણા **રાધનપુર** માં આવેલું છે. કાશ્મીરની રાજધાની અને ધરતી પરનું સ્વર્ગ એવું **શ્રીનગર** નામનું ગામ પોરબંદર તાલુકામાં આવેલું છે. તો પંજાબ અને હરિયાણાની રાજધાનીનું શહેર અને પ્રથમ વેલ પ્લાન્ડ સિટી **ચંદીગઢ** નામ ધરાવતું ગામ કેશોદમાં આવેલ છે. રાજસ્થાનમાં આવેલું **ડુંગરપુર** કે જ્યાંથી અમદાવાદમાં ઘરકામ કરનાર મોટાભાગના લોકો આવેલ છે તે નામનું ગામ પાલિતાણા તાલુકામાં આવેલું છે. તો ગોળ માટે અને ચંપલ માટે જે પ્રખ્યાત છે તે **કોલ્હાપુર, રાધનપુર** તાલુકામાં આવેલ છે. **ઉસ્માનાબાદ** શહેર જેવું નામ ધરાવતું ગામ **કલોલ** માં છે તો મધ્ય પ્રદેશનું એક મોટું શહેર **ઇંદોર, ઝઘડિયા** તાલુકામાં આવેલું છે જ્યારે **જોનપુર કેશોદ** માં, **પુના માંડવી** તેમજ **મહુવામાં, રાયપુર હિંમતનગર** તેમજ **સંખેડા** માં, **દાદર વીસાવદર** અને **કંડોરણા** માં તો **મલબાર જાંબુઘોડા** માં અને **બાંદરા ગોંડલ** માં અસ્તિત્વ ધરાવે છે.

ગુજરાતમાં અંબાલા અને જોધપુર નામ ધરાવતા પાંચ-પાંચ ગામો આવેલા છે. જ્યારે ભાટિયા નામના ત્રણ ગામો ચોર્યાસી, કલ્યાણપુર અને વંથલી તાલુકામાં આવેલા છે. આ ઉપરાંત ગુજરાતમાં ત્રણ - ત્રણ રાજકોટ અને ત્રણ - ત્રણ વડોદરા આવેલા છે. વડોદરા - વડોદરા ઉપરાંત સુત્રપાડા અને ગાંધીનગર સ્થિત છે જ્યારે રાજકોટ રાજકોટ ઉપરાંત થરાદ અને દાંતીવાડામાં અસ્તિત્વ ધરાવે છે. પાટણ - પાટણ ઉપરાંત જામ જોધપુર અને વેરાવળમાં આવેલા છે તો અમરેલી અમરેલી ઉપરાંત પડધરી અને મોરબી તાલુકામાં પણ છે. ભાવનગર ગાંઠિયા માટે પ્રખ્યાત ભાવનગર ઉપરાંત ઇડર અને કાંકરેજમાં પણ છે. જ્યારે સંતરામ મંદિર માટે જાણીતું નડિયાદ જંબુસરમાં પણ છે. રાજપીપળા નામના ત્રણ ગામો કુંવરપરા, વલ્લભીપુર અને ગઢડા તાલુકામાં છે. તો રાપર મોડાસા વલ્લભીપુર અને હાલોલ તાલુકામાં મળીને કુલ ચાર પાલનપુર ગામો આવેલા છે.

ગુજરાતમાં ચાર ગામો એક જ અક્ષરવાળા નામ ધરાવતા છે. આ ગામો :

| | |
|---|---|
| *પે* | અબડાસા તાલુકામાં |
| *મે* | ભચાઉ તાલુકામાં |
| *ભે* | ગરબડા તાલુકામાં અને |
| *પા* | ગારિયાધાર તાલુકામાં આવેલું છે. |

ગુજરાતમાં આવેલા ગામો વિશે બીજી અદ્ભુત અને આશ્ચર્ય પમાડે તેવી જાણકારી આવતા અંકે.

***(ક્રમશઃ)***

Prakash®
PRAKASH METAL CRAFT PVT. LTD.
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

## NanoNine™ શબ્દ રમત-૧૨૮

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | ૪ | | | ૫ | ૬ |
| | | | | ૭ | | | | | ૮ | | |
| ૯ | ૧૦ | | ૧૧ | | | | | ૧૨ | | | |
| ૧૩ | | | ૧૪ | | ૧૫ | | ૧૬ | | | | |
| | ૧૭ | | | | ૧૮ | | | | | | |
| ૧૯ | | | ૨૦ | ૨૧ | | | | | ૨૨ | ૨૩ | ૨૪ |
| | | ૨૫ | | | | ૨૬ | | ૨૭ | ૨૮ | | |
| ૨૯ | | | | ૩૦ | ૩૧ | | ૩૨ | | | | ૩૩ |
| | | | | | | | ૩૪ | | | ૩૫ | |
| ૩૬ | ૩૭ | ૩૮ | | ૩૯ | | | | | ૪૦ | | |
| ૪૧ | | | | | | | ૪૨ | ૪૩ | | ૪૪ | |
| | | | ૪૫ | | | | | ૪૬ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૫-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. કર્મકાંડમાં આસ્થાવાળું, કર્તવ્યપરાયણ (૪)
૩. કમનસીબ, વારસામાં ભાગ વિનાનું (૩)
૫. આયખું, આવરદા, લાભ, આવક (૨)
૭. ગાયનમાં તાન પૂરતું વાદ્ય, તંબુરો (૪)
૮. ખોપરીમાં આવેલું અગત્યનું નરમ અંગ, ફળની મીજ (૩)
૯. માથાફોડ, માથાકૂટ (૫)
૧૩. એક તેજાનો (૨)
૧૪. મડદાને દાટવું તે (૩)
૧૬. શસ્ત્રક્રિયા, નસ્તર, લશ્કરી કાર્યવાહી (૫)
૧૭. ભાગોળ, આગળનું મેદાન (૩)
૧૮. મિજલસ, ઉજાણી (૪)
૧૯. ઊંચે ચડતી વનસ્પતિ, લતા (૨)
૨૦. પાકી ઊઠે એવું (૩)
૨૧. નાનો કણ, આંટણ (૨)
૨૨. છળવું, છેતરવું તે, ઠગાઈ (૩)
૨૪. નકાર, નિષેધ (૧)
૨૫. મારે સારું _____ થી પટોળા લાવજો (૩)
૨૬. રાજા (૧)
૨૭. મહારાણા પ્રતાપનો ઘોડો (૩)
૨૮. અવસર, અનુકૂળ વખત (૨)
૨૯. કાગળ પરના લખાણને ભૂંસી નાખનાર (૩)
૩૦. મોટી પાનબીડી, વીટા (૨)
૩૨. લોકપાલ માટેની લડત લડનાર _____ હજારે (૨)
૩૪. બેભાન થવાનો વાયુરોગ, હિસ્ટીરિયા (૨)
૩૫. કાચો મળ, કેરી (૨)
૩૬. જન્માક્ષર, જન્મ વખતના ગ્રહની સ્થિતિ બતાવતું પત્રક (૬)
૪૧. ગર્ભવાળી પશુની માદા (૩)
૪૨. દયાનિધિ, દયાળુ (૫)
૪૪. હાથ, વેરો (૨)
૪૫. કમળ (૩)
૪૬. ચણાના લોટની ઢોકળા જેવી વાનગી (૩)

### ઊભી ચાવીઓ

૧. યુક્તિ, હિકમત (૪)
૨. તેજહીન, ઝાંખુ, ફીક્કું (૩)
૩. પૂર્ણ નહીં એવું (૩)
૪. ઘાસ, લાકડાં વગેરેને બાંધી થતો બોજ (૨)
૫. અગ્નિ, દેવતા, લાય, બળતરા (૨)
૬. મહેમાનગતિ કરનાર, જજમાન, યજ્ઞ કરનાર (૪)
૭. વખાણ, પ્રશંસા (૩)
૯. અભિપ્રાય, વોટ (અં.) (૨)
૧૦. હાથીની માવજત કરનારો આદમી, મહાવત (૪)
૧૧. એક જાતનું સુતરાઉ મજબૂત કાપડ (૫)
૧૨. દંપતી, વરવધૂ (અં.) (૩)
૧૫. સુંદર નાક-નકશાવાળું (૩)
૧૬. કાર્યાલય, કચેરી (અં.) (૩)
૧૯. વેપારનું કામકાજ, કામધંધો (૭)
૨૦. બાજઠ, મોટો પાટલો (૨)
૨૧. એક ખેડૂત કોમ, કૂર્મી, પાટીદાર (૩)
૨૨. સીલિંગ, ધાબું, અગાસી, પુષ્કળપણું (૨)
૨૩. નસીબ (અં.) (૨)
૨૫. લોઢાને સોનું બનાવનાર મણિ (૫)
૨૭. મદ્રાસનું નવું નામ (૩)
૩૧. જૈન, સ્વામિનારાયણ, ચુસ્ત વૈષ્ણવ, _____ લસણ ખાતા નથી (૩)
૩૨. મૂંગું, બેભાન (૪)
૩૩. નમન, વંદન (૪)
૩૭. આકાશ (૨)
૩૮. એક કિંમતી પથ્થર, રત્ન (૨)
૩૯. એક સુગંધીદાર વનસ્પતિ, મરવો (૩)
૪૦. નમસ્કાર (૩)
૪૩. ગાલ, ચહેરો, સિકલ, વલણ (૨)
૪૪. અનાજનો નાનો દાણો (૨)

*આપત્તિની ફૂટપટ્ટી વડે જ મિત્રોની વફાદારી અને સંબંધીઓનો સહકાર મપાય છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૨૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | ગ | દ | ળ | | પા | મ | ર | | ક | વ | ર |
| જ | ણ | સ | | પ્ર | ગ | તિ | | જી | વ | લે | ણ |
| લો | | કો | ટ | વા | લ | | પ | ત | ન | | ક્ષે |
| | મં | | કો | સ | | લો | ટ | | | અ | ત્ર |
| મ | જ | દૂ | ર | | જી | | રા | ત | રા | ણી | |
| વા | ન | ર | | સા | વ | ર | ણી | | જ | | |
| લી | | દ | શા | ન | ન | | | | મ | દી | ના |
| | મા | ર્શ | લ | | દા | મ | ન | | હે | | દુ |
| વે | ગ | ન | | મ | ન | ન | | | લ | હે | ર |
| દ | | | આ | | | મો | દ | ક | | મ | સ્ત |
| વ્યા | યા | મ | શા | ળા | | હ | | મા | તં | ગિ | |
| સ | દ | ન | | | અ | ન | શ | ન | | રિ | પુ |

*માસ માર્ચ-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. દમયંતી દંડ - અમદાવાદ
૪. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૫. ચંદ્રા શાહ - અમદાવાદ
૬. વર્ષા પારેખ - અમદાવાદ
૭. સ્મિતા શાહ - અમદાવાદ
૮. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૯. ચેતના વોરા - અમદાવાદ
૧૦. દર્શના શાહ - અમદાવાદ
૧૧. દિપ્તી મહેતા - અમદાવાદ
૧૨. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૩. રંજન શાહ - અમદાવાદ
૧૪. ભાનુ શાહ - અમદાવાદ
૧૫. નિખિલ પરીખ - અમદાવાદ
૧૬. કશિશ શાહ - અમદાવાદ
૧૭. ગીતા મહેતા - અમદાવાદ
૧૮. પ્રતિમા શાહ - અમદાવાદ
૧૯. જશવંત કોઠારી - અમદાવાદ
૨૦. અશ્વિન ઠાકોર - અમદાવાદ
૨૧. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૨૨. રાધિકા કાપડિયા - અમદાવાદ
૨૩. પ્રભા શેઠિયા - વલસાડ
૨૪. જયવંતી સાવલા - મુંબઈ
૨૫. દિનેશ મોમાયા - પૂના
૨૬. નવલ નીસર - સુરત
૨૭. સરોજ ચંદુરા - સુરત
૨૮. હેતલ શાહ - નાગપુર
૨૯. નગીન શાહ - નાગપુર
૩૦. તારાબેન પોલડિયા - નાગપુર
૩૧. હર્ષા મહેતા - ગાંધીધામ
૩૨. કુસુમ દંડ - તેરા
૩૩. હસમુખ દેઢિયા - અડાલજ
૩૪. નેમજી ગંગર - અડાલજ
૩૫. શોભના દંડ - અંકલેશ્વર
૩૬. સરોજ શાહ - અગાસ
૩૭. નિર્મલા વોરા - ભુજ
૩૮. મુકુંદ મહેતા - આદિપુર
૩૯. અશ્વિન ઠાકોર - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. સરલા શાહ – અમદાવાદ**
**૨. દમયંતી દંડ – અમદાવાદ**
**૩. અશ્વિન ઠાકોર – અમદાવાદ**

## NanoNine™ *Sudoku*

*માર્ચ-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. જયસુખ સંઘવી - અમદાવાદ
૨. રીતલ ગાંધી - અમદાવાદ
૩. મહેન્દ્ર સંઘવી - અમદાવાદ
૪. અવંતી દંડ - અમદાવાદ
૫. વર્ષા શાહ - અમદાવાદ
૬. પ્રફુલ્લ શાહ - અમદાવાદ
૭. ઝરણા પારેખ - અમદાવાદ
૮. દર્શના શાહ - અમદાવાદ
૯. સ્મિતા શાહ - અમદાવાદ
૧૦. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૧. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૨. દિપ્તી મહેતા - અમદાવાદ
૧૩. કશિશ શાહ - અમદાવાદ
૧૪. નિખિલ પરીખ - અમદાવાદ
૧૫. ગીતા મહેતા - અમદાવાદ
૧૬. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૭. પ્રતિમા શાહ - અમદાવાદ
૧૮. બીનોય ગોગરી - અમદાવાદ
૧૯. રાધિકા કાપડિયા - અમદાવાદ
૨૦. ભાવિકા પટેલ - અમદાવાદ
૨૧. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨૨. હેમલતા દેઢિયા - અડાલજ
૨૩. હેમલતા ગંગર - અડાલજ
૨૪. લતા મોમાયા - પુના
૨૫. ગુણવંતી મહેતા - ગાંધીધામ
૨૬. અંકિત ચંદુરા - સુરત
૨૭. પ્રવીણ દંડ - તેરા
૨૮. નગીન શાહ - નાગપુર
૨૯. સોનલ પોલડિયા - નાગપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. રાધિકા કાપડિયા – અમદાવાદ
૨. અંકિત ચંદુરા – સુરત
૩. ભાવિકા પટેલ – અમદાવાદ

## NanoNine™ Sudoku

**માર્ચ-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**
**જુઓ : પાના નંબર-૫૮**

★ માનવીના મુખનું સમતોલપણું જળવાઈ રહે એટલા માટે તો કુદરતે હોઠ ઉપર હાસ્ય અને આંખમાં આંસુ મૂક્યાં છે. જુદી જુદી બે આંખો મૂકીને પ્રભુએ સાબિત કરી બતાવ્યું છે કે ભેદમાં અભેદભાવ છુપાયેલો છે. આંખો બે છે પણ તેથી બંને વસ્તુઓ જુદી જુદી દેખાતી નથી. બંને આંખો વડે એક જ વસ્તુ દેખાય છે. આંખની વચ્ચે ભેદ છે પણ નજર સામે જે વસ્તુ દેખાય છે એમાં ભેદ નથી.

★ ઉદય અને અસ્ત નામના આ બે જે કિનારા છે, એની વચમાં જે પ્રવાહ વહે છે તે જ સાચું જીવન છે. નદીનો કિનારો ત્યાં સુધી જ છે કે જ્યાં સુધી તે વહે છે. એમાંથી જ્યારે જળ સૂકાઈ જાય છે ત્યારે કિનારા એની મેળે અદૃશ્ય થઈ જાય છે.

★ માણસ એકબીજાની ખાતર મરવા તૈયાર થાય છે અને એકબીજા ખાતર જીવે છે એની પાછળ પ્રેમનું બળ છે.

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૮૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૫-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૮૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 8 | | | | 2 | 4 |
| 3 | 8 | | | 1 | | | | 7 |
| | | 4 | 7 | | | | 8 | |
| | | 9 | | 8 | | 4 | | 5 |
| 4 | | | | 6 | | 9 | | 8 |
| | 6 | 5 | | | 9 | 2 | | |
| | 1 | | 9 | | 7 | | 5 | |
| 2 | | 7 | | | 8 | | | 9 |
| 9 | 5 | | | | 1 | 7 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | | 9 | | | 7 | 4 |
| | | | 1 | | 3 | 6 | 8 | |
| 6 | | 5 | | | 4 | | | 3 |
| | 4 | | 3 | | | 7 | | |
| 3 | 9 | 7 | | 1 | 2 | | 6 | |
| | 8 | | | | 9 | | 4 | |
| 2 | | 8 | 5 | 4 | | 1 | | |
| | | 9 | | | 1 | | | |
| 4 | | | | 3 | 6 | | | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | 9 | | 4 | 1 | |
| | 6 | | | | 8 | 5 | | |
| | | 7 | 4 | 2 | | 6 | | |
| | 4 | | | | 2 | 9 | | |
| 2 | 9 | | 7 | | | | | 8 |
| | 7 | | 8 | 1 | | | 4 | |
| 7 | | 9 | | 5 | | 3 | | |
| | | 5 | | | 1 | | 2 | 4 |
| 1 | | 4 | 3 | | | 8 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | | 2 | 8 | | | 3 |
| | 8 | | | | | 4 | 1 | |
| 9 | 7 | | | | 1 | 2 | | |
| 5 | 9 | 1 | | | | | | 6 |
| | | | 1 | 6 | 4 | 5 | | |
| | | | | | 9 | 8 | 7 | |
| | 1 | 5 | | | 7 | | 2 | |
| | | 8 | 5 | | | | 3 | 4 |
| | | | 2 | 1 | 3 | 7 | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 6 | 3 | 5 | 7 | 9 | 1 | 8 | 2 |
| 9 | 5 | 8 | 1 | 4 | 2 | 3 | 7 | 6 |
| 1 | 7 | 2 | 6 | 8 | 3 | 4 | 5 | 9 |
| 6 | 9 | 7 | 4 | 5 | 8 | 2 | 3 | 1 |
| 2 | 8 | 4 | 9 | 3 | 1 | 7 | 6 | 5 |
| 5 | 3 | 1 | 2 | 6 | 7 | 8 | 9 | 4 |
| 3 | 4 | 9 | 7 | 2 | 6 | 5 | 1 | 8 |
| 8 | 2 | 6 | 3 | 1 | 5 | 9 | 4 | 7 |
| 7 | 1 | 5 | 8 | 9 | 4 | 6 | 2 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 2 | 9 | 1 | 7 | 8 | 6 | 5 |
| 1 | 8 | 5 | 4 | 6 | 2 | 9 | 3 | 7 |
| 9 | 6 | 7 | 3 | 8 | 5 | 1 | 4 | 2 |
| 4 | 5 | 9 | 2 | 7 | 3 | 6 | 1 | 8 |
| 2 | 1 | 6 | 5 | 4 | 8 | 7 | 9 | 3 |
| 7 | 3 | 8 | 6 | 9 | 1 | 2 | 5 | 4 |
| 8 | 9 | 3 | 7 | 5 | 6 | 4 | 2 | 1 |
| 6 | 2 | 1 | 8 | 3 | 4 | 5 | 7 | 9 |
| 5 | 7 | 4 | 1 | 2 | 9 | 3 | 8 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 7 | 3 | 9 | 1 | 6 | 5 | 4 | 8 |
| 5 | 9 | 8 | 4 | 2 | 3 | 7 | 6 | 1 |
| 1 | 4 | 6 | 5 | 8 | 7 | 9 | 3 | 2 |
| 3 | 5 | 4 | 7 | 9 | 8 | 1 | 2 | 6 |
| 8 | 1 | 9 | 6 | 5 | 2 | 4 | 7 | 3 |
| 7 | 6 | 2 | 3 | 4 | 1 | 8 | 5 | 9 |
| 6 | 3 | 1 | 8 | 7 | 5 | 2 | 9 | 4 |
| 9 | 2 | 7 | 1 | 3 | 4 | 6 | 8 | 5 |
| 4 | 8 | 5 | 2 | 6 | 9 | 3 | 1 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 5 | 6 | 8 | 3 | 1 | 9 | 2 |
| 9 | 3 | 8 | 1 | 2 | 7 | 5 | 4 | 6 |
| 1 | 6 | 2 | 9 | 5 | 4 | 8 | 3 | 7 |
| 7 | 1 | 4 | 3 | 6 | 8 | 2 | 5 | 9 |
| 3 | 2 | 6 | 4 | 9 | 5 | 7 | 1 | 8 |
| 8 | 5 | 9 | 2 | 7 | 1 | 3 | 6 | 4 |
| 2 | 4 | 7 | 5 | 3 | 6 | 9 | 8 | 1 |
| 6 | 8 | 3 | 7 | 1 | 9 | 4 | 2 | 5 |
| 5 | 9 | 1 | 8 | 4 | 2 | 6 | 7 | 3 |



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **કચ્છી આરી ભરતની બોલબાલા હોલીવુડ ફિલ્મમાં** : કચ્છની હસ્તકલાના નજારા સમા આરી ભરતનાં વસ્ત્રો હોલીવુડની પરીકથા ફિલ્મ 'બ્યુટી એન્ડ બીસ્ટ'માં 'બેલ્લી'ના પાત્રમાં ચમકતી હોલીવુડની જાણીતી અભિનેત્રી એમ્મા વોટ્સને પહેરી ફિલ્મના સેટ ઉપર હાજર રહેલા સર્વેને મંત્રમુગ્ધ કરેલ હતા. ફિલ્ના કોસ્ચ્યુમ ડિઝાઇનરને આરી ભરત આકર્ષી ગયેલ, જેથી તેણે ભુજમાં કારીગર બંધુ કાસમ અને જુમાનો સંપર્ક કરી આરી ભરત અંગે માહિતી મેળવી તેના ડ્રેસ તૈયાર કરાવેલ. જેનો ઉપયોગ ફિલ્મમાં કરેલ છે.

★ **રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ખેડૂત** : તાજેતરમાં નવી દિલ્હી ખાતે કૃષિ ઉન્નતિ મેલા - ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા દ્વારા બાગાયતી ખેતીમાં ક્રાંતિ લાવવા બદલ બિદડાના રમેશ ચંદે - ઠક્કરને 'ઇનોવેટીવ કૃષક સન્માન' રાષ્ટ્રીય ઍવોર્ડ કેન્દ્રીય કૃષિ રાજ્ય પ્રધાન પુરુષોત્તમ રૂપાલાના હસ્તે અપાયો હતો. અભિનંદન.

★ **કાયમી પાસપોર્ટ કેન્દ્રનો ભુજમાં પ્રારંભ** : પાસપોર્ટ મેળવવા માટે કચ્છના લોકોને પડતી તકલીફોની યાતનાનો ચિતાર કચ્છ સાંસદ વિનોદભાઈ ચાવડાએ સચોટ રજૂઆત વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ પાસે કરતાં અંતે ભુજમાં વડી પોસ્ટ ઑફિસ ખાતે પાસપોર્ટ કેન્દ્ર શરૂ થઈ ગયેલ છે. આ કારણે કચ્છના લોકોને પાસપોર્ટ મેળવવા અમદાવાદ - રાજકોટના ફેરા બચી જવાના. હાલમાં ૫૦ જેટલી અરજીઓ ધ્યાનમાં લેવાશે. ધીમે ધીમે તે અંગે ૧૦૦થી ૧૫૦ જેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવશે તેવી ખાતરી મળેલ છે.

★ **સયાજી નગરી ટ્રેન દાદરથી ઉપડશે** : કચ્છીઓની વર્ષો જૂની માંગણીનો આખરે સ્વીકાર થયો. સયાજી નગરી ટ્રેન હવેથી દાદર ટર્મિનસથી ઉપાડવાની માંગણી સંતોષાતા દાદર સ્ટેશને કચ્છ યુવા સંઘ દ્વારા તેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુવક સંઘના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સુપર ફાસ્ટ ટ્રેનનો રેક ચેન્જ કરવા તેમજ તેના સમયમાં ફેરફાર તથા તેને નિયમિત કરવા અંગેની રજૂઆત કરવામાં આવી છે. જે માટેના પ્રયત્નો ચાલુ છે. ઉપરાંત કચ્છ એક્સપ્રેસ ટ્રેનને પણ દાદર સ્ટેશનેથી ઉપાડવાની માંગણી સાથેના પ્રયત્નો ચાલુ છે. હવે તા. ૨જી એપ્રિલથી દાદર - ભુજ વચ્ચે સયાજીનગરી રોજિંદી ટ્રેન સ્વરૂપે દોડશે.

★ **અંગદાન** : મુંબઈમાં અકસ્માતના બનાવમાં મૃત્યુ પામેલ કચ્છ અબડાસાના નાગીઆ ગામના વતની અને હાલ ઘાટકોપર - મુંબઈ રહેતા ૪૮ વર્ષના હંસા ભાનુશાલીનું રોડ અકસ્માતમાં મગજની ઈજાને કારણે મૃત્યુ થતાં તેમના પરિવારે આંખો, કિડની અને લીવરનું દાન કરતાં પાંચ વ્યક્તિઓને નવું જીવન મળશે.

★ **કચ્છની પ્રથમ ફિઝિયોથેરાપી કોલેજનો પ્રારંભ** : કચ્છ ભુજમાં શૈક્ષણિક ક્ષેત્રે સુવિધાઓ આપતી 'ચાણક્ય એકેડેમિ' દ્વારા ભુજના રાવલવાડી વિસ્તારમાં ફિઝિયોથેરાપી કૉલેજનો પ્રારંભ કરેલ છે. જેમાં હાલ ૩૦ છાત્રો ચાર વર્ષના કોર્ષનો અભ્યાસ કરી રહ્યા છે. કૉલેજના આ વિભાગમાં હાલે રોજના ૭૦થી વધુ દર્દીઓ રૂા. ૩૦/-ના નજીવા દરે લાભ લઈ રહ્યા છે.

★ **ગાંધીધામ જલંધર ટ્રેન શરૂ** : કચ્છને પંજાબ સાથે જોડતી ગાંધીધામ - જલંધર અઠવાડિક ટ્રેન સોમવારે તા. ૧૦-૪ના શરૂ થયેલ છે. આ ટ્રેનને માજી સાંસદ પૂનમબેન જાટના હસ્તે લીલી ઝંડી દર્શાવી રવાના કરવામાં આવી હતી. આ ટ્રેન હવે દર સોમવારે સાંજે ૫.૩૦ કલાકે ગાંધીધામથી જલંધર જવા રવાના થશે. આ ટ્રેનમાં સેકન્ડ એ.સી. દ્વિતીય શ્રેણીનો ૧ ડબ્બો. એ.સી. તૃતિય શ્રેણીના ૨ ડબ્બા, સ્લીપર કોચ ૭ ડબ્બા, જનરલ ૬ ડબ્બાનો સમાવેશ કરવામાં આવ્યા છે.

★ **રોજ બદલાશે પેટ્રોલ ડીઝલના ભાવ** : વિશ્વની ક્રૂડની આધુનિક બજાર પ્રણાલી પ્રમાણે ભારતની કેન્દ્ર સરકાર પેટ્રોલ ડીઝલના રોજબરોજના ભાવની સમીક્ષા ૧લી મે થી દેશના પાંચ શહેરોમાં શરૂ કરવાનું નક્કી કરેલ છે. જેથી તે શહેરના લોકોને રોજના નવા ભાવ પ્રમાણે પેટ્રોલ ડીઝલ ખરીદવાનું રહેશે. પ્રાયોગિક ધોરણે આ પાંચ શહેરો પસંદ કરાયા છે : પેંડુચેરી, આંધ્રના વિશાખાપટ્ટનમ, રાજસ્થાનના ઉદેપુર, ઝારખંડના જમશેદપુર તથા પંજાબના ચંદીગઢ.

★ **કચ્છમાં ૨.૫૨ કરોડના ખર્ચે ૩૫ તળાવો ઊંડા કરાશે** : ઓછા વરસાદના કારણે અવારનવાર દુષ્કાળનો ભોગ બનતા કચ્છમાં પાણીનો વધુમાં વધુ સંગ્રહ થાય તેના સંદર્ભે ૨૦૧૬-૧૭માં સરકાર દ્વારા નખત્રાણા, અબડાસા અને માંડવી તાલુકામાં ૪-૪, અંજાર, રાપર અને ભચાઉ તાલુકામાં ૫-૫, ભુજ તાલુકામાં ૬ જ્યારે લખપત તાલુકામાં ૨ તળાવ ૭ લાખની મર્યાદામાં ઊંડા કરાશે. આમ કુલ ૩૫ તળાવો રૂા. ૨.૫૨ કરોડના ખર્ચે ઊંડા કરવામાં આવશે. ■

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **રેવંતીબેન મણિલાલ કુંવરજી ગોસર**
  ૩૦૪-એ, કલ્પ રિવર વ્યુ,
  પુષ્કર-૩ ની સામે, પી.ટી. કૉલેજ રોડ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **મુકેશ હીરજી કારાણી**
  ૧૧૦૧૬, "બી" વિંગ, ૧૧મો માળ, સ્વરૂપ-૨,
  એ.ટી.પી.એલ., સેક્ટર-૪, ત્રિ મંદિર, અડાલજ,
  જિ. ગાંધીનગર-૩૮૨ ૪૨૧.
- **સંજય લક્ષ્મીચંદ મોતા**
  ૨૫, બીનોરી રોઝીલા,
  ભીમનાથ મહાદેવ મંદિર સામે, આરોહી ક્લબ રોડ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૮.

## પુત્ર જન્મ

- **તા. ૨૪-૨-૨૦૧૭**
  **ચિ. જીયાન વિરલ મનીષ નવીન મોતા (લાખણિયા - અમદાવાદ)**
- **તા. ૨૮-૨-૨૦૧૭**
  **ચિ. દેવાંશ ગુંજલ આશિષ ચંદ્રકાંત લોડાયા (સાંધવ - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- એમ્કો ટ્રસ્ટ - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- વીણાબેન જિતેન્દ્ર શાહ - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી દિલીપ ઉમરશી સાવલા - સાંગલી

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી જયકુમાર ભરતભાઈ ભેદા - અમદાવાદ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૯૦૦/- શ્રી ચિરાગભાઈ દવે - અમદાવાદ

### સાધર્મિક સહાય ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રીમતી પ્રજ્ઞા રાજેશ છેડા - મુંબઈ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રી પ્રવીણ નારાણજી દંડ (તેરા - આદિપુર)

### તબીબી સાધન ખાતે

- લોખંડની પટ્ટીવાળો પલંગ : નંગ-૧
  શ્રી કનકલાલ સાકરચંદ મહેતા પરિવાર (ભુજપુર - અમદાવાદ) તરફથી
- નેબ્યુલાઈઝર : નંગ-૧
  શ્રી શ્રેયાંસભાઈ એસ. શાહ - અમદાવાદ તરફથી

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*આપણો જીવન મહેલ ચાર પાયા પર ઊભો છે : વિચાર, વિકાસ, વિશ્વાસ અને વાત્સલ્ય.*

## અભિનંદન

અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **શ્રી નૌતમભાઈ આર. વકીલ** દ્વારા લિખિત પુસ્તક **"મનને શાંત રાખો"**નું વિમોચન ગુજરાત વિધાનસભાના સ્પીકર માન. શ્રી રમણલાલભાઈ વોરા તથા શહેરના મેયર શ્રી ગૌતમભાઈ શાહના વરદ્ હસ્તે કરવામાં આવેલ. પુસ્તકનું સૌજન્ય ન્યુજર્સી (યુ.એસ.એ.) તરફથી પ્રાપ્ત થયેલ તથા મજકુર પુસ્તક જૈન ઈ-લાઈબ્રેરી (jain e-library) પર પણ મૂકવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી નૌતમભાઈ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે ઑડિટર તરીકે ઘણા વર્ષોથી સંકળાયેલા છે.

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, શ્રી નૌતમભાઈને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.*

## શિક્ષણ અને સર્વાંગી સમિતિ દ્વારા યોજાઇ ગયેલ કેરિયર ગાઇડન્સ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપ - ૨૦૧૭

વર્ષ ૨૦૧૪માં શરૂ કરેલ મિશનના પરિણામરૂપે તારીખ ૨ થી ૮ એપ્રિલ, ૨૦૧૭ દરમિયાન કારકિર્દી અંગે સમજ આપવા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ફરી એક વખત પ્રો. ડૉ. જયરાજ પંડ્યાના કો-ઓર્ડિનેશન દ્વારા વર્કશોપનું આયોજન કરેલ હતું. જેનો મુખ્ય હેતુ હતો કે શ્રી કચ્છી જૈન સમાજ અને અન્ય સમાજના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને કરિયર નક્કી કરવા અંગે યોગ્ય માર્ગદર્શન મળે અને તેને લગતું જરૂરી એક્સ્પોઝર મળે. જેથી તેમને બહારની દુનિયા વિશે સમજ અને જાણકારી વધે તેવો પ્રયત્ન કરવો. જેના પરિણામ સ્વરુપે આ વર્કશોપની શરૂઆત વર્ષ ૨૦૧૪માં કરવામાં આવેલ. વર્કશોપ શરૂ થયો ત્યારથી અત્યાર સુધીમાં ૧૭૫થી વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ ચૂક્યા છે.

આ મિશનનું — આ વર્કશોપનું આ ચોથું વર્ષ હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ કરિયર ગાઈડન્ડ વર્કશોપમાં ત્રણ બાબતો પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં કરિયર નક્કી કરવા માટે અલગ અલગ તજજ્ઞોને આમંત્રણ અને અમદાવાદ કે આસપાસમાં આવેલ ભારતની વિશ્વવિખ્યાત એજ્યુકેશન સંસ્થાની મુલાકાત અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવી વિવિધ પ્રવૃત્તિ સાથે વર્કશોપ ખૂબ સફળ રહ્યો છે.

આ વર્ષે વર્કશોપમાં જે તજજ્ઞોને આમંત્રણ આપવામાં આવ્યું હતું તેની માહિતી નીચે મુજબ છે :

| *ક્રમ* | *વિષય* | *વ્યક્તિ ઓળખ* |
|---|---|---|
| ૧. | જીવનમાં આગળ કેમ વધાય? | આર.જે. વશિષ્ઠ |
| ૨. | સાયન્સમાં ગ્રુપના વિકલ્પ અને સાયન્સ કોને લેવું? | પ્રો. રમેશ કટારિયા |
| ૩. | કોમર્સમાં કેવા વિષય આવે અને કેવા અભ્યાસ થાય | પ્રો. દીપક રાસ્તે |
| ૪. | લાફિંગ એક્સરસાઇઝ | ડૉ. મુકુંદ મહેતા |
| ૫. | આર્ટસમાં કરિયરના વિકલ્પ | પ્રિ. સિરાલી મહેતા |
| ૬. | કરિયર નક્કી કેવી રીતે કરાય? | પ્રો. જયરાજ પંડ્યા |
| ૭. | પ્રોફેશનલ પરીક્ષામાં સફળ કેમ થવાય? | જિતેન ત્રિવેદી |
| ૮. | કાયદાના ક્ષેત્રમાં કરિયર વિકલ્પ | પ્રો. ચૈતાલી અનિસભાઈ |
| ૯. | કરિયરમાં 'એ' ગ્રૂપ માટેના વિકલ્પ | પ્રો.જ્વલંત વ્હોરા |
| ૧૦. | ઇન્ટીરિયર અને આર્કિટેક્ટ પ્રવેશ પરીક્ષાની જાણકારી | શ્રી ગીતા પટેલ |
| ૧૧. | મેડિકલ અને પેરા મેડિકલ અંગે સમજ | ડૉ. તપન શાહ |
| ૧૨. | ક્રિએટીવિટી કેમ વિકસાવાય? | શ્રી માધુરી સોલગાંવકર |
| ૧૩. | યોગ અને કસરત અંગે સમજ | શ્રી પંકજ પટેલ |
| ૧૪. | કોમ્યુનિકેશન અંગે ટીપ્સ | પ્રો. જયરાજ પંડ્યા |
| ૧૫. | ફિટનેસ અને ફૂડ હેબીટ | શ્રી નમ્રતા શાહ |
| ૧૬. | પ્રોફેશનલ કોર્સના વિકલ્પ | શ્રી સંદીપ શ્રોફ |
| ૧૭. | એન્જિનિયરિંગની અલગ અલગ બ્રાંચની વાત | પ્રો. નાણાવટી |
| ૧૮. | સફળ પર્સનાલિટીની આદત | પ્રો. જયરાજ પંડ્યા |

આ ઉપરાંત વર્કશોપના વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આવેલ Indian Institute of Management (IIM), National Institute of Design (NID), Mudra Institute of Communication Ahmedabad (MICA) અને ગાંધીનગરમાં આવેલ Pandit Dindayal Petroleum University (PDPU) જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓની મુલાકાત લીધી હતી. આ પ્રકારનો









આ સતત ચોથો વર્કશોપ એક સફળ આયોજનપૂર્વક ૨ એપ્રિલથી ૮ એપ્રિલ સુધી યોજાઈ ગયો. જેની વધારે માહિતી ભાગ લેનાર વિદ્યાર્થી - વાલી જ આપી શકે. અંતિમ દિવસે સાંજે વાલીઓ સાથે એક મિટિંગનું આયોજન કરી વર્કશોપ અંગેની વિસ્તૃત માહિતી આપેલ અને તેમના અભિપ્રાય તથા સજેશન અંગેની ચર્ચા વિચારણા કરેલ. દરેક વાલીઓનો એક જ સૂર હતો કે અમારા બાળકોએ ખૂબ જ આનંદ સાથે નવી બાબતો અંગેની સમજ મેળવેલ છે. આ વર્કશોપ ફક્ત ભણતર અંગે જ મહત્ત્વનો નહીં, પરંતુ જીવન ઘડતરમાં પણ ખૂબ જ ઉપયોગી થશે. આવા પ્રકારની પ્રવૃત્તિ સમસ્ત સમાજની એક ખૂબ મોટી સેવા છે અને વિદ્યાર્થીની કારકિર્દી માટે મહત્ત્વનું પાસું છે.

વર્કશોપના અંતિમ દિવસે ભાગ લેનાર વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. જેને માણવા અને સમિતિના કાર્યકરોને પ્રોત્સાહિત કરવા સમાજના ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિના સભ્યો હાજર રહેલ.

પણ અંતે એમ કહી શકાય કે આ પ્રકારનો આવો વર્કશોપ સમગ્ર ગુજરાતમાં ક્યાંય પણ - આટલા દિવસનો - આટલી ઊંડાણપૂર્વક સમજ સાથે થતો નથી. અને એ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને દેશ અને સમાજના વિકાસ માટે યોગદાન આપવા બદલ જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા કહેવાય.

આ વર્કશોપ શક્ય બનાવવા માટે કામ કરતી સમગ્ર ટીમનો ઉલ્લેખ જો અહીં ના કરીએ તો વાત એકદમ અયોગ્ય કહેવાય. શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના બધા જ સભ્યોની અથાગ મહેનતના પરિણામે આ વર્કશોપ સફળ રહેલ છે. ખાસ ઉલ્લેખ કરીએ તો શ્રીમતી સ્મિતાબેન વિશાલ શાહ કે જેઓ વર્કશોપનાં પહેલા દિવસથી સવારે ૮ કલાકથી સાંજે ૬.૩૦ કલાકે વર્કશોપ પૂરો થાય ત્યાં સુધીની સતત ૭ દિવસ સુધી હાજર રહી પોતાની સેવા આપી હતી તે ખરેખર સરાહનીય છે. શ્રી હીરેનભાઈ શાહ - કન્વીનર, શ્રી પ્રદીપ મહેતા, શ્રી દેવેન છેડા, કુ. દિશા છાડવા તથા સમિતિના બીજા કાર્યકરો કે જેઓની દર રવિવારે બપોરે ૩ કલાકે મિટિંગ હોય જ છે અને સતત ૨-૩ મહિનાની મહેનત અને વિચાર વિમર્શનો વર્કશોપને સફળ બનાવવા માટેનો સિંહફાળો છે.

ઉપરોક્ત સમગ્ર અહેવાલ પ્રો. ડૉ. જયરાજ પંડ્યા દ્વારા લખેલ છે. ■

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

***સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.***

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

***કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ સેન્ટર દ્વારા પ્રસ્તુત

## બ્લડપ્રેશર માટેની માહિતી

☞ *હાઈ બ્લડ પ્રેશર કોઈ ગંભીર રોગ નથી. જો એની સારવાર ધ્યાનપૂર્વક ડૉક્ટરની દેખરેખ હેઠળ કરવામાં આવે, તો.*

★ શરીરમાં ફરતા લોહી દ્વારા ધમનીઓની દીવાલો ઉપર થતા દબાણને બ્લડપ્રેશર કહે છે.

★ ઉપરનું દબાણ એટલે કે સિસ્ટોલિક પ્રેશર જે સામાન્ય રીતે ૯૦થી ૧૨૦ મિ.મિ. હોય છે.

★ નીચેનું દબાણ એટલે કે ડાયાસ્ટોલિક પ્રેશર જે સામાન્ય રીતે ૬૦થી ૮૫ મિ.મિ. હોય છે. પુખ્ત વયની વ્યક્તિઓમાં સામાન્ય રીતે બ્લડ પ્રેશર ૧૨૦/૮૦ મિ.મિ. જેટલું રહેતું હોય છે.

★ જ્યારે તે ૧૪૦/૯૦ અથવા વધારે રહ્યા કરે ત્યારે તેને હાઈ બ્લડ પ્રેશર કહી શકાય.

☞ *હાઈ બ્લડ પ્રેશરના ચિહ્નો*

★ મોટાભાગના દર્દીઓને રૂટીન મેડિકલ ચેકઅપમાં ખ્યાલ આવે છે કે તેમને હાઈ બ્લડપ્રેશર છે.

★ માથું ભારે થવું, થાક અને શરીરમાં બેચેની લાગવી, ચક્કર આવવા, અવારનવાર નસકોરી ફુટવી, દાંતમાંથી લોહી નીકળવું, શ્વાસ ચઢવો.

☞ *હાઈ બ્લડ પ્રેશરના કારણો*

| **ઇરરીવર્સિબલ (જે ના બદલી શકાય)** | **રીવર્સિબલ (જે બદલી શકાય)** |
|---|---|
| *વારસાગત* : કૌટુંબિક ઈતિહાસ | માનસિક તણાવ |
| *ઉંમર* : ૪૦ વર્ષ પછી શક્યતા વધે છે | શ્રમનો અભાવ, દારૂ અને ધૂમ્રપાનનો વધારે પ્રમાણમાં ઉપયોગ. |
| *જાતિ* : પુરુષ જાતિને સંભાવના વધુ હોય છે. | સામાન્ય કરતાં ૨૦% વધુ વજન. |
| | ***દવાઓ :*** સ્ટીરોઇડ્સ, ગર્ભનિરોધક ગોળીઓ. |
| | ***ખોરાક :*** મીઠું, ચરબીવાળું. |

☞ *સારવાર :*

★ વજન ઘટાડવું, નિયમિત કસરત કરવી, રોજ ૪૦-૪૫ મિનિટ ચાલવું.

★ ખોરાકમાં તેલ, ઘી અને મીઠાનો વપરાશ ઓછો કરવો.

★ દવા ડૉક્ટરની સલાહ મુજબ લેવી.

☞ *નોંધ :*

★ ***ડૉક્ટર પાસે બ્લડ પ્રેશર નિયમિત મપાવશો. ખાસ કરીને જેને –***

- હૃદયરોગની, કિડનીની અથવા પેરેલિસિસની તકલીફ હોય.
- ડાયાબિટીસ થયો હોય.
- ઉંમર ૪૦થી વધુ હોય.
- નજીકના સગામાં હાઈ બ્લડપ્રેશર હોય.
- બેઠાડું જીવન જીવતા હોય.
- વજન વધુ પડતું હોય.

★ ***જો ખોરાક અને કસરતથી બ્લડ પ્રેશર નિયંત્રણમાં ન આવે તો દવા લેવી અનિવાર્ય છે.***

☞ *ખોટી માન્યતાઓના ભોગ ના બનશો.*

★ દવાઓ લાંબો સમય લેવી પડશે તે વિચારથી દર્દીઓ દવા શરૂ કરતા નથી.

★ દવાની ખૂબ આડઅસર હોય છે એવી ખોટી માન્યતાને લીધે દર્દીઓ દવા કરવામાં આળસ કરતા હોય છે.

★ એકવાર બ્લડ પ્રેશર દવાથી ઘટી જાય પછી સારું થઈ ગયું એમ માનીને દવા બંધ કરી દે છે.

☞ *હાઈ બ્લડ પ્રેશરથી શરીરના અંગો પર અસર :*

*આંખ* : અંધાપો આવવો.

*હૃદય* : હૃદય નબળું પડવું અને લોહી બરાબર પંપ ન કરી શકે એટલે સોજા આવે, પેશાબ ઓછો થવો, શ્વાસ ચડે, ફેફસામાં પાણી ભરાય, હૃદયરોગનો હુમલો આવવો.

*મગજ* : પેરેલિસિસ - એક અંગનો લકવો, કોમામાં જવું, ખેંચ આવવી.

*કિડની* : કિડની ખરાબ થવી.

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## આગામી કાર્યક્રમ

### યોગ દિવસ નિમિત્તે યોગ કેમ્પ

☞ *શું તમને B.P.નો પ્રોબ્લેમ છે?*

☞ *શું તમને ડિપ્રેશનનો પ્રોબ્લેમ છે?*

☞ *શું તમને ડાયાબિટીસનો પ્રોબ્લેમ છે?*

☞ *શું તમને થાઈરોઈડનો પ્રોબ્લેમ છે?*

*તો આવો બહેનો,*

એક એવા નવીન કેમ્પમાં જ્યાં યોગ નિષ્ણાત શ્રીમતી જાગૃતિ પ્રવીણ ગોંદિયા (લકુલીશ યુનિવર્સિટી) (W/o. શ્રી પ્રવીણ ગોંદિયા – ADG of Police) દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશનની સાથે યોગ થેરાપી અને નેચરોપથીની સરળ વિસ્તૃત માહિતી આપશે અને આ ઘર કરી ગયેલી બીમારીઓને યોગ થેરાપીની મદદથી નિયંત્રણમાં રાખતા, practically શીખવશે.

યોગ થેરાપી એટલે પ્રાણાયામ, મેડિટેશન, આસન અને સાત્ત્વિક આહારનો સમન્વય ઉપરાંત અનુચિત આહાર વિશે પણ વિસ્તૃત સમજ આપશે, જે બીમારીઓનું મૂળ છે.

જાગૃતિબેન તેમની ટીમ સાથે આવશે. જેથી બીજું પણ ઘણું બધું શીખવા અને જાણવા મળશે.

*થાઈરોઈડ, B.P., ડાયાબિટીસ, ડિપ્રેશન વગેરેને નિયંત્રણમાં રાખીએ.*
*તંદુરસ્ત અને ચુસ્ત રહીએ*
*અને જિંદગીની મજા લઈએ.*

★ *કાર્યક્રમ* : *યોગ કેમ્પ*

★ *તારીખ-વાર* : *તા. ૧૬-૬-૨૦૧૭, શુક્રવાર*

★ *સમય* : *બપોરના ૨.૦૦ વાગ્યાથી*

★ *સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

★ *રજિસ્ટ્રેશન ફી* : *રૂા. ૫૦/-*

★ *રજિસ્ટ્રેશનનું સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*

★ *રજિસ્ટ્રેશન ક્યાં સુધી?* : *બેચ ફૂલ થાય ત્યાં સુધી જ.*

● **ખાસ નોંધ :**

૧. ફોન ઉપર નામ નોંધવામાં આવશે નહીં.
૨. અગાઉથી રજિસ્ટ્રેશન કરાવેલ બહેનોને જ એન્ટ્રી અપાશે.
૩. બાળકોને સાથે લાવવા નહીં.
૪. સમયસર આવનાર બહેનોને લક્કી ડ્રો પદ્ધતિથી ઇનામો અપાશે.
૫. રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે.
૬. ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.

**સુલુ જલદીપ શાહ - કન્વીનર**

# વયસ્ક સમિતિ

## આગામી કાર્યક્રમ

સમિતિ દ્વારા લાંબા વિરામ બાદ વડીલો માણશે એક રંગીન કાર્યક્રમ

★ *સ્થળ* : *શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

★ *તારીખ* : *સોમવાર, તા. ૨૨-૫-૨૦૧૭*

★ *સમય* : *સાંજે ૫.૦૦ વાગ્યાથી.*

પોતાની કલાકૃતિ રજૂ કરવા વડીલો આવકાર્ય છે.

અંતમાં ભોજન લઈ છૂટા પડીશું.

**રજનીકાંત પારેખ**
**કન્વીનર - વયસ્ક સમિતિ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

**માર્ચ / એપ્રિલ - ૨૦૧૭**

● **તા. ૨૧-૩-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે મુંબઈ અતિથિ ભવનના બિલ્ડર પૂનમ ડેવલપર્સના પ્રતિનિધિ શ્રી પારસ બાબરિયા સાથે એસ.આર.એ.માં ડેવલપર બદલી કરવા બાબત થનાર એગ્રીમેન્ટની કોપી વહેલી તકે મોકલાવી આપવા માટે વાતચીત કરેલ હતી. તેઓ ૪-૫ દિવસમાં એગ્રીમેન્ટની કોપી મોકલાવી આપશે તેમ જણાવેલ હતું.

● **તા. ૨૭-૩-૨૦૧૭**

★ આજે મુંબઈ અતિથિ ભવનના બિલ્ડરના એસ.આર.એ.માં ડેવલપર બદલી કરવા માટેના એગ્રીમેન્ટની કોપી પૂનમ ડેવલપર્સ તરફથી મળી ગયેલ. જેને અભ્યાસ અર્થે આપણા મુંબઈ સ્થિત ઍડવોકેટ શ્રી એલ.ડી. શાહને ત્યાં તથા સંસ્થાના ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા શ્રી અશોકભાઈ મહેતાને મોકલાવી આપેલ હતી.

● **તા. ૨૮-૩-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પીયૂષ પારેખ તથા શ્રી પીયૂષ સાવલાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ૪થા માળે ચાલતા રિનોવેશન કામ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી. કોઈ કારણસર રિનોવેશનનું કાર્ય ધીમી ગતિએ થઈ રહ્યું છે, તે ઝડપથી થાય તે માટે જરૂરી પ્રયત્નો હાથ ધરવા માટે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **તા. ૨૯-૩-૨૦૧૭**

★ આજે સવારના ૧૨ વાગે રિનોવેશન સમિતિના કન્વીનર શ્રી આશિષ મહેતાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચાલતા રિનોવેશનના કામ અંગે જુદા જુદા કોન્ટ્રાક્ટરો સાથે વાતચીત કરી હતી.

● **તા. ૩-૪-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે મુંબઈ સ્થિત આપણા ઍડવોકેટ શ્રી શશાંકભાઈ શાહ સાથે મુંબઈ અતિથિ ગૃહના નવા કોન્ટ્રાક્ટ માટેના ડ્રાફ્ટ અંગે વાતચીત કરેલ હતી. તેઓ પોતાના સૂચનો લખી, આપણને મોકલાવી આપશે તેમ જણાવેલ હતું.

● **તા. ૨૦-૪-૨૦૧૭**

★ આજે મુંબઈથી ઍડવોકેટ શ્રી એલ.ડી. શાહ તરફથી મુંબઈ અતિથિ ભવનના નવા એગ્રીમેન્ટના ડ્રાફ્ટ માટેના સૂચનો મળેલ. જેને હાલે અમેરિકા સ્થિત સંસ્થાના ટ્રસ્ટી ડૉ. ચંદ્રકાંત દેઢિયાને તથા શ્રી અશોકભાઈ મહેતાને મોકલાવી આપવામાં આવ્યા હતા.

● **તા. ૨૨-૪-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી નીતિન ગાલા, શ્રી આશિષ મહેતા, શ્રી દીપ દંડ, શ્રી અનિલ સથવારા તથા શ્રી પીયૂષ સોનીએ શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહના બીજા માળે રૂમોના રિનોવેશન અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા.

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી હીરેન કે. શાહ તથા શ્રી મહેન્દ્ર છલાની સાથે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ડાયાલિસિસ સેન્ટર, મ્યુઝિયમ તથા અતિથિ ગૃહની મુલાકાત લીધેલ હતી તથા શ્રી મહેન્દ્ર છલાનીને શાહીબાગ ખાતે ચાલતી આપણી સેવાકીય પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ■

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ઊડતી નજરે....

| માસ માર્ચ-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ | | | |
|---|---|---|---|
| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.........** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... | **૧૩,૬૭૫** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ......... **૬૯૭** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ......... **૧૨૩** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ......... **૧૫** | |
| | ● | સોનોગ્રાફી ......... **૧૪૪૦** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ......... **૩૮** | |
| | ● | બોડી ચેક-અપ ......... **૬૧૨** | |
| | ● | અન્ય ......... **૧૦,૭૫૦** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... **૮૧૭** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૭૧૫** | **૩,૫૩૨** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ......... **૨,૦૦૧** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ......... **૫,૫૦૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ......... **૨૨૦** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ......... **૮૦૪** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૪૯૫** | **૯,૦૨૦** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ......... **૩૭૫** | **૩૭૫** |
| | | માસ માર્ચ-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............... | **૨૬,૬૦૨** |

## ઉદારતાનું ઉદાહરણ : પ્રા. પૃથ્વી શાહ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય અને નિવૃત્ત પ્રાધ્યાપક પૃથ્વી શાહ તરફથી દહેગામ તાલુકાના અંતરિયાળ નવાનગર ગામની પ્રાથમિક શાળાના ૭૦ વિદ્યાર્થી બાળકોને નવા કપડાં અને ગરમીમાં રક્ષણ હેતુ ચંપલોનું દાન મળવાથી ગરીબ બાળકોના ચહેરા ખીલી ઉઠ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર નજીકના વાવોલ ગામની સરકારી પ્રાથમિક શાળાના ૫૪ બાળકોને પૃથ્વી શાહ તરફથી ગત મહિને ડાકોર - ઉત્કંઠેશ્વર - લસુંદ્રા ગરમ પાણીના કુંડની ખાસ બસથી યાત્રા કરાવવામાં આવી હતી. આ યાત્રામાં જોડાયેલ બાળકો પૈકી ૨૭ બાળકો અનાથ હતા. જેમના ચહેરા ઉપર ખુશીની લહેર મહેકી ઊઠી હતી.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ

### શૈક્ષણિક લોન અરજી

ક્રમ
(કાર્યાલયના ઉપયોગ માટે)

પ્રતિ,
શૈક્ષણિક સહાય સમિતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

ભાઈ શ્રી,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે હું સમાજનો સભ્ય છું અને મારા પાલ્ય ચિ. ____________ ____________ ના ચાલુ અભ્યાસ માટે આ વર્ષે રૂા. ____________ અંકે રૂા. ____________ ની શૈક્ષણિક લોનની જરૂર છે જે મંજૂર કરવા વિનંતી છે.

વિગતવાર માહિતી નીચે મુજબ છે :

અરજી કરનાર વાલીનું પૂરું નામ : ____________
(નામ) (પિતા/પતિ) (દાદા/સસરા) (અટક)

પત્ર વહેવારનું પૂરું સરનામું : ____________

____________ **PIN :** ____________ ફોન : ____________

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ વ્યવસાય ____________

કુટુંબના બધા સભ્યોની મળીને કુલ આવક રૂા. ____________ અંકે રૂપિયા ____________

પાલ્યનું પૂરું નામ ____________
(નામ) (પિતા) (દાદા) (અટક)

અભ્યાસનું ધોરણ ____________ જ્યાં અભ્યાસ કરતા હોય તે શાળા / કોલેજનું નામ ____________

અને પૂરું સરનામું ____________

____________

અન્ય સ્થળેથી મળતી શૈક્ષણિક સહાય - લોન ઈત્યાદિ રકમ રૂા. ____________ અંકે રૂપિયા ____________

**બાળક/વિદ્યાર્થીના એકલાના અથવા વાલી સાથેના સંયુક્ત બેંક ખાતાની વિગત :**

બેંકનું નામ : ____________ બ્રાંચ : ____________

ખાતા નં. ____________

**(P.T.O.)**

• CUT FROM HERE •

**આ અરજી સાથે નીચેની બાબત જોડવી :**

૧. ઉત્તીર્ણ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટની અધિકૃત નકલ.
૨. શાળા - કોલેજમાં ફી ભર્યાની રસીદની અધિકૃત નકલ.
૩. જે બાબત માટે શૈક્ષણિક લોનની માંગણી કરી છે તેના ખર્ચ આધાર કે પુરાવાની અધિકૃત નકલો વગેરે.

**સ્થળ :** ____________________ **વાલીની સહી :** ____________________

**તારીખ :** ____________________ **વાલીનું નામ :** ____________________

<u>**નોંધ**</u> **: ૧. અધૂરી વિગતોવાળી કે ખર્ચના આધાર કે પુરાવા બીડેલ ન હોય તેવી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

૨. વિદ્યાર્થીએ છેલ્લી પરીક્ષામાં ભાષા + ગણિત + વિજ્ઞાન વિષયમાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ મેળવેલા હોવા જોઈએ.

૩. જે જે હેતુ માટે શૈક્ષણિક લોનની જરૂર છે તેના વાર્ષિક ખર્ચ, જોઈતી સહાયની રકમ આ ફોર્મની પાછળ આપેલ જગ્યામાં વિગતવાર દર્શાવવી. વિગતો વધુ હોય તો વધારાના પાના સાથે જોડવા.

૪. સંસ્થા વખતોવખતની જોગવાઈ અને ઉપલબ્ધ ફંડ અનુસાર વિદ્યાર્થીને શૈક્ષણિક લોન મંજૂર કરશે.

૫. લોનની રકમ ચેકથી વિદ્યાર્થીના નામે આપવામાં આવશે. જેથી તેમના નામનો બેંક એકાઉન્ટ વાલી ખોલાવે તે જરૂરી છે.

૬. આ અરજી બિડાણ સાથે તા. ૩૦-૬-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલવી : **શૈક્ષણિક સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, નેતાજી માર્ગ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**
સમય મર્યાદા બાદ મળેલ અરજી પર વિચારણા થશે નહીં.

૭. વાલી તેમજ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લઈને લોન અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

**૮. આથી હું ખાતરી આપું છું કે મારો પાલ્ય કમાતો થાય તેના એક વરસ પછી આ રકમ સમાજને પરત કરશે.**

## ● વાલીઓએ નીચેની દરેક બાબત વિગતવાર ભરવી ●

| ક્રમ | વિગત | વાર્ષિક ખર્ચ રૂા. | જોઈતી લોન રૂા. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

સનગ્લાસ કલેકશન 2016




MORE STYLES

SPORT | WAYFARER | SHIELD | AVIATOR

Powered sunglasses in different styles also available.

GANGAR EYENATION

INDIA'S LEADING EYEWEAR CHAIN

મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

